દસાતીર

જેમાં

અશો પારસી પેગમ્બર સાહેબોના પંદર નામાઓ સમાયલાં છે.

દસાતીર ભાષા-હમુઅ અસ્પ હામકાશ ચે ગેરવરપુરતાશકા
પ્રેહીન શમસારી ચે હુ આદ લેશીનદ.

અર્થ—જનમ આંધલા તેજ શખ્સ છે કે જે આટલા બધા
જાહેર દેખઈતા ખોદાઇને જોઈ શકે નહીં.
(જુવો અશો જમશીદનું નામું)

હીજરી સને ૩૫૯ માં લખાએલી જુની દસાતીરનાં સુધ કીધેલા
નુસકાપરથી તરજુમો કરનાર તથા બીજી ફારસી
ચોપડીઓપરથી ખુલાસો આપનાર

પાલનજી જીવનજી ભીમજીભાઈ હાટરયા,
ફારસી માસતર.

મુંબઇ:
ઇંડીયન પ્રીન્ટીંગ પ્રેસ, કાંદાવાડી લેન.

સને ૧૨૫૭ યઝદેજરદી—૧૮૮૭ ઈસ્વી.

કીંમત ૨ રૂપીયા.

સખી વજીહ દીન દોસ્ત શેઠજી સાહેબ

શેઠ હોરમસજી માંકાશાહ ભમગરા

સાહેબ,

પાક_જરથોશ્તી ધર્મને લગતા તથા ખરી સખાવતના કામો

કરવાથી આખા માલવા પ્રાંતમાં તમો સાહેબનું

મુબારકનામ રોશન છે.

એ ધર્માભિમાનીની યાદગારીની નીશાન તરીકે આ કીતાબ

તમો નેક નામ સાહેબને માન પૂર્વક અર્પણ

કરવાને રજા લીજીએ છીએ.

હકીર ખાકસારી

પાલનજી જીવનજી ભીમજીભાઇ હાટરયા,

ફારસી માસ્તર.

દીબાચો.

“ બનામે શેદાને શીદ પાક.”

તે શેદાને શીદના નુરી દરિયાવ આગળ ખરદેસ્તાન ઇયાને ફરેશતાઓનું મથક એક ટીપાં બરાબર છે. અને તે ખરદેસ્તાનના બોહલા દરિયાવ સાથે રવાનેસ્તાનના મથકોને સરખાવતાં એક ટીપાં સમાન છે. વળી તે રવાનેસ્થાન ઇયાને રવાનોની જગ્યા આગળ તનેસ્તાન ઇયાને મિશ્ર પદાર્થી ગોળાઓનું મથક એક ટીપાં બરાબર છે અને તે તનેસ્થાનના અગણીત ગોળાઓમાંની એક આપણી પૃથ્વી છે. તો એપરથી વિદ્વાન વાંચકો દરયાફ્ત કરી શકશે કે મજકુર શેદાને શીદ ઇયાને પરવરદેગારના નુરી દરયાવ આગળ આ પૃથ્વી શું હાલત ધરાવે છે. તે છતાં તે કુદરતના ખાવંદે નવ બાપ ઇયાને આકાશો તથા ચાર માએ ઇયાને ચાર અનાસરોનાં મેળાપ અથવા મારફતથી આ પૃથ્વીપર ત્રણ છોકરા ઇયાને પેદાયશો જેહવા–કે ખણીજ પદાર્થ, વનસ્પતી અને જીવજંતુઓ પેદા કીધાં. પછે તે જીવજંતુ મધ્યના મુખ્ય મનુષ્યના તની શરીર સાથે સંબંધ રાખવા તેઓને અનુસરતાં ખેરદસ્તાનમાંથી એક ખેરદ અને રવાનેસ્થાનમાંથી એક રવાન તે ઉપલી દુન્યાથી નીચલી દુન્યામાં ઊતારે છે. કે તેઓ આ દુન્યામાં મુસાફરી કરી, બુદ્ધિ તથા બંદગીના જથ્થા સાથે પાછા તે પોતાની હદમાં જઈ તે માલમત્તાના જથાના પ્રમાણ મુજબ જગ્યા અને મરતબો પામે, તે એટલા સુધી કે મીનોવાન મીનો મધે ખાલેકના શેદાનશીદના દરશન મેળવે. પણ અગરજો તે બીચારૂ આત્મા અથવા રવાન બુદ્ધિ અને બંદગીનો જથો મેળવવાને બદલે પોતાની મુસાફરીમાં લોભ, લાલચ, ક્રોધ અને ઇચ્છા વગેરેના ચીકણા ખાન્ડની અંદર ફસી પડ્યો હોય તો પોતાની અસલ વતની હધમાં પુગવાથી નાઉમેદ રહી તરેહ તરેહની આપદાઓ મેળવે છે. ટુંકમાં એ ખાલેક હમારા રવાનોને તુંજ તાહશ

ઝલકટિ કરી મજકુર બુરા બૉન્ડોથી બચાવી બુદ્ધિ અને બંદગીના જથ્થા મેળવવાની શકિત આપી પોતાનાં શેદાને શીદના દરયાવ આગળ ખેંચ, કારણ કે આ અનાસરી દુનિયાનો પ્યાર તું સાહેબે મોકલાવેલા અશો બીમીઆઓના નેક હુકમો મુજબ હમો નાદાનોને ચાલવા દેતી નથી.

હવે આ ખાકસારી અરજ ગુજારે છે કે, હકીરે જે ઇસ્વી સને૧૮૮૪માં **“શેહનશાહ હોશંગવાળી જાવીદાને ખેરદ તથા પુરાતમ પારસી પાદશાહઓની નસીહતો”** નામની કીતાબ છપાવી હતી તેનાં દીબાચામાં જણાવ્યા પ્રમાણે કંઇ ધર્મ સંબંધી પુસ્તક છપાવી બાહાર પાડવાના વિચારમાં હતો, તેથી શ્રી તેહરાન મધેની **“દેહશાની દબીરસ્તાને માઅદીઅ-સનાન”** નામની સ્કુલમાં મજના હમશાગેર્દ મરહુમ મીરજાં **“બેહરામ રૂસતમે ખસરૂ”** નામના ગ્રહસ્થે કેટલીએક ફારસી ચોપડીપરથી રચેલો સુદરેહ, કુશતી વગરેનાં ભેદ સંબંધી રેસાલો બનાવી તેનું નામ **“સરનામે રાઝે ચઅ-દાની”** આપ્યું હતું. તે રેસાલામાંની ઘણીખરી ભેદુ મતલબો અત્રેના જર-થોસ્તી સાહેબોને અજાણી હોવાને લીધે આ ખાકસારીએ મેળવી ગયે સાલ યાને સને૧૮૮૬માં તે અસલ ફારસી રેસાલો તથા તેનો ગુજરાતી તરજુમો કરી એક નાહાની ચોપડીને આકારે છપાવી જાહેર કીધી હતી. તે મજકુર ચોપડી છપાવતી વેલા શ્રી મુંબઇનું સૌથી બોહોલો ફેલાવો પામેલું ગુજરાતી અઠવાડીક પત્ર યાને **કયસરેહિન્દ**નાં મુબારક એખબાર નામાંમાં એક **“આઝાદ”** અટકના ગ્રહસ્થે **“ધર્મને લગતી કીતાબોની સોધ”**ને સરનામે ચરચા પત્રી નાખી હતી. તેના જવાબમાં આ ખાકસારીએ એજ નામીચા પત્ર મધે તા૦ ૧૨મી સપટેમબર ૧૮૮૬ ના અંકોથી એક પછે એક **ધર્મના પુસ્તકો** તથા **જરથોસ્તી ધર્મના પુસ્તકો** એવા મથાલાવાલી બીનાઓ તે મજકુર સાહેબનાં જવાબ તરીકે તથા જરથોસ્તી કોમને કેટલીએક અસલી કીતાબોની બાબતોથી જાણીતા કરવાના હેતુથી લખી જાહેર કીધી હતી. તેહવાં મજના લખાણોને **કયસરેહિન્દ**ના નામીચા એખબાર પત્રમાં એ પત્રનાં માલિક નેક નામ શેઠ **પુરામજી કાવસજી મેહતા** જે વારંવાર દાખલ કરતા આવ્યાછે તેથી આ સમે એ સાહેબનો ભારે ઉપકાર માનુંછું. તે ચરચા પત્રમા **“દસાતીર”**ની બીના આપ્યા બાદ જેમ અત્રે શ્રી મુંબઇ તેમજ દેસાવર ખાતેના કેટલાએક જરથોસ્તી સાહેબોએ હમોને **“દસાતીર”**

ફકત ગુજરાતીમાં છપાવાની ઊસકેરણી કીધા સાથે તેઓએ કેટલીએક નકલો ભરવાનું લખી જણાવવે અસલ• ફારસીપરથી ગુજરાતી તરજુમો કરી છપાવી જાહેર પાડવાનો વિચાર હમોએ ચોકસ કીધો. એ કીતાબનો બીજો કદીમ નુસખો જે મજનાં મુંરબ્બીજી કાકાજી તે તેહરાનવાસી શેઠ માણેકજી લીમજીભાઇ હાંટરયાએ ઇસ્વી સને ૧૮૭૧માં શ્રી "ખોરાસાન"થી મેળવ્યો છે અને તે ઊપર હીજરી સને ૩૫૯ લખ્યો છે તે કદીમ કીતાબ સાથે એ સાહેબે પોતાના મીરજાંઓની મારફતે મરહુમ "મુલ્લાં ફીરૂજજી" વાળી ફારસી કીતાબ સાથે સરખાવી સુધ કરાવી તેનીપરથી એક નકલ લખાવી રાખી હતી, તે નકલ આ ખાકસારીએ માંગણી કરવાથી તથા પોતાનો વિચાર લખી જણાવવાથી એ મુરબ્બી સાહેબે તે કીતાબ તથા બીજી પેહલવી અને આરબી હરૂફે લખાવેલી દસાતીરની કીતાબ હમારી પર મોકલી આપવા સાથે એ કામને પાર પાડવા અત્યંત ઉસકેરણીઓ કરી એ "દસાતીર" બાબે કેટલાએક ગુજરાતી લખાણો હમારી પર મોકલાવી આપ્યા છે; એટલુંજ નહી પણ એ સાહેબે પોતાની નોટ બુકમાંથી ભારે મેહનત ખેંચી એ "દસાતીર"ની મહાભારત કીતાબ બાબે પોતાના અનુભવ પ્રમાણે ઇસ્વી-સન ૧૮૨૬થી હાલસુધીનો હેવાલ એક ચોપાનિયા આકારે રચી મોકલાવ્યું છે જેમાંની બીનાઓને લીધે અત્રે આ દીબાચામાં એ કીતાબને લગતી કેટલીએક બાબતો લખવાથી આ ખાકસારી ફારેગ થયોછે. એહવી મજકુર મેહેરબાનીઓને માટે એ માનવંત સાહેબનો ભારે ઊપકાર દીલો-જાનથી માનુંછું અને તે નામીચા મતનું ચોપાન્યુ આ દીબાચાની પુઠે દાખલ કરૂંછું.

વળી એ ફીલસુફી ભરેલી નામીચી કીતાબ બાબે અત્રે શ્રી મુંબઇના ગુજરાતી ભાષાના અઠવાડીક વર્તમાનપત્રોમાનું વધુ સરસાઇ મેળવેલું કયસરે હીન્દના ચાલુ સાલ ૧૮૮૭ ની તા૦ ૨૦ મી ફેબરવીરી વાળા અંક ૨૬૯ થી એક પુઠે એક કેટલાએક અંકોમાં તકરારો આવી છે. તે તકરારોને હમો આ દીબાચાની પછે લીધેલા મત પાછલ દાખલ કીધી છે. માટે એ કીતાબનાં વાંચકોને એ તકરારો વાંચવાની ખાહેસ બતલાવી, તેઓથી આસા રાખુંછું કે એ નામીચા કીતાબના ખરાપણાની સાબેતી તથા સરસાઇ તથા એને અનુસરતી બીજી બીનાઓની એ મત તથા તકરારોમાંથી પુરી માહીતગારી મેળવશે.

દીબાચો.

હમે ચોકસ જાણીએ છૈએ કે બીજી તેહવી હસાહસ અને કસાકસી ભરેલી વારતાઓ, ગાયણો, નાટકો, જેહવી ચોપડીઓ વાંચનારા સાહેબોને આ ધર્મ સંબંધી કીતાબમાં આવેલી બીનાઓથી તેહવી ખુસી મળશે નહી. તેમજ વળી અંગ્રેજી શીખેલા જુવાનીઆઓ કે જેઓ નાસ્તીક અથવા અધર્મી ગણાએ છે અને કહે છે કે "સર્વનો પેદા કરનાર ઇશ્વાને ખોદા નથી તથા દરેક ચીજ પોતાની મેળે ઊતપન્ન થાએ છે" તેહવા મત ધરાવનાર સાહેબો આગલ હું ધારૂછું કે, એ પુસ્તક બેકદર થશે. તે છતાં એકદમ નાસીપાસ નહીથઇને આય પણ કેહવાની હીમત ધરૂંછું કે જે સાહેબોને ધર્મ સંબંધી થોડી ઘણી લાગણી હશે તથા જે નામવરો ધર્મી ફીલસુફીઓ જાણવાની ઇચ્છા ધરાવતા હશે, તથા જે ગ્રહસ્થો કે પોતાનો, પારકાનો, અને ખાલેકનો હક કંઇબી રીતે પુરો પારવાની અને નીતિપર ચાલવાની કોશેશ કરતા હશે, તેહવા સાહેબોને એ કીતાબ વાંચવાનું પસંદ પડશે. એ મુજબ પસંદ અથવા નાપસંદ પડવાનું કારણ એજ છે કે, દરેક જણ પોતાના મનની વળણ પ્રમાણે તથા જાતી ખેચાણ મુજબ પોતાની હાલતને અનુસરતી ચીજો ચાહે છે. જેમકે—"મસનવી" નો રચનાર સાહેબ ફરમાવે છે કે—

ફારસી બૈતો.

1 { અર્રે અર્રે કંદરીન અર્ઝો સમાસ્ત
{ જેન્સે ખુદરા હમચો કાહો કેહરબાસ્ત.

2 { નારયાન મર નારયાનરા જાઝેબંદ
{ નુરયાન હમ નુરયાનરા તાલેબંદ.

3 { સાફ્રા હમ સાફીયાન રાગેબ શવંદ
{ દોર્દરા હમતીરગાન જાઝેબ શવંદ.

4 { બાતેલાનરા ચે રબાયદ બાતલી
{ આકેલાનરા ચે ખોશ આયદ એ આકેલી.

અર્થ:—(૧)દરેક કરચે કરચ કે જે જમીન અને આશમાનમાં છે તે સર્વે પોતાની જાતીવાળાઓને એક કેરબો અને સુકા ઘાસની માફક (એક બીજાને) ખેંચનાર છે. (૨) દોજખીઓ (બુરા માણસો) બીજા દોજખીઓને ખેંચનારા છે. બેહસ્તીઓ (ભલા કર્તુકના લોકો) બેહસ્તીઓને સોધનારા છે. (૩) પવિત્રાઇને મેળવવા પવિત્ર લોકો ઇચ્છા કરે છે, તેમજ અપવિત્રાઇને કાળા દીલના લોકો પસંદ કરે છે. (૪) લુચાઓને લુચાઈનું ભલું ખેંચાણ થાયછે, (તેમજ) દાનાવોને દાનાવથી ઘણી ખુશી ઊપજે છે.

દીબાચો

એ મજકુર કવિતા લખી જણાવવાની આ આકસારીની બીજી મતલબ એજ છે કે દરેક વિદ્વાન સાહેબો પોતાના ફરઝંદોને નેક રાહપર ચલાવવા પ્રથમ ધર્મરીતી શીખવે તથા પોતાના ધર્મ ફરમાનોનો અભ્યાસ કરાવે, કે જેથી તેઓ પોતાનો ધર્મ સમજી નાહાનપણથી પોતાના માત પીતાને તાબે થવાને માટે પોતાની ફરજ ગણે, પોતાની જીંદગીનો હક તેમજ જીંદગી બક્ષ-નારનો હક સમજી ચાલે, એટલુંજ નહી પણ તેમ થવે તે બચ્ચાંઓ આ જગતમાં અવતરવાનું કારણ શું? અને આકિબત ભલી બુંડી કરણીનો બદલો છે તે વાતથી વાકેફીયત મેળવી પોતાની આખી જીંદગીમાં ઓદાઈ દરથી ચાલે તો તેઓનું તલી શરીર કસુ સંકષ્ટ મેળવે નહી તથા ભલી બુદ્ધીનું બળ અને બંદગીની પુંજીથી તેઓનું રવાન જે હધમાંથી અવતર્યું છે તે હધમાં પાછું ફરી શકે.

દલગીરી સાથે જણાઉંછું કે કેટલાંએક કારણને માટે તથા હમારા અસલ વિચાર કરતાં એ દફતરના સફાઓ વધી જવે એ પુસ્તકને સફે ૯૨ ની નોટમાં જણાવ્યા મુજબ યઝદાનની તથા સાત ગ્રહઓની ભકિતઓ અસલ દસાતીર ભાષા તથા ફારસી ભાષામાં ગુજરાતી અક્ષરે છપાવી એ ચોપડીની પુઠે દાખલ કરી શકયો નથી. પણ તે ભકિતઓનો ગુજરાતી તરજુમો અનુસરતે ઠેકાને ધ્યાને પૈગમ્બરોના નામાંઓમાં લખ્યો છે.

મજકુર જણાવેલી ફારસી દસાતીરની ચોપડી કે જે પરથી હમોએ ગુજરાતી તરજુમો કીધો છે તે ચોપડીના પ્રથમ સફાપર આ મુજબ લખ્યું છે. કે–" આ નામીચી **વોસતાતીર** અથવા **દસાતીર** ની કીતાબ કે જે
" હીજરી સને ૩૫૯ માં અસલ નુસખો લખાયલો **ખોરાસાનથી** મજનાં
" હાથમાં આવ્યો તેને, મરહુમ **મુલ્લાં ફીરૂજજીએ** કેટલાંએક વર્ષની વાતપર
" છપાવેલી **દસાતીર**ના નુસખા સાથે મુકાબલો કરીને પેહલા નૌમામાં જે
" વધતું ઓછું કરવાનું હતુ તે પુરતી ચોકસાઈથી સુધારીને તથા ફરી બેઉને
" મુતાબેક કરી આ નુસખો તેની પરથી સુધ લખાવામાં આવ્યો છે. કમત-
" રીન મઝલુમ મુસાફર **માણેકજી લીમજી પુરેહુશંગ** હાટરયા હીંદુ-
" સ્તાની, મુલકબ બદરવીશફાની." વળી એ અસલ કીતાબમાં જે અશો પાંચમાં સાસાને પોતાની તરફથી જે શરેહ આપીછે તે જુદી પાડવાને માટે દસાતીરનું અસલ લખાણ હમોએ પાઈકા બલેક ટાઇપમાં અને એ શરેહ

તથા હમોએ જે એ શરેહનો નીચે કેટલીએક ફારસી ચોપડીઓપરથી ખુલાસાઓ આપ્યા છે તે ઝીના ટાઇપે છપાવ્યું છે. વળી એમાં આવેલી શરેહ ઊપરાંત સાસાને લખેલી ખીનાઓ [ ] આ નીશાનમાં લીધી છે તથા હમોએ આપેલા ખુલાસો જુદો જણાવવાને માટે ( ) આ ચી-હમાં લખ્યો છે. 'તે' ખુલાસો તથા કેટલીએક નોટને માટે મદદ લીધેલી ફારસી કીતાબોના નામ. શારેસતાને ચારચમન, ફરહંગે દસાતીર–અત્ર દસાતીર બ ફારસી, ફરહંગે દસાતીર, આઇને હુશંગ કે જેમાં ચાર રેસાલા સમાયલા છે–ખેશતાબ, ઝરદસ્ત અફસાર, ઝાયંદે રૂદ અને ઝુરે ઝરથોસ્ત શાહનામુ, બુરહાને કાતેઅ અને ફરહંગે અંજુમંઆરાએ હુશંગ, મરહુમ મુલાં કેકોબાદ બીન મુલ્લાં મનુચેરની ગુજરાતી દસાતીર તથા શેઠ માણેકજી લીમજી ભાઇ હાટરયાએ મોકળાવેલાં દસાતીરને લગતાં કેટલાંએક ગુજરાતી લખાંણો અને કાગળો.

આ દીબાચો સમાપ્ત કરતાં એ કીતાબનાં વાંચકાથી આશા રાખુંછું કે એમાં સમાયલી મતલબોને ફુરસદની વેળા ઘણી દીકતથી વારંવાર વાંચી સમજમાં લેવી. અગરજો કંઈ મતલબ ઘણી વાંધા ભરેલી અથવા નહી સમજમાં આવે તેવી જણાય તો હમુને લખાણથી અથવા મોઢેથી સવાલ કરવે પોતાની શકિત મુજબ તરત જવાબ વાલવાને હાજર થઇશું. પણ બીજી તેહવી ખોડખાપણ અગરજો કોઇ સાહેબને નજર આવે તો તે પોતાની જાતી નવાજેશ મુજબ દરગુજર કરી તેમાંની નેક મતલબોનો ફાયદો મેળવવાને ચુકશે નહીં.

લા૦ કમતરીન ખાકસાર

પાલનજી જીવનજી લીમજીભાઇ હાટરયા,

ફારસી માસ્તર.

એ કીતાબસારૂં અપાયલું મત

શ્રી તેહરાનની તા૦ ૬ઠી મેએ ૧૮૮૭.

પુજ

આલી જનાબ મી૦ પાલનજી જીવનજી હાટરીયા,

ફારસી માસ્તર.

જોગ શ્રી મુંબઈ.

સ્તુદે ખસાલ અરજુમંદી,

જત તમારા કેટલાંએક કાગજો તવાતુર (એક પુઠે એક) મજને મળ્યા છે તેમાં ધેરવત લખ્વાની મતલબોનો ખુલાસો હવે પછે ફુરસદ મલેથી લખવા રાખી હાલે જે **દસાતીર**ની કીતાબ તથા તેહની ભાશા તથા મતલબ-થકી કેટલાએક સવાલો જે તમોએ કરયાછે તે શમસ્ત અંજુમનનું કામ હોવાથી પોતાની ફરજ સમજી માહરા અનુભવ મુજબ અસલથી તે આજવે-રનો એહવાલ લખી જણાવવાને ચુકતો નથી.

૧. અવલ મુંબઈમાં "મીશીઅરશ શાતમ મલકમ"ની જ્યાં આફીસ હતી તેની નીચે તેજ આફીસના દલાલ સ્વર્ગવાશી "શેઠ જીજીભાઇ દાદાભાઈ" મુગાનાની પેડી પણ હતી, અને તે પાસેના ઓટલાપર શેઠ "ધરમસી" નામે શરાફની દુકાન પણ હતી. વાસ્તે મજને પોતાના બાપે નીશાળમાંથી ઊઠાડીને તેને ત્યાં શરાફુ શીખવાપર મને મુકયો હતો. ત્યારે ત્યાંથી હરેક સોનારૂપાના નાણાની આપ લે કરવાથકી મજનો શેઠ–ઊપલી પેહડીના કીલી-દદાર "વીઠલદાશ" નામનાની પાસે દરરોજ એક બેવાર મોકલતા હતા. ત્યાં બેહસ્ત બેહરે મુએદ માનવી "ફરદુનજી મરજબાનજી" હમેશ પાછલા પોહરે આવી "શેઠ જીજીભાઇ"સાથે અનેક તરાંહની વાતચીત અને સલાહ મુસલહત કરતે એક બેવાર "દબેસતાન ઊલમજાહેબ" તથા "દસાતીર"

નામની કીતાબોની વખાણ કરતા તે મજના સાંભળવામાં આવ્યું હતું. તેથી તે કીતાબો શું છે? તે જોવા જાણવાનો શોક મજને બચપણથી ઊપજેલો હતો.

૨. સને ૧૮૨૬ ઇસવી સાલમાં સ્વર્ગવાસી શેઠીઆઓ "વીકાજી મેહરજી તારાપુરવાળા" તથા ભાઇઓની પેહડી જે સ્વર્ગવાસી શેઠ "કાવસજી પટેલ"ના ઘરસામને હતી, ત્યાના કીલીદદારના હાથ હેઠલ મજને શરાફાની ચાકરી મળી. ત્યાંબી ઉપર કહ્યા "મુબેદ ફરદુનજી" વખતસર આવજાવ કરતા, અને બેહસ્તબેહરે દાનેશવર "શેઠ ડોશાભાઇ સોહરાબજી મુનશી" બી હમેશ આવતા, તે બેઉ સાહેબો સાથે "શેઠ વીકાજીના ભાઇ પેસતજી ગોસ ખાવાનુ રવા કે નારવા હોવા બાબે સવાલ જવાબ કરતે તેઓ "દસાતીર" અને દબેસતાનની કીતાબોથી દાખલા દલીલો આપતા હુએ વારેવાર સાંભળ્યાથી પોતાના બાપને કહી સંભલાવી તે કીતાબો જોવા જાણવાનો ઇરાદો જણાવ્યાને સબબે તેઓ પાસે જે "દબેસતાન ઊલમજાહેબ" ની ગુજરાતી છપાયલી ચોપડી હતી, તે મજને આપવાની મેહરબાની કીધી હતી.

૩. "દબેસતાન"નો તરજુમો વાંચવાથી તેમાં જણાવ્યા મુજબે,"દસાતીર" જોવાની ઇચ્છા થઇ, પણ તેનું તે વખતે ગુરાતીમાં તરજુમો બનેલો નહી હતો, અને હું ફારસી શિખેલો નહી હોવાથી, એક તરફ મનમાં વતવતો ઊપજતો અને બીજી ગમ તેહીંગામમાં કદમી તથા રસમી ટોળાં વચ્ચે એક માસના ફેર વીશે ચુનોચરા અને બખેડો ઊભો થાવાને સબબે રસમીઓ તરફનાઓ "દબેસતાન" તથા "દસાતીર" વીશે એવું બોલતા ફરતા કે એ કીતાબો મરહુમ "મુલ્લા ફીરૂજજી" એ બનાવીને લોકોના મન ભમાવ્યાં છે, તેથી હરેક અનસમજુઓ તે વાતને બાવર (કબુલ) કરતા તેમજ હું પણ વખતે ધારતો હતો.

૪. સને ૧૮૨૮ માં બેહસ્ત બેહરે "શેઠ સોરાબજી કાવસજી દાવરના"ની સાહ્યતા હેઠલ સરકારી તીજોરીમાં હું રોજીંદા શરાફના કામસર રહેલો હતો, ત્યારે તે સાહેબ પોતાના લેવડ દેવડ વગેરે ખાનગી મતલબસર મજને મરહુમ "મુલ્લાં ફીરૂજજી પાસે રૂકો આપી કે જબાની પેગામ થકી મોકલતા, તેથી મજને તે મરહુમ સાથે પીછાણ થયેથી એક બે વાર દસાતીરની કીતાબને માટે હુએ પુછપરછ કરી હતી, પણ મજને નાદાન જાણીને

તેવાએ વામાતામા અને અખાડા કરવા માંડેથી હું ખસીયાણો થઇ ગયો, તેથી ફરી તે વીશેનો કસો શવાલ કરવાનો હુંએ દરૂસ્ત વિચારયુતું નહીં.

૫. સને ૧૮૨૯ માં હુંએ મીશીઅરસ "મી૰ બમનજી" ની કુને ત્યાં કીલીદદારની ચાકરી મેળવતે, ત્યાં સહવારના દસ વાગા સુધી અને સાંજના ચાર વાગા પછે ફુરસદ મલવાથી હરેક દરવીશ, કલનદર કે જતી જોગી શેલાનીની મુલાકાત અને તેમની દોસ્તી મેળવતો, તે વખતે "દારાબ" અને "નવરોજ" નામના બે આરેફ દરવીશો સાંધુ બચાની ઓલખાણવાલા મુંબઇમાં આવેલા હતા, તેમને ત્યાં હું મુકરર આવજાવ કરતો, ત્યારે તેઓથી વારંવાર સાંભળવામાં આવ્યું હતું કે, "તમો લોકનો અસલી મજહબ મજદીઅસની છે, પણ હીંદુસ્થાનમાં આવ્યા પછે હીંદુઓની રીતભાત મુજબે ચાલવા માંડતે અસલ મજહબ (ધર્મ) ની મુળ મતલબ તજતાં ગયાં છો." તેથી હુંએ પુછયું કે, એ સખુન તમો શા આધારે ફરમાવો છો? તેના જવાબમાં કહ્યું હતું કે, "હમે જે દસાતીર વાંચેલી છે તેમાં ખોદા ખાલેકનું જાતી નામ મઝદામ અથવા મઝદાન છે. તેથી એક ખાલેકને માનનારાઓ માજદીઅસનાન કેહવાતા આવ્યા છે, અને તે દસાતીરમાં અવલથી તે જરથોસ્ત સુધીનાં ઇરાન સર જમીનપર થઇ ગએલા પેગમ્બરોના નામ નીશાન આવેલાં છે." હુંએ પુછયું કે, તે કીતાબ કહી જુબાનમાં લખાયલી હતી? અને કયાં છે? જવાબ દીધો હતો કે "તેમાંની અસલ જુબાન પુરાતમ જમાનાની દરી, પણ તેનો તરજુમો કોઇએ ફારસેકદીમમાં કરેલાની કદીમ કીતાબ કેશમીરમાં હમે જોઇ હતી તે હાલના શાહનામા કરતાં પણ મહોટી છે, અને તેના દસકતબી ખુલ્લા અને મહોટા છે.

૬. સને ૧૮૩૧ની સરૂઆતમાં હુંએ "મીશીઅરશ ફરીથ બમનજી" ની ચાકરી મુકી ઉપર કહ્યા "શેઠ સોહરાબજી કાવસજી દાવર"ની સાએતાથી મુંબઇ તીજોરીમાંથી ચીચોરા ચલણનાં રૂપયા પરખી ગણી લેઇ ખજાનો શ્રી "રતનાગરી" પોહોચાડવા ગયો હતો ત્યાં "મી૰ પેન" કલેકટરની આરીસ જે ટેકરા પર હતી, તેની એઠાણ એક ગમ દરિઆ કીનારે "મોલવી સાહેબ" નામે મુસલમાન વીદ્વાન રેહતો, તે નીતરોજ સહવારના પોતાના પેગમ્બરની અધીસ તથા કુરાનના ફકરાઓ વાંચી તરજુમાઓ કરી હાજરમજલસીઓને સમજાવતો, અને સાંજે શાહનામું વાંચી હરેકને સંભલાવતો

તેની સાથે મજને ઓળખાણ બનવેથી અવજાવ કરતે, એક વખત તેણે; અરબી અધીસનો તરજુમો એમ કરયો તે જે, "ખોદા તાલાને પીછાણ-વાના રાહરસમ અને રીતના માર્ગો પૃથ્વીપર વસ્તા ખલકની સંખ્યા બરોબર છે. એમ કહેતે તેણે મજ તરફ નજર કરતે કહ્યું જે, મજ્જુશાની કીતાબમાં પણ એ મુજબ આવેલું છે." તેણે મજુશ શબ્દ વાપરવેથી મજને અણગમતુ જણાયા છતે પોતાની લાગણીને દાબી રાખી હું એ સવાલ કરયો કે, "તમોએ જે કહ્યું તે કઇ કીતાબમાં તમે જોયું છે." જવાબ દીધો કે, "તેણે બદકશાનની સફર વખતે ત્યાંના કાજીને ત્યાં વાંચી હતી, પણ તેનું નામ ઇયાદ નથી, પણ ઇરાનમાં થઇ ગએલા પેગમ્બરોનો હેવાલ, અને તેમનાપર આવેલી વહીઓનો ખુલાસો તેમાં જણવેલો હતો, તેમાંના અકસર (ઘણા-ખરા)ફકરાઓ મજના ધ્યાનમાં રહેલાછે. (ઊપલી * એબારત હાલની દસાતીરમાંથી મળી આવેછે.)

૭. તેજ સને ૧૮૩૧ ની આખરીએ અંગ્રેજ સરકારનું મીશન "કરનલ પાતીનજર" (પાછલથી "સર હેનરી પાતીનજર") લઈ "સીંધ" ખાતે ગયો, તેમાં હું પણ કીલીદદારની ચાકરીએ હતો. અને દરિયાવ માર્ગે કચ્છમાંડવીએ પહોચી ત્યાંથી ખુશકીમારગે જાતા સીંધની હદનું રણ ઓળં-ગીને મગરબીનામે કદીમ પણ બીશમાર થએલાં શેહરમાં પહોચ્યાથી ત્રણ દીવસ ત્યાં થાક ભાંજવા રહ્યા હતા. તે વખતે ડાક્ટર "ઇસપેનસર" સાથે ફરવા જાતે સાંભળ્યુ કે, આ સામણેની ખડકના એક ગોફામાં "કલનદરશાહ" નામે ઘણી લાંબી ઊમરનો બુઢો બક રહેછે. તે જોવા હમો બેઊજણા ગયા, ત્યારે તેણે હમુને બેસવા ફરમાવી મજ તરફ મોઢુ કરી પુછયું કે તમારા લોકમાં "હજરત આજરકેવાન" જેહવા મરતબાવાલો દસ્તુર હાલે કોણ છે? તે સખુનથી મજને તાજુબાત ઊપજી કે એ મુસલમાન છતે દસ્તુર" આજર-કેવાન"ને કયાંથી ઓળખેછે, અને હું પારસી છેઊ એહવું એ ગોફેનશીને કેમ જાણ્યુ હશે. તેથી હું એ સવાલ કરયો જે, "હજરતઆજરકેવાન"નું નામ તમે કયાંથી જાણ્યું, ત્યારે તેણે હસ્તેમોઢે ફરમાવ્યું કે, "હજરતઆ-જરકેવાન"ના આગણામાંની જારૂ કરનાર છેઊ ને તે બુઝોર્ગવારનો ખુબી-

* જુવો અંશો જમશીદ નામમાં [illegible]ીમ ૩ જાનો ફકરો ૩૦ મો.

એથી માહરી જીંદગી હતી અને છે ત્યારે હુ તેનું મુબારક નામ નહી જાણુતો પછે બીજુ કોણ જાણી શકે.

ફરી ફરમાવ્યું કે, "તમારાં લોકની અસલ આસમાની કીતાબ દસા-"તીર હતી તેમાંથી મતલબને જેમ જમાનો વેહતો ગયો તેમ આમ લોકોએ "છોડી દેતા જાઈ જીનપરીની તસબીર અને ભુત પરસ્તી તથા દેવ એફરી-"તનો એલમ હાસલ કરવાની પુઠે લાગા, અને અસલી સેપાસીયાન ધર્મથી "ઊલટા ચાલતા, વાસ્તે ખોદાય ખાલેકે તેમના ઊપર હજરત જરથોસ્તને "પેગામ્બરી સારૂ મોકલ્યો, ત્યારે તે બુઝોર્ગવારે જુદીજ એબારતે વોસતા "(ઇશ્વર શક્તિમાન) નામે કીતાબ જાહેર કરી, તોબી ખાસ લોકો અસલી "દસાતીરને માનતા. કેમ જે વોસતાના ભેદો દસાતીરની મતલબ મુજબ "એકસાન હતા, અને અવામોને વોસતા મુજબ ચાલવા ફરમાવતા, બલકે "દસાતીરમાંથીજ અવસતાની મતલબ નીકળેલી હતી."

પણ "દારાએ દારા" અને "દારાબ" પછે દસ્તુરોએ અવસ્તા" "પર શરેહ લખીને તેજ ભાષામાં વધારો કરતે અવસ્તાઓ જંદ કે, જંદ અ-"વસ્તાને નામે લોકોને સમજાવવા માંડેથી અકસર ખલક તેપર આકીન "બાંધતા આવ્યાને સબબે અસલ "દસાતીર"નો એલમ આમ લોકોમાંથી "કમ થાતો ગયો, તોબી બુઝોર્ગ લોકો અને પાદશાહઓ તેનાથી માહીતગાર "હતા, તેથી સેપાસીઆન ટોળીમાં ૨ તીરા થયા કે, તેમાના પેહલા વોસ-"તાઇન અને બીજા જંદીઆન કહેવાતા."

"તેમ વોસતાઇન લોકો આસ્તે આસ્તે વીખરાઈ જાતે મજબુરન "(જબરીથી) બીજા મજહબમાં ભેળાંતાં ગયા, તોબી ઇરાનના કેટલાએક "ભાગમાં ઇસલામી મજહબ પાલનારાઓ હજીર "દસાતીર" પર એ-"તેકાદ રાખતા આવે છે. તેમજ જંદીઆમાના કેટલાએકોએબી ઇસ-"લામી ધર્મ કબુલ્યો છે. તેઓ પોતાની અટક જંદીયા તરીકેજ કેહ-વડાવતા આવે છે." એ શિવાએ તે કલંદર શાહે "દસાતીર" કીતાબ વહીએ આસમાની મુજબ રચાયલી વીશે ઘણીએક દલીલો બુરહાન આપીને પોતે સેપાસીઆન સલસલાનો મુરીદ હોવાનો હેવાલ કહ્યો તો. તેથી મજને "દસાતીર" કીતાબ પેદા કરવાની ઊલટ વધારે થાઇને જ્યાં જ્યાં સફર કરશામે આવી ત્યાં તેનીજ સોધમાં રેહતો આવ્યો.

૮. ઊપર કહ્યા મુજબે કલંદર શાહના સખુનો વીશે મજને કાંઇએક શક હતો. પણ પાછળથી મજના ઇરાન તરફ આવ્યા બાદ મજની ખાતરી થાઇ કે “અખીમનેશ” પાદશાહઓમાના “અરદેશીરે દરાજદસ્ત”ના વખતમાં ઇરાનીઓમાં બે ટોળાં થયાં હતા, તેમાંના પેહલાઓ “ગોસતાઇનો” જે યુરોપ તરફ નીકલી ગયાં હતા. ત્યાંબી તેનાઓને એજ નામે ઓળખવામા આવવેથી તેઓના ધર્મ ગુરૂને વોસતાલ કરી કેહવામાં આવતું, અને જંદીઆઓ મુસલમાન ધરમમાં ભેળાયલાં હોવા છતે આજવેર તેનાઓ એજ નામે ઇરાનમાં હરજગોએ ઓળખાતા આવે છે. તેટોળીમાંથી “નાદરશાહ” પછે “કરીમ ખાનેજંદ” નામનો પાદશાહ થઈ ગયાનો હેવાલ મશહુર છે. તેમજ એ નામની અટકવાળા ઇલયાત (જંગલોમાં તંબુ મારી વસનારા) તથા શહેરનશીન આબરૂદાર ઇરાનમાં હર જગોએ અનેક છે.

તેમજ વળી શેહનશાહ “કોબાદ”નાં જમાંનામાં અવસતાના દીબાચા થયા, ત્યારેબી “દસાતીર”ને માનનારાઓ તરફથી “પનામે યઝદાન”થી સરૂં કરચુંચ, અને જંદીઆ તરફનાઓએ મશવવેહ ફીરૂગર બાદથી સરૂ કરવામાં આવેલું જોઇએચ, તથા નીરંગકુશ્તી બાંધવાની અને પરણતી વખતના આશીરવાદ વગેરેમાંબી એરફેર રાખ્યાનું આજવેર ચાલેછે, અને હરેક નમસકારની સરૂઆત કે બીજીબી જગોએ જે “અજહમાં ગુનાહ”નો કરદો પઢવામાં આવેછે તે દસાતીરનો પેહલો ફકરો “પનાહીમબયઝદાન અઝ.........”નો તરજુમો હોવાનું જણાયા વગર રેહતું નથી. તેમજ “કોબાદ”ને પોતાના ભાઇઓ સાથે અણબનાવ હોવાથી તેઓએ વારંવાર પાદશાહી દાવો કરતા આવી લડાઇઓ ચલાવી હતી, તેપરથી દસાતીર તરફનાઓએ નીરંગકુસ્તીમાં બદ પાદશાહઓને બદ દુવા કીધેલી છે. તથા અવસતામાં “કઇયોમરસથી” તે ગોસતાસ્પ સુધીના શાહ તથા વખશુરોને ઇજવામાં આવ્યા સાથે “પોરયો દકીશ” મજહબને પણ ઇજ્યામાં આવેછે. તે પોરયોદકીશ “આબાદયાન” મજબની સાબેની બતલાવે છે. ઇત્યાદી જો કોઇબી બીન ગરજપણે અવસતાને ચોખી વાંચી બારીકીથી જોશે, તો તેપરથીબી “દસાતીર” અને આઇને “આબાદયાન”ની સનદ મળી આવ્યા વગર રેહશે નહીં. અગરચે અસલ અવસતાનો વીશમો ભાગ અને તેબી એરફેર થયેલા કરદાઓ શિવાય આપણ પાસે કસું સહી કે વધારે બાકી બનચેલું નથી તોબી.

તેમજ આપણામાં જે એક માસનો તફાવત ચાલતો આવેછે, કે તે બાબે પણ તપાસ કરતે ખુલ્લું જણાએ છે કે, ઊપર કહ્યા મુજબ અવલથીજ આપણા લોકમાં બે તરાંહ બનીને એક બીજાનાં કામ કલ્પનાપર આર લેતા આવ્યાતા. તેથી આરબોસાથેની ખુનખાર લડાઇમાં જ્યારે હજારો બેહદીનો માર્યાં ગયાં ત્યારે ધર્મ ક્રિયા, અને એબાદત બંદગી વખતસર નહી બનવાથી કેટલાએક દીવસનો બેઅ ઇયાને ગણત્રીમાં મુકી દેવાની ફરજ જણાઇ, તે વખતેબી માજનદરાન કે ઊત્તર ઇરાન તરફના રેહવાસી જેહનાઓ "જંદકી" હતા તેવોએ ૩ માસ અને ફારસ કે અગની ખુણ તરફનાં રેહવાસીઓ જેહનાઓ વાસતાઇન હતા તેનાઓએ ૪ માસનો બેએકરી રોજમાહ પઢતા આવવેથી બેઊમાં એક માસનો તફાવત રહી ગયાનું આજ-વેર ગણાતુ આવ્યુછે. તેથી એ બેઊ તરફ વાળાઓમાં કોઇ એકે ભુલ કરેલી નહી હતી, અને નથી. પણ એક બીજાપર હરીફાઇ વાપરેલું સાબેત થયું છે.

બૈત :— { સતીઝે બજાઇ રસાનદ સખુન,
કે વીરાન કુનદ ખાન દાને કોહન.

૯. હવે ફરી દસાતીરની સોધના સારપર આવી પોતાની સફરના હેવાલમાં કેહવા ચાહુંછું કે, જ્યારે "કરનેલ પાતીનજર" સાહેબનું મીશન સીંધના પાએતખ્ત હેધરાબાદ ખાતે પહોંચીને સરકારી કામનો બંદોબસ્ત થઈ રેહવાથી "ખેરપુર" તરફ જાવા નીકળયું, ત્યારે રેસાલાના માણસોને "મીર મુરાદ અલી"ની સલામ સારૂ "કરનેલ" મજકુરે મોકલ્યા, તેમાં હું પણ હતો. તેથી "મીર સાહેબે" સર્વેને તાજી જોયા પછે મજ-તરફ નેગાહ કરી પોતાના વજીર "મીરજાં ખસરૂ ખાન"ને પુછયું કે, આ છોકરો જાતનો કોણ છે? મીરજા મજકુરે અરજ કરી જે, "ઇસ-લામની ફતેહ ઇરાનપર થાતી વખતે કે તે પછે ઇરાની મજુસોના થ્રી હીંદુસ્થાન તરફ આવી વસેલામાંનો એ અંગ્રેજી રેસાલામાં કેલીદદારની ચાકરીમાં આવેલો છે.

ફરી "સઇયદ જેનલઆબદીનશાહ" નામનો ઊમરાવ જે વીદવાન અને ઇરાન તથા હીંદુસ્થાનની સફર કરી આવેલોબી ત્યાં હાજર હતો. તે તરફ નજર ફેરવી ફરમાવ્યું કે, એ લોક કીઓ ધર્મ પાલે છે? તેનો જવાબ તેને આપ્યો કે, "એ લોક અસલમાં સેપાસીયાન અથવા આજર હુશંગી

કેહવાતા, અને તેના કાનુન આપણા પેગમ્બરીની શરીયતને ઘણા ખરાં મલતા છે, પણ પાછળથી એમના દસ્તુરોમાં મત ફેર હોવાથી તેઓમાં વેરભાવ ઊપજવાને સબબે પોતાને હાથે આરબી લશ્કરને તાબે થઇ ગયા. તેમાંના હીંદુસ્તાન તરફ આવી વસેલાઓએ અકસર હીંદુઓના ધર્મ મુજબ ચાલવા માંડયું છે, અને પોતાના અસલી મજબથી બીખબર રેહતા જાએ છે."

ફરી "મીર સાહેબે" પુછ્યું કે, "શું એનાઓમે હીંદુઓની પએ આસમાનની કીતાબ નથી"? સઈઅદ મજકુરે જવાબ આપ્યો કે, "એનાવો પાસેબી આસમાની કીતાબ હતી, કે જેને "શાફે આબાદ" અથવા "શાફે હજરત ઇભરાહીમ" કે "દસાતીર" કરીને કેહવામાં આવતું. પણ પાછળથી એમના દસ્તુરોએ જંદ ભાષામાં કીતાબ જાહેર કરી તેપર અમલ કરતાં આવે છે."

૧૦. સને ૧૮૩૪ માં હું ઊપર કહ્યા કરનેલ પાતીનજર મુંબઇ આવ્યો ત્યારે બીજી વાર ચાકરીમાં ભુજની રેસીદેનસી આફીસના કીલીદદાર તરીકે ગયો હતો. તે પછે ત્યાં સઇઅદ હોસેન "જે સીંધ ખાતાનો" બ્રીટીશ એજંટ અને અંગ્રેજી, ફારસી, આરબી, સંસ્કૃત ભાષાના એલંમમાં માહીતગાર કેહવાતો, તે ત્યાં આવેલો હતો. તેને ત્યાં સહવાર સાંજ હું આવજાવ કરતો ત્યાં "રાહુ દેસલજી"ના ઊમરાવોમાનો મુનશી "આબામીઆ" નામે પણ આવતો. તેની સાથની વાતચીતમા એકવાર તેને બ્રીટીશ એજંટને સવાલ કરયો હતો જે, "આપણી કુરાને શરીફમાં અકસર પેગમ્બરોના નામ નીશાન જણવેલાં છે, અને જરથોશ્ત વીશે કસુ આવ્યું નથી, તેથી એમ જણાએ છે કે, એ કોમ પાસે કસી આસમાની કીતાબ નહી હશે. અને તવારીખ મોઅજમ તથા બીજી કીતાબોવાળા લખી ગયા છે પણ તેમ જરથોશ્ત નામના શખસે પોતે પેગમ્બરીનો દાવો કરીને ઇરાનીઓને ફરેબથી પોતાનો મજહબ કબુલાવ્યાનું સહી ઠરેચ" તેના જવાબમાં "સઇયદ" મુજકુરે કહ્યું તું જે, "બેરબેર એ વાતમાં મોઠી ભુલ વપરાતી આવી છે."

અને ફરી કહ્યું જે, "અસલ કુરાનમાંના કેટલાએક જુજ હાલ આશકાર નથી. તે બાબે હજરતઅલી પાસેની કુરાનસાથે મુકાબલો કરતે માલુમ પડયુંતું તેવું છતાં તે વખતનાં ખલીફાની બોહોસને સબબે હજરતઊસમાને તરતીબ કરેલી કુરાનનેજ કબુલ રાખવામાં આવ્યા બાબે આપણા

ઇસલામી સુની તથા સીહા બેઉ તરફના આલમાઓએ એકસરખું મત કહી બતલાવેલુંછે. વાસ્તે તે, બાકી જુજવોમાં જરથોસ્તની પેગમ્બરી અને તેના કીતાબનું બ્યાન હોય તો તેમાં નવાઈ જોગ શું છે."

"કેમજે ખુદ રસુલે ફરમાવ્યુંચ કે, "હું શુકર ગુજાર છેઉ કે નોશીરવાન જેવા આદેલ પાદશાહના અઇયામમાં દુનિયામધે પૈદા થયોછું." અને વળી ફરમાવ્યુંછે કે, "ઇમાન અગર સોરયા સેતારાના અંજુમન જેટલું દુર હતે તોબી અજમ (ઇરાનો) લોક તેને હાથ લાવ્યા વગર નહી રેહતે. એ ઉપરથોબી સાબેત થાએછે કે ઇરાન જેહવા વખણાયલા મુલકમાં પાદશાહત તથા ખલકની ભારે વસ્તી પર બુઝોર્ગવાર પેગમ્બર હોવો જોઇએ, અને તેહનું બ્યાન પણ કુરાનમાં આવ્યા વગર નહી રહે. તેવું છતાં હાલ જે આપણા જોવામાં આવતું નથી તે અત્રે ઉપર કહ્યા મુજબ કુરાન અધુરી હોવાથી છે."

"અને બીજું ઇરાનનું રાજ ઇસલામીઆનોને હાથ ગયા બાદ કુરાનની તરતીબ થઈ હતી, તે વાત તો આશકારા છે. વાસ્તે તે વખતના ખલીફાઓએ પારસીઓના પેગમ્બર તથા તેમના દીલનો હેવાલ આરબો વચ્ચે આશકાર કરવાનું દરૂસ્ત વીચાર્યું નહી હોય, અને તે વાત છુપી રાખવામાંજ પોતાના રાજયની મજબુતી સમજ્યા હોય, તો તેમ બનવા જોગ છે."

"તેવું છતે હાલ આપણી પાસેની કુરાનમાં એકથી વધુ જગોએ આવેલુંછે કે, જ્યારે હજરત રસુલ ખલકને ખોદાઇ રાહ સમજાવતો ત્યારે લોકો જવાબ આપતા કે એ તાહરા સખુનો "અસાતીર ઊલઅવલ" ઇયાને સાબેક પણ એમજ હેકાયત અથવા અફશાના લખાયલા સતરો કે જુજવોમા આવેલા હતા. વાસ્તે "અસાતીરૂઅલ અવલીન" શબ્દ દસાતીરની કીતાબને લાગુ પડયા વગર રેહતું નથી."

"તેમજ વળી કુરાનમાં કહેલા પેગમ્બરોનાં નામ સર્વે તોરાત (મુસાની બાયબલ)માં આવેલા નામો શીરયા દેશના રેહવાસીઓનાં છે. અને ઇરાન તથા તુરાન તરફના કોઈબી બુઝોર્ગોને ઇયાદ કરેલા નથી. તેથી પણ એમ જણાયછે કે, અરબસ્તાન તરફ બની ઇસરાઇલીઓ જે વધારે વસતા હતા, અને તેઓના જે સરદારો સાથે હજરત રસુલને વારેવાર લડાઇઓ કરવી પડી હતી. વાસ્તે તે હજરતની મકસુદ એમ હશે જે, મુસવીઆન ઇસલામી મજહબમાં દાખલ કરવા અને પારસીઓના મજબથકી તે હજરતને

કસુ કેહવાની જરૂર જણાઇ નહી હોય. જેમકે દાખલા તરીકે આપણે વીચારીએ કે–જે એક પાદશાહની દરબારમાં એક તરફ દસ પંદર જન સંફ બાંધી ઊભેલા હોય, અને બીજી ગમ તીસ ચાલીસ શખ્સની જમીયત થયેલી હોય, અને પાદશાહ તેઓ તરફ એશારત કરી ફરમાવે કે એનાને રૂકશત આપી રવાના કરવા તો તેથી ખુલ્લું સમજાય કે પેહલી સંફ વાલાઓને રવાના કરવાનું પાદશાહે ચાહ્યુ નથી. તેમ પારસીઓના પેગમ્બરો કે તેમની દીન વીશે હજરત રસુલને કસુ કેહવાની અગત્ય નહીં જણાતે બની ઇસરાઇલોના મજહબનેજ સુધારવા ચાહ્યું હોય, એમ જણાયાવગર રેહતું નથી.”

તે ફરી સઇએદે કહ્યું તું જે, “દસાતીર કીતાબ એલમે એલાહી થકી લખાયલી સર્વ કીતાબોનો સર ચશમો છે. એટલુંજ નહીં પણ મેહબાદના મજબમાંએથી બીજા બધા મજહબો બરપા બનેલા છે કે એ કીતાબમાં આવેલી મતલબ એક ખમીરમાયા સમાન હોવાથી હરએકે તેમાંથી થોડુ થોડું લઇને પોતાની જમાના તથા વતનને અનુસરતી રીતે પોતપોતાની કીતાબોમાં બયાન કરેલું છે, તે વીશે જે કોઇ બીનગરજપણે બારકીથી તપાસસે તો તેને જણાયા વગર નહી રહેશે.”

૧૧. સને ૧૮૪૨માં જ્યારે અંગ્રેજ સરકારનું લશ્કર બીજી વાર કાબુલપર ચઢાઈ કરીને મુલક જીતી પાછુ ફરયું. તે વખતે હું “ફીરોજપુર” માં હતો, ત્યાં એક કંધારી અફગાન સાથે મજને પીછાણ હોવાથી તે એક સમે હરણના ચામડાના બનાવેલા ઘણા નાજુક પત્રોપર જીણા અક્ષરે ફારસી દસ્કતનું જુનુ લખાણ લાવી મજને કહ્યું કે, “એમા શું ભાષા તથા મતલબ છે? તે જો તમો જાની શકતા હોવો તો મજને સમજાવો. હુંએ તે જોઈ તેનેજ વાંચવા કહ્યું તું, તેથી તેણે અચકાતે અચકાતે વાચયું ખરૂ, પણ તેમાં સમજ પડી નહી. વાસ્તે હુંએ પુછયું કે એ તમને કયાંથી મળ્યાં છે? જવાબ દીધો કે તેના ઘરમાં લાંબા જમાનાથી એક પુરાની કીતાબ છે, તે મધેથી તેના બપાવાએ એક ફકરાનો ઉતારો કરાવીને તેનું તાવીજ બનાવી પોતે રાખતા તે તેહની પછે માહરા હાથમાં આવ્યું છે. તેથી તે હુંબી પોતાની પાસે રાખુંછું. તે પછે ફરી તેની પાસે ધીરજથી વંચાવીને તેના ઊચ્ચાર મુજબ હુએ ગુજરાતી હરફે લખી લીધું હતું.

જ્યારે દસાતીરનો ગુજરાતી તરજુમા બનેલી કીતાબ મજને "સીંધ હેદરાબાદ"માં મળ્યાં ત્યારે તેમાંની અસલી જુબાન વાંચતે હું એ "ફીરૂજપુર" માં જે ઊતારો કરેલો હતો, તેની સાથે મુકાબલો કરી જોતે કેટલાએક શબ્દો મળતા આવ્યા ખુરા, પણ એકુ આખો ફકરો બરોબર નહીં જણાયાથી હુંએ ધારયું કે આ ગુજરાતી તરજુમાંમે જણાવ્યું છે તેમ બીજી મહોટી દસાવીર અથવા બાસાતીરમાંનો એકુ ફકરો હશે. એટલાપરથી હુંએ "ફીરૂજપુર" ખાતે વસનાર હીંદુ તથા મુસલમાન જેનાઓ સાથે મજને ઓલખાણ હતી, તેઓપર લખી પેલા અફગાનની સોધ કરાવી તેપાસેની કીતાબ મેળવવા ચાહ્યું ખરૂં, પણ તે વાતમાં હું નાશફલ થયો. તેથી બીજી કોઇબી જગોએથી બીજુ તેહવું દફતર મેળવવાની સોધમાં હમેશ રેહતો આવ્યો.

૧૨ સને ૧૮૫૨ માં જ્યારે હું મુંબઇ હતો ત્યારે મરહુમ "દસ્તુર રૂસતમજી કેકોબાદજી મુલ્લાં ફીરૂજજી"નાની સાથે વારેવાર મુલાકાત થાતે દસાતીર વીશે ગુજરાતીમાં છપાએલી કીતાબના દીબાચામાં જણાવ્યા મુજબ લોકોએ વાંધા લીધા બાબે, અને મજની શફરમાં હરેક સાથની મુલાકાતમાં થાએલી વાતચીતનો સાર કહી સંભલાવ્યાથી તે સાહેબે ફરમાવ્યું હતું કે, "એ કીતાબ ફારસીમાં અંગ્રેજી તરજુમાં સાથે છપાઇ બાહાર પડવાથી કેટલાએક યુરોપ્યાનોએ ખોટા વાંધા લીધા હતા, અને કહ્યું તું જે એ કીતાબ ખુદ મુલ્લા ફીરૂજજીએ બનાવટથી ઊભી કીધી છે. તે વાતમાં જ્યારે તેઓ પછાત પડયા ત્યારે ફરી ઓથું ઊભુ કરયું કે "આઝર કેવાન" અને તેના શાગેરદોએ બનાવેલું એ દફતર છે. તેમાંબી તેઓનું નવજ્યું ત્યારે કહે છે જે, ઇસલામી મજહબ આશકાર થયા પછે એ દફતર બનેલું દીશે છે. અને આપણા લોકના જુવાનીઆઓ જે, પોતાના પુરાતન મજહબથી બી ખબર રેહતે અંગ્રેજી વિદ્યા શિખ્વાપર વધારે ધ્યાન આપતા આવેછે, તેનાઓ અંગ્રેજી લખાણ વાચતા આવવાથી તથા પોતાના મગજ બગડેલાં હોવાને સબબે આગળા પાછલા વિચાર કરયા વગર ઊલટું બોલવા નિકલે છે તેને આપણે શું કરીએ. પાણ આખરે જે સાચુ છે, તેજ આશકારમાં આવવેથી તેનાને પશેમાની ખેંચવી પડશે." ત્યારબાદ તે સાહેબ પાસે જે ફારશીમાં છપાયલી કીતાબોની કેટલાએક નકલોના છુટા જુજવોનો જથો પડી રહેલો હતો, તેની ૩૦ નકલ હુંએ ખરીદી હતી.

૧૩. સને ૧૮૫૩ની આખરીએ હું એ વેપારને અર્થેનો કેટલોએક માલ મુંબઈથી બુશેરખાતે રવાના કર્યો તે ભેરી ઉપલી દસાતીરની કીતાબોની જીલદો બંધાવી મોકલી હતી અને સને ૧૮૫૪ નાં તા૦ ૩૧મી માર્ચે હું મુંબઈ મુંકી ઈરાન આવ્યા પછે શિરાજમાં લગભગ ૨ માસ તુલક રહ્યો હતો ત્યાં "નવાબ મહમદ અલીખાન" બ્રિટીશ એજંટને ઘર આવજાવ કરતે કેટલાએક ઈસલામી ઓલમાંઓની મુલાકાત અને ઓળખાણ બનવે તેઓમાના અકસર શખસો સાથે વાતચીત કરતે "દસાતીર"થકી ઊંચું મત ધરાવી કહેતા કે સંસારમાં એથી સરસ કોઈબી કીતાબ નહી હશે. તેથી હું "દસાતીર"પર આર લેનારા લોકોની હેકાયત એટલા થકી કહી સંભળાવતો કે, કોડે કોડેની બુધ છે. જોઈએ એ લોકો શું કહેછે? તેના જવાબમાં હરેકજણ દાખલા દલીલથી યુરોપ્યનોનાં મતને રદ કરવા વગર નહી રહેતા. અને જેનાઓપાસે એ કીતાબ નહી હતી, અને માંગતા તેઓને ભેટ દાખલ આપતો. પણ હું દસાતીરનું કાંઈબી જુનુ દફતર મેળવવાની શોધમાં હોવાથી કેટલીએક કીતાબો અલફાતુ ખરીદવામાં આવતે મજને હીંદુઓના "ઊપનાસત" તથા "જુંગબશસ્ત" નામના દફતરોના ફારસી તરજુમાની કીતાબ તથા "દસાતીર"નો જુનો એક જુજ મળી આવ્યો હતો. કે જે એ છપાયલી દસાતીરથી એલાહદોજ છે.

૧૪. તે વખતે શિરાજનો હાકમ શાહજાદા "માઈદો દોલા" નામે હતો, અને તેમનાં નદીમ તરીકે "આગા મહમદઅલી કાશાની" હમેશ તે વણ પાસે રેહતો. તે બેઉ સાહેબો પુરવીણ કહેવાતા તેમને ત્યાં બે ત્રણ વાર મુલાકાત થઈ, તે વખતે વાતચોત નીકળતે તેઓને મોઢેબી "દસાતીર"ની વખાણ થતે "આગા મહમદ અલીએ" કહ્યું તું જે, "હજરત રસુલની કુરાનમાંની કેટલીએક આયાતો દસાતીરને મલતી છે." તેપરથી શાહજાદા મજકુરે ફરમાવ્યું કે, "સર્વ પેગમ્બરોના મત એકજ હતા તેમાં શક નથી પણ પાછળથી દરેક ધર્મના મુલ્લાંઓએ ફેર ફેર ફતવા ઊભા કરીને જુદાઈ પાડતા આવ્યા છે."

પછે ફરી શાહજાદાએ ફરમાવ્યું કે, તમારા લોકો ગોશનો ખુરાક કરે છે કે નહીં? હુંએ અરજ કરી કે હા સાહેબ હમારામાં ગોસ ખાધાની આદત પડેલી છે. તેથી તેઓએ જણાવ્યું હતું જે દસાતીરમાંતો ગોસ ખાધાની મનાઈ છે, ત્યારે તેઓ એહવા ગુનાહ ભરેલા કામને કેમ મુરતકેબ થએ

છે (ભેળાએછે) અરજ કરવામાં આવ્યું કે ગોસનો ખુરાક કરનારને હરએક કેફી ચીજ ખાધાની પેઠે આદત પડેછે કે, જે કોઇએ એકબેવાર ખાધું હોય તો તેને ફરી ફરી ખાવા ગમે, અને વખતસર તેમ નહી બનેતો જીવમાં ચિંતા ઉપજે છે. તેથી અવલમાં દુકાળ કે લશકરકશી વખતે બીજો ખુરાક મોએસર નહી થવાને સબબે થોડું ઘણું ખાવામાં આવવાથી આદત પડયા વગર નહી રહે તેમ હમેશ ખાવાનો રવેયો પડયોછે. તોબી હમારામાં અસલ નહી ખાવાનો મજહબ હોવાની હોરમતથકી દરમાસના ચાર દહાડા અને દરસાલેબી એક મહીનો ગોસ ખાતા નથી, તેમ પોતાના ખેસ કુટુંબમાં કોઈ ગુજરે ત્યારે ત્રણ દીવસ તુલક ગોસનું ખાનું ખાતા નથી. એ વાત થાતે આગા મહમદ અલીએ આરબી હધીસનો અર્થ કહી સંભળાવ્યો કે હજરત રસુલેબી ફરમાવેલું છે કે "તમારા પેટને હેવાનોના માસનું કબરેસ્થાન કરતા ના." તેથીબી એજ મુરાદ માલુમ પડેછે. અસલથીજ આબાદયાન આઇન મુજબ ગોસનો ખુરાક નારવા હોવો જોઇએ.

૧૫. હવે હું જ્યારે મુંબઇમાં હતો તે વખતે સાંભળ્યું હતું કે "બેહસ્ત બેહરે એદલજી દારાબજી સંજાના" એ સારેસ્તાને ચાર ચમનની ફારસી કીતાબનો તરજુમો ગુજરાતીમાં કરેલો તેવણને ત્યાંછે. તેથી "શેઠ મેહરવાનજી ફરામજી ફલાપાલનના"ની મારફતે તે કીતાબ મેળવીને તુરત ઊતારો કરાવવા આપ્યો હતો. પણ તે લખાઈ રહ્યા પછે મુકાબલો કરવા કે વાંચી જોવાની ફુરસદ નહી મળી વાસ્તે જેમની તેમ રાખી સાથે લાવ્યો હતો. પાછળથી સાંભળવા મુજબ દાનેશ્વર "દસ્તુરજી એરચજી સોહરાબજી મેહરજી રાણાએ બી" શારેસતાનનો તરજુમો હાલની સુધ ગુજરાતીમાં કરેલો છે.* પણ તે હજીર મજના જોવામાં આવ્યો નથી. તેથી ધારૂંછું કે, છપાઈ હશે નહી, અને બીજી ગમ અસલ ફારસી ચાર ચમનને મુલ્લાં સિઆવક્ષે હોરમજદયારે છપાવા માંડી ખરીદદારો થકી લીષ્ટ ફેરવ્યામાં હુંએ દસ નકલ ભરી આપીતી તે કીતાબો મજને યઝદમાં મળી, તે સાથે મુલ્લાં "રૂશતમે દીનયાર"પર ૧૦૦ નકલ "મુલ્લા સીયા વક્ષે" વેચવા મોકલેલી હતી, તેબી હુંએજ બધી ખરીદી હતી અને ત્યાં તથા કેરમાન અને તેહરાનમાં ઇસલામી ઓલમાઓને જથાજોગ ભેટ આપવામાં આવ્યાને સબબે તેમાં દસાતીર

* આ ખાકસારીએ પણ "સારેસતાન"નો બેવાર તરજુમો કરી અત્રેના સાહેબોને વેચયાછે.

કીતાબ, અને આઇને આબાદીઆનનો હેવાલ હોવાથી જેઓએ અસલ "દસાતીર" જોઇ નહી હતી. તેમના માંગવાથી મજપાસે જે મુંબઇથી લાવેલો છાપી નકલો હતી તે આપતો આવ્યા ઊપરાંત લગભગ સો નકલ હાથે લખાવી આજવેર આપતો આવ્યોછું, અને લગભગ એક હજારથી વધારે વીદ્વાન મુસલમાનો આઈને આબાદયાન કબુલીને માન આપતા આવ્યાનું હું જાણુંછું.

૧૬. તેવું છતે એ "દસાતીર" કીતાબ આલમમાં એકજ કેમ રહી ગઇ અને બીજી કેથે નહી હોવાનું જાણુવામે આવેથી મજને શક હતો. વાસ્તે હુંએ શ્રી તેહરાનમાં આવી એસતેકામ (રેહઠાણ) કરયા પછે ઇરાન અને આસપાસના હરેક શેહરો ખાતે દોસ્ત આશનાઓને લખી તથા દરેક મુસાફરોને સફારસ કરી સોધ કરાવતે ખોરાસાન તરફ "કલાતે નાદરી"ના હાકમ "મેહબુદ્ખાન" નામનાને ત્યાં "આગા જવાદ" નામના આરફે એક પુરાની દસાતીર જોયાની મજને ખબર આપવેથી હુંએ સારી કીમતનો હદીઓ મોકલીને કીતાબ મંગાવેલી મજને સને ૧૮૭૧નાં સાલમાં મલી. તેમાં એક જગોએ દસાતીર શબ્દની વતી "વાસતાતીર" લખાયલું જોવામાં આવ્યું, અને તે નકલનાં દીબાચામાં સને ૩૫૯ હીજરીનો લખાયલો છે.

૧૭. તે પછે એક નામું ઇસલામીઆનોના "ઇમામ હોસન" માર્યો ગયો, તથા "માવીયાના" છોકરા "યઝીદ"ની ખલાફત વખતે મુબેદ માનવી "મેહદીન ફરૂગ" સકશાંની કે સાસાનીએ તે વખતનાં માઝંદરાન તરફનાં એક પારસી પાદશાહપર પેહલવી ભાષામાં લખેલું, અને પાછલથી તેનો તરજુમો માઝંદરાની જુબાનમાં થએલો જોજવ મજને મળી આવ્યો, તેમાં દસતીરને ઠેકાણે "વાસતાતીર" શબ્દ હોવાથી ઊપલી દસાતીર સાથે બેઊ હુંએ "આગા રજાકુલી ખાન" નામના વીદ્વાનને તપાસવા આપી અરજ કરી જે અસલ "દસાતીર" શબ્દ કે "વાસતાતીર"માંનો કીઓ સહીછે. તેના જવાબમાં એ સાહેબે જણાવ્યું હતું જે, "બેઊ સહી છે. કેમકે દસાતીરનો દાલ તે "દેહશ"નો મુખફફ છે. જેમ દેશની દાદાર હોરમઝદ તેપરથી આપનારનો ઇસારો જણાવેછે. અને "સા" તે "ઈયાસા"નો મુખફફ છે. જેમકે ઈયાસાએ આબાદીયાન અથવા ચંગીજખાન તેમ એટલે ધારા તથા સ્તંભોનો અર્થ થાયછે, અને તીર જેમ "તીરસોઆ" અને તીર એક ભાગ અથવા શાખાનેબી કેહવાય છે, ઇયાને નુર. તો

એપરથી એકંદર અર્થ "નુર ભરેલા ધારા આપનાર" પુસ્તક જાણવું. અને વોસતાતીર તેમાંનો વોસ્તા એલમે ઇલાહી (ઇશ્વર શકિતગ્નાન) અને તીર એટલે નુર, અથવા ભાગ તો એપરથી એકંદર અર્થ "ઇશ્વર શકિતગ્નાનનું નુર અથવા ઇશ્વર શકિતગ્નાનનો એક ભાગ આપનાર થાય છે. માટે એ બેઉ શબ્દ સહી અને એક બીજાને મળતા અર્થના છે."

હુંએ ફરી શવાલ કરયો જે દસ્તુર શબ્દ આરબી હોવાનું ઘણા જન કહી ગયા છે, ત્યારે ફારસી ભાષામાં એ કેમ આવ્યો? તેના જવાબમાં કહ્યું જે, "દુન્યાની રીત મુજબ જે જુબાનવાલાઓની સલતનત પૃથ્વીપર ફેલાય છે તે ભાષાના અકસર (ઘણા ખરા) શબ્દો દુર, નજદીકનાઓને વાપરવા ભાવે છે. અને તેનો માવેરો થઇ પડે છે, તેમ જ્યારે પારસીઓની પાદશાહી પુરજોરમાં હતી, તે વખતે ફારસી ભાષાના લોગતો અરબસ્થાન તથા તુરકસ્થાન અને બીજી જગોના રેહવાસીઓ વાપરતા આવેલાના દાખલા દલીલો ઘણા મળી આવે છે. જેમ કે–હાલ ઇરાનમાં ઇસલામી રાજ બર કરાર હોવા છતા રશીયન, ફ્રેંચ અને અંગ્રેજી જુબાનના અનેક શબ્દો ફારસીનીજ પબે વપરાતા આવે છે."

"પણ પારસીઓનું રાજ પડી ભાગી ઇરાનનુ મુલક આરબોને હાથ આવવેથી જે જે શબ્દો આરબોએ ફારસીમાંથી લેઇ સેજસાજ લાગ્યા અને એમલાના એર ફેરથી વાપરેલા હતા, અને કીતાબોમે દાખલ કીધેલા હતા, તેને હાલ જમાને અંજાણાઓ અસલ આરબી કરીનેજ સમજતા આવે છે. જેમકે ફારસીના માહ, રોજનું આરબીમાં સુવરબે કહે છે, અને તેજ પ્રમાણે અનેક શબ્દનું મૂળ સોધતે સહી થયા વગર રેહતું નથી. તે બાબે હુંએ (ઇયાને રઆકુલી ખાને) પોતાની "અંજુમન-આરાએ" નામની સુધ ફારસી ફરહંગમાં ઇશારા જણાવવાની નોંધ કરી રાખી છે, તેમ આરબી જુબાનનું અસલ ધર્મ પુસ્તક જે કુરાન છે તેમાં વટીક અનેક લોગતો અસલ ફારસીજ વપરાયલા હોવાનું સાબેત થયું છે."

૧૮. ઊપર જણાવ્યા મુજબની હુંએ ખોરાસાનથી મંગાવેલી "દસતીર" તથા સુબેદ "માદીન ફરૂગ"ના નામાવાળો જુજવ હુંએ કેટલુંકની વાતપર "ઇરાન દેશમાં બાકી બચેલા બેહદીનોની હાલત સુધારવા થકી મુંબઇમાં માઇયન કરેલી માનવંટ મંડલી"નાં આનરેરી શેકરેટાર "શેઠ

અરદેસરજી સોરાબજી દસ્તુર કામદીનજી "ના પર મોકલવેથી તેવણ પાસે મજને નામે અમાનત છે. વાસ્તે કામ પડેથી તમો તેમજ બીજા કોઈ સાહેબ જોવા માંગશે તો તેને દેખાડવાને એ સાહેબ મુજાયકો નહી રાખશે. તેવણે એક સમે મજને જણાવ્યું હતું જે "તમારી દસાતીરવાલાં દફતર જેવાંજ કદ અને કાગજ તથા અક્ષરનું એક પુશતક મી. હોરમસજી મહેરવાનજી મરચંટે મેળવેલું છે. ને તેઓનો એરાદો તેનો તરજુમો કરી બાહાર પાડવાનો છે." વાસ્તે તે કીતાબ પણ જોવેથી તમારી ખાતરી થાશે કે એ દસાતીર જુના જમાનાની સનદ છે.

૧૯. એક વખત હું એ પોતાના "મીરજા અબદુલકરીમ" નામનાને "ગીલાન"ખાતે કામે મોકલ્યો હતો. ત્યારે તેને ત્યાંના "અમીને દીવાન મહમદ અલીખાન"ને ત્યાં "જુંગે ખાતુનાબાદી" નામની ઘણી જુની અને મોહોટી કીતાબ જોઈ હતી, કે જેમાં એશરાકીન હોકમાંઓએ એલમે ઈલાહીના બાબમાં લખેલાં અનેક રેસાલાઓનો સંગ્રહ કરેલો હતો. તેમાં કેટલાએક પુરાતન પારસીઓની કલમથી લખાયલાઓની નકલો પણ હતી, અને એક રેસાલો "ખુદખાતુનાબાદી"એ લખેલામાં "દસાતીર"ના ફકરાઓ તાંકી લઈ તે ઇસલામી કુરાનમાં આવેલી આયાતો સાથે મુકાબલો કરી બતલાવેલો હતો, તેથી મીરજાં મજકુરે ઊતારો કરી લેઇને મજને લાવી આપ્યો હતો. તેપરથી હું એ જુંગે ખાતુનાબાદીની આખી કીતાબની નકલ મંગાવવાની પેરવી કીધી.

૨૦. અને મીરજાં અબદુલકરીમ લાવેલો જુજવ હું એ અત્રેની શાહી દારૂલફનુનનાં આરબી અને ફારસી માંલમ જનાબ કંદહારીને તપાસવા આપ્યાથી તે સાહેબે જણાવ્યું જે "હાલની "દસાતીર" જે સર્વેને જાણીતી છે તે શિવાય એક દસાતીરનું મોહોટું દફતર માજનદરાનનાં "બારફરૂશ" શેહરનાં મુશતેહદ "મુલ્લાં સફરઅલી" નામનાને ત્યાં આસરે ૪૦ વરસનો વાત પર જોયું હતું, કે તેનો તરજુમો રૂશતમે ઝાલિ કર્યો હતો, અને તેપરથી કદીમ માજનદરાની જુબાનમાં તરજુમો થએલોછે." તેણે જણાવ્યા પ્રમાણે તેમતન રૂશતમનું નામ દસાતીર સાથે હોવાનું જાણી મજને તાજુબી ઉપજવે તથા નહીં માનવેથી તે બાબેની તપસીલ પુછવે જનાબ કંદહારીએ કહ્યું કે," તે પોતે "મુલ્લાં સફરઅલી"ને ત્યાં થોડાક દીવસતલક પરોણાતરીકે હતો, તે

ટાંકણે મુલ્લાં સફરઅલી બીજા આખુંદોને "એલમે ફેક"નો દરસ આપતાં એક આખુંદે સવાલ કર્યો હતો, જે આગા ફીરદોસી તુસી જાતનો કોણ હતો તેનો જવાબ આપ્યો હતો કે તે "અશના અશરી"સીઆ મજહબ પાલતો તેથી ફરી આખુંદ બોલ્યો કે, તે મુસલમાન હતો તો તેને માજનદરાનીઓને દેવ તરીકે જણાવ્યાછે અને રૂશતમ જે કાફર હતો તેની તારીફ કેમ કરીછે? તે સખુનથી મુલ્લાં "સફરઅલી"ને ગુસ્સો ચઢી બોલ્યો કે, ઓ આખુંદ! જે વાત નહી જાણીએ તે બાબે વગર સમજનું બોલવું બેજા છે. તેમતન રૂશતમ ઓલીઆ અંબીઆના મરતબાવાળો હતો. અને માજંદરાનીઓ અમલમાં બીદીન હોવાથી તેનાને દેવતરીકે કેહવાનું સજાવાર હતું.

"જનાબ કંદહારીએ કહ્યું જે રૂશતમ મજકુરને ઓલીઆ અંબીઆ હોવાનું હુંએ "મુલ્લાં સફરઅલી"ને મોઢે સાભળો પુછયું કે, તમો સા આધારે એમ ફરમાવોછો? જવાબ દીધો કે, "ઈરાનમાં મેહઆબાદથી તે ઝરથોશત સુધી ૧૩ પેગમ્બરોપર આવેલી વહીના સહીફાઓનું એકંદર દફતર બનાવી તેપર શરેહ સાથેનો તરજુમો રૂશતમે કરેલો છે. તે કામ "એલમે એશરાક," અને મકાશફાત (મોજેજા)ની હાલત હોયા વગર કોઈ બીજાથી બનવા જોગ નથી." ફરી પુછયું કે તે કીતાબનું નામ શું છે! જવાબ દીધો કે, "તેને સહીફે આબાદીયાન અથવા સહીફે હઝરત ઈભરાહીમ કરીને કેહવામાં આવે છે. પણ અસલ તેનુ નામ દસાતીર છે."

"કેમ જે ઝરથોસ્તનું જાતી કે સરગુશી* નામ બ્રામ હતું. તેને આરબો એ ઇભરાહીમ બનાવવેથી હજરત ઈભરાહીમ જે બની ઈસરાઇલ કે આરબોનો પેગમ્બર હતો તે સાથે ભેરવી નાખ્યું છે. પણ હજરત રસુલે જે કુરાનમાં જણાવ્યું છે કે "સોફે ઈભરાઈમ" તે "સોફ" એજ "દસાતીર" છે, કેમજે તે હઝરતે એ કીતાબ જોઈ હતી અને જો બીજી કાંઇ હોય તો તે આજ વેર કેથે જોવા જાણવામાં આવ્યું નથી. હાલ એકે કુલ્લે ઈસલામીઆનોનો એતકાદ "સોફે ઇભરાહીમ" નામની કીતાબપર હોવા છતે અગરજો તે હતે તો તેને કોઈ ફાડી કે બાળી નાખવા નહી ચાહતે,

---

*ઉપર જે જાતી કે સરગુશી નામ થકી જોવામાં આવ્યું છે તેનો ખુલાસો શારેસ્તાને ચાર ચમનમાં ફરજાને બેહરામ એબને ફરહાદે કરેલો છે.

તથા તે "જબુર" તથા "તૌરાત" અને "અંજીલ"ની પણે આશકાર હતે, પણ તે "સોફે ઇબરાહીમ" જે કહેવાય છે તે પારસીઓના આખર નબી "ઇબરાહીમ ઝરથોસ્ત" હોવાથી જે "દસાતીર" થકી નામો આપવામાં આવેલું સાબેત થાએ છે.

અને "જનાબ કંદહારી" એ જણાવ્યું હતું જે, "ઊપલી હેકાયત "મુલ્લાં સફરઅલી"ને મોઢે સાંભળવે તે કીતાબ જોવાની મજને ઇચ્છા થાઈ તેથી મુલ્લાં મજકુરે મને આપી હતી. વાસ્તે હું પોતાની ધારણા કરતાં વધારે ત્યાં રહી વાંચી હતી, અને જે જે એબારત (બાબત)માં મજને સમજણ નહી પડતી તે થકી મુલ્લાં મજકુરને પુછી વાકેફ થાતો, અને મજનો એતેકાદ તે કીતાબપર પુરો બેસવાના દાવસથી ખુશ વખતમાં રહુંછું. આ જગતમાં અવતરવાનું કારણ શું? અને આકેબત શી રીતે થવાનું છે! તે વાતથી વાકેફીયત મેળવવામાં આવી." ઊપલી કીતાબ મેળવવા સારૂં હું (માણેકજી) એ મુકરર યત્ન કરતે હાથ આવી નહી, તોબી હજીર સુધી તેની તલાશમાં છેઊ.

૨૧. હાલ આસરે ૩ વરસની વાતપર મજના સાંભલવામે આવ્યું છે કે, હિંદુસ્તાન તરફ રાજા "શવાઇ બની શંકર"ને ત્યાના કીતાબ ખાનામાં એક "દસાતીર" હતી તેપરથી "અલીખાન એબને અજીમુદીન" નામનાએ "શાશાને પનજુમ"વાળા તરજુમાપર ખુલાસાવાર બીજી શરેહ હીજરી સને ૧૨૮૦માં છપાવેલી હતી, તેની શોધ કરતે. એરબદ બેરામે ખુદા બખશ મુબારકાઈ નામનાની પાસે યજદમાં હોવાની ખબર મલવેથી તે ભલા ગ્રહસ્થને લખી મગાવ્યા મુજબ મોકલેલી છે. તેમાં તે વીદ્વાને મોહોટી મેનતથી ખુલાસો કરવાનું જોઇ મજને આનંદ ઉપજે છે. તેમજ બાબીઓના બુજરોગ "મીરજા હશનઅલી"એ પોતાના મુરીદોને હદાયત કરવા થકી અસલ "દસાતીર"ના એક ફકરાપર શરેહ લખી હરેકને સમજાવી રેહનું માઈ કરવાનો, એક નાંધલો જુજ મજને મળ્યોછે, તે જોઇ વધારે ખાતરી થાય છે કે, એ શખશ પોતે પેગમ્બરી દાવો બતલાવાને કાંઇ લખે છે. તે પોતાના વીચાર અને ખુદાઈ ફરમાનને નામે હરેકને જણાવ્યા છતે તેણે "દસાતીર"ની મતલબને મંજુર રાખી પોતાના અભીપ્રાએ આશકાર કરયા છે.

૨૨. તેમજ ઇશિલામીઆનોમાં "શફ્વીઆ" ખાનવાદની શલતનત વખતે એક માહા વીદ્વાન આખુંદ "મુલ્લાં મહમદ બાકર મજલેશી" નામનો થઇ ગયોછે, તેણે "બાહાર ઊલઅનવાર" નામે (૨૪) દફતરનો ગ્રંથ રચેલામાંના એક દફતર મધ્યે તે જણાવે છે "કે તેનીપાસે એક ચામડાંના કાગજોની એક કીતાબ કેરમાનથી મેળવેલી મંજુશોના ધર્મ સંબંધી હતી. તેમાં હજરત રસુલના જઊરબાબે ખબર આપેલીછે" તે કીતાબ પણ દસાતીરજ હોવી જોઇએ. કેમજે આપણી પાક્ષના જંદઅવસ્તામાં તેવું કસું કેથે જોવામાં આવતું નથી અને એ બીના દસાતીર મધ્યે છે.*

૨૩. વળી "દોરજેદુરર" તથા "બોસ્તાનઊલશયર" અને "અધીકતુલશયર" તથા "રીઆંજતુલશયર" નામની કીતાબોમાં તેમજ બીજી અનેક કીતાબોમાં વઠીક તથા ઇસલામી ઓજમાં વગેરે "દસાતીર કીતાબ" અથવા "શોફેઆબાદીઆન"ના નામ મેહોટા માનથી વાપરી ગયાના શેંકડો દાખલા દલીલો મળી આવ્યા વગર રેહેતા નથી. તે બધું લખવાથી લંબાણ જાણી મુખ્તેસર કરવામાં આવેછે.

૨૪. અને વળી "દસાતીર" વીશે જે કોઇ એમ કહેવા ચાહે કે સાસાને અવલ ઇરાનથી હીંદુસ્તાન તરફ જઇને હીંદુ તથા ઇરાની ભાષાના ભેળશેળથી એ કીતાબ ઊપજાવેલી છે. તેથી એમ જણાએ છે કે તે સખુન વાપરનાર ઇતિહાસના એલમથી બીબેહરે હોવા જોઇએ, કેમજે શેનશાહ બમન એ બને અસ્પંદીયાર તખ્તનશીન થયાબાદ તેને ઘેર બેટાનું ફરજંદ અવતરીયું. તે બચપણથી રીઆજતકશીપર ધ્યાન વધારે રાખતે જ્યારે તેને વલીહધ ઠેરવા ચાઊ તેવાજ તે છુપી રીતે ગુમ થઇ ગયા પછે હોમા નામે છોકરી અવતરી હતી. તેણીને પશંગનામના એક શાહી ખાનદાનવાળા સાથે પરણાવ્યા પછે બમન ગુજરવાને શબબે તખ્ત મળ્યું હતું. તોબી ઉમરાઓને ઉમેદ હતી જે, પેલો ગુમ થયેલો છોકરો કેથેથી પાછો આવી મળશે. પણ પાછળથી ખબર મળી કે, તે સન્યાસી થઇ વનવાસ કરેછે. વાસ્તે સન્યાસીને ફારશીમાં સાસાન કરીને કહેવાતું તેમ તેની ઓલાદમાં સેંકડો વરશને ફાસલે જે કોઇ સન્યાસી બનતો. તેને સાસાને દુવંમ-શેવંમ-ચારંમ-અને પનજમ સાસાનના લકબવાળો થાતો. તેથી કોઇ અણજાણયાંઓ

* જુવો પેહલા સાસાનના નામામાં.

એમ સમજતા હશે જે એક બીજાથી ઉતરતી પેહડીના એ બીનફાસલેના દીકરાઓ હશે.

વાસ્તે જાણવું કે બમન પછે હોમા અને તે પછે દારાબ અને તે પછે દારા પેહેલો અને તે પછે દારા બીજા તુલકે કયાની વંશમાં રાજ હતું, ત્યાર બાદ દસ્તુરોએ એક પછે એક જરદેસ્તર નામે આસરે ૩૦૦ વરસ રાજ ભોગવ્યા બાદ નીમરૂદીઆનોએ લગભગ ૭૦૦ વરસ હકુમત ચલાવ્યા બાદ મેદીઆન અને અબીમનેશાનોએ મળી લગભગ ૫૦૦ વરસ રાજ કરયાં પછે યુનાનીઆન અને અસકાનીઆનોએબી તેટલીજ મુદત તુલક રાજય કરવા પછે સાસાની ખાનદાનનું રાજ સ્થપાયું. તેઓએ પણ એટલીજ મુદત સુધી શલતનત કરયાની આખરીએ શાશાંને પનજુમ હતો ત્યારે સાસાને અવલથીતે પંજુમ સુધી લગભગ ૨૭૦૦ વરસનો ફાસલો પડયાં પછે જો શાશાંને અવલે ફારશી અને હિંદી બેઉ ભાષાના ભેળશેળથી દસાતીર કીતાબ જોડી કાઢી હતે તો તેની શમજણ કોઇનેબી પડી નહી શકતે ત્યારે શાશાન પનજુમ કેમ કરીને સમજતે?

૨૫. પણ એ સકુન બોલનારાઓ કદીમ મેઆબાદ શબ્દને માઆબાદ કરી સમજતા હોવાથી. સંસ્કૃતનો મા અને ફારશીનો આબાદ જાણી એમ કલ્પના કરતા હોય તો તેમની ભુલ છે.* તેમાં ઈરાનમાં મેઆબાદ અને મેએઇઆર નામના પુરાણા શેરોની અલામત અજીર બાકી રહ્યાથી તે જગ્યા એજ નામે ઓળખાતી આવેછે, તેના થકી તેઓ શું કહી શકશે ! વાસ્તે તેઓએ આપના અવસ્તામાં જોયું હશે કે કેટલાએક શબ્દો શેજ લાચા (ઊચ્ચાર)ના ફેરથી સંસ્કૃતને મળતા હોય છે. તો તેથી એમ કશુ કેહવાઈ નહી શકે જે સંસ્કૃતપરથી અવસ્તા અથવા અવસ્તાપરથી સંસ્કૃત ભાષા ભેળશેળ બનાવટની છે. અને વળી "કંપારેટીવ ફીલાલોજી"ને નામે જેનાઓ ઓઠું બતલાવીને એક ભાષાના શબ્દને બીજી ભાષાના શબ્દ સારૂં કેવા નીકળે છે કે, એ બેઉ શબ્દ એકજ છે. તેથી તેના અર્થ પણ એકજ હોવા જોઇએ, તેમા પણ ભુલ વપરાતી જાય છે; તેબાબે દાખલા સારૂં "તુરકી ભાષામાં ખુદાએનું નામ તાડી છે, અને આપણી તરફમાં માહાર તાડ અને ખજુરીના રશને તાડી કરીને કહેવામાં આવે છે તો શું આપણે એ બેઉ તરફના શબ્દનો એકજ અર્થ કરવા ચાહીએ તો અણઘટતું

નહી ગણાશે? તેમજ કેઆનીનો અર્થ દાબાઈનું જુર કરીને ફારશીમાં થાયછે તેને હીંદુઓના કવીતરીકેનો અર્થ કરનારાઓ પણ ગોથાં ખાય છે વાસ્તે જેને જેમ ગમે તેમ કહે કે લખે તેપર ધ્યાન નહીં આપતે ડાહ્યા માણસોએ જે કાંઇ ખરૂં હોય તે અજવાળામાં લાવવાને ચુકવું ઘટે નહીં.

૨૬. વળી જેનાઓ આ દુનીઆપરની વસ્તી થકી તોરાત અને અનજીલ મુજબ લગભગ ૬ હજાર વરસની ગણેછે, તો તેઓના અંગ્રેજી વીદ્યાના અભ્યાશની બરકત શીવાઇ બીજું કશું નથી. તે દશાતીર મુજબ હજારો કે લાખો વરસનો હીશાબ તેમના ધ્યાનમાં ઉતરી નહીં શકે, તેથી માનવા જોગ છે. પણ તેવા સાહેબોએ ગ્નાની હીંદુઓના ગ્રંથથી માહીતગારી મેળવતે જણાશે કે, "શીરીનગર" જે "કેશમીર"ને નામે પ્રખ્યાત છે. તે વસાવ્યાને ૪૦ હજાર વરસથી વધારે જમાનો જણાય છે, અને ચીનનું રાજ થયાની તવારીખ ૪૫ હજાર વરશની આગમજની મળી આવ્યા વગર રેહેતું નથી. અને ખુદ તોરાત કે અનજીલને માનનાર કોમના યુરોપઆનોએ સુધરેલી વીદ્યાથી સાબેત કરી ચુકયા કે બે લાખ વરશ આગમજ પણ આ પૃથ્વીપર મનુષ્ય જાતની વસ્તી હતી. ત્યારે એ વીગતે તેની ગણતરીની શનંદ તેનાઓને દશાતીર કોતાબ શીવાય બીજી કયાંથી મળી શકશે.

૨૭. તેમજ "બુનદેશ"માં આવ્યા મુજબ "મશીઓ મશીઆન"નું જોડું જાહેર પડ્યાથી, તાજ અને બાજ નામના ભાઇઓ હતા. તેનો હેવાલ અવસ્તામાં કેથે જોવામાં આવતો નથી, પણ દસાતીરથી મળી આવે છે. તથા એ દસાતીરમાં આવેલા જરથોસ્તના નામા મુજબ હિંદુસ્તાની ચંગરંઘાચ (શંકરાચાર્ય) અને બેઆસ તે. (વ્યાસદેવજી) નામના પંડીતોએ સત શપેનતમાન "જરથોસ્ત" સાથે સવાલ જવાબ કરયાનો હેવાલ અવસ્તામાં કેથે નથી. પણ દસાતીરથી તે વાતની સાબેતી મળી શકેછે. અને શાશાને અવલનાં નામામાં જે એલમેએલાઈ વીશે હજરત હુસંગે પોતાની જાવેદાને ખેરદમાં એક હજાર દલીલો જણાવેલી છે, તે કીતાબ વીશેતો મામુલઉરશીદ ખલીફાના અઇઆમમાં આસકાર બન્યાનું બ્યાન સઉ કોઈ જાણેછે.

૨૮. અને આરેફેહકીકી "આગા ફતુલાખાન" શેખાની ખુલ્લી રીતે જાહેર કરેછે કે, "એલમેએલાઇનો પાયો દસાતીર કીતાબથી થયોછે "કે તેજપરથી ઈસલામી હોકમાવો જેવીકે "શેખ સાબુદીન મકતુલ" અને

“મુલ્લાં સદરી,” અને “મુલ્લાં મોસનેફેજ” તથા “મોહીઉદીન એરાબી” “વગેરે એશરાકીઆનોએ કીતાબો રચીછે, તેમાં ખુલ્લું કહેવાની બીજા “ઇસલામીઆનોની બીહીક છતે જગો જગોએ તેઓએ જણાવેલું છે કે “ઓકમાએ ખશરૂવાન અથવા ઓકમાએ પેલવ્યાન કહી ગયાછે તેમ “ફુલાની દલીલ શહી છે.” અને તે સર્વે અસલ મોહોટી દસાતીર અથવા બાસાતીર પરથી હરએકે અરબીમાં લેતે શાખો બરગ વધારવામાં આવ્યું હતું. તે દસાતીરની અસલી ભાષા કદીમ જમાનાની દરી હોવાથી અને તેમાની મતલબ ખુદાઇ ભેદ આસકારમાં લાવવાને શબબે તેને આસમાંની જુબાન કહેવું સજાવાર હતું, તેમ કહેવામાં આવ્યુંછે. તેજપરથી આરબી કુરાનયકી મવલાના રૂમી પોતાની મસનવીમાં જણાવી જાએછેકે,—

ગરચે કુરાન અજલબે પેગમ્બર અસ્ત.
હરકે ગુયદ હક નગોફ્ત ઉ કાફર અસ્ત.

૨૯. “હજાર પુરસેશ વ પાસોખ નામની કીતાબમાં આવેલું છે કે, મરનારનું રવાન દુખમામે ગટે પાડનાર નસેશાલાર ૫૦) વરસની ઉમર કે તેથી વધારે ઉમર વાલો હોવો જોઇએ. તેનું ઉલટું વંદીદાદ જે હાલ આપણ પાસે મોજુદ છે, તેનો તરજુમો કરનાર વીદ્વાન જણાવેછેકે નસેશાલાર ૫૦) વરસનો થએથી તેહેને કતલ કરવો. એપરથી સાબેત થાએચકે વંદીદાદમાં કેટલાએક ફકરા એરફેર થયા છે. તેમજ તરજુમો કરનાર દાનેશ્વર પણ પોતાની નોટમાં જણાવી જાએચ. તેમજ વળી તેમાં કેટલા-એક ફકરા બનાવટી ગુસાવી દીધેલા જણાયછે, તેથી તેમાં “જમશીદ” ને જુઠું બોલવા અને તેનું કેઆનીનુર (દાનાઇનું નુર) પરનંદાની પખે પાંખ ફફડાવી ઉડી જવા વીશે, ખરેખર કોઇએ ગુસાડી દીધેલું જણાયા વગર રહેતું નથી. કેમજે દસાતીરમાં શત “જમશીદ” વીસે તેવું કસું નથી. તેમજ “ફરાજસતાંન” અને બીજીબી કીતાબોમાં તે બુજરેગવારની ઘટતી વખાણ આવેલી છે. તે વીશેનો હેવાલ હુએ “આગા ફતુલ્લાખાન સેબાની”ને કહી તેનું મત પુછયું હતું.

તેના જવાબમાં એ બુજરેગવારે સમજાવ્યું કે. “હમારા ઇમામ “હજરતઅલી એબને અબુતાલબ” વીસે માવીઆએ શેહરેશેહર હુકમ મોક-લીને મસજેદ મમબર તથા મીનારઓપર બાંગ દેવડાવીને હજરતને બદ

બોલવાનું આસકાર કરયું હતું. તેમ અવામોબી દરદફે નીમાજ કરતી વખતે, તે બુઝેર્ગવારને બદ બોલવામાં સવાબ સરખું સમજતા હતા. પણ પાછળથી શીઆ મુસલમાનોએ કૌવત પકડવાથી ઇરાનમાં તેમ કરવાનું મોકુફ થયું અને "સફવીઆ" ખાનવાદની સલતનતની સરૂઆતથી "ઉમર" તથા "અબુબકર" "ઉસમાન" અને "માવીઆ" તથા "એજીદ"ના હકમા બુરૂં બોલવાનો રવૈયો જારી થઓ તેમ આજવેર અવાંમો કરતાં આવ્યામાં સવાબ સરખું સમજે છે."

"તેમજ "જુઆકે" ઇરાન ફતેહ કરતી વખતથી ધાર્યું હતું કે, ઇરાનીઓનો એતેકાદ "જમશીદ"પર પુરો પાકો હોવાથી કદાચ તેના ઉપર બળવો ઉઠાવી બહાર કાઢી મુકે, વાસ્તે તેણે પોતાના માણસોને ફુરવી "જમશીદ" ઉપર તોહમત મુકાવ્યું હતું. ને તે સખુન હરેક અવામોએબી કબુલ રાખતે લાંબીમુદતનો માવેરો થઇ પડવાથી અવસ્તાનાં કલામમાં એવા ફકરાઓ દાખલ કરેલા હોય. તેજ પ્રમાણે "જમશીદને" દરખતના પેટામાં રાખીને વેરવામાં આવ્યાનો હેવાલ પણ જોડી કાઢેલોહતો, તેને ફીરદોશીએબી બાવર કરી શાહાનામામાં લીધેલું દીશે છે. પણ તેનું ઉલટું "ફરાજેસ્તાન"માં જણાવેછે કે "જમશીદ" ઉગમણુ તરફના એવા મુલકે નીકળી જઇ ગોફેનશીન થઓ હતો કે તેનો પત્તો કોઇને હાથ આવ્યો નહીં."

૩૦ આગાએ "નશીરૂદોલા" (કે જે પાછળથી આશફુદોલા અને ફરમા ફરમાએ ખુરાસાન થયો તે)ને ત્યાં નીત સાંજે કેટલાએક હોકમાએ એલાહીની મંડળી મળી હરેક બાબતસર જવાબ સવાલ કરવાનો ચાલ હતો, ત્યાં કોઇ કોઇવાર હું પણ આવજાવ કરતો તેથી એકવાર નશીરૂદોલાએ સવાલ કીધો હતો કે, તમો લોકના ઝંદ અવસ્તાના ૨૧ નુસકમાંના ૧૪ નુસક કેરમાનમાં હોવા બાબે દબેસ્તાનઉલ મઝાહેબમાં આવેલું છે, તો તે બાકીના બીજા ૭ નુસક હીંદુસ્થાનમાં છે ? હુંએ અરજ કરી જે દબેસ્તાનવાળાએ પોતાના વખતમાં તે જોયા હશે, પણ હાલે ઇરાન કે હિંદુસ્થાનમાં એકજ નુસક બાકી બચેલો અને બીજા પણ નુસકોના છુટા છવાઆ ફકરા શીવાએ બાકીનું કસું મળી આવતું નથી.

તેપરથી આગા મીરજા શઇએદ "અબુલ હસન જલવા" નામે જે એલમે એલાહીમાં ઉસ્તાદ તરીકે "દારૂલસફા" નામની મદરેશાનો માલમ છે. તેણે કહ્યું કે, "એમના જંદ અવસ્તા આપની અંગ્રીસોની પખી આમ-

લોકને શરીઅત સમજાવવાનો કીતાબ છે. પણ અસલી એલમે એલાહીના થડ મુલ તરીકે "દસાતીર" ગણાતી કે, જે મામુન રશીદની ખલાફતના જમાના સુધી તે મોટી મોતબર કીતાબ મશહુર હતી, અને હાલ જે દસાતીર જોવામાં આવે છે તે તો અસલી દસાતીરના સેજસાજ ભાગપર સાસાન પંજુમે શરેહ લખી નવા શીખનારાઓ કીજે જાહેર કરેલી હતી તે રહી છે."

તેથી હુંએ સવાલ કરયો હતો જે, એ દસાતીરમાં પૃથ્વીપરની વસ્તીના વરસ લાખો લાખ થઇ ગયાનો હેવાલ છે. ને તોરાત અનજીલ કુરકાનમાં કાંઇ તેમ નથી, તે બાબે તમો સાહેબની નજરમાં શું આવે છે? તેનો જવાબ દીધો હતો જે, "હજરત અમીરઉલમોમનીને" બી એમજ અંત વગરના વરસોથકી ફરમાવેલું છે. તે એમકે તે હજરતને કોઇએ સવાલ કરયો હતો જે કુરાનમાં કહેલા આદમની આગમજ શું હતું? જવાબ દીધો કે તે આગમજ પણ બીજો આદમ હતો. તેથી તેણે ફરી પુછ્યું કે તેનીબી આગમજ શું હતું ફરમાવ્યું કે આદમ હતો તેથી તેણે ત્રીજીવાર પણ એજ સવાલ કીધો, ત્યારે હજરતે ફરમાવ્યું કે તું જો દમેદમ ૭૦ વરસ તુલકે સવાલ કરશે તો તેના જવાબમાં હું એમજ કેહવશ કે તેથી આગમજ પણ આદમ હતો. વાસ્તે દસાતીરમાં જે વરશોનો લાંબો જમાનો હોવાનો હેવાલ છે. તેથી કોઇએ તાજુબ થવું નહીં ઘટે."

૩૧. આ ઉપરથી અવસ્તામાં જણાવેલા વાકય જરવાને અકરને નો અર્થ "દસાતીર"માં જણાવેલા વરસો સહી કરી આપે છે. તે વાતને હરેક દાનેસમંદ કબુલ્યા વગર નહીં રહેશે કે, અવસ્તા અને દસાતીર એ બેઉ મત એકજ દરખતની બે શાખાની મીસાલે ઉગી નીકળેલીઓ છે વાસ્તે "દસાતીર"ને કબુલ રાખનારાઓએ અવસ્તાને કબુલ રાખ્યા બરોબર જાણવું.

૩૨. આ ઉપર જણાવ્યા મુજબે દસાતીર કીતાબની અસલીઅતથકી હુંએ લાગટ ૧૦ વરસ સુધી જોસતેજો કરતા આવ્યા સાથે હિંદુ અને મુસલમાન જેવા ગેર મજહબના દાનેસવરોબી એ કિતાબને ખરેખરૂં ખોદાઇ પુસ્તક ગણતા આવી તેમાં જણાવેલા કામોપર અમલ કરવાને પોતાની સરફરાજી સમજ્યાનું જોયું છે, તેમ પારસી કોમનાઓને પણ હરખ ઉપજવો જોઇએ, એવું છતે જો એ પુસ્તકથકી વાંધો લેવા ચાહે તો તે સખસ પોતે પોતાથીજ ઠગાય છે.

કેમ જે એ પુસ્તકમાં આવેલી મતલબ ખરેખર ખાસ ખુદાએ

ખાલીકની મરજી મુજબનાજ કામોની છે તે વાતનેતો દોસ્ત કે દુસ્મન વટીક કબુલ્યા વગર નહીં રહેશે. કેમ જે એમાં ખુલ્લી રીતે સમજ પડે તેવા આ સંસારમાં અવતરેલાઓએ સમાર્ગે ચાલ્યા કરવાનો માર્ગ મોકલો કરવાનો બોધ શીવાય બીજું કશું આવેલું નથી. એટલા કીજે એ કીતાબને આસમાની ફરમાન હોવાનું કેવું સજાવાર છે.

૩૩. વાસ્તે હાલમાંબીજે અસલની પખે એ કીતાબ વીશે કોઈ વાંધો લેવા ચાહે તો જેમ "આકૃતી દુપેરાન" નામના ફ્રેંચ વીદ્વાને હીંદુસ્તાનમાં અવસ્તા શીખી ફ્રેંચ દેશમાં છુપાવી બહાર પાડતી વખતે કેટલાએક તાસુબદાર હશદખોર યુરોપીઅનોએ તેના ઉપર તોહમતનું વાદલ વરસાવીને વરસોતુલક ચરચા ચલાવી અવસ્તા ભાષાને બનાવટી કહી હતી. પણ પાછળથી તેજ તરફના વીદ્વાનોએ અવસ્તાનું અસલપણું સાબેત કરી, તેના અર્થો તથા વ્યાકરણ અને ફરંગવટીક બનાવી આસકાર કરતાં આવ્યાછે કે તેથી અવલ મુકી જનારાઓના હાડકાં વટીક તેનાની ગોરમાં ધ્રુજતાં હશે, તેઓ હાલ જુઠી આડ લેનારાઓનોબી થયાવગર નહી રહેશે.

૩૪. અને જે માસ માછલાં ખાનારા લોભીઓને પોતાને મોઢે લાગેલા સ્વાદને સબબે તે ખાવાથકી બીજાઓનેબી ભમાવવાના મત આપેછે તેનાઓએબી આ એકજ ધડો લેવો બસછે કે સખત શરદીના દેશમાં રહેનારા વીદ્વાન યુરોપીઅનો કે જેનાઓના બાપદાદા સેંકડો વરસથી ખાતા આવેલા તથા તેમના ધર્મ પુસ્તકમાં કેડે મનાઈ જણાવેલી નહી હોવાછતે દાનાઈની રીતીથી માસ માછલું ખાવાનું છોડી દઈને તે ખાધાથી જેમ મનુષી ધર્મની વીરૂદ્ધ તેમજ જીંદગાનીને નુકસાન પોચવાનું બ્યાન એલમેતબીઈથી શાબેત કરી આપવાના વારેવાર ચોપાનીઆ છપાવી બાહાર પાડતા આવેછે. અને વર્તમાનપત્રોમાં છપાવી ખલકને બોધ બતલાવેછે તેમ છેલે ગએ વરસનું લંડન ટાઇમસ જેવાં વખણાએલા પત્રમાં એક લંબાણ વિષય જાહેર કરયો હતો તેપર પોતાનું ધ્યાન પોચાડી ભુલ સુધારે.

આ પત્ર લંબાણુ થઇ જવાથી બીજી બીના હવે પછે લખવા રાખીને સુખતેસર કરવામાં આવ્યું છે.

લા૰ તમારૂં સદા સારૂં ચાહનાર

મજલુમ મુસાફર

માણેકજી લીમજી હુશંગ હાટરીઆ.

કયસરેહીંદમાં આવેલાં ચરચાપત્ર.

તા૦ ૨૦ મી ફેબરવારી ૧૮૮૭.

પુસ્તક ૬ ઠાનો અંક ૨૬૯.

શું દસાતીર કીતાબ ધર્મપુસ્તક ગણાય?

કયસરે હીંદના અધીપતી જોગ—

સાહેબ,–તમારા પત્રમાં અન ફળ શાકની તરફેણ કરનાર "ભાજીખાઉ" ઓ પોતાના મતને સાચવવાને દસાતીર કીતાબ જાણે ધર્મપુસ્તક હોય, તેમ પોતાની ઢાલ કરેછે, તે વીશે ઘટતો ખુલાસો કરવાની રજા લઊંછું.

દસાતીર કીતાબમાં જે ભાષા વપરાયલીછે, તે અસલી એરીયન ભાષાઓમાંની કોઇનેબી મળતી આવતી નથી. એમ ધારીને તે ભાષાને "આસમાની જબાન" કહેવામાં આવેછે. આસમાની જુબાન એટલે શું? શું તે જબાન ફરેશ્તાઓની છે? અથવા આસમાન ઉપર આ દુન્યાના જેવા કોઈ માણસો વસેછે? શું એ ભાષા ખોદાની છે? એનો ખુલાસો થઈ શકતો નથી, જ્યારે એ કીતાબમાં ઈતીહાસીક વર્ણન ઉપર આપણ જઇએ છઇએ ત્યારે "આસમાની જબાન"નો ભેદ ખુલ્લો થાય છે. એવું કેહવાયલું છે કે, "સાસાને અવલ" (પહેલો સાસાન) નામે ઇરાની શાહજાદાએ ચોકસ કારણને લીધે ઈરાન છોડી હીંદુસ્તાનમાં કાશમીર અને પંજાબનાં મુલકોમાં વાંસો કીધો હતો અને તે તરફની ભાષા, રેવાજ અને રીતભાત પોતે અખત્યાર કીધી હતી. એ પહેલા સાસાને ઇરાની અને હીંદુસ્તાની ભાષાનું મિશ્ર કરીને "દસાતીર" કીતાબ લખીછે, અને તેનો ફારસી તરજુમો પાછલથી પાંચમાં સાસાને કીધેલોછે. આએ ટુંક ખુલાસા ઉપરથી તમારા વાંચનારાઓ પોતાની સાદી સમજ શકતી વાપરશે તો, માલમ પડશે કે જો એ "આસમાની જુબાન" હતે તો તેનો તરજુમો પાંચમાં સાસાનથી થઈ શકતે નહી પણ કોઈ ફરેશ્તો અથવા કોઇ પેગમ્બર તેનો ખુલાસો કરવાને બાહેર આવતે. આએતો સિદ્ધ થયુંછે કે, સાસાની

વંશ આજથી પંદરશે વરસ ઉપર થઇ ગયોછે અને અવસ્તાના ધર્મપુસ્તકો તેનાથી નજદીક બે હજારથી વધારે વરસ આગમજ લખાયાં હતાં. એઉપરથી સાબેત થાએછે કે "દસાતીર" સાસાન પહેલાએ લખી એમ કબુલરાખીએ તો તેનો જમાનો બારથી પંદરસો વરસની વચ્ચેનો થઇ શકે; હવે દસાતીરનાં અંગ્રેજી દીબાચા ઉપરથી શું સાર નીકળેછે તે તપાસીએ.

પહેલું—"કાશમીર"ના રેહવાસી "મોહસનફાની" નામે મુસલમાન ગ્રંથકાર લખેછે કે, "જ્યારે કેટલાએક ઇરાની પારસીઓ મુસલમાન ફતેહ કરનારાઓનાં જુલમથી હીંદુસ્તાન નાહસી આવ્યા હતા ત્યારે કેટલીએક કીતાબો તેઓએ લખી હતી" અને તેઓથીજ "મહાબાદીયન" ટોળાં વીશેની ખબર તેણે મેળવી હતી. આપણને રોશન છે કે મહાબાદયન ટોળાં વીશે "દસાતીર" અને "દબેસતાન" કીતાબો સીવાય તવારીખનવેશોનાં પુસ્તકોમાં તેમજ અવસ્તાના ઇતીહાસમાં લખેલું મળતું નથી. બીજું– "મોહસનફાની" જણાવેછે કે, ઘણાજ ખબરદાર ઇરાની પારસીઓ જેઓ "જરથોશ્ત"ના ધર્મથી જુદો" હોશંગનો ધર્મ માનનારા હતા તેઓના મત પ્રમાણે ઇરાનનો અને આખી દુન્યાનો પહેલો પાદશાહ "મહાબાદ" હતો. એ નામને માટે "મહોસનફાની" કહેછે કે, એ સંસ્કૃત શબ્દ છે. ત્રીજું– "દસાતીર" કીતાબના નામ વીશે મહોસનફાની જણાવેછે કે એ નામ મુસલમાનોએ આપેલું છે. ચોથું દસાતીરમાં જણાવેલા ચઊદ "મહાબદો"નાં હીંદુઓનાં ચઊદ "મનુ"ઓસાથ સરખાવેલાં છે, અને જે કામ "મહાબદાઓ" કીધું તે ચઊદ "મનુ"ઓએ પણ કીધેલું જણાવેછે. પાંચમું—ચઊદ "મનુ"એ બનાવેલા પુસ્તકની ભાષાનેબી "દસાતીર"ની માફક "આસમાની" કહેલીછે. છઠું–મહાબદીયન સૂર્ય અને તારાઓની પુજા કરતા તેમજ હીંદુઓબી સૂર્ય ઇત્યાદોને માનતા. કીતાબનાં દીબાચામાંથી જણાવેલી આએ સાબેતીઓ ઉપરથી કોઇબી દાનાવં માણસ દસાતીરને કેટલું વજન આપવું તેનો કયાસ કરશે.

માંસહારી.

મુંબઇ, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૮૭.

તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૭.

દસાતીરના ખરાપણાની સાબેતી.

કયસરે હિન્દના અધીપતી જોગ—

સાહેબ,—જત તમો નામવરના ઉત્તમ અખબાર પત્રના ગયાં અંકમાં "માંસહારી" નામે સહી કરનાર સાહેબ, જેમ એક ડુબતો ફીનને પકડવા જાય છે તેમ જ્યારે ખરી તકરારોમાં આજેજ થયા છે, ત્યારે હજારો વરસથી ઊતરતી આવેલી ભાષા અને તેમાં રચાયલી ચોપડીને પોતાના અંજાણપણાને લીધે જે ખોટી પાડવા નીકળ્યા છે તેના જવાબથી તે સાહેબની ખાતરી કરવા સારૂ આસા રાખુંછું કે તમો સાહેબ પોતાના નામીચા પત્રમાં નીચલી બીનાને જગ્યા આપશો.

એ દસાતીરનો ખરો શબ્દ "દેહઆસાતીર" કરીને છે. દેહ–દેહનદેનો ટુક શબ્દ એટલે આપનાર, આસા–એટલે જેહવું અને તીર રોશનીને કહે છે. એ ફારસી શબ્દનો એકંદર અર્થ રોશની આપનાર થાય છે, એટલે ખોદાઇ હકીકત કે જે નુર જેહવી છે તે દેખાડી આપનાર. એને આસમાની કીતાબ તથા આસમાની ભાષા એટલાજપરથી કેહવામાં આવે છે કે, જે કાંઇ પેગમ્બરોના સ્વચ્છ દીલોપર ખોદાઇ હકીકતની આગાહીઓ ચમકી છે, તે સઘળી આકાશી નુરી આલમમાંથી ઊતરી છે, તો એપરથી કાંઇ એમ નથી ઠરતું કે આકાશપર બોલાતી ભાષા આ જમીનપર ઊતરી હોય. એ ભાષા મેહઆબાદી ટોળીવાલાંઓથી ઊત્પન્ન થઇછે ને કંઇ "સાસાને અવલ" અથવા "સાસાને પંજુમે" ઊત્પન્ન કીધી નથી, જેની પુરતી સાહેદીની લંબાન બીના "ફરૂગે હુશંગ" નામની ફારસી ચોપડીને પાને ૮૬થી વાંચી જોવે માલમ પડશે. એ મેહઆબાદી ભાષા પીશદાદયાન કેયાનવાન અને અશકાનયાનનાં જમાનામાં સારી હાલતે બોલવા તથા લખવામાં વપરાતી હતી, પણ પાછળથી સાસાનીઓના જમાનામાં ઘણીજ મરવા તોલ થઇ હતી, અને ત્યારબાદ એવી તો નાશ થઇ છે કે, "માંસહારી" જેહવા સાહેબ જેમ આગળ કેટલાએક અંગ્રેજો એવું કેહવા મંડયા હતા કે "આઝર કેવાન"ના ચેલાઓ અથવા મરહુમ "મુલ્લાં ફીરૂજજી"એ એ ભાષા ઊત્પન્ન કીધી છે. તેમ એ સાહેબ ફરમાવે છે કે "પેહલા સાસાને ઇરાની અને હિંદુસ્તાનની ભાષાઓને મિશ્ર કરી "દસાતીર" કીતાબ લખીછે.

એ ભાષાની ચોપડી મધેની એક નીતી સંબંધી ચોપડીનો તરજુમો કેઆની ટોળીનાં શહેનશાહ કેખશરૂએ પેહલવી ભાષામાં કરાવ્યો હતો, કે તે પહેલવી ભાષાપરથી છેક નોશીરવાનના જમાનામાં કોઈ વિદ્વાને ખાલેસ ફારસી ભાષામાં તરજુમો કીધો હતો, તે ચોપડીના કેટલાંએક પાના શેઠ માણેકજી લીમજી હાટરયાએ મેળવેલાં મોજુદ છે. જેમાંની અસલ ભાષા એ "દસાતીર" ની મેહઆબાદી ભાષાને મળતી છે, પણ તેમાંનો એકબી ફકરો હાલની "દસાતીર" માં તદ્દન નથી.

લા॰ પાલનજી જીવનજી હાટરયા.

તા૰ ૬ ઠી માર્ચ ૧૮૮૭.

શું 'દસાતીર' કીતાબ ધર્મ પુસ્તક ગણાય?

કયસરે હિંદના અધિપતિ જોગ—

સાહેબ,—"માંસહારી" નામ ધારણ કરનાર એક અભ્યાશી મોબેદે આ નવી તકરારનો જનમ આપ્યોછે, તેનો જવાબ જો બરોબર નહિ આપવામાં આવે તો તમારા વાંચનારાઓમાં આ કેતાબ માટે મજબુત શક ઊત્પન્ન થાય એમ હોવાથી તે વિષે હું થોડા વિચાર જણાવવાની રજા લઊંછું.

૧ લું.—"દસાતીર" ની ભાષા આસમાની છે તેથી માણસે સમજી શકવું જોઈએ નહીં એમ હોય તો કેતાબ કોણને માટે બનાવી હોય? વેદ ઈશ્વરી શબ્દો અને વેદ ભાષા ઈશ્વરી છે એવું કહેવાયછે, પણ તે સમજનાર નહી હતે તો લખવાનો હેતુ કાંઈ હતો નહિ. જંદ ભાષાને સાધારણ રીતે ઈશ્વરી ભાષા કહેછે. એવા વિષેશણનો અર્થ એ છે કે ઈશ્વરની ફીલસુફીનો ભરમ જે ભાષામાં લખાય તે ઈશ્વરી ભાષા છે. ફીલસુફી એમ કહેછે કે, સૃષ્ટિને રૂપ આપતાં પહેલાં તેનો વિચાર ઈશ્વર શકિતમાં ગોઠવાયછે, અને તે વિચાર શબ્દરૂપમાં પ્રગટ કર્યો હોય તો તે અલબતાં ઈશ્વરનાંજ શબ્દો અથવા ઈશ્વરનીજ વાણી કહેવાય. ઘણા ઊંડા ફીલસુફી વિચાર દરસાવી શકે એવી ભાષા એક માણસ બનાવી શકે એમ ધારવું અકલની બાહેર છે.

૨ જું.—અવસ્તાનાં ધર્મપુસ્તકો બેહજારથી વધારે વરસ ઉપર લખાયાં હતાં; પણ સાસાની વંશ આસરે પંદરસો વરસ ઉપર થઈ ગયું છે એથી કંઈ

વાંધો નડતો નથી. સાસાની વંશ પંદરસો વરસ ઉપર થવાથી એમ ઠરતું નથી કે તેઓની કીતાબો અથવા ધર્મ સંબંધી હકીકતો આગલા જમાનાથી ચાલુ આવી નહીં હોય. પણ ગાથા સીવાય અવસ્તાનાં બીજા ભાગો જેહવા કે યજશને, વંદીદાદ, ખોરદે અવસ્તા એ ઘણા પાછલથી લખાયલા છે. વળી પેહલવી અને પાજંદ કીતાબો ઘણાજ પાછલા જમાનાની છે, તો એ સઘલી કેતાબોને પાછલની હોવાના સબબથી રદ બાતલ ગણવી જોઇએ કે કેમ?

૩ જું—ગાથામાં યજશને, વીસપરદ, વંદીદાદ અને ખોરદે અવસતાની હયાતી માટે કસુ માલમ પડતું નથી, તેમ બુનદેહેશ જેહવી કીતાબની હયાતી માટે પણ કાંઈ નથી, ગાથા ઘણા જુના હોવાથી તેમાં પાછલી કીતાબોની શહાદત નહીજ હોય એવી સંભવીત છે. વળી ગાથામાં "મહાઆબાદીઆન" ટોળાંને માટે અથવા તેમની ફીલસુફીની હયાતીની કાંઈ શહાદત નથી એવી એ લખનારે શું ખાતરી કરી છે? શું તે ગાથાની ભેદ ભરી ફીલસુફી બરાબર સમજયો છે? યુરોપનાં વિદ્વાન લખનારા હજી પણ ગાથાનો તરજુમો કરતા પાછા હઠેછે, અને જેઓ કરેછે તેઓ ખુલ્લું કહેછે કે ઘણો ભાગ તેઓ સમજી શકતા નથી. તેથી દરેકજણ જેવો તેની મરજીમાં આવે તેવો અર્થ કહાડેછે એમ થવાનું કારણ શું છે? કારણ એજ કે જરથોસ્તી ધર્મની ફીલસુફી શું હતી તે જયા સુધી તેઓ જાણતા નથી ત્યાં સુધી તેઓ ગાથાનો (તેમજ અવસ્તાના બીજા ભાગોનો) તરજુમો કાંઇપણ ચોકસ ધોરણના આધાર ઊપર કરી શકતા નથી. બીજા ધર્મોની ફીલસુફેનો અભ્યાસ અને તેમાં સમાવેલી ભેદરૂપી ભાષાઓના અર્થોનો અભ્યાસ જયા સુધી તેઓ કરશે નહીં ત્યાં સુધી જરથોસ્તી ધર્મનો ફીલસુફી શું હોવી જોઈએ તે તેઓ સમજનાર નથી. આ વીશે વધુ વિચાર હું મુલતવી રાખું છું.

લા૦ સુફી.

અમદાવાદ, તા૦ ૨૩ મી ફેબરવારી ૧૮૮૭.

તા૦ ૧૩ મી મારચ ૧૮૮૭.

શુ "દસાતીર" કીતાબ ધર્મપુસ્તક ગણાય?

કયેસરે હીંન્દના અધીપતી જોગ—

સાહેબ,—દરેક જમાનામાં ધર્મની વગર ભેદની ફીલસુફી જાણનારા પુરૂષો ઘણા જુજ હતા, તેઓ કેવળ ઈશ્વરીજ્ઞાનમાં વખત ગુજારતા હતા,

અને તેમની કીતાબો જુદી હતી સાધારણ લોકોને ધર્મ ભેદમાં સમજાવવાની જરૂર હતી, આજે પણ તેમજ છે, કારણ કે ફીલસુફી સાધારણ માણસો સમજી શકતા નથી. તેઓ જેહવી વસ્તુ નજરે જોઈ શકે છે તેવાજ વીચારોમા તેમને સમજાવ્યા શિવાય ઊપાય નથી. એ ખુલાસા પ્રમાણે જોતાં "દસાતીર" જરથોસ્ત સાહેબના જમાના પહેલાંના ધર્મોના ફીલસુફોની કીતાબ હોવી જોઈએ, અને તે હાલે પારસીઓ પાસે જલવાઈ રહી હોય તો તે માટે તેઓએ મગરૂર થવું જોઈએ "દસાતીર" અને "દબેસ્તાન" જેહવા માહભારત ડહાપણથી ભરપુર (ગાથા શિવાય) બીજાં કોઈપણ પુસ્તકો પારસીઓપાસે નથી. આ ચોપડીઓ જરથોસ્તી ધર્મના સુફીઓની છે, અને આજેપણ જેઓ જરથોસ્તી સુફીઓ હશે, તેઓજ એ કીતાબના કાનુનો કબુલ રાખતા હશે. દરેક ધર્મનાં ટોળામાં અસલ સુફીઓ હતા અને આજેપણ છે; અને તેમના કાનુનો "દસાતીર" અને "દબેસ્તાન"માં જણાવ્યાં જેવાંજ છે. વળી "હોસંગ"નો ધર્મ માનનારા જુદા ઈરાનીઓ હતા એમ કબુલ રાખવાથી કાંઈ હરકત નડતી નથી. એથી તો ઊલટું સાબેત થાએ છે કે, તે વેળા સુફીઓના જેવા મત ઊપર ચાલનારા ઘણા હતા. અવસ્તાની હાલની સ્થીતી અને "દસાતીર" અને "દબેસ્તાન"નાં ફીલસુફી લખાણને સરખાવી જોવું કે અકલને કયું વધારે અનુકુલ લાગે છે. "માહાઆબાદ" શબ્દ સંસ્કૃત હશે, તેની પણ કસી અડચણ નથી. અવસ્તાની ઘણી ક્રિયા અને ભણતર સંસ્કૃતને મળે છે તે એ સાહેબો વીસરી કેમ જાય છે? "દસાતીરનું"નામ મુસલમાને આપ્યું હોય તેની અડચણ શી છે? જો એમ હોય તો તેનું કંઈ અસલ નામ જુદું હોવું જોઈએ, કે જે અવસ્તામાંથી મળી શકે. વલી ચઊદ "માહઆબાદો" ચઊદ "મનુ" હોય તો દુનિયાની ઊત્પત્તીની ઘણી ઊંડી બાબદોનું પુસ્તક એકલાં હીંદુઓજ પાસે છે એમ નહીં, પણ પારસીઓ પાસે પણ છે એમ માની મગરૂર થવું જોઈએ. ઈશ્વરની ફીલસુફી સઘળે એકજ હોવી જોઈએ, અને એ લખાણો હીંદુ, ગ્રીક, યાહુદી વગેરેનાં પુસ્તક સાથે મળતાં આવે તેમાં શી નવાઈ છે? માહઆબાદીઓ સૂર્ય ઈત્યાદીને પુંજતા લખે છે, પણ લખનારને પુછુંછું કે અવસ્તામાં સઘળું શું ભરયું છે? "દસાતીર"માં તેમજ અવસ્તામાં એવી પુજા ઈશ્વરની પેદાયશ તરીકે ગણીને કરેલી છે. વળી જેવું ગ્નાન ખુદ ઈશ્વરનું દસાતીરથી મળેછે, તેવું અવસ્તામાંથી મળતું નથી. "દસાતીર"નાં લખાણનો અર્થ ખુલ્લો સમજાય

છે પણ અવસ્તાનાં ઢગલાબંધ નામોથી ગુચવણવાડો થઈ રહ્યો છે. અને વાંચનારની અકલ માંથુ હલાવ્યા વગર રેહતી નથી. કાલેજોમાં અંગ્રેજી શિખેલા પારસી જુવાનો જેઓને આજે નાસ્તિક અને અધર્મી ગણવામાં આવે છે. તેમને "દસાતીર" કેહવી મદદ કરશે તે વિશે મારો વિચાર હું ફુરસદે જણાવીશ.

લા૦ સેવક સુફી.

તા. ૨૭ મી મારચ ૧૮૮૭.

"નાસ્તીક" અને "અધર્મી" પારસીઓ અને "દસાતીર."

કયસરે હિન્દના અધીપતી જોગ—

સાહેબ,—આજથી પાછલા દસ વરસ સુધીમાં જેવા અંગ્રેજી કેલવણી લેઈ બાહાર પડયા છે. તેમાંના કેટલાએક નાસ્તીક અને કેટલાએક અધર્મી કેહવાય છે. નાસ્તીક તેઓ કેહવાય છે કે, જેઓને ધર્મ માટે ખરી કેળવણી નહી મળવાથી મત ફેર થઈ જાય છે; અધર્મી તેઓ ગણાય છે કે, જેઓ ધર્મની કેળવણી નહી મળવા છતાં ખુદરતી રીતે ધર્મ ઊપર (એટલે ઈશ્વર ઊપર) અને મોહોત પછે કરણી મુજબ ગતિ મળવાની બાબદો વડવાઓ કહી ગયા છે, તે ઊપર વીશ્વાશ રાખવા છતાં, અવસ્તાની બાબદનો સમજ નહીં પડે એવો ગુચવાડો જોઈ, જરથોસ્તી ધર્મના ફરમાનો સંગીન પાયા વગરના સમજી, તે ઊપર તીરસ્કારથી જુવે છે. આજે સેંકડો જુવાનો નીશાલો અને કાલેજોમાંથી એવા પ્રકારના બાહાર પડે છે, તેમનો દોષ તેમને પોતાને માથે મુકી શકાતો નથી. દરેક ધર્મના જે લોકો સ્વતંત્ર વીચાર વાપરે એવા નથી, તેઓ ધર્મના ફરમાન ઊપર વીશ્વાસ રાખી ચાલ્યા જાય છે. તેમને કોઈ રીતે શંકા ઊત્પન્ન થતી નથી, અને ગમે તેની પુંજા કરે, પણ મુલ એક મતલબ ધ્યાનમાં ચોકસ ઠસેલી રહેછે, કે ઈશ્વરને ગમે તે પ્રકારે રાજી કરવો, અને મોહોત પછે ગતી કરણી મુજબ થશેજ, બીજી લાંબી પંચાતી તેઓ કરતા નથી. પણ સ્વતંત્ર વિચાર કરવાને લાયક કેલવણી બનાવે છે, અને ધર્મના વીચારો કેહવા પાયા ઉપર રચેલાછે તે જાણવાને કેલવણી પામેલા પારસીઓ ઈચ્છા કરયા વગર રહી શકે નહી. જો આજે પારસી ધર્મ માનનારાઓમાં મત ફેર પડી તડાં પડે તો, હું ધારૂંછું કે જેઓને મેં અધર્મી કહ્યા છે તેઓ સઘળાં "દસાતીર" અને "દબેસ્તાન",

કીતાબોનો આસરો લેવાને સર્વથી પેહલા તત્પર થાએ; એટલુંજ નહી, પણ એ કીતાબોના ઊમદા લખાણોના પોતે ચેલા થાએ. એમ થવાનું કારણ એજ કે અવસ્તામાં જે ગુચવીડા આજના ચંચલ છોકરાઓને નડે છે, તે આ કીતાબોમાં નથી આ કીતાબો માત્ર ધર્મ પુસ્તકોની ચાવી જેહવી છે, અને તેમાંના કેટલાએક શબ્દો કે જે સાંભળવાની આપણને ટેવ પડેલી નથી, તેને ધીરજથી સમજવામાં આવે તો આપણા કેહવાતા અધર્મીઓ આ પુસ્તકોને ખરેખરાં ધર્મ પુસ્તકો ગણે, અને ત્યારેજ તેઓ અવસ્તાની કદર-પણ બુજે. જે થોડાં પુરૂષો અવસ્તાના ભેદની કાંઇક મતલબ સમજી શકયા છે, તેઓ "દસાતીર" અને "દબેસ્તાન"ને ઘણા સરસ પુસ્તકો તરીકે કબુલ રાખે છે, અને તે જરથોશ્ત સાહેબના મતથી જુદાં નથી એમ માને છે.

સુફી.

સાંકળીઉ.

વરશીમ.	અશો મુહઆબાદનું નામું.	સફા.

અશો જીઅફરામનું નામું.

શત શાએકલીવનું નામું.

અશો પેગમ્બર યાસાનનું નામું.

અશો ગેલશાહ (કયુમરસ)નું નામું.

અરો શીઆમકનું નામું.

બુઓર્ગી ભરેલા પેગમ્બર અશો હુશંગનું નામું

અશો "પેગમ્બર તેહમુરસનું" નામું.

અશો પેગમ્બર જમશીદનું નામું.

અશો પેગમ્બરૂ "પૂરેદુનનું નામું.

અશો મનુચેહરનું નામું.

અશો પેગમ્બર કેખસરૂનું નામું.

અશો પેગમ્બર જરથોશ્ત સાહેબનું નામું.

પાદશાહ સીકંદરનું પંદ નામું.

અશો પહેલા સાસાનનું નામું.

શુદ્ધીપત્ર.

સફો.	લીટી.	અસુદ્ધ.	સુદ્ધ.
૨	૧૨	એકત્રતા.	એકત્વ
૨	૧૮	મદદદ	મદદ
૭	૪	જે	જેને
૭	૧૭	ખીલવું	ખિલવું
૮	૧૭	વેલા	વેળા
૧૧	૮	ખુલસો	ખુલાસો
૧૩	૨૨	કૌત	કોવત
૧૪	૧૮	ખુસાસો	ખુલાસો
૨૬	૧૪	જાઈ	જઈ
૨૯	૧૮	શખ્સ	સખ્સ.
૨૮	૨૫	માલમત	માલમતા-
૪૦	૨૭	લડશ	લડશે
૪૧	૧૦	કીધલા	કીધેલા
૪૨	૨૧	દરજો	ડરજો
૪૮	૧૭	ખુસાસો	ખુલાસો
૬૧	૧૦	ઊંચા	મોહટા
૬૪	૩	અવળનો અવળ	અવલનો અવલ

૬૪	૯	એકત્રતા	એક્કા
૬૭	૧	એકત્રતાઈ.	એકત્વ
૭૭	૫	ખુશાસો	ખુલાસો
”	૧૬	ખેંચાય	ખેંચાયા
૮૨	૨૧	નુરથા	નુરથી
૮૪	૧	એકત્રતા	એકત્વ
૯૨	૬	ગુજારાતી	ગુજારતી
૯૫	૭	પુરાનત	પુરાતન
૧૦૮	૨૮	બંધણુવાળી	બંધાણુવાળી
૧૧૦	૧૧	બહન	બહમન
”	૨૦	મિશ્ચ	મિશ્ર
૧૧૨	૧૦	જમીશદ	જમશીદ
૧૧૮	૨૯	ઈપાને	ઈયાને
૧૩૪	૯	લોહરાસ્ય	લોહરાસ્પ
૧૩૬	૧૦	દસતીર	દસાતીર
૧૪૧	૨	દીલીથી	દીલથી
૧૪૪	૨૭	પોદાયશો	પેદાયશો
૧૫૬	૨૬	વરશીમ ૪થી	વરશીમ દ્દી
૧૬૪	૩૦	આણીતું	જાણીતુ
૧૬૭	૧૧	પોદાયશ	પેદાયશ
૧૭૦	૨૭	આકરથી	આકારથી
”	”	બદલનારા	બદલનાર
૧૭૮	૧૧	નહી	નહી હોય
૧૮૦	૧૧	બીજામ	બીજામાં
૧૮૧	૨૬	આઝાદીને	આઝાદીના
૧૮૮	૨૭	એક	એ હતો કે
૧૯૯	૨૬	ધર્મમમાં	ધર્મમાં

બનામે યઝદાને પાક.

પેગમબરોનો પેગમબર અશો મેહઆબાદનું નામું.

વરશીમ ૧ લી.

(પરવરદેગારની બાબતમાં.)

ફકરો ૧ લોઃ—હમે યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે જે હમોને બુરા માર્ગ પર લેઇ જનારી, દુઃખ દેનારી, અને ઇજા પહોંચાડનારી છે. તેનાથી પનાહ માગીએચ.*

(ખુલાસો :—ભણનાર શખ્સ પરવરદેગાર પાસે માંગણી કરે છે કે, હમુને હમારી બુરી ઇચ્છા અને આદ્દત દુર કરવાની શકિત આપ. પ્રથમ યઝદાનનું નામ દેવા આગમજ એવી માંગણી કરવાની મકસદ એ છે જે, અગર જો મનુષ્ય બુરી ઇચ્છા અને આદતોને દુર કરી શકે તો, તેને કસા બુરા વિચારો પણ આવે નહીં, અને ભકિત કરતી વેલા તેનું ચિત બીજી બાબતો પર ભમે નહીં. અથવા એમ પણ બની શકે છે કે, અગરજો બુરી ઇચ્છાઓને તજી શકે તો, ખોદાઇ રાહપર ચાલવાનો માર્ગ લેઇ શકે.)

૨. યઝદાનનું નામ દેઊ છું કે જે (આ દુન્યામાં) રોજીનો બક્ષનાર, (પેલી દુન્યામાં) મૂક્તિ આપનાર, દયાળુ અને ઇન્સાફી છે.

---

* એ ફકરાને અનુસરતો આરબી મધે "અઊઝ બેલ્લા મેન્લ શૈતાને રજીમ" નો ફકરો આવેલો છે. ઇથાને ધીકાર ભરેલા શૈતાન એટલે બુરાઇઓથી હમો ખોદા પાસે પનાહ માગીએ છઇએ. એ ફકરોબી દરેક ભણતરની સરૂઆત ભણવામાં આવે છે.

૩. યઝદાનના નામથી (સરૂ કરૂછું કે:—)

(ખુલાસો—એની અસલી ભાષામાં "લારંગ" શબ્દ આવ્યો છે, જે આરબીને મલતો છે, ઈયાને વગર રંગનો તેમજ "યઝદાન" નો અર્થ પણ એજછે. કંઈ ઈઝદ શબ્દનો બહુવચન સમજવો નહીં. એ ફકરો અધુરો છે. ઈયાને ખોદાનું નામ દીધા પછે નીચે આવેલી ખોદાઈ બાબતસર બોલવા અથવા ભણવાનું સરૂ કરૂં છું કે:—)

૪. ઇઝદ*ની હયાતીનું મૂળ જાણી શકાતું નથી. જેવો તે (ખાલેક) છે તેવો તેનાજ શિવાય બીજો કોણ તેને પીછાણી શકે? (કોઇબી પીછાની શકે નહીં) †

અર્થ—ખોદા શિવાય કોઇબી બીજો અકલ વિચાર અને સમજણથી ખોદાને પિછાનનાર નથી.

૫. અસ્તિત્વ, એકત્રતા (Union) અને મોહટાઇ, (Nobility.) તે સાહેબની ખાલેસ જાતીના પુરતા ગુણો છે. જે ગુણો તેની જાતીથી જુદા પડતા નથી. (ઇયાને તે ત્રણે એકજ છે.)

શરેહ:—એપરથી એવું જાહેર થાયછે, કે જ્યાંસુધી મનુષ્ય જાતીમાં દાનાઈની ખસલત ન હોય, ત્યાંસુધી કંઇબી ચીજના પેદા થવાના મૂળને પિછાની શકનાર નથી, પણ યઝદાનમાં એવું નથી, કારણ કે ખાલેક તે ગુણની મદદ વગર પોતાના ગોહર‡થી સર્વે ચીજના મૂળને જાણેછે તથા સમજેછે.

૬. તેને સરૂ, અંત, ભાગિયો, દુશમન, તરાહ (kind) મદદ-

---

* ઈઝદ—ફરેશતાને અથવા ફરેશતાઓથી ઊતરતા દરજાની નુરી શક્તિઓને કહે છે; પણ એ અર્થ અતરે વાપરયો નથી. એ પરવરદેગારના નામો મધેનું એક નામ છે. એટલે જગતની સ્થીતીને ટેકો આપનાર. એ શબ્દને અનુસરતો આરબીમાં "મલક" શબ્દ આવ્યો છે.

† એજ ફકરાને અનુસરતું "બોઝોર્ગ મેહેર" પોતાની "આઝર પરસ્તાન" નામની ચોપડીમાં ફરમાવે છે કે—"કોન્હે વાજેબોલ વજુદરા નતવાન દાનેસ્ત" ઇયાને ખોદાના મૂળને જાણી શકાતું નથી.

બૈત. { નીસ્ત અઝ રાહે અકલો વહમો કયાસ,
જોઝ ખોદા હીચ કસ ખોદાય શનાસ.

અર્થ—ખોદા શિવાઇ કોઈબી બીજો અકલ વિચાર અને સમજણથી ખોદાને પિછાનનાર નથી.

‡ એને ફારસીમાં "એન"બી કહેછે તથા આરબીમાં "જોહર" કહેછે. એટલે સ્વચ્છ-મિશ્ર નહી તે, તથા સ્વતંત્ર તેમજ જે વસ્તુ કે પોતાની જાતથી મજબુત થએલી ઇયાને બીજાની ગરજ નહી ધરાવનારી હોય તે જેવી કે, ખોદા, ફરેશતા, આત્મા, રવાન ઇત્યાદી.

ગાર, બાપ, માય, ઓરત, ફૂરજંદ, જગા, દીશા, શરીર (પદાર્થ), શરીર જેહવું, તથા કસો રંગ અને વાસ નથી.

૭. તે (સાહેબ) જીવતો, દાનાવ, શક્તિવાન, આપ અખ્ત્યાર (અથવા ઓલેસ) અને દાદગર છે. તે સાંભળવા, જોવા અને થવા (Exist) ઊપર જાણીતો છે.

૮. દરેકની હયાતીની બીના તે સાહેબની દાનાઇ આગળ વગર વખતે જાણીતી થાય છે, અને કંઇબી ચીજ છુપી રેહેતી નથી.

શરેહ:—તે ખાલેક એવો પ્રવીણ દાનાવ છે કે તેની દાનાઈને કસો વખત નથી. તેની દાનાઈની બીના કોઈથી લખી સકાયું કે લખી શકાતું નથી તેમજ હવે પછે લખી શકાશેબી નહીં. લાંબા જમાનામાં જેવી નવી પેદાયશો તથા બનાવો બનતા આવ્યા છે, અને હવે પછે આવશે તે સર્વે એકદમ યઝદાનની નજદીક જાણીતું છે. કંઈ આપણી બુદ્ધિની માફક નથી કે જેથી આપણે થોડાએક ગુજરેલાં, ચાલુ અને હવે પછે બનતા બનાવો સમજીએ છઈએ.

૯. તે ખાલેક બુરાઇ કરતો નથી, તેમજ બુરૂં ઇચ્છતોબી નથી જે કંઇ કીધું છે તે ભલુંજ છે.*

(ખુલાસો:—પરવરદેગાર પોતાની ઉત્તમ જાતી પ્રમાણે નેક ઇચ્છાથી સર્વે નેક ઊત્પન કરેછે પણ આપણા જે જોવામાં આવેછે કે સંસારમાં અનેક તરાંહના બુરાં બનાવો ઊપજે છે તથા હજારોના જાન, માલ અને ઈજત આબરૂને હાનિ પોહોચે છે, તો તેબાબે જાણવું કે, ઘણી ભલાઈમાં થોડી ભુંડાઈ ભેળવાયલી હોયછે. ઇયાને થોડી ભુંડાઈથી બીજી ઘણી ખરાબીઓ થતી અટકેછે. જેમકે, એક સાપથી ડંખાયલા શખ્સની આંગલી કાપી નાખવામાં આવેતો તેના શરીરના બીજાં સર્વ અવ્યવો સલામત રહેછે. વળી ઘણાએક બનાવો કે જે આપણી નજરમાં બુરાં દેખાયછે તેના છુપાં ભેદો ઘણા નેક અને ભલાઇ ભરેલાં હોય છે, તથા કેટલાંએક બનાવો જે ભલાં દેખાય છે, તે એવું બની શકેછે કે તેના ભેદ અથવા અંત બુરા હોય. એ મુજબ નુકસાનમાં નફો અને નફામાં નુકસાનની છુપી મતલબ ખાલેક શિવાય કોઇ જાણી શકતું નથી.)

* એ વરશીમનાં ફકરાં ૪ થા થી તે ૯ માં સુધીની બીનાને અનુસરતો વિગતવાર ખુલાસો જુવો "સારેસ્તાને ચાર ચમન"ને પાને ૨૭૨ થી ૨૮૨ સુધી.

(વાસ્તે હરએક વાત જે આપણા જોવા જાણવામાં દરેકના હકમાં બદી દેખાયછે, તે ગુજરેલા કાળ કે વીતેલા ગુનાહની સજા હોય અથવા તો આવતા કાળ અને બીજા અવતારને માટે સંભાળ સારૂ હોય. તે શિવાય બીજી કઈ રીતે કોઇને કસી હાનિ પોહોચતી નથી. અને દર પળે ભલાઈ વગેરે બીજું કસું તે ખાલેકથી જાહેર થતું નથી.)

વરશીમ ૨ જી.*

(ફરેશતાઓ તથા બીજી નુરી અસ્તિઓનું બ્યાન.)

યઝદાનના નામથી (ઇયાને ખોદાનું નામ દીધા પછે નીચે આવેલી પુરેશતાઓની બાબદપર બોલવાનું સરૂ કરૂં છું કે:—)

૧. તે સાહેબ બદલો મેળવવાની ઊમેદ ધરાવ્યા વગર બક્ષેશ તથા ભલાઇ કરવાંમાં એકકો છે. તેણે સર્વથી પહેલું સંબંધ, મૂળ, આકાર, વખત, શરીર (પદાર્થ) અને શરીરને લગતી ચીજો વગર તથા પદાર્થ, જાત, અને ગુણની ગરજ ધરાવ્યા વગર "બેહનામ" નામનું આઝાદ† ગોહર (બહમન અમશાસપંદ ‡) જે સરૂસોનો વડો અને પુરેશતાઓનો સરદાર છે, તેને પેદા કીધો.

શરેહ:—યઝદાન અજબ રીતની બક્ષેસનો કરનાર અને દયાળુ કિરતાર છે. કે જેણે માંગણી કરનારાઓની ખાહેશ વગર હયાતી બક્ષી. તેની પેદાયશનો કસો પાર નથી. તે સાહેબનેજ સ્તુતિ લાયકનો જાણવો જોઈએ.

૨. તે કે જે બેહનામ§નો (બમન અમશાસપંદ) છે તેને પેહલી અકલ તથા પહેલું જ્ઞાન કહેછે. તે પુરતી ભલાઇ છે. તે પેહલી અકલ-

---

* એ બીજી વરશીમ મધેની સર્વ ફકરાઓને અનુસરતી બાબત જુવો સારેસતાને ચાર ચમનને પાને ૨૮૬ થી.

† આઝાદના અર્થો ઘણા છે પણ અતરે સ્વચ્છ, વગર ભેળાણનું અને આપ અખતયાર થાય છે.

‡ અકલે અવલ, નફસે કોલ, હકીકતે અહમદી વગેરે એ સાહેબના બીજાં ઘણા નામો છે.

§ એ સાહેબને ઉત્પન્ન થવાની હધને આબાદી લોકો "અરંગ"; ફારસીમાં-એવાને યઝદાન, "સબબે અવલ" અને "બનાએ નખોસ્ત"; આરબીમાં—લાહુત, ફલકુલ અતલસ, ફલકુલ અફલાક, "અરશે આલા," "તરહે હસ્તીએ મુતલક," "નકશે હંસ્તીએ કુલ" તથા આલમે ઝાતે એલાહી; અને ફીલસુફી લોકો મહકુઝ કહેછે ઈયાને નવમું આકાશ જેને જંદ અવસતામાં મીનોવાનમીનો ઈયાને ઉત્તમ બેહસ્ત કહેછે.

માંથી "આમસામ" નામે ગોહર કેજે બીજી અકલ અથવા બીજો પુરેશતો (અરદીબેહેસ્ત અમશાસ્પંદ) છે, તે સાથે તે (બહમન અમશાસપંદ)નું રવાન "માંનીસતાર" નામે અને તેનું શરીર "તાનીસતાર" નામે ખોદાએ પેદાં કીધાં. તે નવમાં આસમાનનું રવાન "માનીસતાર"ની અટક "રવાન બોદ" (રવાનોનો સરદાર) અને તેના શરીર "તાનીસ્તાર"ની અટક "તનાનબોદ" (શરીરોનો સરદાર) છે.*

૩. એ "આમસામ" પુરેશતો કેજે બીજી અકલ છે, તેમાંથી નવમાં આસમાનની નીચેના આઠમાં આસમાન†ની અકલ "પ્રામસામ," તેનું રવાન "પુરારજામ" અને તેનું શરીર "શામ અજહામ" નામનું ખોદાએ પેદા કીધું.

૪. એજ મીસાલે દરેક અકલમાંથી એક બીજી અકલ રવાન અને શરીર પેદાં કીધા. તેમ સઘલાં આસમાનો સંપૂર્ણ કરી તેઓનો અંત લાવ્યો.

૫. જેમકે શનિશ્ચરના આસમાનની અકલનું નામ "પુરનસા" તેના રવાનનુ નામ "લાતીનસા" અને તેના તનનું નામ "અરમનસા" છે.

૬. અને ભરેસપતીના આસમાનની અકલનું નામ "અંજુમ દાદ," રવાનનું નામ "જમઆઆદ" અને તનનું નામ "શીદઆરાદ" છે.

૭. અને મંગલના આસમાનની અકલનું નામ "બહમનઆદ," રવાનનું નામ "પુરશાદ" તથા તેના તનનું નામ "રજબાદ વાદ" છે.

૮. સૂર્યના આસમાનની અકલનું નામ "શાદઆરામ," રવાનનું નામ "શાદઆદયામ" અને તેના તનનું નામ "નશાદ અરશામ" છે.

---

* એને તનસાલાર, તનબોદ તનાનતન, તનતન અને તેહમતનબી કહેછે.

† એ આઠમાં આસમાનને આરબીમાં "ફલકોલબરૂજ" અને "ફલકોલ સવાબેત" તથા "ફલકોલ કુરસી" કહેછે. ૧૨ રાષીઓં એ આસમાની હધમાં ગોઠવાયલી કહેવાયછે, તથા બીજા અઅંત સ્થીર તારાઓ કે જેઓમાના દરેકને એક અકલ, રવાન, અને તન હોયછે તેઓ એ આસમાની હધમાં છે. એબાબે જુવો "જરદસ્ત અફશાર"નાં રેસાલાનાં ગુજરાતી તરજુમાંને પાંને ૫૬ થી. તથા જુવો "સારેસતાને ચાર ચમન"ને પાને ૨૯૨ મે.

૯. શુકરના આસમાનની અકલનું નામ "તરવાન," રવાનનું નામ "પુરવાન" અને તેના તનનું નામ "જરવાન" છે.

૧૦. બુધના આસમાનની અકલનું નામ "અરલાસ," રવાનનું નામ "પુરલાસ" અને તેના તનનું નામ "વરલાસ" છે.

૧૧. ચંદ્રમાના આકાશની અકલનું નામ "પુરનુશ" રવાનનુ નામ "વરનુશ" અને તેના તનનું નામ "અરદુશ" છે.

૧૨. પુરેશતાઓ તો અગણીત છે પણ ઘણા થોડાનુંજ ધ્યાન કીધું છે.

૧૩. સ્થિર તારાઓ* ઘણા છે જેમાના દરેકને એક અકલ રવાન અને તન હોય છે.

૧૪. એજ પ્રમાણે દરેક આસમાનો તથા પુરતા તારાઓને અકલો તથા રવાનો છે.

૧૫. અકકલો, રવાનો, તારાઓ અને આકાશોની ગણત્રી યઝદાંન જાણે.

(ખુલાસો:—એ આખી વરશીમનાં દરેક ફકરે આવેલા અકલ, રવાન અને તનની બાબદમાં જાણવુંકે, એમાંના દરેક બેબે પ્રકારના છે. અકલ એ આરબી શબ્દનો બહુવચન ઓકુલ થાય છે ઈયાને બુદ્ધિ. એમાંની એક જાતીનું નામ "ઓકુલેફલકીએ" ઈયાને આકાશી અકલો કે જેથી તારાઓ પોતાના આકાશોમાં ફરવાનું તથા પોતાને પીછાણવાનું ગ્નાન ધરાવે છે એને ગ્નાની નુરબી કહે છે; બીજી જાતની અકલોને "ઓકુલે અનવા" કહેછે. ઈયાને પાલણ કરનાર ગ્નાન. એ ગ્નાન સઘલા પદાર્થોની જાત તથા જડનુ પાલણ કરેછે.)

(રવાન કે જેને પ્રાણ કહીએ છે. તેને આરબીમાં નફસ અને બહુવચનમાં નફુસ કહેછે તેબી બે પ્રકારના છે એકતો નફુસેફલકીએ ઈયાને આકાશી જીવ કે જે સદાકાલ આકાશી ઊંચી કાયાઓમાં લાગવત ધરાવે છે અને તે ઊત્તમ તથા પવિત્ર ગણાય છે; બીજી "નફુસે અરઝીએ" ઈયાને જમીનપરના પ્રાણો કે જે એક પવિત્ર, સ્વચ્છ અને પોતાની જાતીથી નહી બદલાનાર શક્તિ છે. તે દરેક તત્વી કાયાઓ સાથે લાગવત રાખે છે, અને

* જુવો એજ વરશીમના ફકરા ચોથાની નોટ,

તેઓનું કામ ચલાવે છે, પણ કાયાઓમાં દાખલ થતો કે તેઓમાં મળી-જતો નથી. એ બીજી પ્રકારનાં નફસોનાં કેટલાએક વિભાગો છે જે સર્વેની લંબાણ તપસીલ જુવો "આયન્દે રૂદ"નાં રેસાલામાં.)

(તેમજ તન યાને શરીરો કે જે કાયા વસ્તુઓ કહે છે તેબી બે જાતની છે. "એજ સામે ફલકીએ" અને "એજ સામે અરઝીએ." "એજ સામે ફલકી" યાને આકાશી શરીરો એટલે કાલા, બંધાણવાલા આકાશી મિશ્ર પદાર્થો, તથા "એજ સામે અરઝીએ" યાને જમીન પરનાં શરીરો કે જે દુનિયામાં ઊપજ અને નાશ થતી કાયા ધરાવનારી ચીજો છે.)

વરશીમ રૂ જી.

(આકાશોનુ વર્ણન.)

યઝદાદનના નામથી (નીચેની બાબદ પર બોલવાનું સરૂ કરૂછું કે:—)

૧. સર્વ આસમાનો ગોલ, સ્વચ્છ અને પાક છે. તેઓ મરતાં (નાશ થતાં) નથી.

૨. તેઓ હલકાં, ભારી, થંડા, ગરમ, ભીનાશવાળા અથવા સુકાયલાં કંઇએ નથી.

૩. તેઓને ખીળવું, કરમાવુ તથા ઇચ્છા અને ક્રોધ નથી.

૪. તેઓને આકાર ધરવો, આકાર તજવો અને ફાટવુ તથા સંધાવું નથી.*

શરેહ:—તેઓ ફાટતા નથી, સંધાતા નથી તેમજ ચીરાતા કે જોડાઇ જતાં નથી.

૫. અને તે આકાશો પોતાના ઘેરાવા મધે હમેશાં ફરનારા છે. અને પોતાનું ચકર ચલાવવાને પોતે શક્તિવાન છે કારણ કે તેઓ રવાન અને અકલ† મેળવનારા છે.

૬. તે દુનિયામાં મરવું, જન્મવું અને આકાર પકડવાનું તથા આકાર છોડવાનું નથી.

---

* એ બાબેની લાંબી તકરાર જુવો, સારેસ્તાને ચાર ચમનને પાને ૩૬૦ થી.

† કેટલે ઠેકાણે એ રવાન અને અકલને મતી અને શક્તિ ગણેલી છે.

૭. આ નીચલી દુનિયાને ઊપલી દુનિયાની તાબેદારી કરનાર તથા હુકમપર ચાલનાર (ખોદાએ) ઠેરવી છે.

વરશીમ ૪ થી.

(બેહશતોની બીના.)

યઝદાનના નામથી (સરૂ કરૂછું કે :—)

૧. અકલ શરીરની ગરજ ધરાવતો નથી પણ રવાન શરીરથી પુર્ણતા મેળવે છે.

૨. ફરેશતાઓનું ઠેકાણું, રવાનો*ની જગ્યા અને આકાશો તે બેહશ્ત છે.

(ખુલાસો :—એ બેહસ્તો મધેનું સઊથી ઊત્તમ નવમાં આકાશ પર છે જે જગ્યાને "એઈવાને યઝદાન" તથા જંદ અવસ્તામાં "મીનોવાન મીનો" કહે છે. અને છેલું યાને સઊથી ઊતરતું ચંદ્રમાંહનાં આકાશમાં છે જેને "ચંદ્રપાયા બેહસ્ત" કહે છે.)

૩. ફરેશતાઓની નજદીક જે કોઇ પોહચ્યો તેજ શખસે ખોદાના ગવેહરને જોયું.†

(ખુલાસોઃ—અગરજે આત્મા, આ દુનિયામાં શરીરી સંબંધ ધરાવતી વેલા ફક્ત ભલી બુધ્ધિનો રસ્તો મેળવો આ દુનિયાઈ લાભ, લાલચ તથા સર્વે બુરી ઇચ્છાઓ તજે તોજ આ કાલબુદમાંથી નિકળયાબાદ તે મીનોઈ દુનિયામાં જાયછે, અને ત્યાંનાં આંઠ તબકાઓ પસાર કરતાં જે ચીજ જાણવાની હોય તે જાણી, તથા જે ચીજ શિખવાની હોય તે શિખી, ફરેશતાઓની હધમાં પોહોચેછે, અને પાછલથી પોતે ફરેશતો થાય છે. (જુવો ઝુરે ઝરથોસ્તનાં રેસાલાના ફકરે ૧૬ મે). તો તે હધમાં પરવરદેગારની "શત્રયમ" પ્રકાશ યાને બેહધ સરસમાં સરસ રોશનીના અપાર દરયાવ એટલે "નુરોલ અનવાર"ને જોવાનું સરૂ કરી અંતે તેમાં ભેળવાય છે. તે "શત્રયમ"પ્રકાશનાં ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. સાલોકય, સામીપય અને સાયુજય જે સંસ્કૃત નામો છે.)

---

* એ ઠેકાણે પરમાત્મા સમજવા, કંઈ આકાશી રવાનો ઇયાને આકાશી ગતી અથવા શકિતઓ નહી.

† જુવો સારેસતાને ચાર ચમેનને પાને ૭૭૮મે.

૪. તે જાહાંનની ખુશીને આ દુનિયાનો કોઇબી રીતનો આનંદ પોહોંચી શકે નહી. તે ખુશી અને લેજતનુ બયાન જુબાન કરી શકિત નથી, તેમજ કાન સાંભળી શકિત તથા આંખ જોઇ શકતી નથી.

૫. આસમાનોમાં એવી તો આનંદી છે કે ત્યાં પુગેલાઓ શિવાય બીજાઓ જાણી શકે નહી.

૬. બેહસ્તનાં સૌથી ઊતરતાં દરજાની ખુશાલી તે આ નીચલી દુનિયાની સઘલી બક્ષેશો મળયા બરોબર છે.

૭. અને તે (છેલ્લાં) બેહસ્તની જગ્યા ચંદ્ર આકાશના રવાનની જગ્યા છે.*

૮. ત્યાંની ઓરતો, દાસીઓ, ખીદમતગારો, ખાવા પીવાની ચીજો, પોશાકો, પાંથરનાઓ અને બેઠકો—એ સર્વના આકારોનો આ નીચલી દુનિયાની ચીજો સાથે મુકાબલો થઇ શકતો નથી.

(ખુલાસો:—જાણવું કે તે માનોઈ દુનિયામાં મિશ્ર પદાર્થવાલી ચીજો કસી નથી, પણ ફકત નુરી આકારો છે. અને તે આકારો અગરજો આંઠ બેહસ્તોમાં બંધાતા હોય અને બેહસ્તીઓને મળતા હોય પણ ઊત્તમ નવમાં બેહસ્તમાં કસા આકારો પણ નથી અને ત્યાં માત્ર આગલ લખયા મુજબ બેહધ સરસમાં સરસ પરવરદેગારનો નુરી પ્રકાશ છે જેની લેજતની તારીફ કસી રીતે લખાણમાં આવી શકતી નથી.)

૯. યઅદાનની બક્ષેશથી બેહસ્તીઓને એવું ભલું શરીર મળેછે, કે જે કશી રીતે પીગળાતું અને પુરાણું થતું નથી, તેમજ તેમાં કસું દુઃખ કે ભેલાણ થતું નથી.

વરશીમ ૫ મી.

(Natural=કુદરતી ફીલસુફી.)

યઅદાનનાં નામથી સરૂ કરૂં છું કે:—

૧. ચંદ્રમાં આકાશવાળા સ્વર્ગનું ત્યાની ગોહર તે એક સંગ્રહસ્થાનની માફક છે, કારણ કે તે પોતાની ઉપરના બીજા આકાશોથી મળતો શકિતઓને પોતાના અંદર એકઠી કરી રાખેછે.

---

* એ ફકરો મુલ્લાં ફીરૂજજીવાલી ચોપડીમાં આવ્યો નથી.

શરેહ :—ચંદ્રમાના આકાશની અકલ જે " ફરનુશ " નાંમેછે. તે જે ચીજો કે પોતાની શકિતથી, આસમાનોનીગીરદેશના સંબંધથી અને તારાઓના મેલાપથી મેળવેછે. તે ચીજોને આ દુનિયાના આકારો, સંજોગો, તત્વો તથા ખાસિયતોપર વરસાવેછે.

(ખુલાસોઃ—ચંદ્ર આકાશનો રખેવાલ અથવા ફરેસ્તો જે છે, તે બીજા તારાઈ આકાશો અને ફરતા ગ્રહવાળા આકાશોના ફરવાથી તથા કુદરત શકિતથી જે કંઈ-ઊપજતી શકિતઓ અને નીશાનીઓ હોય છે. તેનો ઊતારો અથવા ખેંચાણ પોતાની તરફ કરી લઈને પોતાની નીચે કે પાસે આવેલી પૃથ્વીપર જથાબંધ એક પછે એક અસર ઊપજાવતો આવે છે. તે એવી રીતે કે તેને તાલુકેના ભૂગોળો ઊપર અનાસરો અસ્તકે પૈદાયશો જાહેર કરતો જાયછે.)

(એ ઊપરથી આગરજો કદાચ કોઈના મનમાં એવો સવાલ ઊપજે કે—" આપણી પૃથ્વી પાસે આવેલા એક ચંદ્ર છે તેના આકાશી ફરોહરી ફરેશતાથી એમ બનતું હશે ખરૂં, પણ બુધ અને શુક્ર સાથે તો એકુ ચંદ્ર જણાયો નથી ત્યારે તે ગોળાઓ ઊપર અસર કયાંથી ઊતરતી હશે ?" તેના ખુલાસા માટે જાણવું કે એ મજકુર બેઊ ગોળાઓ આપણી પૃથ્વી કરતાં નાહના અને ઓછા ઘેરાવાના હોવાથી તેનાને કોઈ ચંદ્રમાની જરૂર નથી. તે ગોળાઓ ઊપરની પૈદાયસો પરભારીં તેમને બીજા આકાશોનાં ફરવાની અસરથીજ થાતી આવવી જોઈએ.)

૨. કારણ કે તે ચીજોને ઊતરવાની જગ્યા, એ ચંદ્ર આકાશના રવાન (વરનુશ) ની હધમાંજ હોવાનું સરજયામા આવ્યું છે.

(ખુલાસો :—આપણા ભૂગોળપર ઊપજતા બનાવોની અસર જે ફરતા ગ્રહઓ તથા બીજા તારાઈ આકાશોના ફરવાથી બનેછે. તેને ત્યાંથી સંગ્રહી લઈ આપણી પૃથ્વી પર પહોચાડવાનું કામ એ ચંદ્રમાઈ આકાશના રખેવાલ ફરેસ્તા " ફરનુશ "નુંજ છે. તેમ તે પોતાનો ઓહદ્દો બજાવવા હમેશ મશગુલ રહેછે અને તે પૈદાયશોના રવાનોને ઊતરવાની હધ જે છે તે એજ ચંદ્રમાઈ રવાન " વરનુશ " ની હધમાં કરવામાં આવેલી હોય છે.)

(એપરથી એમ સાબેત થાએછે કે—જેમ આપણી પૃથ્વી પાસે આવેલા ચંદ્રની માફક બીજા અનેક ચંદ્રો=ઊપગ્રહઓ ગગન તરફ છે કે, તેઓના આકાશ પણ એજ મુજબ પોતાને તાલુકેની બીજી પૃથ્વીઓપર

અસર પહોંચાડવા સારૂં મોટો પેશાવ લેનારા ગ્રહો, અથવા તેવાજ તારાઇ આકાશોની ગીરદેશથી ઊપજતી. અસરને પોતાની તરફ એક ફોટોગ્રાફની પેઠે ખેંચી લઇ બીજાને પહોંચાડતાં આવે છે. શનિશ્વરનો ગોળો જે ઘણો મોટો છે તેની પાસે ૭ ચંદ્રમા છે. બ્રેસ્પતી પાસે ૪ અને સૂર્ય સાથે ૬ ચં-દ્રમાઓ જાણીતા થયા છે, તેમજ બીજા ગ્રહોને પણ હોવા જોઈએ.)

૩. ચંદ્ર આકાશનું રવાન (જે વરનુશ નામેછે તે આ દુનિયાઇ ચીજોના) આકાર બાંધનાર છે.

(ખુલાસો :—જે મીસાલે એ ચંદ્ર આકાશની અકલ શકિત અથવા અકલી ફરેશતો પોતાનેથી ઊપરના આકાશોની અસર પોતાનીપર ખેંચી-ને પૃથ્વીપર આપતો જાય છે. તેમ તેને આકારમાં લાવવાનું કામ પણ એજ ચંદ્રમાં આકાશના રવાન અસ્તક હોવાથી તે પોતાનો ઓહ્દો બજાવવાપર મકમ રહેછે.)

(જેમકે ઇનસાનની અકલે કરી કોઈ કામ નિપજાવવાનો વિચાર પેદા થાય છે. અને તે પછે તેને બનાવવાને આપણું રવાન બોલી કે બતલાવી અથવા હાથ અને આંખની મારફતે ચીતારી શકે છે, તેજ મુજબ ચંદ્રમાઈ આકાશની અકલ "ફરનુશ" નામનાને મળેલા સંજોગોને પૃથ્વીપર પેદાયશો ઊપજાવવા વરસાવે છે. અને તેજ આસમાનના રવાન "વરનુશ" ની માર-ફતે ચીતાર અથવા આકાર થતો આવેછે. તેથી આએ આલમમાં સર્વ ભાતભાતની નિપજ અને નાશ થાયછે. તેમ પ્રથમથીજ બનતું આવ્યુંછે અને સદાકાળ સુધી રહેશે.)

૪. ચંદ્રમાના આસમાનની હધ એઠલ અનાસરો ઇયાને તત્વોનાં સંસ્થાનો છે.

(ખુલાસોઃ—આપણા ભૂગોળપર જે અનાસરી અસર ઊપજે છે તે ચાર તત્વ એક બીજાથી ઊપર હેઠળ પોતપોતાના નિર્મળતા મુજબ ચંદ્રમાઈ આકાશની હધ નીચે આપણી પૃથ્વી તરફ અંદીઠ તથા અલંગ રહે છે.)

૫. તે (ચાર તત્વો) આતશ, હવા, પાણી અને માટી ઊપર (નીચે લખેલા નામવાળા) ચાર ફરેશતાઓ ઠેરવાયેલાછે.*

૬. "અનીરાબ," "હીરાબ," "શમીરાબ" અને "અહીરાબ."

---

* એને મલતો ફકરો જુવો ઝુરે જરથોસ્તના રેસાલાના ફકરા ૧ લાની શરેહમાં.

(ખુલાસો :—ઉપર કહ્યા ચાર તત્વ તે કંઈ આપણી આંખ આગળ દેખાતા આતશ, હવા, પાણી અને માટી નથી, પણ અંદીઠછે. તેઓ એ નીચે દેખાતાં ચાર તત્વના મૂળ કે જ્યાંથી આ તત્વોની પેદાયશ બનેછે તેને જાણવાં. કારણ કે એ આપણાં જોવામાં આવતા ખાક, પાણી, હવા અને આતશ, દરેકમાં એક બીજાનું ભેળાણ છે. જેમકે માતીમાં પાણી, હવા અને આતશનો ભાગછે, તેમજ બીજાઓમાંબી છે, પણ ઉપર કહ્યા અનાસરો તો અંદીઠ અને સ્વચ્છ એટલે ભેલાણ વગરનાં તત્વોછે. તેઓ જે કુદરતી કરામતથી એક બીજામાં અસર ઉતારી પાછા અલોપ બનતા જાયછે, તે બાબેની કસી કોઈને ખબર પડી શકતી નથી. તેમજ કોઇથીબી તેનો અંદાજો અથવા હીસાબ કાઢી શકાય તેવું નથી.)

(હિંદુઓના જ્ઞાની ગુરૂઓએ અનાસરોને ૫ ગણેલા છે તે એમકે ઊપર કહેલા ખાક, આબ, હવા અને આતશ મળી ચાર સાથે આકાશને પણ તત્વમાં વધારયુંછે. તેમજ હાલની નવી સોધ મુજબ ૬૪ અનાસરો ગણ્યાછે તેથી કંઈ મજકુર ફકરાને અડચણ સરખું જણાતું નથી, કારણ કે એ ઊપર જે અનાસરી તત્વ કહેવામાં આવ્યા છે તે અંદીઠ અને ખાલિસ, આકાશ મુજબની અસરનેજ કહ્યાંછે કાંઈ જાહેર જોવામાં આવતા મિશ્ર અથવા પદાર્થી તત્વોને કહેવામાં આવ્યા નથી.)

(તેમાં આતશ જે સર્વથી પવિત્ર અને વધુ નિર્મળ છે. તેની હદ ચંદ્રમાઈ આસમાનની નીચે પ્રથમ આવેલી છે. તેની હેઠળ હવાનો ગોળો, તેની હેઠળ પાણી અને તેના પેટામાં માટીની હદ ઠરી ઠામ કીધી છે. તે ચાર પર ચાર ફરેસ્તાઓ નેગેહબાન ઈયાને રખેવાલ ચોકસ થએલા છે જેઓને "પરવદેગારે ગુનેહ" કહેછે. એ બાબે જાણવું કે ખોદા ખાલેક જે સર્વે અસ્તિનો પરવરદેગાર છે, તેની દરેક શકિત દરએક એવી ચીજો પર અસર કરનારી હોવાથી એ નામ આપવામાં આવેલુછે. કેમ જે તે એવા એક એક કુદરતી કામોને ઊપજાવી તરબીયત કે પાલણ કરનાર હોયછે. એટલાપરથી એવું સાબેત થઈ શકેછે કે જરથોસ્તી ધર્મમાં જે જે અમશાસપંદો કે ઇજદોના નામ આપવામાં આવ્યાં છે તે સર્વ કુદરતી શકિતઓની સીફત હોય છે.)

૭. જે ચીજો કે ચાર તત્વના મળવાથી ઊત્પન થઈ છે. તે-

માંની કેટલીએક પાયદાર (ટકનાર) અને કેટલીએક નાપાયદાર (નહી નીભનારી) ચીજો છે.*

શરેહ:—જો તે ચીજોનું બંધાણ લાંબી મુદત સુધી મજબુત રહે તો તે પાયદાર અને નહી રહે તો તેને નાપાયદાર ચીજો કહેવાય છે.

૮. નાપાયદાર ચીજો જેહવી કે—હવા, ધુમસ, બરફ, વરસાદ, ગગડાટ, વાદળ અને વીજળી તથા તેવીજ બીજી ચીજો હોયછે.†

૯. તે દરેકની ઉપર એક એક ફરેશતો રખેવાલછે.‡

(ખુલાસો:—મજકુર નાપાયદાર ચીજો જે આકાર અને અસરમાં જુદી જુદી ઉપજતી આવિછે તેના નામ નીશાન જેમ જુદાં જુદાં કહેવાય છે, તેમ તે દરએકને દરસ્ત આકારમાં લાવી જથા જોગ જગોએ જાહેરમાં લાવવાપર એક એક કુદરતી શકિત નેમાયલી હોયછે, કે તે પોતપોતાના અસ્તકના કામો અંજામ પહોંચાડતા આવિછે. તેઓને "મલાયક મવકલ" કે રખેવાલ અથવા "પરવરદેગારે ગુને" કરીનેબી કહેવામાં આવિછે, તેઓ ઘટતી રીતે એવા પદાર્થો ઉપજાવી જથાબંધ જગોએ વરસાવતે પાછા નાશ કરવાનું ટાંકણું સાંધી આપતે જમાનાને અનુસરતા કામો પાર પાડતા જાયછે.)

૧૦. જેમકે—હવાપર "મીલરામ," ધુમસ—"સીલરામ," બરફ—"નીલરામ," વરસાદ— "મેંહતાસ," ગગડાત—"બેહતામ," તથા વાદળ ઊપર "નીશામ" નામે ફરેશતાઓ રખેવાલ છે. તેમજ બીજાઓપરબી છે.

(ખુલાસો:—ઊપર કહ્યા મુજબનાં દરેક પદાર્થોને ઊપજી કામે લાગવાનું કૌત તે અસલ પદાર્થોમાં નથી. પણ તેનાને અમલમાં લાવી અસર ઊપજાવનાર કુદરતી શકિતઓ હોય છે, તે દરેકના ગુણ મુજબના નામો ઊપર જણાવવામાં આવ્યાં છે. તેજ પ્રમાણે હરેક વસ્તુઓ સંબંધી પણ સમજવું.)

૧૧. અને પાયદાર (લાંબો વખત ટકી) રહેનારી મિશ્ર ચીજોમાં પ્રથમ ખાણની ચીજો છે.

* જુવો ઝુરે જરથોશતનાં રેસાલાને ફકરે ૬ ઠે.

† એ ચીજોની પેદાયશ અને નાશનું વર્ણન જુવો ઝુરે જરથોસ્તના રેસાલાને ફકરે ૬ ઠે. તથા સદ હેકાયતની ચોપડીમાં વારતા ૯૮ મી.

‡ એ ગુને પરવર ઇયા રખેવાલ ફરેશતાઓ અતયંતછે પણ જરથોસ્તીઓ ફકત ૩૩ ગણેછે.

(ખુલાસો :—આપણા ભુગોળપર દરિઆ, ડુંગર અને માટી મધે જે કાંઈ ધાતુ, ઝવેરાત અને તેવીજ બીજી વસ્તુઓ ઉત્પન્ન થાય છે તે સર્વેને ખાણની ચીજો કહેવામાં આવેછે, અને તે આખલક મધે ત્રીજા ઊતરતા વર્ગની પેદાયશ કહેવાય છે.)

૧૨. તેમાં ઘણીએક ભાત અને ત્રેહ હોય છે જેમકે.–માણક, લીલમ, ઇત્યાદી.

૧૩. તેનાબી રખેવાલ ફરેશતાઓ હોય છે. જેમકે–માણેકનો રખેવાલ "બહરજામ" નામે અને લીલમનો "નહરજામ" નામે છે.

(ખુલાસો :—આ ઉપર બે જાતનાજ જવાહેરના રખેવાલ ફરેસ્તાના નામ આપવામાં આવ્યાં છે. તેમજ બાકી બીજાં જવાહેરો અથવા ધાતુ-ઓની દરેક જાતી ઊપરબી એક એક કુદરતી શકિતવાળો સરૂશ અથવા પાલણ કરનાર ફરેસ્તો સમજવો. જેમાંનો દરેક ફરેસ્તો પોત પોતાના અસ્તકની ધાતુ કે જવાહેર તેમજ જુદી જુદી જાત તથા ખાસીયતના પથરો ઊપજાવી તેઓની પરવરશી કરતા આવેછે.)

૧૪. તે પછે બીજો ચઢતો વર્ગ ઉગવણીનો છે. તેમાંબી ઘણી-એક જાતોછે. જેમકે "સરોવર" અને "ચીનાર" તેઓના રખેવાલ "અજરવાન" અને "નોજરવાન" નામેછે.

(ખુલાસો :—દુનિયાઈ પેદાશોના ત્રણ વર્ગ કરવામાં આવ્યા છે; ખણીજપદાર્થ, વનસ્પતી અને જીવજંતુ. એમાંનો બીજો વર્ગ વનસ્પતી ઇયાને ઊગવણી બાબે એ ફકરામાં જણાવેછે, કે આપણી ભુગોળપર દરેક દેશની હવાની અસર મુજબ જાત જાતની ભાજી, તરકારી, ફલ, ફુલ, અને બીજાં તેવા અગણિત ઝાડો થાય છે. જેમાના હમેશ ખીલતાં તથા છાંયો આપનારા બે સરસ ઝાડોના નામ દીધા છે; જેઓની દરેક જુદી જુદી જાતી ઊપજાવી તેઓને આબાદ રાખવાની અસર બક્ષનાર એકકી કુદરતી શકિત છે. એ ઊપરથી આપણે સમજવું કે કોઈબી ચીજ તે ખાલ-કની મરજી અને મહેરબાની વગર અમલમાં આવતી નથી. તે દરએક જાતીપરના રખેવાલી શકિતના ગુણ મુજબ એક એક નામ આપવામાં આવેલાં છે.)

૧૫. અને પછે (તે પાયદાર ચીજોમાં ત્રીજા વર્ગ તરીકે) જાન-

વરોછે. તેમાં પણ ઘણીએક જાત હોયછે.* જેમકે-(તેઓમાં ઉત્તમ જાત) ઘોડો અને (તેઓથીબી ઉત્તમ) મનુષ્ય.

૧૬. તે કુલે પ્રાણીમાત્રની દરેક જાતી ઉપર પણ એક એક પરવરદેગાર યાને પાલણ કરનાર અથવા રખેવાલ ફરેશતો છે જેમકે ઘોડા જાતીપર "ફરારસ" અને માણસ જાતીપર "ફરજીનરામ" નામના હોયછે.

(ખુલાસોઃ—દરેક પ્રાણી જાતી સારૂ જે એક એક અસરકારક શકિત કામે લાગેલી છે તેમજ ઘોડાની જાતી જે બીજાં પ્રાણીઓ કરતાં વધુ ડહાપણ ધરાવનાર છે અને આદમીઓમાં તો તેઓ કરતાં વધારે બુધ્ધિબળ હોય છે તે મુજબ તેઓના રખેવાલ ફરેસ્તાઓનાં પણ નામ રાખવામાં આવ્યા છે.

(આકાશવાણી અવસ્તામાં ખુરશીદ અમર્ગને જે તીક્ષણ ઘોડાનો સાહેબ કેહવામાં આવ્યો છે, તે પણ એટલાજપરથી છે, કે ઘોડાની ફરાસત યાને ડહાપણ અથવા ગ્નાનવાલો. કાંઈ એમ નહી સમજવું કે તેજ ઘોડાની મીસાલ દોડનાર હોય. જેમ હાલ જમાનાનાં વરાળી યંત્રોનાં કૌવતનો અંદાજો કાઢવા સારૂ કેહવામાં આવિછે કે "એટલા ઘોડાના કૌવતનું ફલાનું બાયલર બનાવવામાં આવ્યુ છે." તેમજ તેજ ઘોડાનો સરદાર ખુરશીદ ઈઝદને પણ કેહવાતું જણાય છે કાંઈ ઘોડા ઊપર બેસીને ફરતો હોય તેમ કેહવામાં આવેલું નથી.)

૧૭. એ ત્રણે પેદાયશો યાને ખણીજ પદાર્થ. વનસ્પિત અને જીવજંતુ. (જેઓ અનાસરી ફરજંદ ગણાય છે.) તે દરેકમાં એક એક વગર સંબંધનું છુટુ (અથવા ખાલેસ) રવાન છે.*

વરશીમ ૬ ઠી.

(માણસોનો મરતબો અને સ્વર્ગ પામવા બાબે.)

યઝદાનના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. કુદરતના ખાવંદ ખોદાએ જાનવરો મધેથી માણસ જાતને વધારે મરતબો બક્ષેલો છે, કારણ કે તેનું રવાની ગોહર આપ અખ-

---

* એ ત્રણ પેદાયશના રવાનો અથવા ફરોહરો તથા મનુષ્યની સરસાઈ તેની બે શકિતને માટે હોવાની બીનાં, જુવો ઝુરે જરથોસ્તનાં રેસાલાનો ફકરો ૭ મો તથા તેની શરહે.

ત્યાર અને આઆદછે. તે ગોહરને શરીર (મિશ્ર પદાર્થ) શરીરને લગતી ઇંદ્રિઓ, ઘટવું, વધવું તથા• દિશા કાંઇએ નથી. તેથી તે ગોહર ઉપર ફરેશતાઇ ફરોહરનો પરતવો ઉતરી શકેછે. (ઇયાને તેને જ્ઞાનશક્તિ અથવા જાતીઅકલ બક્ષવામાં આવીછે.)

(ખુલાસો:—એપરથી સમજવામાં આવે છે કે, બીજાં જાનવરો કરતાં મનુષ્ય જાતને વધુ મરતબો બક્ષ્યો છે કે તેના "નફ્સે નાતકે" ઇયાને વાચાવાળા આત્માંઊપર અકલી ફરોહર ઊતરે છે, જેથી પોતાની ધારણા બીજાને બતલાવી શકેછે. એટલાંજપરથી બીજાં હેવાનોપર સરસાઈ મેળવનારછે.)

(મજકુર પાંચમી "વરશીમ" ના છેલ્લા ફકરામાં ત્રણે પેદાયશોને માટે સરખું આઆદ સ્થાન જણાવેછે અને આ છઠ્ઠો વરશીમનાં પહેલા ફકરામાં જીવ જંતુઓની પેદાયશો મધે મનુષ્ય જાતીમાં બે શકિત જણાવી, તેને સરસ ગણ્યો છે, વાસ્તે તેના ખુલાસા કીજે, આપણે એક દેખઇતો દાખલો લીજીએ, કે જેમ એક પાદશાહ પાસે કેટલાએક અપરાધીઓને પકડી લાવ્યા હોય; તેમાંના એકને તેની ભારે તકસીર મુજબ હાથ, પગ અને મોહોડું, માથુ બાંધી, કોથલામાં ભરી એક અંધારી ખીણમાં નાખવામાં આવે, કે ત્યાં તે ગુંગળાયા કરે; તે મુજબ ધાતુની ચીજોનો અવતાર છે. બીજાને તેનો ગુનાહ આગલા શખ્સ કરતાં ઓછો હોવાને લીધે એક ખુલ્લા મેદાનમાં ઊંધે મસ્તકે ટાંગી રાખી ઘટતી વેળા કાંઈ એક સેજ ખાનું આપવામાં આવે; તે પ્રમાણે ઝાડપાનનો અવતાર હોય છે. ત્રીજાને તેની ઓછી તકસીરને લીધે તેના પગમાં બેડી નાંખી એક ટાપુમાં છુટો મુકે, કે ત્યાં તે પોતાને હાથે રોજી મેળવી ગુજરાન કરી શકે, તો તેમ એવાનોનો અવતાર છે. અને ચોથાને તેના ઘણાજ થોડા અપરાધને માટે નજરકેદ તરીકે એકજ શેહરમાં વસવા કે ફરવાની રજા મળે, પણ ત્યાંથી બીજે કેથે જવાની મનાઈ હોય; તેમ મનુષી અવતાર છે. માટે જાણવું કે આ દુનિયા એક પાઠશાળાની માફક છે. તેમાં કુલ રવાનો તન પામીને ભલો બોધ લેવા આવે છે. તો જે કોઈ જેવી કેળવણી પામે તે પ્રમાણે તેને ઊંચા આસમાનની આલમમાં મરતબાએ ચઢાવે.)

૨. અને તે રવાનોને ખોદાએ પોતાની દાનાઇની મારફતથી (આદમીના) તત્વી શરીરોની અંદર ઊતારયા છે.*

(ખુલાસો:—સ્થૂળ દેહ ઈયાને ઠેકાણું ધરાવનાર જડપેદાયશો ઊપર કહ્યા ત્રણ જાતીનાં છે, જેને "મવાળીદે સલાસે" ઈયાને ત્રણ પેદાયશ જે ખણીજ પદાર્થ, વનસ્પતિ અને જીવજંતુ છે; તેને કહે છે. તે ત્રણેને એક જીવન શકિત છે, જે તેઓને અનેક પ્રકારના વિચિત્ર પ્રકૃતિ જીંદગી સુધી રાખે છે. અને તે શકિત શરીરોના નાશ થયાપછે બેમાલુમ કુદરતી શકિતઓ (Blind forces) જેવીકે આકર્ષણ, રસાયન, ગરમી, રોશની, વિજળી, લોહચુંબક, ઈત્યાદી શકિતઓમાં વેહચાઇ જાય છે. પણ જે એક શકિત કે જેને ખોદાઈ સ્પીરીટ અથવા આત્માં કહીએ છીએ, તેનો કદી નાશ થતો નથી, કારણ કે તેતો હમેશ સુધી અહીંની તેની કરણી અથવા કર્મ પ્રમાણે ભવ વેઠે છે. જ્યાં સુધી કે સ્વચ્છ બની આસ્તે આસ્તે "મીનવાન મીનો" મધે યઝદાનની ભારે રોશનીમાં મળી જવાને લાયકનો થાય. તો જાણવું કે એ મજકુર ફકરા મધે મનૂષ્યના શરીરમાં એ આત્મા ઊતારવા બાબે છે. એ "નફસે નાતકે" ઈયાને વાચાવાલું આત્માં શરીરોમાં કેમ ઊતરે છે, તેની બીના જુવો. ગુરૂ જરથોસ્તનાં રેસાલાને ફકરે-૭ મે, તથા સદહેકાયતની ચોપડીમાંની છેલ્લી વારતાના સવાલ જવાબમાં.)

૩. અગરજો તે મનુષી શ્વીન અનાસરી તનમાં રેહતી વેલા દાનાઇથી નેકી કરનાર, ભલી ચાલચલણ ધરાવનાર, અને "હરતાસ્પ" (યઝદાનપરસ્ત) થાયતો—

શરેહ:—"હરતાસ્પ" તેને કહે છે કે, જે કોઇ ખાવું, સુવું તથા બીજી મોજ મજાહ મેળવવા કરતાં, ખોદાઈ રાહપર ચાલવામાં અને બંદગી કરવામાં વધું ખંતી રહી, "ઝંદબાર" જાનવર ઈયાને ગરીબ પશુઓને દુ:ખ દીએ નહીં.

૪. જ્યારે તે રવાન, પ્રાની દુનિયા મધેનું અનાંસરી તન તજે, ત્યારે હું તેને અમશાસપંદી આલંમ કે, જ્યાં પુરેશ્તાઓ છે. ત્યાં સુધી પહોંચાડું. જેથી તે મહને હમેશ જોઇ શકે.

---

* એ નાંમા મધેના અતરે સુધીનાં સર્વ ફકરાઓ "યઝદાની પેગામ મુજબ અશો" મેહ આબાદે" પોતાની જબાનથી આલમીઆનોને કહી સંભાળાવ્યા છે. પણ હવે ખુદ ખોદા ખાલિક પોતાની જબાને ખલકના લોકોને હુકમ ફરમાવતો હોય, તે મુજબ લખાણો છે.

(ખુલાસોઃ—ઇયાને જે રવાન હરેક નીચલી જહાનમાં અનાસરી બદન વચ્ચે હયાતી ધરાવતી વેળા દુનિયાઈ લેહજતને તજી હમેશાની દુનિયાના વિચારમાં રહી, સર્વ રીતના ક્રોધ, કપટ અને કુકર્મથી પરેજી રાખે, અને ગરીબ પશુઓને દુઃખ દેવા તથા ભક્ષ કરવાથી દુરી પકડી નેક કામોની કોશેશ કરયા સાથે જપતપમાં મશગુલ રહેનાર હોય તો, તે રવાન ફરોહરી મરતબો મેળવી ઊંચા આસમાન, કે સર્વથી સરસ બેહેસ્તનું મકાન હાસલ કરી શકે, કે જ્યાં ફરેસ્તાઓનું સંસ્થાન છે. તે રવાન તે જગ્યાએ ખોદાઈ નુરના દરશણ પ્રાપ્ત કરી શકે છે.)

૫. એમ કરતે જો કોઇ તેવો "હુરંતાસ્પ"* થઇ નહીં શકે, પણ દાનાઇ મેળવી બુરાં કામોથી દુરી પકડનાર થાય, તો તેને બી હું બીજા ફરેસ્તાઓની હદ સુધી પહોંચાડું.

૬. અને જે કોઇ જેવી દાનાઇ અને ભલા કર્મ ધરાવે તે મુજબ તે રવાન-ત્તાની ગોહરેવાલી આલમ, બેહેસ્તી રવાનોવાળાં મકાન અને આસમાનો અથવા હરેક તારાઈ ગોળાઓપર જગ્યા પામીને ત્યાં સદા ખુશી મેળવનાર બને.

૭. અને જે કોઇ હરેક નીચલી દુનિયામાં અવતાર લેવાની ઇચ્છા રાખે, અને તે નેક કર્તુકનો હોય, તો તેની દાનાઇ, વાચા અને કર્મને લાયક પાદશાહી, વજીરી, ન્યાયાધીસપણું અથવા દોલતની બક્ષેસ હું કરીશ.

(ખુલાસો:—એક નેક કર્તુકનું રવાન આ તની શરીર તજ્યા પછે અગરજો તે આ નીચલી દુનિયાનુંજ બેહેસ્ત મેળવવાને લાયકનો હોય તો વધુ દાનાઇ મેળવવા તથા સ્વચ્છ થવાને માટે ફરી મનુષી અવતાર ધારણ કરેછે. તે વેળા તે સાધારણ લોકો કરતાં વધુ મોટો મરતબો મેળવેછે, જેમકે પાદશાહી, વજીરી, દોલતમંદી, ઇત્યાદી. એઓને દુનિયાઇ બેહેસ્ત ગણેલુંછે. વધુ બીના જુવો, "સારેસતાને ચાર ચમન"ને પાને ૪૪થી.)

૮. જે કોઇ જેવું કામ કરશે તે મુજબે અંતે બદલો મેળવશે.

શરેહ:—ઇયાને જે કોઈ પોતાના અનાસરી શરીરમધે પોતાની હયાતીનાં વખતમાં જેવું કરશે, તેવો તેનો બદલો મેળવશે.

---

* જુવો મજકુર ફકરા ૩ જાની શરહે અથવા ફકરા ૪ થાનો ખુલાસો.

[એ આબાદી ટોળીના પેગંબર "મેહઆબાદ" કે જેનીપર તથા તેના ચેલાઓપર ખોદાની આફ્રીન હોજો. (તેને જ્યારે મજકુર ખબર મળી ત્યારે) તેના મનમાં એવો સવાલ ઉપજ્યો હતો, કે ઓ ખોદા! પાદ-શાહો, હાકમો અને તવંગરો જે પોતાનું દેહતું દુઃખ અથવા બેશ, કુટંબની દલગીરી મેળવેછે. તે કાંય અને શાને માટે છે? તે વેળા જહાનના ખાવંદ અસ્તિ બક્ષનાર યઝદાને જવાબ આપ્યો કે:—]

૯. એવા દરેકજણ પોતાની ખુશીના વખતમાં જે દુઃખ અને દલગીરી મેળવેછે, તે તેને આગલા શરીરમાં કીધેલા કર્તુકનો બદલોછે. જે ઇનસાફનો આપનાર તેઓને એ વેળા આપેછે.

શરેહ:—એમ સમજો કે એક શખ્સ પ્રથમ બુરાં કામ કરનારો હતો પણ તેને પાછળથી ઘણા નેક કામો કીધાં અને મરણ પામી બીજા શરીરમાં ગયો, ત્યારે મુરાદ બક્ષનાર પરવરદેગારે તે શરીરમાં તેની ઉમેદે પુગાડ્યો. (ઇયાને પાદશાહ, વજીર, હાકમ અથવા તવંગર કીધો.) પણ તે સાથે ઇનસાફની રાહે તેને તેની આગળી બદકારીનો બદલો આપ્યો, અને તે અવેજમાં કસો ઘટાડો કીધો નહીં. કારણ કે અગરજો તેને સજા (દુઃખ, દલગીરી) નહીં આપે તો તે ઇનસાફનો ધણી કેહવાય નહીં.)

(ખુલાસો:—એપરથી જાહેર થાયછે, કે અગરજો કોઈ શખ્સે એકસો તરાંહના સવાબો અને પચીસ જાતના પાપો કર્યાં હોય તો તેના એકસો સવાબમાંથી તે પચીસ પાપને કાંઇબાદ કરવામાં આવતાં નથી. પણ તેના બધા સવાબોનો બદલો બરાબર આપતાં તેણે કરેલાં ગુનાઓનો અવેજખી પુરો લેવામો આવેછે જેથી ખરેખરી અદાલત ઠરે વાસ્તે સવાબકાર શખ્સને વાજેબછે, કે ગમે તેવાં મોટાં મોટાં સવાબના કામે .ર્યાં હોય, તે છતાં એક જરા જેટલાં પાપથી દુરી પકડવી જોઇએ. કે જેથી અંતે પશેમાની ખેંચવી પડે નહીં.

વરશીમ ૭ મી.

(અવતારથી મળતો ભલાં, ભુંડાંનો બદલો.)

યઝદાનનાં નામથી સરૂ કરૂંછું કે:—(અથવા જણાઊછું કે:—)

૧. જે કોઈ ભુંડી ખસલતનો હોય તેને પ્રથમ મનુષ્યરૂપમાં સંકષ્ટ આપેછે જેમકે–પોતાની માના પેટમાં હોતી વખતે પહોંચતી ઇજા, જનમ્યા પછે દેહદુઃખ ભોગવવું કે પોતે પોતાને હાથે પ્રાણઘાત કરવું, પ્રાડી ખાનારા જાનવરોને હાથે જખમી થાવું અથવા માર્યા જવું તથા કંગાલીયત ભોગવવી. એ સર્વ જે જન્મથી તે મરણસુધી પુગેછે, તે પોતાના આગલા શરીરની કરણીનો બદલોછે. તેમજ નેકીનો બદલો ખુશી ખુરમી કે શુખ શાંતિથી આપવામાં આવેછે.

શરેહ:—યઝદાન ફરમાવેછે, કે દરેક જણુંને આ અવતારમાં પોતાના જન્મથી તે મરણ સુધીમાં જે કંઈ ભલું ભુંડું મળેછે, તે સર્વ તેના આગલા ભવની કરણીના બદલાને માટે હોવાનુંજ સમજવું.

(ખુલાસો:—એ ફકરામાં જે "પ્રથમ"નો શબ્દ આવ્યો છે, તેપરથી એવું જણાયછે, કે હરેક અપરાધીને પ્રથમ પાછો મનુષી અવતારમાં લાવીને સજા પોહોંચાડયા બાદ ફરી તેના બાકી ગુનાહઓ હોય તેની સજા બીજા હેવાની અવતારમાં લાવી આપવામાં આવેછે, અને એજ મુજબ જે જે ગુનાહ હોય તેને લાયક અવતાર પામવા પડેછે, કે જેથી પોતાની કરણીનો બદલો વળી શકે,)

(આપણે જે સાધારણ સખુને કરમ કે કીસમત અથવા નસીબ કે ભાગ્યથી બનેલું કહીએ છઇએ, તે તેઓના અર્થ મુજબ સર્વ પૂર્વજન્મના ભાગછે. વાસ્તે આ અવતારમાંખી ચેતી નહીં ચલાય તો, ફરી ફરી અનેક અવતાર લેવા પડેછે એટલુંજ નહીં, પણ જો આગલા જન્મની કરણીનો બદલો વળી નહીં શકે, અથવા ઓર બીજા અપરાધોમાં વધારો થતો જાય તો પછે મનુષી અવતારથી હેવાની કે વનસ્પતિ અને છેલે ખણીજપદાર્થના અવતારમાં પેવસ થઈ જુગનાજુગ સુધી અટવાયા કરવું પડે.)

(જરથોસ્તી ધર્મમાં પણ કેટલાક અપરાધોને "મરગજાની" ગુનાહ કરીને જે નામ આપવામાં આવેલાં છે, તેથી કાંઈ એમ નહી સમજવું કે, તે ગુનાહ કરનારને કતલ કરવાનું ફરમાવ્યું છે. પણ તેની મતલબ એજ છે કે, મોતને લાયક ગુનાહ ઇયાને તેવાં ગુનાહ કરનારને વારંવાર અવતાર લેઈ મરવું પડે છે.)

૨. સિંહ, વાઘ, વરૂ, ચીતા વગેરે જેઓ પ્રાડી ખાનારા જાનવરો છે, તેઓ સર્વ આગલા અવતારમાં મોટા ઓધેદાર અને શેઠ

માણસો હતાં. તેમજ ઊડનારા, ચારો કરનારા અને પેટે ચાલનારા જાનવરોબી આદમીઓજ હતાં, કે જેઓ પેલા મોતેબર અને પદવી પામેલાઓની ફરમાં બરદારી ઇયાને, ચાકરી બજાવનારા હોવાથી પોતપોતાના ધણીઓના કેહવા, સમજાવ્યા પ્રમાણે અથવા તેમના દબદબાનાં આંસરાથી બીજા લોકોને દુઃખ દેઇ હરેક સાથે ભુંડાઇ કરનારા હતા. તથા ગરીબ પશુઓપર જુલમ કરવાનો અને તેઓને કાપવાનો ધંધો લેઇ બેસનારા હતા. તેના સબબે હેવાની અવતારમાં આવીને પોતાના સરદારોનેજ હાથે સજા પામે છે.

(ખુલાસોઃ—જેમ જાહેર જોવામાં આવે છે તેમ તેહવા પાદશાહઓની બેદાદીથી તેના અમીર ઊમરાવો, બીજા હાકમો પાસેથી લાંચ રૂશવત લીએ છે. અને હાકમો પેલા અમીર ઊમરાવોને હાથમાં રાખી હરેક રૈયતને લુટવાને માટે ચાકર, નોકરોને તરેહવાર બાહાને હુકમ ઈશારા કરતા આવે છે. વળી રૈયતો મધ્યના તેવા મારતેબીયાંઓ દરબારી લોકોની દોસ્તી મેળવી તેઓના હુકમથી પોતે મોટાઇ ભોગવવા સારૂં હરેકને દુઃખ પહોંચાડતા આવે છે, તો તેવાઓ જંગલી અને ફાડી ખાનારા જાનવરો તથા નર્કવાસી કીડાઓનો અવતાર લેઈ, પોતાની કરણી મુજબની સજાઓ બીજાને હાથે પામતા આવે છે. અથવા કીડા, મંકોડા, માંખ, મચ્છરની જાત નજીસ ચીજો ઈયાને લોહી, પરૂ વગરેના ખોરાકથી પેટ પાળતે તેમને ચલ્લાં, કબુતર અને કાગડા જેવા ઊડતા જાનવરો ભક્ષ કરી ખાએ છે. અને તેવાંઓને શકરા, ખલીલ વગેરેના જાનવરો શેકાર કરે છે. તથા બીજી જાતના કીડા કીડીઓને ઉંદર કે દેડકાઓ પોતાનું ખાનું કરે છે. તેઓને સાપ ગળી જાય છે, સાપને નોળિયો મારે છે, તથા નોળિયાનો કોહલાં, કુતરાંઓ જીવ લીએછે. તેમજ ઊંદરને બીલાંડાં અને તેને કોહલાં કુતરાં મારતા ફરે છે. તે સર્વનો તલેસમી કાયદો કુદરતના ખાવંદે રચેલો છે, કે દરેક તકશીરકાર પોતપોતાના અપરાધ મુજબનો અવતાર લેઈ જથા જોગ રીતે સજા પામે.)

૩. અંતે એ બુરાં ચેહરાના ફાડી ખાનારા વડા જાનવરો પોતાનાં (આગલા ભવનાં) કરતુક મુજબ દુઃખ, સંકષ્ટ ભોગવી અથવા જખમી થઇને મરણ પામેં છે. અગરજો તેઓનો ગુનાહ તે (અવતારના) વખતમાંબી બાકી રહ્યો હોય, તો બીજી વેલા પોતાના મદદગારો સાથે અવતારમાં આંવી સજા પામે છે.

શરેહ:—(તેવા અપરાધીઓ) જ્યાં સુધી તેઓનો ગુનાહ પુરો થાય ત્યાં સુધી તેઓ અવતાર મેળવી ઘટતી સજાએ પહોંચે છે. પછે અગરજો તે સજાનો અંત એક, દસ, સો અથવા વધુ અવતારમાં આવે.

વરશીમ ૮ મી.

(ગરીબ પશુઓને બેજાન નહીં કરવા બાબે.)

યઅદાનનાં નામથી સરૂ કરૂંછું કે:—

[જગતકર્તા સાહેબ પોતાના પેગમ્બર મુઓર્ગ આબાદને હુકમો ફરમાવે છે કે:—]

૧. "અંદબાર" કે જેઓ બીજાઓને દુઃખ નહીં દેનારા પશુ જાનવરો છે. જેવાં કે, ઘોડા, ગાય, ઊંટ, ખચર, ગધેડાં ઇત્યાદી. તેઓને મારતા તથા બેજાન કરતા ના. કારણકે તેઓને આગલા ભવની કરણીનો બદલો બીજીજ રીતે મળેછે. જેમકે—ઘોડાઓપર સવારી કરવી તથા બલદ, ઊંટ, ખચર, અને ગધેડાંઓપર બોજો લાધવામાં આવે છે. કારણકે તેઓ આગલા ભવમાં આદમીઓજ હતા. જેઓ બીજાં માણસોપર બોજો લાધી જબરદસ્તીથી ચલાવતા હતા.

(ખુલાસો:—ધ્યાને એવા પશુઓને તેઓના આગલા ભવના અપરાધની સજા એટલીજ બસ છે, કે જેમ તેનાઓ બીજાઓને મફત વેઠે પકડી મેહનત મજુરી કરાવતા હતા, તેમ આય અવતારમાં ગિરફતાર બની ભાર ઊચકનાર થયાં છે. તો તેવા જાનવરોપર કામ ફરમાવનાર શખસોએ તેનાને દાણા, પાણી, અને ઘાસ વગેરે હરવખત પેટ ભરતું આપ્યા સાથે થંડી, ગરમી, તથા બીજી આફતોથી સંભાળી બેહદ મેહનત આપવી નહીં. તે બાબે જરથોસ્તી ધર્મમાં પણ ઘણી તાકીદ કરેલી છે.*

૨. માટે અગરજો કોઇ સમજુ શખસ જાણી જોઇને ગરીબ

---

* જુવો આ ખાકસારીએ છપાવેલી "સરનામે રાઝેયઝદાની" ની કીતાબમાં ભાગ બીજાની ૬ ઠી શિખામણ.

પશુઓ પર જુલમ ગુજારે અથવા તેઓને કાંપે તો તે માણસ કુદરતી બનાવથી અથવા હકુમત ચલાવનારાઓથી આ અવતારમાંજ જો પોતાના ગુનાહનો બદલો નહીં મેળવે તો આવતા અવતારમાં તેઓની તકસીરનો બદલો મળે, અને પોતાના ગુનાહની સજાએ પહોંચે.

(ખુલાસોઃ—ઇયાને જે કોઈ એવા ગુનાહ કરનાર હોય તેનાઓ ઊપર કુદરતી આફત આવે છે. પણ જો તે બલા પહોચ્યાના વખત આગમજ તે પોતે મરણ પામે તો તેને પોતાની બદીનો બદલો મળવા કીજે બીજા ભવમાં અવતાર લેવા પડે છે. અગરજો રાજ્ય ઇનસાફી હોય તો તેવા તકસીરકારને સજા પહોંચાડે, અને જો સતાવાળાઓના હાથમાંથી પણ છટકી જાય તો તેને પોતાની કરણીનો બદલો વાળવા સારૂ પશુઓનો અવતાર લેવા પડે.)

(જરથોસ્તી ધર્મમાં જે ફરમાનછે કે "દોજખમધે દોજખીઓને સજા પહોંચાડનાર દેવો ઠેરવાયલા છે અને તેઓ ઊપર બીજા રખેવાલ ઉપરીઓ મુકરર થયાં છે, કે તે દેવો હદથી જીઆદ કોઈને ઇજા દેઈ શકે નહીં" તેની મકસદબી. એજ જણાયછે, કે અદલ રાજ કરનાર સતાના સાહેબો જ્યા હોયછે ત્યાં જો કોઈ બીજા મનુષ્યઓને અથવા બેજુબાન પશુઓને દુઃખ દેવા ચાહે તો તેવો તે કામથી તેને અટકાવેછે, અને શિક્ષા પુગાડેછે, તેનાવો જાણેકે દેવ ખસલતના માણસો ઉપર આતશનો ગુરૂજ રાખનાર ઇઝદો સમાનછે.)

૩. કોઇબી જાંતના બે આજાર પશુઓને કાપવા, તે જાણે કે એક વગર ગુનાહના નાદાન માણસને મારી નાખવા બરોબર છે.

(ખુલાસો :—જે પશુ હેવાનોને હાલે આપણે જોઈએછેએ તેનાઓ સર્વે આગલા અવતારમાં મનુષ્ય જાતના હતા, પણ તે બીચારાં પોતાની નાદાની એ ચાલવાથી ગુનાહકાર બનવાને લીધે આ ભવમાં હેવાની અવતાર પામ્યાં છે, વાસ્તે હવે એ હેવાનો મધેના કોઇનેબી ઇજા દેવા, મારફાડ કરવા અથવા કાપી ખાવા કોઈ ચાહે તો જાણે કે પોતે પોતાના નાદાન ભાઈબંધો અથવા બેશીઓને દુઃખ દેઈ કાપતો હોય.)

૪. વાસ્તે જાણજો કે—ગરીબ પશુઓને મારી નાંખનારાઓ બુઝોર્ગ યઝદાનના ક્રોધમા ગિરફતાર થશે.

૫. બુઝોર્ગ યઝદાનના ક્રોધથી તમો હમેશ ડરતાં રહેજો.

(ખુલાસો :—દરેક નહાના કે મોટાં ગુનાહનો બદલો કુદરતનો ખાવંદ જ્યારે ગેબથી આપતો આવેછે. ત્યારે મનુષ્ય જાતને ઘટેછે, કે હમેશ ગેબી આફતથી બીહતો રહીને પોતાની મનચ્છા, વાચા અને કર્મનાં નેક રાખી કદી કંઈ પ્રકારે કુકર્મ પોતાને હાથે નહીં થવાને માટે ચેતી ચાલે.)

વરશીમ ૯ મી.

(ઘાતકી જાનવરોને બેજાન કરવા બાબે.)

યઝદાનના નામથી સરૂ કરૂં છું કેઃ—

૧. પ્રાડી ખાનારા જાનવરો કે જેઓ બીજા જાનવરોને દુઃખ દેનારા છે, તેઓમાંનો કોઇ અગરજો એક ગરીબ પશુને મારી નાંખે તો જાંણવું કે, (આગલા અવતારમાં) તે પશુના હાથથી બીજાં કેટલાં એક જાનવરો મારયાં ગયાં હશે. તેઓના બુરાં કરતુકનો દયાને જાનવરોને માંરવાનો બદલો આ અવતારમાં પ્રાડી ખાનારા જાનવરોથી જોય છે. કારણ કે, પ્રાડી ખાનારા જાનવરો સજા આપવા અને બદલો વાળવાને માટે પેદા થયાં છે.•

(ખુલાસોઃ—જેમ એક આદેલ પાદશાહ પોતાની રૈયતમાના તેવા લુટારૂ કે ખુનીઓને સજા પહોંચાડવા સારૂં, બાંધી મારનાર કે કતલ કરનાર જલાદ (Executioner) ને ફરમાવે છે અને બીજા આબરૂદારોને તેઓની તકસીરને માટે સેજ સજા પહોંચાડવા સારૂ હવાલદાર, જમાદાર કે કોટવાલ જેવા ઓધેદારને હુકમ આપે છે, પણ જો તે ઓધેદારો ફરમાનથી વધુ કોઈને દુઃખ દીએ તો તેઓને બીજાઓની મારફતે સજા કરાવવામાં આવે છે. તે મુજબ કુદરતી કાયદો પણ છે, કે તેવાં મુંજી માણસો જેઓએ ગરીબ પશુઓને દુઃખ દીધું હોય તેવોને તેઓના આગલા ભવની કરણીનો બદલો વાળવા ફીજે મુંજી હેવાનો અથવા બીજા પશુઓનો અવતાર આપી, તેઓને તેઓના કરતાં વધારે જબરદસ્ત ઘાતકી જાનવરો અસ્તકે સજા પહોંચાડે છે, પણ જો તે ઘાતકી જાનવરો ખાલેકની બીજી ભલી ખીલકતને હાનિ પહોંચાડે તો તેઓને મારી નાખવાનો હુકમ મનુષ્યને ફરમાવ્યો છે.)

૨. તેમજ સર્વ જાતના ઘાતકી જાનવરોને માણસોએ મારી નાખવા સજાવાર અને ઘટતું છે. કારણ કે તે મુંજી જાનવરો આગલા અવતારમાં ખુનરેજી કરનારા તથા બેગુનાહનાઓને મારી નાખનારા હતા; માટે તેમના કરતુક મુજબ તેઓને મારી નાખનારને સવાબનો ભાગ મળશે.

શરેહ:—એ ઘાતકી જાનવરોને શિક્ષા દેનાર, તે એક નેક કામ કરનાર અને યઝદાનના હુકમપર ચાલનાર ગણાયછે. તો એપરથી એવું સીદ્ધ થાય છે કે, યઝદાને તેઓને મારી નાખવાનો હુકમ આપ્યો છે, કારણ કે તે મુંજી જાનવરોની શિક્ષા એજ છે કે, તેઓને મારી નાખવા.

(ખુલાસો:—એજ પ્રમાણે આકાશવાણી અવસ્તામાં પણ ફરમાન છે કે, કેટલીએક જાતજાતના હેવાનોને મારી નાખવાથી તથા તેઓને આબાદી મધ્યથી દુર કરવાથી જુદી જુદી જાતના ગુનાહઓનું નીવારણ થાય છે. તેમજ સુદરેહ કુશતીના ભેદોમાં ખુલ્લું ફરમાન આવેલું છે, કે નુકસાનકારક જાનવરો જેવાં કે, વરૂ, વાઘ, સિંહ, ચીતો, સાપ, નાગ અને સાપ ઇત્યાદી મધ્યના જેઓ મનુષ્ય જાતને ઇજા કરે તે આગમજ તેઓને દરેક દીનદાર શખસે પોતાની હીમત અને યુકિતથી મારી નાખવાં.*

વરશીમ ૧૦ મી.

(ઊગવણી તથા ખણીજ પદાર્થના અવતાર બાબે.)

યઝદાનના નામથી સરૂ કરૂંછું કે:—

૧. જે માણસો મુરખ અને બુરા કર્તુકના હોય છે. તેઓ (બીજા ભવે) ઊગવણીના શરીરો ઇયાને ઝાડોનો અવતાર લેઇને પોતાના અનાડીપણા અને બદકામોની શિક્ષા મેળવે છે.

(ખુલાસો:—શત સપેંતમાન ઝરથોસ્તે પણ ફરમાવેલું છે, કે "માણસ જાતને એલમ, હુનર હાસલ કરવાની અગત્ય છે. જેથી આ સંસારમાં જીંદગી કરવા ભલા, બુડાંને સમજી નેક રસ્તે ચાલે. તો એપરથી સર્વ મા, બાપોને પુરતી ફરજ છે કે, પોતાના બેટાબેટીઓને પ્રથમ ધર્મ ગ્નાન, પછે

---

* જુવો આ ખાકસારે છપાવેલી "સરનામે રાજે યઝદાની"ના ભાગ ૨ જાનો શિખામણ ૭ મી.

કંઈબી એલમ, હુન્નર શિખવે. જેથી તેઓ નીતિવાન બનીને દીનના ફરમાન મુજબ ચાલી શકે, અને ભલા સંસાર ભોગવતાં બુરાઈથી વેગળા થઈ ભલાઈની કોશેશ કરી શકે.)

૨. અને જે કોઇ ઘણી બુરી અકલના અને ભુંડાં કરતુકના હોય છે, તેઓ ખણીજ પદાર્થોનાં શરીરોમાં પણ જાય છે. (અવતાર લેએ છે).

૩. જ્યાં તલક તે (આગલ કહ્યા મુજબ દરેક જાતના અવતાર પામેલાં) એના ગુનાહઓનો નિવાડો આવે, અને કંઇ પણ બાકી રહે નહીં ત્યાં તલક અવતારોમાં દુઃખ ખમવા પડે છે. અને જ્યારે સર્વ રીતે ફારક થાય ત્યારે પાછો ઇનસાનનો અવતાર મળે છે. અને તે અવતારમાં આવ્યા પછે પૂરી જેવું કરે તેવો તેને બદલો મળે છે.*

(ખુલાસો:—મનુષી અવતાર. બેહસ્ત અને દોજખ પામવાના બે માર્ગ વચે હોય છે. વાસ્તે જો ખોદાઈ ફરમાન મુજબ ચાલનાર નિવડે તો સરૂશી સંસ્થાનોમાં જાઈ પહોંચવાનો મરતબો મેળવી શકે છે. અને જો પોતાની બુરી ઈચ્છાઓ પ્રમાણે ચાલે તો દીવ સમાન બનીને હરેક નીચલા અવતારમાં અટવાયા કરે છે. જ્યાં સુધી કે સ્વચ્છ થઈ ખોદાની બક્ષેશથી ફરી તેને ઈનસાની અવતાર આપવામાં આવે. અને તે વેળા પણ અગરજો તે શખ્શ ચેતી નહીં ચાલે તો ફરીને અવલ મુજબ અનેક અવતારમાં અટવાયા કરવું પડે છે. એમ વારેવાર અપરંપાર વખત શરીર ધારણ કરતાં અગરજો તે સમજી સુધરી શકે તોજ તેને નુરાની આલમમાં પહોંચવાનો માર્ગ મળે છે.

વરશીમ ૧૧ મી.

(અવતાર વગેરે બીજું મોટું દોજખ.)

યઝદાનના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. અગરજો એક શખસ દાનાઇ ધરાવે, (અને ભલા, ભુંડાંને

---

* મજકુર ૭ થી તે ૧૦ મી સુધી ૪ વરશીમમાં જે જે અવતારો જણાવ્યાં છે તે મનુષ્યોએ બેઅકલીપણે અને વગર બુધીએ કીધેલાં બુરાં કરતુકોના ગુનાહઓનો બદલો મળેલો છે. પણ અગરજો બુધી ધરાવ્યા છતાં કુકર્મ કરે તો તેની શિક્ષાઓ મેળવવા માટેનુ દોજખ જુદું છે.

સમજી શકે,) ત છતાં બુરાં કરતુકનો થાય, તો ફરી તત્વી શરીર મેળવતો નથી. તેમજ તેના રેવાનને આકાશ તરફ જવાનો માર્ગ પણ મળતો નથી. અને (એક હધમાં*) તેની બુરી ખસલતો જે છે—તે એક બળતો આતશ, થંડો બરફ અથવા સાપ, વિચ્છુ વગેરે બીજાં ઇજા પહોંચાડનારાઓનો આકાર પકડી તેઓ તેને ઇજા દીએ છે.

(ખુલાસો:—એજ ફકરાને અનુસરતું શત "કયુમરસ" ફરમાવે છે, કે–"જે કંઇ તાહરા શરીરી કામની કલમથી તું એ પોતાના વાચાઈ આત્માની પાટીપર લખ્યું હશે તે નુંરાની સ્વભાવો ઇયાને પાલણ કરનારા ફરેસ્તાઓ ઇયાદીની જુબાનથી તને સવાલ કરશે, અને તાહરા એકરાર પ્રમાણે તે કામનો બદલો તુને આકાશમાં આપશે.†)

૨. અને તે (મહા પાપી માણસોના) રવાન જેમ "મીનોવાન મીનો" અને બીજા દરેક સ્વર્ગોથી વેગળો થાયછે. તેમજ નીચલી દુનિયા અને તેમાંના કોઇબી તત્વી શરીરોથી દુર થવાને લીધે નામુરાદીના આતશમાં બળેછે. અને તે દોજખનો સઊથી બુરો પાયો ઇયાને મરતબોછે.

[નીચે આવેલો ફકરો ખુશી ભરેલા રવાનવાળા અશો આબાદને યઝદાન ફરમાવે છે.]

૩. તું બોલ કે, "યઝદાન તને અને તારા દોસ્તો (ઇયાને તાહરા ધર્મના ફરમાનપર ચાલનારાઓ) ને એ સખત દોજખનાં દુઃખમાંથી બચાવી રાખે.

વરશીમ ૧૨ મી.

(જપતપના બલથી આકાશોમાં ફરી વળવા બાબે.)

યઝદાનના નામથી સરૂ કરૂં છું કે:—

---

* જે હધમાં મનુષ્યના બુરાં કરતુકો તરેહ તરેહનો આકાર પકડી તેના રવાનને ઇજા દીએ છે. તે હધને આરબીમાં "આલમે મસાલ" કહે છે. જે ચંદ્ર આકાશની નીચે અલંગ અંદીઠ જગ્યા છે, અને તે આગલ કહેલી આતશ અને હવાની હધ ગણાય છે.

† એ ફકરો મજકુર સાહેબે એ દસાતીર ઇયાને પુરાની "દરી" ભાષામાં રચેલી ચોપડીમધેના ફકરાઓમાંનો એક ફકરો છે. જેની વધુ બીના જુવો સારેસતાને ચાર ચમનને પાને ૨૭૬ મે.

૧. જો તમો ભુખ્યાં રહી ઊજાગરો કરતે પાક યઝદાન તરફ દીલ લગાડશો (જપ તપ અથવા બંદગી કરશો) તો તમો તમારી જીંદગીમાં તત્વી શરીરથી વેગળાં થઇને આસમાન, તારા, ફરેશતાઓ અને ખોદાના "નુરેલ અનવાર" (સ્વયમ પ્રકાશ) ને જોશો.

૨. પછે તત્વી શરીરમાં પાછા આવશો અને જ્યારે નીચલી દુનિયામધ્યનું તમારૂં શરીર વીખરાઇ જશે, તથા સાંધે સાંધા છુટા પડશે ત્યારે જે દરજ્જો કે પોતાની હયાતીમાં જોઇ આવ્યા હશો તે દરજ્જામાં પાછા પહોંચીને તેમાં હમેશસુધી કાયમ રહેશો.

(ખુલાસો :—જ્યારે મનુષ્ય પુરતી બુદ્ધિ મેળવી આ ફાની દુનિયાની સ્વાદીષ્ટ ચીજોપર દીલ નહીં લગાડી ફકત પાકપરવરદેગારની ભજન, ભકિત કરવામાં "રયાજત" ખેંચે ઇયાને તપ જપ કરેતો તેવા શખ્સને એવી એક હાલત મળી શકેછે, કે તે જીવતા જીવત પોતાના શરીરમાંથી બહાર નિકળી આકાશો, તારાઓ, વગેરેની સર્વે ઊપલી હદમાં જઈ શકી ત્યાના બેહસ્તોનો તમાશો કરી શકેછે. એટલુંજ નહીં, પણ પોતે પવિત્ર હોવાથી પોતાના ખરાં મરણ બાદ તેને તે દુનિયામાં કહી જગ્યા આપવામાં આવશે? તેબી તે ત્યાં જોયછે. અને જ્યારે તે પોતાના તત્વી શરીરમાંથી મરણ પામેછે, ત્યારે તે પોતે જોયલી પોતાની જગ્યાએ જઈ વસેછે. એ હાલત મેળવવા તથા જીંદગીની વેળા આકાશોમાં ફરી આવવાની ખીના જુવો "પ્રકાશફાતે કેવાની.")

વરશીમ ૧૩ મી.

(ધર્મસંબંધી ખોદાઈ ફરમાનો.)

યઝદાનનાં નામથી સરૂ કરૂં છું કે :—

૧. પરવરદેગારની બંદગી બજાવવા દરેક દીશાએ મોઢું કરવું ઘટતું છે. પણ જો દરેક રોશની અથવા કોઇબી તારાઓ સામને ભક્તિ કરો તો વધારે સરસછે.

શરેહ :—તે વગર દીશાના ગોહર (ખોદા) ની બંદગી બધી દીશા સામે ઉભાં રહી કરી શકાય છે. અને જે દીશા તરફ તે સાહેબની ભકિત કરીએ તે ઘટતીછે. પણ તે ઉપરાંત જે બંદગી કે રોશન ચીજો તથા તારાઓ તરફ મોઢું (કેબલો) કરી બજાવી હોય તે વધારે નેક છે.

૨. તમો પોતાના જોડાં સારૂ એક સ્ત્રિ પરણજો, અને તે પોતાની અર્ધંગા શિવાય પરસ્ત્રિપર બદ નજર કરતા ના, અને તેણીઓ સાથે મેલાપ કરવાથી દુર રેહેજો.

૩. બુરા કરતુકનાઓને સજા આપજો.

૪. તમારો કોલ ઇયાને આપેલું વચન તોડતા ના, તથા જુઠા કસમ ખાતા ના.

૫. ગુનેહગારોએ જેવો ગુનાહ કીધો હોય તેવીજ સજા તેને આપજો.

શરેહ:—ગુનેહગારોને તેઓનાં ગુનાહની બરોબર સજા આપવી. એમ નહીં કે ઘણો ગુનાહ કરનારને થોડી, અને થોડા પાપ કરનારને ઘણી શિક્ષા કરવી. અગરજો એક શખ્સ કોઈને પથ્થરથી મારી નાંખે તો તે ખુનીને પણ પથ્થરથી મારી નાખવો. અને અગરજો કોઈને તલવારથી મારી નાંખ્યો હોય તો, તેને પણ તલવારથી મારવો.

(ખુલાસો:—ધર્મનીતિના ધારા મુજબ રાજ્ય કરતાઓએ ઈનસાફની રાહે દરેકને તેના ગુનાહને અનુસરતી સજા આપવી, અને ગરીબ તથા તવંગરો વચ્ચે કસો તફાવત ન રાખતે દોસ્ત દુશમન કે દેશી પરદેશીઓને એક સરખાં ગણી બાંધેલા ધારા મુજબેજ સર્વને સજા કરવી. કે જેથી કોઈ નાચાર બેજુબાન સેજ તકસીરને માટે ભારે સજા પામે નહીં. તેમજ કોઇ વગવાળો તવંગર પોતાના કર્તુકની સજા પામવાથી છટકી જાય નહીં.

૬. દારૂ અને કેફી વસ્તુઓ મધેની કોઈપણ ચીજને એટલી બધી વાપરવી નહીં કે જેથી તમો બેસુધ્ધ થાઓ.

૭. જે કોઇ ઊમ્મરે નહીં પહોંચેલો અને નાદાન હોય, તે જ્યાં તલક ઊમ્મર અને દાનાઇએ પહોંચે ત્યાં સુધી તેની માલમત એક દાનાવ, નેક ખસલતનો અને ખરા વચનનો વીશવાસુ હોય તેને સોંપજો.

(ખુલાસો:—જે બચ્ચાઓ કે ટુંક ઊમરમાં મા, બાપ, અથવા મુરંબી વગરના થયાં હોય, તેનાનો વારસો જેટલો મળવા જોગ હોય તેને નાશ થવા નહીં દેઇ કોઈ ત્રસ્ટી જે દીનદાર અને દાનાવ હોય તેવા શખ્સને અસ્તકે સોંપવું. કે જ્યાં સુધી તે પેલાં બચ્ચાં ઊમરે પહોંચી

પોતાની જીંદગી પોતે ચલાવવા જોગ બને, ત્યાં સુધી તે ત્રસ્ટી તેની માલમતાને સાચવી અથવા સુધારી, અંતે તેને પાછી સોંપે.

૮. મા, બાપથી બાકી રહેલી પુંજી બેટા બેટીને સરખે ભાગે આપજો અને ઓરતોને થોડી.

૯. તમો તમારા હાથ નીચેનાઓને સુખી રાખજો, કે તેનો બદલો તમો યઝદાનથી મેળવશો.*

૧૦. પરવરદેગારે મનુષ્યને જે કંઇ તે ભલું ભુડું ચાહે, તેનીપર શક્તિવાન કીધો છે. માટે તે જો નેકી કરે તો બેહશ્ત પામે અને બદી કરે તો દોજખ મેળવે. †

શરેહ:—જ્યારે ખોદાએ પોતાના બંદાઓને નેકી અને બદીની પીછાણત કરવાની શક્તિ બક્ષિછે; તથા એવા તો અખત્યારવાળા કીધા છે, કે તેઓ (ભલું, ભુંડું) જે ચાહે તે કરી શકે, તો અગરજો ખોદાનો હુકમ જે નેકી અને ભલાઇ શિવાય બીજો કંઈ નથી, તે મુજબ ચાલેતો ઊંચા બેહશતમાં મથક મેળવે. પણ જો તે બુરે રસ્તે ચાલેતો દોજખમાં જગ્યા મેળવેછે. મશહુરછે, કે ભલી કરણીવાળો બેહસ્ત અને ભુંડી કરણીવાલો દોજખ પામે છે. ખાલેકના હુકમો તે એક ખરા વૈદના શબ્દોની માફક છે, તો જે શખ્સ કે તે મેહરબાન અને દાના વૈદની શિખામણ સાંભળી ચાલે તો તે શખ્સ પોતાના મંદવાડમાંથી છુટે, અને થોડી પરેજી કરવાથી લાંબી તંદરૂસ્તી મેળવે છે. પણ જો તેની શિખામણ નહીં સાંભળે તો પોતાનો રોગ વધારે છે. પેલા વૈદતો તેના મંદવાડ અને તનદુરસ્તીથી વેગળો છે.

(ખુલાસો:—એ ફકરા મધ્ય મનુષ્ય જાતને જે એક બિમારની મીસાલ આપી છે. તેનું જાણવું કે મનુષ્ય જાતનું રવાન જે અસલ મીનોઈ મકાનવાળું છે. તેને પેદા કરનાર ખાલેકે કેળવણી આપી મોટા મરતબે પહોચાડવા સારૂ મનુષી તનમાં ઊતારેલું છે. તે જ્યા તલક મુર્ખ રહે ત્યાં તલક એક બિમાર બરોબર હોય છે. વાસ્તે પાક યઝદાન જે બેબદલ હકીમ છે. તેણે એક પાઠશાળાની માફક આ દુનિયા રચીને તેમાં કેળવણી

* એને લગતી બીના જુવો "સરનામે રાઝેયઝદાની"નાં બીજા ભાગ સુદરેહની નવ શિખામણ મધેની ત્રીજી શિખામણ.

† જુવો એજ નામાની વરશીમ ૬ઠાને ફકરે ૮મે.

આપવા પોતના હુકમની વહી ઈયાને ગેબી ખબર મોકલી છે. તેથી આ દુનિયામાં અવતરનારાઓ પોતાને પેદા કરનાર ખાલિકના હુકમ મુજબ જો ચાલે તો, તેઓના રવાન કેળવણી પામયા ગણાય; અને જો નહીં ચાલે તો પોતાની મૂર્ખાઈની માંદગી વધારી, દોજખના દુઃખમાં વધારે ગિરફતાર થયા વગર રહે નહીં.)

૧. જીંદગીના સાહેબ (ખોદા) થી બુરાઇ ઊત્પન થતી નથી. તથા તે સાહેબ બુરાઇને ચાહતો નથી.*

(ખુલાસો:—આપણા ખોદા ખાલિકે આપણ સર્વેને નેકી સારૂ સરજેલાંછે. અને કબ્બુ કસું બદ કરવા ચાહતો નથી. તેમજ બુરા બનાવોને પણ પસંદ કરતો નથી. વાસ્તે બંદાઓએ પણ બુરાઈ તજી નેકીનેજ અખત્યાર કરવી જોઈએ.)

વરશીમ ૧૪ મી.

(જગત પંચાંગ અથવા જમાનાનુ ફરવું.)

યઝદાનના નામથી સરૂ કરૂંછું કે:—

૧. મીનોઇ (ઇયાને નુરી) આલમોનું હોવું અને ગેતી આલમો (જડ પદાર્થવાળી દુનિયાઓ)નું થાવું † જે છે, તે બક્ષેશના કરનાર સાહેબની બક્ષેશછે. તે તેનાથી કદી જુદી થશે નહીં. હમેશ સાથે હતી, છે અને સદા રહેશે.

શરેહ:—બક્ષેશના કરનાર સાહેબે જે ચીજ બક્ષિછે, તે પાછી લેતો નથી. કારણકે પાછું લેવાની ખસલત તે એક બુરા તથા કંજુસની છે.

૨. દુનિયાએ રોશાનીની મીસાલે યઝદાનના ગોહરના સૂર્યથી જુદાઇ પકડી નથી, અને પકડશે પણ નહીં.

(ખુસાસો:—જેમ ખુરશેદનો પરતવો અથવા તેના કીરણ તેની સાથે ઊગે છે અને રહે છે. તેમજ હયાતી બક્ષનાર યઝદાનના પરતવાથી

---

* અગરજો એને મળતો ફકરો આગલ વરશીમ ૧ લાનો ફકરો ૯ મો છે પણ એ બેઉનો ભેદ તેના ખુલાસા મુજબ જુદો સમજવો.

† ઈયાને આલમોને પેદા થવાનું કારણ. (Cause.) જેમકે ખોદાનુ એક નામ "મુસબબોલ અસબાબ" છે. ઇયાનો કારણોનો કર્તા.

જગત રચાયલું છે, તેમજ રેહશે. અને જેમ ખુરશેદથી તેનું નુર દુર થઈ શકતું નથી, તથા એક શખ્સથી તેનો ઓળો જુદો પડતો નથી, તેમજ ખાલેકની સાથેજ સરાસર જગત પ્રથંમ દીવસથી હતું, છે અને હમેશ રહેશે એમ સમજવું.)

(અશો જરથોસ્ત સાહેબ "ઝુરે પાસનાન" જેહને ઝુરે જરથોસ્ત "પણ કહે છે, તે રેસાલાની સરૂ આતમા ફરમાવે છે. કે "જગતનો પાયો એક અને જાતી બે છે." આઝરપઝુ એની શરેહમાં જણાવે છે કે" ઊચી મીનોઈ અને નીચલી પદાર્થી દુનિયા, તથા તેઓમાં જે કંઈ ચીજો છે, તે સર્વે એક ખાલેકનો પડછાયો છે. દરેક અસ્તિ તે એકજ ખાલેકની અસ્તિથી છે. અગરજો યઝદાનની અસ્તિ ન હોય તો કસી ચીજ અસ્તિમાં આવે નહીં. જેમ કે કંઈબી ચીજ વગર તે ચીજનો પડછાયો પડે નહીં. ઈત્યાદી.)

૩. નીચલી જહાન ઊપલી જહાનના હુકમપર ચાલનાર છાયાને તાબેછે.

૪. આ નીચલી દુનિયાની પાદશાહી પ્રથમ ધીમી ચાલના તારાઓને સોપેલી છે.

૫. જેથી તેમાનો પહેલો એક એકલો વગર ભાગીયાએ એક-હજાર વરસ પાદશાહી કરેછે.

(ખુલાસો:—પ્રથમ એક તારો પોતાના એક હજાર વરસના ફરતા જમાના તુલક કુલે તારાઓપર અસર નાખવે સર્વે પેદાયશ ઊપજતી આવેછે. અને તે પ્રથમ તારાના વખતમાં તેને કોઈ ભાગીઓ કે વજીર અથવા મદદગારની પણ જરૂર પડતી નથી. અને પોતે એકલો આપ અખ્તયારીથી કામ ચલાવે છે.)

૬. અને પછે તેના "દોર"ના બીજા હજારોમાં દરેક ધીમી ચાલના તથા ઊતાવળી ચાલના તારાઓમાંથી એક એક તારો તેની સાથે એક એક હજાર વરસ સુધી ભાગીઆ કે વજીર તરીકે સાથી બનેછે.

૭. છેલ્લે ચંદ્ર તારો તેનો ભાગ્યો થાયછે.

શરેહ:—હજાર વરસ તે કયાં? દરેક તારો જે હજાર વરસ ભાગીઓ થાયછે તે.

(ખુલાસો:—જે સર્વેથી સરસ અથવા કુલ્લે તારાઓ કરતાં મોટા મરતબાવાળો પેહેલો તારો પોતાની પાદશાહીમાં પોતે પ્રથમ એક હજાર વર્ષ તલક એકલો આપ અખત્યાર રાજ્ય ભોગવ્યા બાદ તેથી ઉતરતા ગોઠવણી મુજબ દરેક ધીમી ચાલના તારાઓ અને પછે દરેક ગ્રહઓ એક પછે એક, એક એક હજાર વરસ તેના મદદગાર થતા જઈને પોતાનો ઓઘ્ધો કે જમાનો પુરો કરતા આવેછે. તેમજ છેવટે ચંદ્રમાં ઈયાને સર્વેથી નહાનો અને બધાથી છેહલો તારો પણ એક હજાર વર્ષ મદદ આપનાર થાયછે. તેથી જેટલા તારાઓ ગગનમાં છે, તેટલા હજારો તલકની પાદશાહી તે એકલાની ગણાયછે.)

(માટે જો આપણે આકાશી તારાઓની ગણત્રી એક કરોડની ધારીએ તો તે એક કરોડ હજાર વરસ, અથવા એક કે જેટલા અબજ વિચારીએ તો તે એક અથવા તેટલા અબજ હજાર વરસ ગણાય. તેમાં પણ વળી જુદી જુદી જાતના વરસો હોય છે. જેમ આપણો ચંદ્ર પોતાનો દોર ખુરશેદની પ્રદક્ષણામાં આપણી પૃથ્વી સાથે એક વરસે પુરો કરે છે. બરેસ્પતી બાર વરસે, તથા શનિશ્ચર તીસ વરસે પોતાનો દોર ઈયાને પોતાના કુંડાલામાં ફરવાનું પુરૂં કરે છે, તે દરેક ફેરાના એક વરસ ગણાય છે. તેમજ શાબી તારાઓ પોતાનો દોર આપણા તીસ હજાર વરસે પુરો કરે છે. તેને પણ એકજ વરસ ગણવું જોઈએ.)

૮. તે (અગણીત ભાગીયાઓ સાથે પેહેલા તારાની પાદશાહી પુરી થયાં) પછે જે પ્રથમ ભાગીયો થયો હોય, તે તારો પાદશાહી મેળવે છે.

શરેહ:—જે તારો પ્રથમ પાદશાહી કરે, તેને પેહલો પાદશાહ ગણીએ, અને જે તારો તેની સાથે બીજા હજારોમાં પ્રથમ ભાગીઓ થાય તેને બીજો પાદશાહ ગણીએ. કારણ કે, પ્રથમ પાદશાહની (સઘલા તારા સાથની) પાદશાહીનું ચક્કર પુરૂં થયા પછે તે પેહેલો ભાગીયો પાદશાહ થાય છે. જેમ ઊપર ફરમાવેછે તેમ.

૯. બીજો પાદશાહ પણ તેજ પ્રમાણે પોતાની પાદશાહી ચલાવે છે અને જેમ પેહલા પાદશાહને બીજા તારાઓ મદદગાર થયા હતા તેમજ તેની સાથે પણ સર્વે તારાઓ (એક એક હજાર વરસ) ભાગીયા અથવા મદદગાર થાય છે.

૧૦. અને (છેક પાછળથી) પેહલો પાદશાહ કે જેની પાદશાહીનો વખત વીતો તે એ બીજા પાદશાહની સાથે હજાર વરસ ભાગીઓ અથવા મદદગાર થાય છે.

૧૧. ત્યાર બાદ બીજા પાદશાહની પાદશાહી પણ પુરી થાય છે.

૧૨. અને એજ પ્રમાણે સઘલા તારાઓની પાદશાહીનાં પૂરવાને સમજવું.

(ખુલાસો:—જેમ બીજા પાદશાહના જમાનામાં અંતે પેહેલા પાદશાહ એક હજાર વરસ તેને મદદ આપે છે તેમજ તીજા પાદશાહના છેલ્લા હજારેમાં બીજો પાદશાહ એક હજાર વર્ષ મદદગાર થાય છે. એજ પ્રમાણે એક પછે એક સઘળા તારાઓ હુકમ ચલાવનારા થાય છે.)

૧૩. એજ મુજબ જ્યારે છેલ્લે ચંદ્ર તારો પાદશાહ થાય ત્યારે પણ તેની સાથે સર્વ તારાઓ ભાગીયા થાય, અને પછે જ્યારે ચંદ્રની પાદશાહી પણ પુરી થાય ત્યારે એક "મહીન ચર્ખ" ઇયાને મહોટો ઘેરાવો અથવા ભારે લાંબો જમાનો પુરો થાય છે.

(ખુલાસો:—એ જગ્ત પંચાગ અથવા કુદરતી તવારીખને આપણે પોતાના ધ્યાનમાં ઊતારવા સારૂં એક ટુંકો દાખલો લીજીએ કે આપણને જાણીતા સાત ગ્રહ અને આ પૃથ્વીવાળો ફરતો ઊપગ્રહ મળીને આઠ છે. તે વીશે ધારીએ કે પેહેલી પાદશાહીનો જમાનો સૂર્યને મળે, અને તે પોતે પ્રથમ એકલો એક હજાર વરસ રાજ ભોગવે; બીજા હજારાંમાં શનિશ્ચર તેનો સાથી થાય; ત્રીજા હજારામાં બ્રેસ્પતી, ચોથામાં મંગલ, પાંચમાંમાં પૃથ્વી, છઠ્ઠામાં સુકર, સાતમાંમાં બુધ અને આઠમાં હજારા મધે ચંદ્ર તેનો ભાગીઓ બનીને રાજ ચલાવવા બાદ સૂર્યની પાદશાહીનો અંત આવે. પછે બીજો પાદશાહીનો દૌર સરૂ થતાં શનિશ્ચર પ્રથમ એકલો એક હજાર વરસ પાદશાહી ચલાવી બીજા હજાર વરસમાં તેને બ્રેસ્પતી મદદગાર થાયછે; ત્રીજા હજારામાં મંગલ, તે છેક સાતમાં હજારામાં ચંદ્ર તેનો મદદગાર થયા બાદ આઠમો સૂર્ય એક હજાર વર્ષ મદદ કરે છે. અને તે વેળા શનિશ્ચરનો જમાનો પુરો થાયછે. ત્રીજા ચક્કરમાં બ્રેસ્પતીની પાદશાહીની સરૂઆત થાય છે, જેનાં આઠમાં હજારામાં બીજો પાદશાહ ઇયાને શનિશ્ચર એક હજાર વરસ તેનો સાથી થાય છે. અંતે આઠમો દૌર

ચંદ્રનો સરૂ થઈ પોતાના આઠ હજાર વરસ પુરાં કરે ત્યારે ચોસેઠ હજારા ઈયાને ચોસેઠ હજાર વર્ષ થાય છે.• તેમજ ગગન તરફના સર્વ તારાઓની સંખ્યા જેટલી હોય તે આંકને તેટલાંજ બીજા આંક સાથે ગુણવાથી જે ગુણાકારનો આંક આવે તેટલાં હજારા તલક આ જગતનું ચક્કર ચાલી રહે ત્યારે તેને એક "મહીન ચર્ખ" એટલે મોટું ચક્કર કહે છે. અને તે પછે મોટું પ્રલય બની નવે સરથી ફરી ચાલે છે.)

૧૪. અને તે પછે ફરી પેલા આગલ પ્રથમ થઇ ગએલા પાદશાહનેજ પાદશાહી પુગે છે. તથા એજ રીતે હમેશ એક પુઠે એક (મહીન ચર્ખ) ચાલયા કરે છે.*

૧૫. અને (મહા પ્રલય થયા પછે) તે મહોટા ચકકર અથવા દૌરની સરૂઆતમાં આ નીચલી દુનિયાના કામનું બંધાણ નવેસરથી પાછું થાય છે.

૧૬. તે એવી રીતે કે વીતેલા મહોટા દૌર મધ્ય જે આકારો, બુધ્ધિઓ અને કામો હતાં, તેના તેજ સઘળાં (બીજા ચાલુ દૌરમાં) ઉત્પન્ન થતાં નથીઃ પણ તેના જેવાં બીજા પેદાં કરવામાં આવેછે.

શરેહ:—કહેછે કે, બીજા સરૂ થતાં મહોટા દૌરની અંદર જે તત્વોનું બંધાણ અને આકારો ઉત્પન્ન કરેછે. તે સર્વ મહોટા ગએલા દૌરમા જે આકારો, અકલો અને કામો હતાં તેવાંજ બીજાં થાયછે. પણ એમ નથી કે ગુજરેલા દૌરમધેના આકારો જેના તે પાછા પેદા થાય. કારણકે કીધેલું પાછું કરવું તે દાનાને ઘટતું નથી. અગરજો પાછું લાવવાની ઈચ્છા હતે તો શું કરવા નાશ કરતે! તે દાના, અને મહોટો કારીગર યઝદાન એવું કામ કરતો નથી, કે જેથી પશ્ચેમાન થાય.

૧૭. અને એમજ જે મહોટો દૌર કે પાછો સરૂ થાય, તે પહેલથી છેલ સુધી ગએલાં મહોટા દૌરના જેવોજ થાયછે.

૧૮. ઓ મારા પસંદ કીધેલા "આબાદ"! આ મહોટા દૌરની સરૂઆતમાં તું અને તારી ઓરત બાકી રહ્યાં, અને તમો શિવાય બીજું કંઇ બાકી રહ્યું નથી. હવે તાહરાથી ઇનસાનો પેદા થશે.

શરેહ:—જાણવું કે મહોટા દૌરના અંતમાં એક મરદ અને એક

* જુવો દબેસતાનોલ મઝાહેબ નામની ચોપડીની પહેલી નજરમાં.

ઓરત મળી બે માણસ શિવાય બીજું કંઈ રહે નહીં અને બાકીનું સઘળું ફના થયાં પછે તે રહેલાં જોડાંમાંથી નસલ-સર થઈને તે નવા મહોટા દોરમાં તેનાઓની ઓલાદમાંથી વસ્તી થાય. એટલાં માટે અત્રે મજકુર આબાદને ફરમાવ્યું છે, કે "આદમીઓની નસલની સરૂઆત તાહરેથી થાશે, અને સર્વે તાહરા વંસમાંથી આવશે અને તું તેનો બાપ થશે."

વરશીમ ૧૫ મી.

(મેહઆબાદી ધર્મની વખાણ.)

યઝદાનનાં નામથી સરૂ કરૂંછું કે:—

[યઝદાન, રવાનશાદ ઈયાને ખુશી ભરેલા આત્માવાળા આબાદને ફરમાવે છે.]

૧. જે લોકો કે તારા ધર્મપર ચાલનારા અને તારા હુકમને તાબે થનારા હશે, તે લોકો સઉથી સરસ અને ભલાં કહેવાશે.

૨. તેમજ યઝદાનની નજદીક તેજ શખસ પ્યારો થશે કે જે તારા હુકમ મુજબ કામ કરશે.

૩. જેને તું હાંકી કાઢશે તેને ખોદા પણ દુર કરશે.

૪. કેમ જે તું સર્વ મનુષ્ય જાતનો પેહેલો અને સરદાર છે.

૫. તારા ધર્મપર ચાલનારા (પંથી)ઓ દુનિયામાં ઘણા વરસો સુધી પાદશાહ થઇ રાજ્ય ચલાવશે.

૬. તારા ધર્મપર ચાલનારા પાદશાહઓનાં વખતમાં જેવી ખુશી ખુશાલી અને ન્યાય દુનિયામાં થશે, તેવી કદી કોઇ બીજાઓના વખતમાં થનાર નથી.

૭. જ્યાંસુધી માણસો ઘણી બુરાઈ નહીં કરશે તથા પાપી નહીં થશે, ત્યાંસુધી તારો ધર્મ જે યઝદાનની મેહેરબાનીનો છે. તે વડાઓ અને પાદશાહઓમાંથી નાશ થશે નહીં.

૮. મનુષ્યજાત ઉપર દોજખનાં દુઃખો મધ્યનું એક દુઃખ એછે કે રાજ્ય ચલાવનારા પાદશાહઓમાંથી તાહરો ધર્મ નિકળી જાય.

(ખુલાસો:—એપરથી એક દાખલો લીજીએ કે ઈરાનમાં પારસીઓની પાદશાહીના વખતે એ કોમની વસ્તી કરોડોની સંખ્યા હતી પણ

એક બીજા સાથે અંટસ ધરાવી બદકારો બનવાથી તેઓના દબદબા ભરેલા પાદશાહઓનાં હાથથી રાજપાટ પ્રકોમનાઓને હાથ ગયું. ત્યારે દીન દુશમનોને હાથે અત્યંત દુઃખ ખમવું પડ્યું. તેમજ પ્રકોમનાં રાજ્યને તાબે હોવાને લીધે તેઓની અસરે પોતાનો ધર્મ તજ્યો અને તજતા જાયછે. તેજ એક દોજખનાં દુઃખ બરોબરછે.)

વરશીમ ૧૬ મી.

(કેટલાંએક ધર્મની અગમચેતી.)

યઝદાનના નામથી સરૂ કરૂં છું કેઃ—

[જે ધર્મો કે આબાદ પછે પેદા થયાં તેની અગમચેતી ખોદા બક્ષેછે.]

૧. એક ટોળી ઉત્પન્ન થશે કે જે ઘણી દાનાઇ ધરાવનારી, મેહેનતુ તથા બંદગી કરવામાં સરદાર બનશે.

શરેહ:—જે કોઈ ખોદાની ભકિત કરવામાં રોકાઈ થોડું ખાવું, પીવું અને ઊંઘવું કરે તેને "દસાતીર"ની ભાષામાં "તપાસબોદ" તથા "હરતાસ્પ" કહેછે. (જેને ગુજરાતીમાં ખરા તપેસરી અથવા વેરાગી કહીએ તો ચાલે.)

૨. અને તે ટોળીવાળા નેકરાહ ઇયાને ભલાં ધર્મપર ચાલનારા થશે.

૩. વળી બીજી એક ટોળી થાશે કે જેના લોકો જપતપ કરયા વગર નેક બુધ્ધિના અને ભલા કર્તુકના થશે. તેઓ દરેક ચીજની અસલ બીનાને અકલના દાખલાઓથી તજવીજ કરશે, તથા બંદગી કરવામાં પોતાના શરીરને સંકષ્ટ આપ્યા વગર ખોદાને સોધશે. (એ ટોળાને દસાતીર ઇયાને કદીમ દરી ભાષામાં "સરદાસ્પ" કહેછે.)

શરેહ:—"સરદાસ્પ" ખોદાની સોધ કરનારાઓને કહેછે, કે જેઓ ઓછું ખાવું, સુવું અને એકાંત પકડ્યા વગર, અકલની દલીલથી ખોદાને સોધે તથા છુપી ચીજો જાહેર કરે, અને કોઈબી પશુઓને પીડા આપે નહીં. એ બે ટોળાંથી "પરતવીયાન" એટલે નુરવાળાં અને "રહેબરયાન" ઇયાને રસ્તો બતલાવનારાઓની નીશાની મળેછે. (જેઓને ફીલસુફો "એશરાકયાન" અને "મશાઈયાન" કહેછે.)

૪. પછે એવી એક ટોળી જાહેર થશે કે જેના લોકો બુધ્ધિ ધરાવ્યા છતાં બુરા કર્મના અને પશુઓને દુઃખ દેનારા નિવડશે.

શરેહ:—એ નીશાની એવાં એક પંથની છે કે જેઓ પુરતી બુદ્ધિ ધરાવવા છતાં ગરીબ પશુઓને ઈજા પહોંચાડે તથા તે ગરીબ જાનવરોના લાહીથી પોતાનું મોઢું ખરડે, અને તેઓથી પોતાનું પેટ ભરે.

૫. બીજી એક ટોળી ઊત્પન્ન થશે, કે જેના લોકો "સરૂજ-રામ," "નીરૂરામ" તથા "જરજરામ" ને એકંદર મેળવી નાખશે.

શરેહ:—ખોદાની બંદગી કરતી વેળા પ્રથમ જે ચમકાટ દીલઊપર ચમકે, તેને "સરૂજરામ;" જે અકલને પસંદ પડતા શબ્દો ઊત્પન્ન થાય, તેને "નીરૂરામ;" અને અકલથી વેગલા શબ્દોને "જરજરામ" કહે છે. એ ત્રણેને એકઠાં કરનારી ટોળીને "વીઝેહદરૂન" ઈયાને "સુફી" કહે છે. માટે એ ટોળીપરથી સુફીઓની નીશાની આપી છે.

૬. એક ટોળીવાલાઓ એમ કેહશે, કે પાક પરવરદેગારની જાત શિવાય કંઇબી ચીજ સ્વતંત્ર (અથવા સ્વચ્છ ઇયાને વગર ભેલાણની) નથી.

શરેહ:—એપરથી એવી એક ટોળીની નીશાની બતાવે છે કે, જે ટોળીના લોકો એવું સમજે કે સઘળા ફરેશતાઓ શરીર તથા દસે ઇંદ્રિયો ધરાવનારા છે. અને ફકત ખોદાનુંજ જોહર આઝાદ (ભેળાણ વગર અને સ્વચ્છ) છે.

૭. એક ટોળી એમ પણ કેહશે કે ખોદા શરીરવાળી ચીજ છે.

શરેહ:—એ ફકરો શરીરી ધર્મવાળા વીશે જણાવે છે. જે લોકો કહે છે કે યઝદાન આદમીની તથા બીજી સુરતવાળો છે.*

૮. અને કેટલાએક લોકો એમ પણ કહેશે કે સ્વભાવ અને વમાસવું જે છે તેજ યઝદાન છે.

[પણ તે તો શરીરની પવિત્ર શકિત છે.]

૯. વળી એક ટોળી પશુઓને ઇજા પહોંચાડવા છતાં એવું જણાવશે કે, હમો ખોદાના પેગમ્બર અને તેની તરફથી પેગામ લાવનારા છઇએ.

---

* જુવો શારેસ્તાને ચાર ચમનના "ઝેકરે ફુકમાં" મધે.

૧૦. ગરીબ જાનવરો ઊપર મેહેરબાની કીધા વગર, ખોદાની ઘણી ભક્તિ કીધા વગર તથા તે સાહેબને માટે સંકષ્ટ સેહયા વગર ફરેશતાઓની નજદીક પહોંચી શકાતું નથી.

(ખુલાસો:—ઈયાને જેહનાઓ ખોદાઈ ઈચ્છા મુજબ જપતપ કરયા વગર, અને પશુઓને દુ:ખ દેવાથી દુર થયા વગર, એમ કહેવા ચાહે, કે તેઓ બેહસ્તીમકાન કે ફરેશતાઈ આલમ અને ખોદાની દરઘાહમાં પહોંચશે, તેવું હરગેજ બનવા જોગ નથી. તેબાબે પોતાના પેગમ્બર "મેહઆબાદ" ને અગમચેતી આપેછે.)

૧૧. એ (મજકુર ટોળીના) લોકોના રવાનો ચંદ્રમાંહના આસમાનની નીચે રેહશે, અને તેઓ ઉપર જઇ શકશે નહીં. કારણ કે થોડી બંદગી કરવે અને થોડુ સંકષ્ટ ખમવાથી જે કંઇ મેળવશે તેની પુઠે પોતાના વિચાર મુજબ ચાલશે, તેથી તે લોકોના કામ બરોબર થશે નહીં.

શરેહ:—અગરજો એક ટોળીના લોકો પોતાને પેગમ્બર ગણે તો પણ શરીરને પીગળાવ્યાવના, બુરી ખસલતને દુર કરી ભલા કામો બજાવ્યા વના, અને ગરીબ પશુ જાનવરોપર દયા કીધા વગર, આકાશપર જવું તથા ફરેશતા અને તારાઓની મુલાકાત લેવી મુશકેલ છે. એ ટોળીવાળાએ અગરજો મજકુર રીતી પકડી નહીં, પણ થોડી બંદગી કરવે અને સંકષ્ટ ખમવે કેટલાએક ચમકાટ ચંદ્રમાના આકાશની નીચે જોયછે. અને તેમના રવાને પુરતી પુર્ણતા હાસલ નહીં કરવાને સબબે તેઓ જે કાંઈ જોયછે તેને કંઈ બીજુંજ સમજેછે. કારણ કે તેઓએ અકલને વેહમને રસ્તે પીછાણીછે. કંઈ ખરી રીતે સમજ્યા નથી. માટે જે આકાર કે વેહમ તેઓને દેખાડેછે તે ઊપર ઈચ્છા કરી ખરો માર્ગ તજી ખોટી રાહપર ચાલેછે, અને પોતાના ચેલાઓને પણ તે રસ્તે ચલાવી ખરાબીમાં નાંખેછે.

૧૨. એક ટોળી જ્યારે માણસોને સંકષ્ટમાં જોશે ત્યારે તેઓને મારી નાખવાનું પસંદ કરશે નહીં,—

૧૩. પણ તે ટોળી (બીજી વેળા) માણસોને મારી નાખવાનું ભલું જાણશે.

શરેહ:—એ પરથી એહવી એક ટોળીની નીશાની આપેછે કે જેઓ

ફરે ...ઓનો ચાહ મેળવવાને માટે લોકોને તલવારથી મારે છે. અથવા પોતે પોતાના હાથે આપઘાત કરે છે કે ખોદા તેઓથી રાજી થાય.

(ખુલાસો :—જેમ કે, હિંદુઓ ગંગા અને જમના નદી વચ્ચે આવેલા અંતર ભેદ આગળ પોતાના માથાપર ભારે લાંબી તલવાર અથવા વગર દાંતાની તેજ ધારવાળી કરવત મુકાવી બે કટકા થાતાં હતાં; અને જગન્નાથજીના રથ આગળ સુઇને તે તળે કચરાઈ મરતા હતા; તથા સતી થઈને પોતાને હાથે સ્ત્રીઓ બળી મરતી હતી. તેમજ રજપુતો પોતાની દીકરીઓને દુધમાં દુબાડી મારી નાખ્તા હતા. વળી એજ કારણથી હીમાલય પર્વત પાસે અસલી જમાનામાં એક ઘણી ઊંચી પથ્થરની દીવાલ બાંધેલી છે અને તે ઊપર ચઢવા એક બાજુથી પગથીયા બાંધ્યાં છે કે, જે કોઈ પોતપોતાનો ભોગ આપવા ચાહતા તેઓ પેલી પગથીને માર્ગે તે દીવાલ ઊપર ચઢીને ત્યાના ખોહ કે જ્યાં હમેશ બરફ વરશે છે; તેમાં જીપલાવી મરણ પામતા. તેમજ કેટલીએક દેવીઓના સ્થાનક પાસે લોકો પોતાના બેટા બેટીઓને તલવારને ઝટકે મારી નાખી તેઓનુ લોહી સ્થાનક આગળ છાંટતા કે, તેમ કરવે તેઓને ભારે પુન્ય લાગે. એ સર્વ આપઘાતના કામો મયાળું અંગ્રેજે હિંદુસ્થાનમાં આવ્યા બાદ બંધ કરાવ્યા છે. તેજ પ્રમાણે એવી એતેકાદ ધરાવનારી ટોળી આગળ ઘણાજ જુના જમાનામાં થઈ ગઇ છે, કે જેઓ ફકત કુદરતી મરકી પડતી વેળા તેવું કામ કરતાતા નહીં.

૧૪. કેટલાએક ધર્મ વાળાઓ એમ કહેશે, કે હમારો ધર્મ ગુમ હયાને નાશ થશે નહીં. (હાલ બધી ટોળીવાળાઓ એમ કહે છે.)

શરેહ:—એપરથી એવી એક ટોળીની નીશાની મળેછે, કે તેઓ પોતાના ચેલાઓને કહેછે જે, "આપણો ધર્મ કદી નાશ થનાર નથી માટે તમો એ ધર્મપરથી ફરતા ના."

૧૫. તે (સર્વ ટોળીના) લોકોની વચમાં લડાઇઓ થશે.

શરેહ:—એપરથી એવું ખુલ્લું કરે છે કે ધર્મ લાવનારાઓનાં ધર્મમાં ફજીઓ ઉત્પન્ન થવે પોતપોતામાં લડશે, અને તે એક એક ધર્મમાં ઘણા તરીકા પેદા થશે. અથવા એક મુળમાંથી ઘણી ડાળીઓ નિવડશે. જેઓ એક બીજાને બુરાં કર્તુકનાં ગણશે.

૧૬. વળી એક ટોળીના લોકો થોડું નેક સમજશે, પણ નેક કર્તુકના થશે નહીં. તથા જે લોકો કે થોડાં નેક કર્તુકના થશે તેઓ ભલી બુધ્ધિ પકડશે નહીં.

શરેહ:—એ ખીના એવી એક ટોળીના લોકો સાથે મળતી આવે છે, કે જેઓ દાનાઓનો રસતો પસંદ કરે નહીં તથા તેઓનાં ફરમાન મુજબ ચાલે નહીં. તેજ મીસાલે બીજા લોકો કે જેઓ પોતાની જાતને પવિત્ર જાણી, થોડી ભલી કરણી પકડે પણ ભલી બુધ્ધિ ધરાવે નહીં.

૧૭. એટલા પેગમ્બરો અને પાદશાહઓ થસે કે જેઓ (ની ગણત્રી અથવા બીનાઓ) થી દફતર ભરાઈ જશે.

૧૮. ઓ યઝદાનના પસંદ કીધલા "મેહઆબાદ"! આબાદીઓના ધર્મ શિવાય ખોદાને મેળવવાનો બીજો કંઇ રસ્તો નથી. માટે અગરજો એ માર્ગપર ચાલનારા "હુરેસતારામ," (મુબેદો તથા હીરબુદો) "નુરેસતારામ," (પાદશાહઓ તથા પેહલવાનો) "શુરેસતારામ," (બધી તરેહના ખીદમતગારો) અને "રૂજસતારામ" (ધંધાદારી તથા ખેડુતો) હશે તોપણ તેઓ મીનો મકાનમાં પહોંચી શકશે, અને તેઓ પોતાના ભલાં કરતુક મુજબ બેહશતમાં મરતબો પામશે.

શરેહ:—"ફરશંદાજ," મેહઆબાદના ધર્મનું નામ છે. "હુરેશતારામ" ને પેહલવી ભાષામાં "અથોરનાન" કહે છે, જેઓ મુબેદી અને હેરબુદી કરનારા હોય છે; તેઓને ધર્મનો રસ્તો સંભાળવા તથા ધર્મ સંબંધી ઇનસાફના કામોના બંદોબસ્તને માટે ઠેરવેલા છે. "નુરેશતારામ" ને પેહલવીમાં "રથેસતારાન" કહે છે; તેનાઓ રાજનિતી ચલાવનાર મોટાઈ પામેલા પાદશાહઓ અને દેશનો સંભાળ કરનારા વડાઇ ભોગવનારા પેહલવાનો છે. "શુરેસતારામ" ને પેહલવીમાં "વાસતરીઉશાન" કેહવામાં આવેછે. જેઓ સર્વે તરાહના કારભારીપણું ઊપરીપણું અને ચાકરી કરવાને માટે છે. તથા "રૂજેસતારામ" ને પેહલવીમાં "હુતોખ્શાન" કહે છે; કે જેઓ દરેક તરાંહનાં હુનરમંદ ઇયાને ધંધાદારીઓ તથા ખેડુતો છે. સર્વ મનુષ્ય જાતને તમો એ ચાર ભાગથી વેગળાં જોશો નહીં.

વરશીમ ૧૭ મી.

(મેહઆબાદના ધર્મપર ચાલવાની તાકીદ.)

યઝદાનના નામથી સરૂ કરૂંછું કે:—

૧. જે કોઇ આબાદીઓનો ધર્મ જે "ફરશંદાજ" નામે છે તેને જાહેર કરવાની કોશેશ કરશે, તે બુલંદ દરજાનું બેહસ્ત પામશે.

૨. તમો "આબાદી" ધર્મને બેશક રાસ્ત ઇયાને ખરી જાણજો.

શરેહ:—આદમીઓને યઝદાન ફરમાવે છે કે, તમો સઘલાં બેશક જાણજો કે આબાદનો ધર્મ ખરો છે. માટે તે ધર્મપર તમો ચાલજો. અગરજો એક થોડી બુધ્ધિવાળો શખ્સ પણ વિચારશે, તો તેને જાણીતું થશે કે એ નામાચો ધર્મ બીજાં ધર્મો કરતાં કેટલી મોહટાઈ ધરાવે છે. જેહવો એ ધર્મ પવિત્ર અને પસંદ પડતો છે, તેહવો બીજો કોઈ નથી. અગરજો કોઈ શખ્સ એ બીનાની ખાતરી કરવા ચાહે તેને ઘટે છે કે, બે રસ્તા પકડે એકતો જપતપ કરનારો થાય, એટલે સંકષ્ટ ખેંચી પોતાની બુધ્ધિથી સર્વ ચીજના મૂળને સમજે. બીજું તો "સરદાસ્પ" ઇયાને અકલની દલીલથી ખોદા શોધનાર બને, કે જેથી કામોની હકીકત સમજે.

વરશીમ ૧૮ મી.

(ધર્મનીતિ તથા બીજાં કેટલાંએક ફરમાનો.)

યઝદાનનાં નામથી સરૂ કરૂંછું કે:—

[યઝદાન, લોકોને ફરમાવે છે કે:—]

૧. તમો ગુનાહ કરવાથી દરજો. અને બુરાં કામોથી દુર થજો. સૌથી નાહના ગુનાહને મોટો અને હલકાને ભારે ગણજો. કારણ કે થોડો મંદવાડ ઘણો થઇ જાય છે.

શરેહ:—પ્રથમમાં જ્યારે એક મંદવાડ થોડો હોય છે, તેટલાંજ અગરજો વૈદના હુકમ મુજબ ચાલે તો તરત મટી જાય. પણજો એક મંદવાડને હલકો ગણી વૈદના શબ્દો નહીં સાંભળે તો તરત વધી જાય છે. તે એટલાં સુધી કે અંતે તેનો કસો એલાજ રહેતો નથી. તેજ મીસાલે પેગમ્બરો,

દસ્તુરો અને ગુમેદોનું કેહણ પણ એક વેદના શબ્દની બરોબર છે. માટે જે કોઈ ગુનાહથી પસ્તાવો કરી પવિત્ર રસ્તે ચાલશે તે શખ્સ દુ:ખ (ગુનાહ) થી છુટશે. અને જે કોઈ ગુનાહથી નહીં ડરશે તો તેનો મંદવાડ (ગુનાહ) એટલા સુધી વધી જશે કે, પાછળથી કસો એલાજ રહેશે નહીં.

૨. **ખાલેકની બક્ષેસ અને મેહેરબાનીથી નાઊમેદ થતા ના.**

શરેહ:—ફરમાવે છે કે, બુરાં કામને સરૂઆતથીજ તજજો અને જે કાંઈ અંજાણમાં થયું હોય તેથી પાછા ફરી પસ્તાવો કરજો. અને યઝદાનની દયાથી નાઊમેદ થતાના કારણ કે તે સાહેબ દયાળુ છે. ખાલેક ગુસ્સે થઈ બંદાઓને સંકષ્ટમાં નાખતો નથી. તે એક ઊસ્તાદની માફક છે, કે જ્યારે એક ચેલો શિખતો નથી ત્યારે તે ઊસ્તાદ તેના ભલાને માટે મારે છે.

૩. **પૂરતા સાત તારા (ગ્રહ) ઓમાંથી દરેક તારો જ્યારે પોતાના ચકરનો ઘેહરાવો પુરો કરી, પાછો પોતાના પ્રથમ મથકપર આવે ત્યારે તે દહાડાને જશન ગણજો.**

૪. **યઝદાનની બંદગી કરનારાઓ, તપેસરીઓ, દાનાઓ અને મુબેદોપર ચાહ રાખી તેઓના ફરમાનને તાબે થજો.**

(ખુલાસો:—એજ ફરમાન મુજબ શત શપેનતમાન જરથોસ્તે પણ ફરમાવ્યું છે કે "હરેક શખ્સે પોતાને માટે એક દીનદાર હેરબુદને દોસ્ત ઠેરવી રાખવો, અને તેની મસલત મુજબ ધર્મ માર્ગપર ચાલવાની કોશિશ કરવી સજાવાર છે. તેમજ એક બુદ્ધિવાન શખ્સને પણ પોતાનો જાનો દોસ્ત મુકરર કરી રાખવો કે દુનિયા સંબંધી કામકાજ અને લેવડદેવડનો બ્યવહાર તેની સલાહથી ચલાવે તો કસી હાનિ પહોંચે નહીં."*

૫. **તમારે ત્યાં ફરજંદ અવતરે ત્યારે ખોદાનું નામું કે જે દસાતીર† છે તે ભણજો અને ખોદાની રાહ ઊપર ગરીબોને કાંઇ ખેરાત આપજો.**

(ખુલાસો:—અશો જરથોસ્ત સાહેબનું પણ ફરમાન છે, કે "બાલકને અવતરતાં વાર હોમનું જળ જે" "બયોજદાથરેગરી" માં ઈજાયલું

* જુવો આ ખાકસારીએ છપાવેલી "સરનામે રાઝે યઝદાનનીના ભાગ ત્રાજા કુશતીને લગતી શિખામણો મધેની ૬ ઠી અને ૭ મી શિખામણ.

† જાણવું કે આ હાલે બાકી બચેલી દસાતીર બાબે અતરે એશારો નથી. પણ તે એક બીજી મહોટી દસાતીર હતી જેહને "મહીનનામે યઝદાન" કહેતા. તે છતાં આ બાકી બચેલી દસાતીરમાંથી તેમાં આવેલી ભક્તિઓ ભણાવે તો કસુ અણઘટતું નથી.

હોય, તેમાં મીઠાસ ભેળવીને તેને પહેલવેલાં ચટાડવું, અને તેમ જો બની નહીં શકે તો હોમસલીના પાંચ અથવા સાત કટકાને હોનવરના કલામ પઢતા જઈ પાણી સાથે ખાંડણી મધે છુંદવા. અને તે પાણીમાં મીઠાસ ભેળવી ગાળીને તે બચાને પ્રથમ ખાનાને બદલે ચટાડવું.)

૬. મરણ પામેલાઓની લાશને તેજાબની બરણીમાં મુકજો, તથા આતશમાં બાળજો, અથવા માટીમાં સોપૂંજો.

શરેહ:—જે કંઈ "ફ્રરશંદાજી" ટોળીવાળાઓ મુડદાંની બાબતમાં કરી ગયા છે. તે એ છે કે, રવાન તનથી જુદુ થયા પછે તેના તનને પાક પાણીથી ધોઈ સુગંધી કપડા પેહરાવી તેજાબની બરણીમાં નાખી રાખતાં. અને જ્યારે પીગળાતું ત્યારે તે જાબના પાણીને શેહેરની બાહાર જંગલમાં ઢોળી નાખતા. અગરજો કોઈથી તેમ નહીં બની શકતું તો તેહવાં સફાઈવાળાં કપડાં સાથે આતશમાં બાળતા. અથવા તો એક દખમું બનાવી તેની વચમાં એક પોહલો ઊંડો કુવો ખોદાવી તેને પથ્થર, ઇંટ અથવા છોય, ચુનાથી મજબુત બાંધી સફેદ કરતા અને તેની અંદર જે જગ્યા રહે ત્યા લાદીઓ ગોઠવી રાખતા. પછે તે લાદીઓપર લાશને સુવાડતા. અથવા ખાલી બરણી* ને જમીનપર ગોઠવી તે બરણીમાં લાશને મુકી રાખતા. અથવા તો લાકડાની એક લાંબી પેટીમાં મુકી જમીનમાં દાટતા. પણ "ફ્રરશંદાજ." ટોળીવાળાઓ ઘણા ખરા તેજાબની બરણીમાં લાશને નાખતા હતાં.

(ખુલાસો:—મજકુર શરેહમાં આવેલી પાંચ રીતીઓ મધ્યની લાશને દખમામાં મધ્ય ચઢાવવાની રીતી સૌથી સરસ જણાય છે. કારણકે પ્રથમ રીતી મુજબ તેજાબની બરણીમાં ગાળવાનું દરેક ગરીબથી બની શકે તેવું નથી. બીજી રીતી ઈયાને બાળવાથી અગરજો તે લાશનો જલદીથી નાશ થાય છે. પણ બાળવાના લાકડાના ખરચની મુશકેલી ઊપરાંત તે મુડદાંમાંથી દુર્ગંધ નિકળી સ્વચ્છ હવાને ગન્દી કરવે ત્યાના લોકોને કંઈબી નુકસાની પુગાડયા વગર રેહતી નથી. તેમજ ત્રીજી રીતી ઇયાને મરદંગી જેહવી કોઠીમાં એક પહાડપર મુડદાને બેસાડી તેનું મોઢુ માટીથી બંધ કરી લેવું. તેમાં પણ ઘણી ખરાબીઓ છે. એક તો વરસાદ વરસવે તે લાશ ઊપરની

* એ બરણીઓ બેઊ બાજુએથી ખુલ્લી "મરદંગા" એટલે ટેબલ શેડના આકારની બનાવટવાળી હતી. અને તે એક ઊંચા પાહાડપર લેઈ જઈ જમીનપર ગોઠવી તેમાં લાશને બેસાડી મોઢું નાખી તે બરણીપર ઢાકણ ઢાકતાં હતાં જે ઈરાનમાં ઘણે ઠેકાણે માહરા જોવામાં આવી છે.

માટી ભીજાઈને નીચે ઊતરવે તે લાશપરનું પાણી જમીનમાં પ્રવેશ થવે તેમાંથી ઘણી બુરી હવા નિકળે છે, જેથી ત્યાના રેહનારાઓને દુઃખી કરે છે. બીજું તો દરેક જણે એક એક લાશને માટે તેટલી જમીન રોકવી જોઇએ અને તેમ જમીન રોકતાં ખેતીવાડીનો અટકાવ થાય છે તથા ખરચ પણ થાય છે. તેમજ ચોથી રીત પ્રમાણે મુડદાને લાકડાની પેટીમાં બંધ કરી જમીનમાં દાટવાથી પણ ઊપર કહ્યા મુજબે ખરચ અને મેહનત થતે જમીન બાતલ પડવા ઊપરાંત અંતે ત્યાંથી બુરી હવા આબાદીમાં ફેલાય વગર રેહતી નથી. પણ દખમાંથી તેહવી ખરાબીઓ ઉત્પન્ન થતી નથી. તે એક વેળા બંધાયા પછે હજારો કુટુંબોના ઉપયોગમાં આવ્યા કરેછે. કંઈ તેનાથી વધુ જમીન રોકાતી નથી. તેમજ તેની દીવાલ ગોલ કીલ્લા જેહવી હોવાને લીધે તેમાંની હવા જમીનપર ફેલાવાની વતી ગોલ વણટા બિયાની માફક થઈને ઊંચે આકાશ તરફ જાય છે તેથી તેની આજુબાજુની વસ્તીવાળાઓને કસી નુકસાની નડતી નથી.)

૭. **મુવેલાઓને માટે ખોદાઈનામું ભણજો તથા ભણાવજો. અને (ગરીબ) યઝદાનપરસ્ત લોકોને કંઇ આપજો કે જેથી તે મરનારનાં રવાનને સવાબ પહોચે.**

(ખુલાસો :—એજ કાયદા મુજબ હાલ જમાના તલક માજદીઅસનાનો મુવેલી લાશને ઘરમાં મુકેલી જગોએ મુબેદો પાસે અવસતાઓ પઢાવેછે અને ત્રીજે દીવસે તથા ચારમની બામદાદે અશોદાદ ઈયાને તે રવાનને નામે કંઇ બક્ષેશ અને ખેરાત આપેછે. તથા દસમે દીવસે, તીસમે દીવસે, છઠ્ઠે માસે અને પછે દર વરસે વરસ બાજ આફરીંગાન કરતા જાયછે. તેની હધ બારથી તીસ વરસ તલક રોજગાર કરવાની છે.)

૮. **યઝદાનની દરઘાહમાં બક્ષેશ અને સખાવત કરતાં બીજી કંઇ સરસ ચીજ નથી.**

૯. **કીધેલા ગુનાહથી પશેમાન થજો. (દયાને અંજાણ્યા ગુનાહનો પસ્તાવો કરજો.)**

૧૦. **પોતાના જાતી ભાઇઓને નેક કામમાં મદદ કરજો.***

૧૧. **એક ચોર માણસે જેટલી ચોરી કીધી હોય તેટલું બેવડું**

* જુવો "સરનામે રાઝેયઝદાનીમાં કુશાતીને લગતી ૧૨ મી શિખામણ.

તેની પાસેથી લેજો. અને તેને લાકડીથી સજા કરી (તેના કર્તુક પ્રમાણે) કેટલીએક મુદત સુધી કેદખાનામાં રાખજો.

અગરજો તે (ચોરી કરનાર શકસ એકવાર સજા પામ્યાથી) ચાનક નહીં પકડે (અને બીજીવાર પકડાય) તો તેને શેહેરની ગલીએ ગલી તથા બજારમાં ફેરવીને મજુરી કરાવજો.

શરેહ:—"ફરશંદાજ" ઈયાને મેહઆબાદી ટોળીવાળા પાદશાહએનો એવો ધારો હતો કે, અગરજો કોઈ ચોર બીજી વેળા ચોરીમાં પકડાય તો તેને બેઆબરૂથી શેહેરમાં ફેરવતા હતાં કે જેને "ફકાજ" કહેછે. પછે તેને લાકડીઓથી મારી દુ:ખી કરી પગમાં બેડી નાંખતા હતા. અને ઘર બંધાવા સારૂ ઈંટ, મટોડુ વગેરે ઊઠાવવાની મજુરી તેઓ પાસે કરાવતા તથા હમેશાં સંકષ્ટમાં રાખતા હતા.

૧૩. ખાવંદવાળી સ્ત્રિ સાથે જે કોઇ શખસ સંગત કરે તો તેને લાકડીના જપેટા મારી બેઆબરૂ કરવા શેહરમધે ફેરવજો. અને અગરજો તે છતાં તે મરદ બીજી વેળા પકડાય તો તેને નામરદ કરજો અને તે સ્ત્રિને હમેશ કેદ રાખજો.

૧૪. પાક યઝદાનની બંદગી બજાવ્યા પછે સાત પુરતા તારા (ગ્રહ)ઓની સ્તુતી કરજો અને (તેમને ઘટતી ખુશબોઇથી તે વખત) આતશ રોશન કરજો.

(ખુલાસો:—જેમ હાલે માજદીઅસનાગોમાં તીસ દીવસની સેતાયશ છે, કે જે બંદગી કીધા પછે દર દીવસને અનુસરતી પઢવાનું ફરમાન છે. તથા બંદગીની આખરીએ રોજ, માહ અને ગાહને આરાધતા આવે છે. તેમજ ખોદાની બંદગી બજાવ્યા પછે દર વારના અનુસરતા ગ્રહની આરાધના તથા સેતાયશ કરવાનું અને તે દીવસે તે ગ્રહની ખાસીયત મુજબની ખુશબોઈથી આતશને રોશન કરવાનું ફરમાન છે.)

૧૫. એ પુરતા સાત તારાઓની મૂર્તી બનાવજો. અને તેઓને કેબલો ગણજો.

(ખુલાસો:—દબેસ્તાનોલ મઝાહેબમાં જણાવ્યા પ્રમાણે દરેક એબાદત કરવાની જગ્યાઓમાં જુદા જુદા ગ્રહઓના કલપીત પુતળાંઓ મુકીને તથા ચીતારીને ત્યા હમેશ આતશ રોશન રાખતા તથા તે ગ્રહને

અનુસરતા ખચ્ચુરે તે મંદીર અથવા એબાદતકરવાની જગ્યાએ બાળતા, અને તે સાત ગ્રહના સાત મંદીરોમાં તેનાં નામ વાળા જુદે જુદે અનુસરતે દીવસે જતા જેમકે "આતશગાહે કેઇવાન" અથવા "એબાદતગાહે કેવાન" ઇયાને શનિશ્ચરની બંદગી કરવાની જગ્યા અથવા મંદીરમાં સનવારે, તથા આતશ કદેહે બેહરામ અથવા એબાદતગાહે બેહરામ ઇયાને મંગળના મંદીરમાં મંગળવારને દીવસે, ઈત્યાદી. એવા મંદીરો બનાવી તેમાં ભક્તિ કરવા જવાનો ધારો "મેહઆબાદ"થી ઉતરતો આવવે "પેશદાદયાન" તેમજ કયાની વંશનાં પારસી પાદશાહઓ સુધી ચાલુ હતો. જેમકે શહેનશાહ ફરેદુને "મેહકેહ" ઇયાને ચંદ્રનું એબાદતખાનું બંધાવ્યું હતું જે પાછળથી વધઘટ થઇ ઈસલામીઓએ પોતાનું એબાદતખાનું કરી "મક્કા"નામ આપ્યુંછે.)

(જેમ હાલ જમાને યુરોપ્યાનો દરયાવમાં ફેરવવા વાહણોના મુખડાં-પર હરેક તરાંહની મુરતીને જરી લઇ તે મૂર્તિનેજ નામે વાહણ પણ કહેવામાં આવેછે. તેથી જેમ તે મૂર્તિને કાંઈ વહાણ કરી કેહવાઇ શકાય નહીં, અને તે વાહણને પણ મૂર્તિ ગણાઈ શકાય નહીં. તેમજ એબાદતગાહની જગ્યા અને ખોદાઈ બંદગી સાથે કાંઇ મૂર્તિને લાગતુ વલગતું હતું નહીં પણ ફકત તે મંદીરોને પીછાણવાને માટે કે આય શનિશ્ચરના નામનું અને આય મંગળના નામનું છે. તેમ કરવાને ઘટતું સમજતા હતા.)

૧૬. દુનિયામાં એવી પણટોળી થશે, કે જેના લોકો પોતાને જુઠાઇથી મલોક કરતાં વધારે સરસ ગણશે. તેઓપર ચાહ ધરાવતા ના (અથવા તેહવાઓના કેહવાથી છેતરાંતા ના.)

(ખુલાસો:—એપરથી એવો સાર નિકળેછે, કે જેનાઓ પોતાને ફરેશતા સરખા અથવા તેઓથી પણ મહોટા મરતબાના ગણાવે છે અને તેઓના મરણબાદ તેના સંબંધવાળાઓ ઘોર, કબર અથવા મીનારાઓ બનાવીને તેઓની જીઆરતો કરવા, કરાવામાં આવેછે તેવા તરીકાને કબુલ નહીં રાખી ખરાં જીયારતગાહ, તે ઉપર કહેલાં એબાદત ગાહનેજ સમજજો અને મુડદાં પરસ્તી કે ખાક પરસ્તીનાં કામોથી વેગળા રહેજો.)

૧૭. કારણકે નીચલી દુનિયાના લોકો ઉપલી જહાનના લોકોની બરોબર કસી રીતે થવાના નથી.

(ખુલાસો:—કોઈ શખસ ગમે તેહવો પાક અને પરેહજગાર હોય પણ તેને ઈશ્વરી શક્તિવાળા ફરેશતાઓ અથવા સ્વર્ગી સરૂશો ઇયા ગિર-

દેશી ગ્રહઓ મધ્યના એકુ મરતબાનો કેહવાય શકાય નહીં. કેમજે મનુષ્ય પોતે અનાસરી બદન પાંમેલું અવતારી આત્માં હોય છે. અને ઈઝદો, અમશાસપંદો અને ફરેસ્તાઓ સર્વ હમેશગી ધરાવનારા ખાલિસ જાતીના છે. તો કદી કોઇ પણ ઇનસાન ફરેસ્તાઓ સમાન ગણાઈ શકાય નહીં.)

૧૮, આદમીઓનું રવાન અગરજો આસમાની છે તે છતાં જ્યારે આ દુનિયામાંથી બુધ્ધિ અને બંદગીના જથા સાથે શરીરથી જુદુ થાય ત્યારે તે રવાન આકાશી રવાનો જેવું થાય.

શરેહ:—ફરમાવેછે કે, દરેક આદમીનુ રવાન અગરજો અસલ આસમાની છે ખરૂં, પણ તે જ્યારે (મનુષ્ય અવતારમાં આવ્યા પછે) દાનાઇ મેળવીને નેક કર્તુકનો થાય ત્યારેજ શરીર તજ્યા બાદ આકાશી ફરેસ્તાઓ જેહવું થાય. કંઇ તેઓ કરતાં વધારે સરસ નહીં. " તો એપરથી એવું સિદ્ધ થાય છે, કે જ્યાં સુધી રવાન આ દુનિયામાં છે ત્યાં સુધી તેનાથી આકાશી પ્રમાત્માંઓની સાથે બરોબરી કરી શકાતી નથી. માટે જે ટાળો આ દુનિયામાં તેહવી સરસાઇનો દાવો કરે અને કહે કે હમો આકાશીઓ જેહવા તથા તેઓથી પણ સરસ છઇએ તો તે લોકો જુઠુ બોલનારા અને જુઠા ધર્મવાળાઓ છે.

(ખુસાસો:—મજકુર વરશીમ ૪ થી ના ફકરા ત્રીજાના ખુલાસામાં જણાવ્યા મુજબ અગરજો આત્મા આ દુનિયામાં શરીરી સંબંધ ધરાવતી વેળા ફકત ભલી બુદ્ધિનો રસ્તો મેળવવાથી ખોદાઈ ભકિત કરી આ દુનિયાની બુરી ઇચ્છાઓ તજે તોજ આ કાલબુદમાંથી નિકળ્યા બાદ તે મીનોઈ દુનિયામાં આકાશી આત્માઓ પાસે જાય છે અને બેહસ્તની ખુશી ખુરંમી ભોગવનાર બનેછે. પણ અનાસરી શરીરમાં હોવા તલક કબુ તેને આકાશી દેવતા તરીકે કેહવાઈ શકાય નહીં. તેમજ તેહવા પાપીઓના ગુજ-ર્યાપછે તેના તનને જ્યાં મુકર્યું કે દાટ્યુ હોય તે જગ્યાએ તેનાં રવાનની આરાધના કે દરશન કરવાનું ફરમાવનારા જુઠાઇ વાપરીને લોકોને ફરેબ દેનારી ટાળીમાંના હોય છે એમ જાણવું.)

૧૯. ઓ આબાદ! ખોદા (ની મરજી મુજબના અથવા હુકમ) નાં જે શબ્દો છે. તે તાહરા દીલઉપર ફરેસ્તાઓ લાવેછે

* જુવો સારેસતાને ચારચમનના "ઝેકરે હુકમાં મધે.

૨૦. અથવા જ્યારે તું શરીરમાંથી નીકળીને "સરૂશ બોદ" હયાને બહમન અમશાસપંદની સાથે ઊપર આવે ત્યારે તું યઝદાનથી સાંભળે.

શરેહ:—ફરમાવે છે કે, યઝદાનના સખુન જે છે, તે એક નકામાં પવનની માફક નથી અને કાનપર પડતા કસી તરેહના અવાજ નથી, પણ તે ફકત એક ગેબી ચમકાટ છે. જે ફરેસ્તાઓની મારફતથી (પવિત્ર લોકોના) દીલપર ચમકે છે, અથવા તો જ્યારે (તપજપની શકિતથી પોતાની હયાતીમાં) શરીરમાંથી જુદો પડે ત્યારે (પોતાના આત્માપર) યઝદાનથી ચમકાટ મેળવી પાછો શરીર મધ્ય આવેછે, ત્યારે તે ચમકાટના શબ્દો ઈયાદ રાખી જુબાનપર લાવે છે ઈયાને લોકોને કહી સંભાળાવે છે.

૨૧. તુંએ મને (ખોદાઈ નુરને) જોયો અને માહરા શબ્દો સાંભાળયા. માટે તે માહરા શખુનોને નીચલી દુનિયામાં રહેનારા સર્વ માહરા બંદાઓને પહોંચાડ.

શરેહ:—કારણકે આકાશના રેહવાસીઓ તથા પેલી જહાનનાં પ્રલોકો સર્વે (ખોદાના) હુકમપર ચાલનારા અને યઝદાનની હજુરમાં રેહનારા છે માટે તેઓને આ દુનિયાના શરીર ધરાવનાર પેગમ્બરોની ગરજ નથી.

૨૨. (અશો મેહઆબાદને ખોદા ફુરમાવે છે કે) તાહરા પછે તાહરો ધર્મ "જીઅફરામ" જીવતો કરશે અને તે એક વડો પેગમ્બર થશે.

શરેહ:—એપરથી પરવરદેગાર આબાદને આગમચેતી આપે છે કે, જ્યારે આ ભલો ધર્મ માણસોની બુરાઈથી નબળી હાલતમાં આવી પડશે અને નાશ થશે ત્યારે તારી ઓલાદ મધ્યનો એક શખસ "જીઅફરામ" નામનો થસે તે તારા ધર્મને ટેકો આપી નવેસરથી આદમીઓમાં ફેલાવશે અને તે એક મોટો પેગામ્બર થશે.

અશો "જીઅફ્રામ" નું નામું.

વરશીમ ૧ લી.

(આકાશોનું ફરવું અને તેથી નીચલી દુનિયાનું નીભવું.)

૧. હમે યજદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે, જે હમોને બુરા માર્ગપર લઇ જનારી, દુઃખ દેનારી અને ઇજા પહોંચાડનારી છે. તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. યઝદાન કે, જે રોજીનો બક્ષનાર, માફીનો આપનાર, દયાળુ અને ઇનસાફી છે. તેના નામથી (સરૂ કરૂંછું.)*

૩. ઇઝદ (ખોદા) કે, જે જીવજંતુઓને રોજી આપનાર અને ભલાં કર્તુકનાઓને (મુકિત) બક્ષનારછે, તેના નામથી સરૂં કરૂંછું કેઃ-†

૪. ખોદાના શૂકરાના હોજો, કે તે સાહેબે પ્રથમ સ્વર્ગી સ્વરથાનો ઇયાને ઉપલી દુનિયા અને પછે નીચલી જડ પદાર્થી દુનિયા પેદા કીધી.

૫. ઓ "આબાદ આરાદ"‡ના છોકરા "જીઅપુરામ"! તું જો કેહવી રીતે યઅદાનના ફરમાનથી "તનસાલાર" કે જે મ્હોટું ચકરવાલું આસમાન છે તે સઘલાં આકાશોને પોતાના ઘેરાવા (પેટાં) માં લેઇ હમેશાં ફરે છે.

---

* એ બે ફકરા દરેક નામાની સરૂઆતમાં એક સરખા આવેછે. અગરજે વરશીમની મતલબમાંના નથી અને દરેક નામાના દીબાચા તરીકે ગણાયછે. તોયપણ દરેક નામાની પેહેલી વરશીમમાં ફકરા તરીકે હમોએ ગણ્યાછે. એ બીજો ફકરો જે ફારસીમાં "બનામે ઈજદ બક્ષાયંદે બક્ષાયશગર મેહરબાન દાદગર" છે તેનો તરજુમો ઘણી રીતે થઈ શકેછે.

† એ ફકરો દરેક નામામાં જુદી જુદી રીતે આવેછે પણ દરેક વરશીમની સરૂઆતમાં પેહેલી વરશીમ મધ્ય આણ્યા મુજબ એક સરખો હોય છે.

‡ એ "મેહઆબાદી" ટોળીકે જેઓનો પ્રથમ પેગમ્બર આબાદ કરીને હતો તે સાથે એ ટોળીમાં ૧૪ વડા પેગમ્બરો થઇ ગયા છે, અને તેઓનો છેલ્લો શખસ "આબાદ આરાદ" નામે હતો. જુવો એજ નામાની બીજી વરશીમનો ફકરો ૧ લો અને બીજો.

(ખુલાસો:—"આબાદ આશાદ" પછે, તેના જેહવો પુર પવિત્રાઈ-વાળો "જીઅફ્રશામ" નિવડવાથી તેને આબાદ આશાદના રવાની ફરજં-દનો એતાબ આપતે તેનીપર ખોદાઈ વહી ઈયાને ખબર ઊતરે છે, કે તું બારીકીથી તપાસીને યઝદાનની હીકમતને જો, તથા તે સાહેબની દાનાઈપર તું વિચાર કર, કે તે કેહવો એકત્રતા શકિતવાન સાહેબ છે. તેના હુકમ મુજબ એકંદર આકર્ષણ શકિતવાળું મહોટું ગગન બીજા દરેક આકર્ષણ શકિતવાળા આકાશોને જથાબંધ કૌવત આપી જાણે પોતાના પેટાંમાં રાખી ફેરવવાની સિફત સરજે છે. જેથી આખા જગતનું એકંદર ચકર જે યુકિત મુજબ તે ખાલેકે ઊભું કરેલું છે, તેમ આપોઆપ ફરતું ફરે છે. અને તેમાંના કોઇને પણ આડું જવાની હીમત નથી.)

૬. અને તે મોહોટું ઇયાને નવમું ગગન બીજા આસમાનોને પોતાની સાથે ઊગમણથી આથમણ દીશા તરફ લેઇ જાય છે.

૭. અગર જો કે જીંદગી બક્ષનાર યઝદાનની મોહટાઇ અને હુનરથી તે "મહીનચર્ખ" નાં નીચલા આકાશો આથમણથી ઊગમણ દીશા તરફ ફરે છે.

(ખુલાસો:—એ બે ફકરાની બે રીતે સમજ ઊઠે છે એક તો એકે, નવમું આકાશ બીજા સર્વ ધીમી ચાલના તેમજ ઊતાવલી ચાલના તારા-ઓવાળા સર્વ આકાશોને (૭ માં ફકરા મુજબ) અગરજો આથમણથી ઊગમણ દીશા તરફ ફેરવે છે તે છતાં મનુષ્યની નજરમાં (૬ ઠા ફકરા પ્રમાણે) ઊગમણથી આથમણ તરફ ફરતા જણાય છે. એનો બીજો ભેદ "સારેસતાને ચાર ચમન" માં આવેલા લખાણ મુજબ એ છે, કે મજ-કુર નવમું ઈયાને સઊથી મોટું આસમાન પોતાના આકર્ષણથી આઠમું આસમાન કે જેહના ઘેરાવાપર બાર રાશીઓ તથા બીજાં અગણીત ધીમી ચાલના તારાઓના આકાશો છે તે સર્વને તેના ઈયાને આઠમા આકાશ સાથે ઊગમણથી આથમણ તરફ ફેરવે છે. અને નીચલા ઈયાને સાત ગ્રહના સાત આકાશોને સૂર્ય—ખાલેકના નુરની શકિતથી પોતે ફરયા સાથે બીજા છ આસમાનોને આથમણથી ઊગમણ તરફ ફેરવે છે." જેમ એક યંત્રના બે મોટા ચકર પ્રથમ ડાબી બાજુથી જમણી તરફ ફરતે બાકીના બીજાં ચકરોને જમણી બાજુથી ડાબી બાજુએ ફેરવે છે તેમ.)

૮. અને આઠમાં આસમાનપર ધીમી ચાલના તારાઓમાંથી બાર રાશીના પુરતાં બાર મકાન થયેલાં છે.

(ખુલાસો:—આકાશ તરફ જે આપણને અપાર સ્થંભ તારાઓ દેખાય છે, તે કાંઈ ખરેખર એકજ ઠેકાણે સ્થીર નથી પણ તેમની ચાલ ઘણી ધીમી તથા તેઓની ગિરદેશ ઘણા લાંબા જમાનાની હોવાને લીધે આપણે તે મુજબ જોઈને સ્થીર અથવા ભારે ધીમી ચાલના કહીએ છીએ. તેઓ મધ્યના ૧૨ તારાઈ જથાઓ એવા એક સરખાં ભાગે ઘેરાવામાં વહેંચાયલાં છે કે, તેઓની નીચેના ઝડપમાં ફરતા ગ્રહઓની ચાલની ગણત્રી કાઢવા ફીજે દરેક ભાગને એક એક ઘર કે હધ અથવા બુરૂજ ઈયાને રાશી કહેવામા આવેછે. જેથી દરેક ફરતા ગ્રહઓ એક રાશીમાંથી બીજી રાશોમાં કેટલી મુદતે જઈ શકેછે, અથવા તો તેની સામને ધારવેલો ગ્રહ પોતાનું ચકર પુરૂં કરીને પાછો અસલી નીશાની આગલ આવી પહોંચતા કેટલા દહાડા લાગેછે તેનો હીસાબ કાઢવાને બની શકે, તે દરેક ગ્રહ દરેક રાશીમાં કેટલી મુદતે ફરેછે, તથા કેટલી મુદતમાં આખુ રાશીમંડળ પુરૂ કરેછે. તેની લાંબી બીના જુવો "સારેસતાને ચાર ચમન"ના ઝેકરે હુકમાં મધ્ય.)

૯. જેમ કે—ઘેટો, ગાય, બે આકાર એટલે જોડ મૂર્તિ, કરચલું, સિંહ, જુમખો અથવા કન્યા, તરાજુ, વીચ્છુ, કામઠું, બકરો, બાલદી અને માંછલી.

(ખુલાસો:—એ ઊપર આપેલા નામોવિષે જાણવું કે, તે ભારી ચાલના તારાઓ જે એક બીજાની અરસપરસ આવેલા જોવા જાણવામાં આવે છે. તે ઊપર જણાવેલા નામોના જેહવાં આકાર જણાયાને સબબે દરેક જથાઓને એક એક બુરૂજ ઈયાને રાશી તરીકે મુકરર કરી તેમની ઓળખાણ થકી એ નામો નેમવામાં આવ્યા છે. જે દીવસથી એ નામ જાહેર પડયા છે, ત્યારથી હાલ જમાના તલક એજ નામ કેહવાતાં આવે છે. એટલુંજ નહીં પણ આ પૃથ્વીપરના જુદા જુદા દેશના જ્યોતિષ શાસ્ત્રીઓએ પણ પોત પોતાની ભાષામાં એના એજ નામના તરજુમાં કરી રાખયા છે. અને કોઈએ પણ એની અંદર વધઘટ કીધી નથી. તેથી એ નામોને મુકરર કરનાર પ્રથમ પુરૂષને ધન ધન કેહવું ઘટે છે. એ નામો બીજી ભાષાઓમાં કેમ વપરાય છે. તે નીચે મુજબ ૬ ભાષાનો કોઠો કરી જણાવીએ છઈએ.)

બાર રાશીઓનો કોઠો.

દરેક રાશીના મવકલ ઈયાને રખેવાલ ફરેસ્તાના નામ	દસાતીર	ફારસી	આરબી	સંસ્કૃત	ગુજરાતી	અંગ્રેજી
ફરવરદીન	ચમકાત	બરે	હમલ	मेष	ઘેટું	Aries
અરદીબેહસ્ત	ગામ	ગાવ	સૌર	वृषभ	ગાય	Taurus
ખુરદાદ	દામરીર	દોપેકર	જોવઝા	मिथुन	જોડમૂર્તિ	Gemini
તીર	મરચંગ	ખરચંગ	સરતાન	कर्क	કરચલો	Cancer
અમરદાદ	સાર	શીર	અસદ	सिंह	સિંહ	Lion
શેહરીવર	અદશેહ	ખુશે	સોમ્બોલે	कन्या	કન્યા	Virgo
મેહર	તુલાર	તરાઝુ	મીઝાન	तुला	કાટો	Balance
આબાન	કાઝામ	કઝદુમ	અકરબ	वृश्चिक	વીંછુ	Zodiac
આઝર	ગમાર	કમાન	કૌસ	धन	કામઠું	Sagittarius
દેએ	મઝદ	બોઝ	જદય	मकर	જંગલીબકરો	Capricorn
બહમન	દાલ	દુલ	દલવ	कुंभ	ડોલચું	Aquarius
અસપનદારમઝદ	રમીમ	માહી	હુત	मीन	માછલું	Pisces

૧૦. અને એજ પ્રમાણે તેની હેઠાણ તરફના આકાશોમાં સાત ફરતા તારાઓ (ગ્રહઓ) છે.

(ખુલાસો:—જેમ ઊપર તરફ ભારી ચાલ મધ્યના ૧૨ અંજુમનો થકી ઈશારો કેહવામાં આવ્યો છે તેમજ તેની નીચલી તરફના ફરતા અત્યંત આકાશોમાં પણ ફરતા તારાઓ ઈયાને ગ્રહઓ છે કે, જે ફરતા તિક્ષણ ચાલના ગ્રહઓ પણ અગણીતછે, કે તેઓ દરેક "સાબેત સેતારા" ઈયાને ધીમી ચાલના તારાઓની આસપાસ પ્રદક્ષણા કરનારા હોય છે.)

૧૧. (તે મધ્યના મુખ્ય) શનિશ્ચર, બ્રેસ્પતી, મંગલ, સૂર્ય, સુકર, બુધ અને ચંદ્ર.

(ખુલાસો:—આપણી પૃથ્વીથી દુર આકાશ તરફ જે ફરતા તારાઓ છે તેમધ્ય પેહલો ચંદ્ર, તે પછે બુધ, અને તેથી દુર શુકર, તે પછે સૂર્ય, ત્યાર બાદ મંગલ, પછે બ્રહસ્પતી અને છેક છેડે શનિશ્ચર આવેલા છે એ મુજબ ચઢતા ઊતરતા વસે છે. તેવા બીજા તારાઓ ઈયાને ગ્રહઓ અનેક છે. પણ તે મધ્યના મુખ્ય જે હમેશ આ પૃથ્વીપર વસનારાઓને અગત્યના જણાય છે. તેમનાજ ફકત નામો કેહવામાં આવ્યાં છે. તથા એજ નામથી અઠવાડીયાની તારીખ ઊભી કરવામાં આવી છે.)

(હવે વાંચકો અગરજો ઘણી બારીકીથી તપાસી જોશે તો તેઓને જાણીતું થશે કે, જે જમાનામાં એ હફતાની તારીખ ઊભી કરવામાં આવી તે વખતના લોકો સારી પેઠે જાણતા હતા જે ઊપર કહ્યા તારાઓ સાથે આપણી પૃથ્વીપણ સૂર્યની આસપાસ ફરનારા ગ્રહઓ છે. કારણ કે જ્યારે આપણી પૃથ્વીથકીજ એ સાત વાર જાહેર કરવામા આવ્યા છે. તો એનું પોતાનું નામ પડતું મુકવામાં અડચણ નથી. જેમકે એક પાદશાહ આગળ એક શખ્સ આવી અરજ કરે કે "અત્રે પેલા સાતજણ હાજર છે." તો તેપરથી ખુલ્લું જણાય છે કે, અરજ કરનાર શખ્સ પેલા સાત માણસો શિવાય તે એક બીજો છે કે જે આઠમો છે. એ ગ્રહઓના નામનો કોઠોપણ નીચે મુજબ કરી જણાવીએ છઈએ.)

સાત ગ્રહોઓનો કોઠો.

આકાશથી પૃથ્વી તરફ ઉતરતા ભાગ	દસાતીર	ફારસી	આરબી	સંસ્કૃત	ગુજરાતી	અંગ્રેજી	પૃથ્વીથી ઉપરતા ચઢતા ભાગ
૧	સનાશીર	કેવાન	ઝોહલ	मंद	શનિશ્ચર ૭	Saturn	૭
૨	બરહસતી	હોરમઝદ	મોશતરી	बृहस्पति	ગુરૂ ૫	Jupiter	૬
૩	બલરામ	બેહરામ	મરીખ	भौम्य	મંગલ ૩	Mars	૫
૪	હરામીદ	ખુરશીદ	શમસ	आदित्य	સૂર્ય ૧	Sun	૪
૫	બનીદ	નાહીદ	ઝોહરે	भृगु	શુક્ર ૬	Venus	૩
૬	કલગ	તીર	ઓતારદ	सौम्य	બુધ ૪	Mercury	૨
૭	ફ્રામશીદ	માહ	કમર	इन्दु	ચંદ્ર ૨	Moon	૧

૧૨. (ખોદા ફુરમાવે છે કે) તેઓ માહરા ઊત્તમ બંદાઓ છે, જેઓએ હરગેજ નાફુરમાની કીધી નથી. તેમજ કરવાના નથી.

શરેહઃ—ફુરમાવે છે કે સઘલાં આકાશો જે ભારે કદના યઝદાનની નજદીક છે. તેઓ તે સાહેબના હુકમથી આડા ચાલતા નથી. અને પ્રથમ દીવસથી ઈયાને જ્યારથી તેઓ પેદાં થયાં ત્યારથી તે હાલ સુધી તેઓએ માથું ફેરવ્યું નથી. તેમજ જાવીદાન સુધી ફેરવશે પણ નહીં.

[મને (પાંચમાં સાસાનને) પેહલી વેળા ઊપલી જહાનમાં બોલાવ્યો ત્યારે આકાશો અને તારાઓ માહરી આગળ બોલવા લાગ્યા કે, "ઓ 'સાસાન,'! યઝદાનપરસતેશને લાયકનો હોવાને લીધે હમોએ તે સાહેબની ખીદમત બજાવવામાં કમર બાંધેલી છે. અને તે સાહેબના ફુરમાનથી

બાહાર જતા નથી, ઈયાને હુકમ મુજબ ચાલીએ છઈએ. પણ માણસોથી અચરત છઈએ કે તેઓ શા કારણથી યઝદાનની આટલી બધી નાફરમાની કરે છે"?]

૧૩. (કુલે આકાશો પેદા કીધાં) પછે આતશ, પવન, પાણી અને માટી પેદાં કીધાં છે.

૧૪. અને તે ચાર તત્વના ભેલાનથી ખણીજ પદાર્થો, વનસ્પતીઓ અને જીવજંતુઓ પેદાં કીધાં.

૧૫. તેઓ સર્વ યઝદાનના હુનર અને ડહાપણથી કામમાં વળગેલાં છે.*

વરશીમ ૨ જી.

(આબાદીયાન ટોળીના જમાના બાબે.)

ઇઝદ કે, જે જીવજંતુઓને રોજી આપનાર અને ભલાં કર્તુકનાઓને (મુક્તિ) બક્ષનાર છે તેના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. મે (ખુદાએ) કહ્યું કે, મથમ "મેહઆબાદ"ને મે (પેગમ્બરીમાં) કબુલ કીધો હતો. અને તે પછે બીજા તેર "આઝાદ"નામના પેગમ્બરોને એક પુઠે એક (ઘણે વેગલે વેગલે જમાને) મોકલાવ્યા.

૨. એ ચૌદ પેગમ્બરોથી દુનિયા (લાંબા જમાના સુધી) સણગારેલી અને નચિન્ત રહી.

શરેહઃ—આબાદ પછેના બીજા તેર પેગમ્બરો જે થયાં તેઓ સર્વનો ધર્મ અને રીતી મેહઆબાદની બરોબરજ હતી અને તેઓ તેનાજ મીસાલે ચાલનારા હતા. તેઓ ધર્મ રીતીથી દેશો આબાદ કરી ગયા.

૩. તે ચૌદ આબાદો પછે તેઓના ચેલાઓ અને વારેસ પાદશાહઓએ દુનિયાને સારી હાલતમાં રાખી.

૪. જ્યારે તે સઘલાંઓની પાદશાહીના એકંદર સો"આદ"વરસ પુરાં થયા ત્યારે "આબાદ આરાદ"નામના પાદશાહે પોતાની પાદશાહી તજી યઝદાનપરસ્ત થયો.

---

* જુવો મેહઆબાદના નામાની વરશીમ ૫મીના ફકરા ૪, ૫, અને ૬.

શરેહઃ—સમજવું કે, "ફરસંદાઝ" ઈયાને• મેહઆબાદની ટોળીવાળાઓ એક કરોડ વરસને એક "ફર્દ" કહેછે. તેહવાં હજાર "ફર્દ"ને એક "વર્દ" હજાર "વર્દ"ને એક "મર્દ," હજાર મર્દને એક "જાદ" ત્રણ હજાર "જાદ"ને એક "વાદ" અને બે હજાર "વાદ"ને એક "ઝાદ" કહેછે. તેવાં સો ઝાદ વરસ સુત્રી આબાદીઓની ટોળીમાં પાદશાહી કાયમ રહી. ત્યારબાદ "આબાદ આરાદ" જે આબાદીઓનો છેલ્લો પાદશાહ હતો તેણે જોયું કે માણસો બુરી મનશની વધારતાં જાયછે. તેથી તેણે પાદશાહી તજી ખુણે બેસવાનું અખ્તયાર કીધું. અને લોકોથી એવો છુપાયો કે કોઈએ જાણ્યો નહી કે તે કયાં ગયો. તેને પાદશાહી તજ્યાથી દુનિયા ઉથલપાથલ થઈ તથા પાદશાહઓની સઘલી મેળવેલી ચીજો લુટાઈ બરબાદ થઈ ગઈ, ત્યારબાદ કેટલાએક નેક લોકો "આબાદ આરાદ"ના છોકરા "જીઅફ્રામ" કે જે બાપના જેહવો પરેજગાર અને લોકોથી વગલો થઈ યઝદાનની બંદગી કરવામાં રોકાયો હતો તેની પાસે જઈ તેને પાદશાહી કરવાને કહ્યું પણ જ્યાંસુધી આ નામીચું નામું યઝદાન તરફથી ઉતર્યું નહીં ત્યાંસુધી તેણે તે કામ કબુલ કીધુંહતું નહીં.

(ખુલાસો:—ઉપર કહ્યાપ્રમાણે હીસાબ ગણતા આપણી ગણત્રીના ૬ ની ઉપર ૨૩ મીંડા મુકયા જેટલાં આંકની સંખ્યાનાં વરસો થાયછે. તે વાત હાલ જમાનામાં ઘણાએકોનાં મગજમાં ઉતરવાનું મુશકેલ લાગયા વગર રહેશે નહીં. એટલાં કીજે આપણે બીજાઓના લખાણોની શાદતો એ મતલબને મળતી મેળવી જોઈએ, કે જેથી ખાત્રી થાએ. આકાશવાણી અવસ્તામાં દર જગોએ "જરવાને અકરને"નો ફકરો આવ્યોછે. ઇયાને જમાનો બેઠીનાર છે કે તેની સરૂઆતનો સમો અને આખરનો અંત નથી. વાસ્તે જ્યારે એવું સાબેત થાય કે જમાનાનો અંત નથી, તો પછે તે વચ્ચે એક એહવો જુગ જમાનો પુરો થયો હોય તેમાં કસું તાજુબ થવા સરખું દીસતું નથી.)

(આગળ આવેલા "મેહઆબાદ"ના નામાની વરશીમ ૧૪ મીમાં જણાવ્યા મુજબ "આ નીચલી દુનિયા, ઉપલી દુનિયાના હુકમપર ચાલનાર ઈયાને તાબેછે." એપરથી જણાય છે, કે આકાશી ચકરો ઉત્પન્ન થતાંજ આ નીચલી દુનિયાપર પેદાયશ અને વસ્તી હોવીજ જોઇએ; કારણ કે એજ વરશીમનાં ૧૩ માં ફકરામાં જણાવ્યા પ્રમાણે દરેક તારાઓ પોતાની ચલ-

ણુના અત્યંત વરસો બીજા તારાઓની મદદ સાથે પોતાનું રાજ્ય કરેછે, ઇયાને આવી નીચલી પદાર્થી દુનિયાઓપર અસર નાખેછે, કે જેથી રખેવાળ ફરેસ્તાઓ ચાર તત્વની મારફતે તરેહ તરેહની નીપજ અને નાશ કરતા જાયછે. તેપરથી પણ સાબેત થાયછે કે, દુનિયાની પેદાયશના જમાનાની ગણત્રીજ નથી.)

(હિંદુઓના ગ્નાની ગુરૂઓના કોલમુજબ આ પૃથ્વીપરના જમાનાનું ચકર બ્રહ્માના રાજમુજબ છે, તે બ્રહ્માનો એક દહાડો તે આપણાં એક હજાર વરસનો ગણાય છે, તેવાં ૩૬૦ દહાડાનું એક વર્ષ થાય. તેહવા કેટલાંએકોના કોલ મુજબ ૧૬૮ વરસે અને કેટલાંએક લખાણ મુજબ તેહવાં એક હજાર વરસે એક બ્રહ્મા જીંદગી ભોગવ્યા બાદ બીજાની જીંદગી સરૂ થાય છે. એમ એક પછે એક બ્રહ્માઓનું આવવું બનેછે. તેહવા બ્રહ્મા અત્યંત આવી ગયાછે. અને અગણીત આવશે તો તેટલામાં એક "આબાદીઆન" ટોળીનો લાંબો જમાનો પુરો થયો હોય તો કસું અચરતી ભરેલું નથી. કારણ કે ફકત એક બ્રહ્માના રાજ્યના વર્ષની ગણત્રી કાઢતાં આપણા ૧૦૮૦૦૦૦૦૦૦ વરસ થાય છે.)

(મુસલમાનોના "સીઆ" પંથવાળાઓનો પેહેલો ઇમામ હઝરત અમીરૂલ મોમનીન "અલી"ને કોઈએ સવાલ કીધો કે આ દુનિયામાં બાબા આદમની આગમજ બીજું શું હતું? જવાબ દીધો કે તેના જેવોજ બીજો બાબા આદમ. ફરી પુછયું કે તેની આગમજ કોણ હતું? જવાબ દીધો કે ત્રીજો બાબા આદમ. એ મુજબ તે શખ્સે પાંચ છ વખત પુછયા બાદ અઝરત "અલી"એ જવાબ દીધો કે અગરજો તું ૭૦ વરસ તલક રાત અને દહાડો એક પુઠે એક મને પુછયાજ કરશે તો હું કહ્યાજ કરીશ કે આદમ. કારણ કે દુનિયાની સરૂ નથી, તેમજ અંત એ નથી." તો એહવા બાબા આદમોમાં "મેહઆબાદ" પણ એક બાબા આદમ થઈ ગયો હોય અને તેહવા ૧૪ આબાદીઓ એટલે ૧૪ બાબા આદમ વેગલે વેગલે વખતે એક મ્હોટા ચકર ઇયાને લાંબા જમાનાની અંદર થઇ ગયા હોય તો તેમાં નવાઈ શું છે?)

વરશીમ ૩ જીઃ

(મેહઆબાદી ધર્મને ટેકો આપવા બાબે.)

ઇઝદ કે, જે જીવજંતુઓને રોજી આપનાર અને ભલા કર્તુક-નાઓને (મુક્તિ) બક્ષનાર છે, તેના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. (ખોદા પૂરમાવે છે કે,) એ "આબાદ આરાદ"ના છોકરા "જીઅફરામ!" તાહરા બાપે પાદશાહી તજી છે તેથી હાલે તું પાદશાહી લે, અને "મેહઆબાદ"ના ધર્મને નવેસરથી સણગાર.

૨. મેં, તું (જીઅપુરામ)ને પેગમ્બર ઠેરવ્યો છે. અને "ફરસંદાજી" ધર્મને તાહરી મારફતે પાછો તાજો કરવા ચાહુંછું.

૩. તેથી આ (નીચે લખેલા) આકાશી સખુનો તાહરે વાસ્તે મોકલ્યા છે. તેને તું દસાતીરમાં ઊમેર. [કે જે મેહઆબાદનું નામું છે.]

(ખુલાસો :—જેમ હજરત અશો "મેહઆબાદ" ઉપર ખુદાઈ ખબર આવ્યાનું નામું દસાતીર છે. તેમજ જીઅફરામપર ચમકાટથી ઉતરેલી વહી બાબે એજ સાહેબને હુકમ થાયછે. કે તેનું નામું કરીને અસલ દસાતીરવાળાં દફતરમાં દાખલ કર. કારણ કે તે પ્રથમ નામાની મતલબનાં સાધન તરીકે એ બીજા નામાનો એહવાલ પણ એક સરખો છે. અને એક બીજાની મતલબમાં કસો ફેર અથવા ઉલટાં પણું આવ્યુ નથી. તેમ આવવું જોઈએ પણ નહીં. કારણ કે સઘળાં પેગમબરો પરવરદેગારનોજ ખરો અને સરખો માર્ગ દેખાડવાને માટે પેદા થાયછે.)

૪. "મેહઆબાદી ધર્મને તું ભલી રીતે ધરાવ. કારણ કે તે યઝદાની ધર્મ છે. તેથી ચાહુંછું કે એ ધર્મ યઝદાન પરસ્તોમાંથી નાશ થાય નહીં.

૫. જે કોઇ મહને (ખોદાને) ચાહનાર હશે તે એ ધર્મપર ચાલશે.

વરશીમ ૪ થી.

("જીઅફરામે" બજાવેલી ઈશ્વરની ભક્તિ.)

ઇઝદ કે, જે જીવજંતુઓને રોજી આપનાર અને ભલાં કર્તુ-ફનાઓને (મુક્તિ) બક્ષનાર છે. તેના નામથી સરૂં કરૂંછું કેઃ—

૧. જરૂરની અસ્તિ. [એટલે કંઈબી રીતે તે સાહેબની હયાતી હમેશાં જરૂરની છે. તેમજ બેશક તે ખાલેકની જીંદગી હમેશ રહેનારી છે. તેની હયાતીની સરૂઆત અને અંત નથી. તે હમેશ હતો, છે, અને રહેશે.]

૨. નુરોનું નુર. [સર્વ રોશનીઓનું મૂળ, કે જેના અસલ નુરમાંથી સઘલાં નુરી સંસ્થાનો અને નુરી પદાર્થો રોશની પકડે છે. કોઈબી નુરી ચીજો તે ખાલિક વગેરે બીજે કેયેથી દીપક મેળવી શકિત નથી.]

૩. પુંજ્યઓનો પુંજ્ય. [જે લોકો કે પોતાની ભારે મોહટાઈ અને દબદબો ધરાવવાને લીધે ભકિતને લાયકના હોય છે. (જેહવા કે, આ દુનિયાના પેગમ્બરો, રૂપીઓ અને પાદશાહઓ તથા પેલી દુનિયાના ફરેશતાઓ, તારાઓ ઈત્યાદી.) તેઓ પોતાના ભારે દબદબા સાથે યઝદાનને પુંજે છે.]

૪. ધણીઓનો ધણી. [સઘલા ફતેહમંદ શહેનશાહો, પાદશાહો, નામીચાઓ, સરદારો, અને દાવરોનો તે સાહેબ ધણી છે. તેઓ સર્વ તે ખાલિકને ભજનારા છે. તેઓની મોટાઈ તે યઝદાનની મોહટાઈથી છે.]

૫. ઊત્તમ મરતબાનો. [એવી શ્રેષ્ઠ પદવી ધરાવનારો કે, જે સર્વ બુલંદીઓને બુલંદી બક્ષનારો તથા સઘલાં પદવીવાળાઓને પદવી આપનારો છે.]

(ખુલાસોઃ—સર્વ ઊપરીઓ ઊપર ઊપરી ઈયાને દરેક ગેતી અને મીનો મકાનો કે જેઓ દીઠ અને અંદીઠ છે તેઓ સર્વને મોહટાઈ બક્ષનાર તેજ શત દાતાર સાહેબ છે.)

૬. ચમત્કારિક સ્તુતીનો. [બેહધ શુકરાના અને વખાણના સંસ્થાનોવાળા સરૂશોએ અતીશ્ય સ્તુતી કરવાને લાયકનો, તથા ભારે મોહટાં મંડળોએ માનથી નમવા જોગનો, તેમજ જગત મધ્યનાં સઘલાં ઘટતાં સંસ્થાનોમાં બેસનારા (હયાતી ધરાવનારા) ઓએ ભજવા યોગ્યનો તે સાહેબ છે.]

૭. તેજી નુરવાળો. [તે સાહેબ અતીશ્ય જોરેમંદ ચમકાટ ધરાવનારો, ઘણોજ પ્રખ્યાત તથા અચરતી ભરેલી બેહદ રોશનીવાળો છે. જે સર્વ રોશની બક્ષનારાઓની બધી રીતની રોશની તે નુરમંદ, ખાલિકથી છે.]

૮. પ્રસિધ્ધ દીપકનો. [ભારે ચળકાટમાં પ્રખ્યાત થએલો. તથા ઘણોજ દેખાવ આપનારો, કે જેના છાયાંથી જાહેરમાં આવેલા સઘલાં સંસ્થાનો આશકારમાં આવ્યા છે. તથા સર્વ દીપતાં દેખાનો દીપક અને સઘલાં ચળકતાં મકાનોનો ચલકાટ તે સાહેબની ચમત્કારીક જાતીમાંથી છે.]

(ખુલાસોઃ—સર્વ કરતાં વધુ શત દાતાર સાહેબનો છાયો આખા જગતમાં પથરાયલો છે. અને દરેક ઠેકાણે જ્યાં જોઈએ ત્યાં તે ખાલિકનાં નુર શિવાય બીજું કસું નહી હતું અને નથી. બલકે જે કાંઈ છે તે, તે પેદા કરનાર સાહેબના ભારે છાયાંથી આશકારમાં આવેલું છે. એટલાંજપરથી તે સાહેબને હરદમ બધે હાજરનાજર હોવાનું કેહવાતું આવે છે.)

૯. બુઝોર્ગોનો બુઝોર્ગ. [તે સાહેબ મોહટાઈઓનો ઊંચો, ઊપરીઓ ઊપર ઊપરી, તથા સર્વ સરસાઈઓ કરતાં સરસ છે. તે સાહેબની નજદીક સઘલાં મોહટાઓ નાહના, ઊંચાઈઓ નીચાણ, ઊપરીઓ હાથ તલે, ઘણાઓ થોડાં, લાંબાઓ ટુંકા, પહોળાઓ સાંકડાં અને ઊંડાણો છાલકાં છે.]

(ખુલાસોઃ—આ ગેતી મધ્યના હરેક પ્રકારની મોહટાઈ ધરાવનારા પેગમ્બરો, પાદશાહઓ, પેહલવાનો અને તવંગરો તથા પેલી મીનોઈ મકાનના ફરેશતાઓ, ઈઝદો, અમશાસપંદો અને તારાઓ વગેરે સઘળાં તે સાહેબની મોહટાઈ આગળ સર્વ એક બાલક સરખાં નાએલાજીવાળા છે. અને તેજ સાહેબ કુલ્લે હદ તથા સઘળી ચીજેનો વડો ખાલેક છે.)

૧૦. સર્વ જગોએ પહોંચી વળેલો. [પેહલથી છેલસુધી આખા જગતમાં પથરાયલો તેમજ કાબેલ અને પુરતી યોગ્યતાવાળો છે, કે જે લાયકીવાળાઓને લાયકીનો પહોંચાડનાર અને સચાઈપર ચાલનારાઓને સીધો રસ્તો દેખાડનાર છે.]

૧૧. બક્ષેશ પહોંચાડનારો. [દરેકને તેઓનાં પ્રમાણ મુજબ એવા તો રોજી પુગાડનારો છે, કે કોઇબી તે સાહેબની દરબાહમાંથી નાઉમેદ થઇ પાછું ફરયું નથી. તેમજ કદી કોઈ પાછું ફરશે પણ નહીં.]

(ખુલાસોઃ—આ દુનિઆ કે આકાશી સંસ્થાનોમાં જેઓને એક બીજાથી બક્ષેશ પહોંચે છે અથવા જે કોઈ પોતાની મેહનત અને યુકિતથી રોજી, ધન, માન અને તંદરોસ્તી વગેરે જે મેળવે છે, તે સર્વનું અસલ થડમૂળ

તે પેદા કરનાર સાહેબની સખાવતથીજ ઊપજે છે. અને જેહને જેટલું ઘટે તેના કરતાં એક તલભાર પણ વધતું કે ઓછું મળતું નથી.)

૧૨. અતીશય નેકીવાલો. [ઈયાને એવી ભારે ભલાઈવાલા તે સાહેબછે કે, જેની ભલાઈ બધી જગ્યાએ પુગેલી તથા સર્વ હધમાં ફરી વળેલીછે.]

(ખુલાસો:—આખા જગતમધ્ય પેહલથી છેલ સુધીના છએ બાજુએ તે સાહેબે ભલાઈ શિવાય બીજું કસું બુરૂં સરજ્યું નથી.)

૧૩. વખાણવાળું નુર. (ભક્તિને લાયકનું.) [તે સાહેબ એક પસંદ પડતી રોશની અને મોહટું નુરછે. માટે તેનીજ સેતાયશ કરવી ઘટતી છે. કારણ કે રોશન દીલવાલા રોશની મેળવનારાઓનાં દીલપર તેના શિવાય બીજે કેથેથી કદી રોશની મળી શકિત નથી.]

૧૪. પુરતી મોહટાઇએ પહોંચેલો. [તે સાહેબની મોહટાઇ સર્વથી સરસછે, માટે તેનેજ વડાઓનો વડો જાણવાને માટે સઘળાંઓને ફરજછે.]

૧૫. મખ્યાત નુરાનીનો. [તે "નુરોલ અનવાર" સાહેબ એવી ખુલ્લી રોશનીવાલો છે, કે દરેક ચીજ તેના પડછાયાથી પ્રસિદ્ધ, તથા તેનાજ નુરથી જાહેર થાયછે.]

(ખુલાસો:—સર્વ જાહેર અને છુપું તે સાહેબના નુરથી આશકાર બનેલું હતું, છે અને થાતું આવશે. માટે ખાતરીથી જાણવું કે, જે કાંઈ હતું અને છે તે સર્વ તે ખાલેકનોજ છાયો ધરાવેછે.)

૧૬. જબરદસ્ત વડો. [તે સાહેબ એવા તો મોહટાઈ ધરાવનારો છે, કે તેની મોહટાઈ આગલ સર્વ સરદારો અને વડાઓ પોતાનું માથું કદી ફેરવી શકતા નથી.]

૧૭. ઘટતી બક્ષેશનો કરનારો. [તે સાહેબ રવાનને માટે બુદ્ધિ અને શરીરને માટે સુખ શાંતિ દરેકને અનુસરતી રીતે બક્ષનારો છે. તેના સર્વ કાયદાઓ પણ તે વગર ગરજના ખાલેકની બુઝોર્ગી ભરેલી જાતીથી છે. તેની બક્ષેશની મોહટાઈ ગણત્રીમાં આવી શક્તિ નથી.]

(ખુલાસો:—સર્વ કાયાઓને સમારનાર, સઘળાં રવાનોને રોશન કરનાર તથા તમામ દાનાઇઓને પૂર્ણતામાં લાવનાર તેજ દાદગર દાદાર છે. એટલી બધી જથાબંધ બક્ષેશ દરેકને લાયક તે સાહેબથી ઉતરેછે, કે જેની ગણત્રી કરી શકવાજોગ નથી.)

૧૮. અગણીત દેશોનો માલેક. [તે શાહેબ એટલા બધા દેશોનો માલિક છે કે જેઓની પેદાયશનો અંત નથી.]

(ખુલાસો:—એપરથી માત્ર આ નીચલી દુનિયા વીશે સમજવું નહીં. પણ આ પૃથ્વી જેહવી અપરમપાર તારાઈ દુનિયાઓ અને સર્વ સ્વર્ગોનો તે ખાલિકજ શહેનશાહ છે. જેના રાજ્યનાં વીસ્તારની કસી હધ નથી.)

૧૯. ખુલ્લી ભલાઇનો. [તે સાહેબની ખુબી સર્વ વાતે રોશન તથા તેની ભારે ભલાઈ દરેક જગોએ આશકાર ઈયાને ખુલ્લી છે. મનુષ્યને જે કાંઈ જાહેર આંખથી જોવાને બની શકેછે. અને જે કાંઇ રવાન પોતાની ઉપર લાગણી ધયાને ચમકાટ મેળવી શકેછે, તથા જે કાંઈ અક્કલની મારફતે સમજી શકાય છે, તે સર્વ તે ખાલિકની નેકીનો પડછાયો છે. તેમજ તેની નેકીનો કસો અંત કે હીસાબ નથી.]

૨૦. મુબારક બક્ષેસનો કરનારો. [તે સાહેબની હયાતી એહવીતો કાબેલ, લાયક અને ભાગ્યશાળી છે, કે સર્વ તરાંહની સખાવતો, ભલાઈઓ અને બક્ષેશો તે સાહેબથીજ ઉતરેછે. જે બક્ષેશો ઘણી મુબારક છે.]

(ખુલાસો:—દરેકને જે કાંઈ અને જેટલું મળેછે તે સર્વ ભલું અને પ્રમાણ મુજબછે. તે બધું પેદા કરનાર સાહેબની સખાવત શિવાય બીજાં કોઈથી મળતું નથી. વાસ્તે જાણવું કે મનુષ્ય જાતને જે કંઈ આગળ આવેછે, તે સર્વમાં છુપા કે જાહેર ફાયદાઓજ હોય છે. અને તે કબુ કસુ કોઈને નુકસાનકારક હોતું નથી.)

૨૧. ભારે પવિત્રાઇનો. [તે ખાલિક ઉત્તમ અગ્રાઈવાળો અને અતિશ્ય ખાલિસ છે. જેહની સ્વચ્છ જાતીની આજુબાજુ તથા નવમાં આસમાનપર રેહનારા ફરેસ્તાઓની નજદીક કશા ભેળાણની ધુળ બેસતી નથી.]

૨૨. જાહેર અને છુપી પેદાયશોનો સાહેબ. [જે કાંઈ આ દુનિયાંમાં જાહેર રીતે દેખાયછે, તેમજ મીનોઇ મકાનમાં જે અંદીઠ સરેશોના સંસ્થાનો અને ફરેસ્તાઓના રહેઠાણો છે, તે સર્વનો સાહેબ તે ખાલિક છે. અને એ બાના અંતઃકરણની નજર (બુદ્ધિ)થી જોનારાઓ આગળ કસું છુપું નથી.]

૨૩. સઘળી પેદાયશોને પેદાનો કરનાર [દરેકને હયાતીમાં લાવનાર તે, તે સાહેબની પવિત્ર જાતી છે. અને જે કાંઈ પેદા કીધું છે તે સર્વ

પેદાયશને લાયકનું છે. જે કાંઈ જે પ્રકારે તે સાહેબ જાહેરમાં લાવ્યો છે, તે સર્વ પોતાની જગો એ ઘટતું છે.]

૨૪. અવળનો અવળ. (પ્રથમનો પ્રથમ) [તે સાહેબની સરૂઆતનો સમો નથી. સર્વેથી પ્રથમ તેજ છે. માટે તે સાહેબની પ્રથમતાનો વખત કહી શકાય નહીં. તેમજ અંત વગરનો હમેશ રેહનાર છે.]

૨૫. અસલ મૂળ ઊત્પન્ન કરનારો. [એક ચીજની મારફતે બીજી ચીજને જાહેરમાં લાવતે, દરેક ચીજનો સીલસલો બેઊ જહાનમાં ચાલુ કરનાર. તથા દરેક પેદાયશોમા થડમૂળના સંસ્થાનો સ્થાપનાર તેજ એકત્રતા ખાલિક છે.]

૨૬. તે (સાહેબ) નું હું પણુ જાહેરમાં લાવનાર તેજ પોતે છે. અને તેહના શિવાય બીજો કોઇ નથી.

(ખુલાસો:—તે કુદરતના ખાલિકને કોઇએ પણ શોધી કાઢયા શિવાય પોતે પોતાની કામેલ કુદરતથી દર પળે, દર જગોએ, તથા દર જમાને પેદા અને આશકાર છે. તો બુદ્ધિવાન સાહેબો જે કંઈ જોય છે તેમાં તે સાહેબનો પુરતો છાયો છે.)

૨૭. સઘળાં પાળનારાઓનો પાળનાર.

(ખુલાસો:—આખા જગતમાં જે એકબીજાને સંબંધોનો સબબસાજીયાને કારણોનું કારણ અથવા આધાર આપનાર તેજ ખાલિક છે.)

૨૮. અજબોનો અજબ. [તે સાહેબની જાતી અચરતીઓને અચરતમાં નાખનાર તથા ઊત્તમ અચરતી ભરેલી છે.]

(ખુલાસો:—જે કંઈ આપની અક્કલનાં અંદાજ ઊપરાંત હોય છે, તેપર આપણને અચરતી ઊપજતી આવે છે. પણ અત્યંત અચરતીઓનો દેખાવ આપનારા પેગમ્બરો તથા પરેજગારો આગલ તે નજીવી બાબત છે. તોએ તેવા લોકો પણ તે ખાલિકની જાતી સમજવા સારૂ અતીશ્ય અચરતીમાં પડેલા છે.)

૨૯. નિર્મળતાનો પેદા કરનાર. [તે સાહેબ સર્વ અશોઇઓનો પેદા કરનાર અને અશોઓમાં મોહટો અશો, તથા ખાલેસ તત્વોનો ઝરો તથા પોતાની વખાણને ઊત્પન્ન કરનારો છે.]

(ખુલાસો:—સર્વ વગર ભેળાણના નિર્મળ ફરેશતાઓ તથા શકિતઓ

અને અશોઇઓને પેદા કરનાર સાહેબ તેજ છે. તે દર પળે શુકરાના અને સ્તુતી કરવાને લાયકના બનાબો ઉત્પન્ન કરતો જાય છે.)

૩૦. અકકલો ઊપજાવનાર ખાલેક.

(ખુલાસોઃ—જે કંઈ આકાશી ઓકુલો ઇયાને ફરેશતાઓ તથા આ દુનિયાઈ જાનો છે તે સર્વનું અસલ થડમૂળ પરવરદેગારના ઝરામાંથી ઉપજે છે.)

૩૧. રવાનોનો પણ ખાલેક, ઇયાને તે સર્વ રવાનોને એક બીજાના વસીલાથી આશકારમાં લાવ્યો છે.

(ખુલાસો:—જેમ ઉપર કહેલા ઓકુલો ઇયાને આકાશી અક્કલો તે ખાલિકથી જાહેરમાં આવ્યા છે. તેમજ પહેલી અક્કલ ઇયાને બહમન અમશાસપંદના વસીલાથી "રવાન બોદ" ઇયાને સઘળાં રવાનોનો સરદાર "અરદી બેહસ્ત અમશાસપંદ"ને આશકારમાં લાવ્યોછે. જેમ વધઘટ વગર એક બતીમાંથી બીજી બતી રોશન કરીએ તેમ.)

૩૨. આઝાદોનો આઝાદ. [તે સર્વ અખત્યાર ધરાવનારાઓનો અખત્યારવાળો છે. કારણ કે તે સાહેબેજ છુટાપણું ધરાવનારાઓને આઝાદી તથા આપ અખત્યારોને આપ અખત્યારી બક્ષી છે.]

૩૩. ઊંચા આસમાનોનો ખાલેક અને ઉમદા ચકકરોનો ધણી તે પોતે છે.

૩૪. નીચલા ચાર તત્વના રખેવાળોનો ધણી. અને તેઓને રાખનારાઓનો સાહેબ છે.

(ખુલાસોઃ—હરેક ફરતા ગ્રહ, ચંદ્ર કે સૂર્યનાં ગોળાઓ ઊપર જે કાંઈ નીપજ અને નાશનો બનાવ બને છે. તે છુપાં ચાર તત્વના રખેવાળોની તરતીબથી થતું આવે છે. તેઓને ઊત્પન્ન કરી તેઓની મારફતથી પુરતા મરતબામાં પહોંચાડી જથાજોગ કામે લગાડનાર પણ તેજ ખાલિક છે.)

૩૫. વગર ભેળાણનાં (જુદાં જુદાં) તત્વનો ધણી. [તે સાહેબ દરેક ખાલિસ તત્વનો પેદાનો કરનાર તથા જુદા જુદા ચાર તત્વને નીસ્તીમાંથી અસ્તિમાં લાવનાર છે.]

૩૬. ભેળાણવાળા તત્વનો ધણી.* [ચાર તત્વોને ભેળવનાર તે સાહેબ છે તેની શક્તિવગર તે તત્વો એકઠાં થઈ શકતાં નથી.]

* એ ત્રણ ફરકા મવેના તત્વોની બાબતનો લંબાણ ખુલાસો જુવો "શારેસતાને ચાર ચમનને પાને ૩૧૫ થી.

(ખુલાસોઃ—આપણને જાહેરમાં દેખાતા મેળાપણવાળા તત્વો જે આતશ, હવા, પાણી અને માટી છે તે દરેકની ખાસીયત એક બીજાથી જાહેર દેખાવમાં બેશક ઉલટી છે. તેમજ તે ખાલિસ તત્વની અસલ જાતીમાં પણ ઉલટો ખવાસ હોવા જોઈએ. તે છતા તે ચારને અંદાજાસર અરસપરસ એકઠાં કરવાની કરામત ધરાવનાર ખાલિક છે. કે જે રએવાલ શકિતઓની મારફતે તે ચાર તત્વની મેળવણીથી ખનીજ પદાર્થ, વનસ્પતી અને જીવજંતુઓને ઉત્પન્ન કરી આશકારમાં લાવવાની હીકમત ચલાવનાર માલિક પણ તેજ છે. તેમજ ત્રણે તરેહની પેદાયશને એક બીજાનો સંબંધ બનાવી આપવાની યુકિત ફરમાવનાર શકિતવાન સાહેબ પણ તેજ છે.)

વરશીમ ૫ મી.

(મનુષ્યોએ જે સમજવું જોઈએ તેના હુકમો.)

ઇઝદ કે, જે જીવજંતુઓને રોજી આપનાર અને ભલાં કર્તુકનાઓને (મૂકિત) બક્ષનાર છે, તેના નામથી સરૂ કરૂછું કેઃ—

૧ (જે કંઇ ખોદાએ સરજ્યું છે તે સઘલું) નેક છે.

(ખુલાસોઃ—આખી જગતમાં જે કાંઈ ખાલિકે સરજ્યું હતું તથા સરજતો આવે છે, અને હવે પછે ખલક કરશે, તે સર્વ નેક અને લાયક હતું, છે અને રેહશે. માટે આપણને ઘટતું છે, કે જે કાંઈ આપણા જોવા જાણવામાં આવે, તે સર્વ ખાલિકની ઇચ્છાની કારીગરી સમજીને સદા શુકરાના બજા લાવી તે સર્વ ચીજોની મૂળ મતલબપરથી ખોદાઇ જ્ઞાન મેળવવું નેક છે.)

૨. (મનુષ્ય જાતને) સમજવું જોઇએ, સમજવું જોઇએ, સમજવું જોઇએ અને સમજવું જોઇએ.

(ખુલાસો :—સર્વ કોઇને સમજવું ઘટે છે કે, પોતે કોણ છે, અને કયાંથી આવ્યો છે. તથા પાછો કયાં જશે. અને એ પ્રમાણે આપને લાવનાર લેઈ જનાર કોણ છે! અને તેમ નીપજ નાશ કરવાનું કારણ શું છે.?)

૩, ૪. વળી (તે સાહેબની) ખોદાઇ, એકત્રતાઇ, ગુણ અને નામ સમજવાં જોઇએ.*

શરેહ:—સમજવું ઘટે છે કે, ખાલિક બેશક એકજ છે. તેનું એક્કાપણું કાંઈ ગણત્રીનું નથી. પણ તે સાહેબ બીજીજ રીતે ઉત્તમોત્તમ તથા અધીક છે. તે સાહેબ સઘલી રીતના પુરતા ગુણ ધરાવે છે. તેના નામો અનેક છે. જેમકે, કોઈ ઠેકાણે નવાણું નામવાળો, કોઈ ઠેકાણે સો અને કોઈ ઠેકાણે હજાર નામ કેહવાય છે. તેમંજ તે એક હજારને એક નામનો ધણી છે. તે મધ્યથી થોડાંએક "મેહઆબાદ" ના નામાં મધ્ય કહી બતાવ્યા છે. પણ તે અલબતાં ઓછાં છે. કેમ જે તે સાહેબના ગુણો મુજબના નામ અત્યંત છે. તેનું એક નામ "દાદ" ઇયાને દાનાવ છે. બીજુ "બેશીન" ઈયાને જાત તથા ત્રીજું "જાખી" ઈયાને સીફત એટલે કેટલાંએક જાતી નામો અને કેટલાંએક ગુણવાચક નામો છે. એપ્રમાણે ત્રણ તરેહના નામ તે સાહેબપર લાગુ પડેછે.

૫. તે સાહેબની હમેશાની અસ્તિ, સદાની પુરતી દાનેશાવરી અને પુરતી ખાહેશ સાથે તેની કામેલ કુદરતની શક્તિને સમજવી જોઇએ.

શરેહ:—(પેહેલું) તે ખાલિક હમેશનો જીવતો છે. પણ તે સાહેબનું જીવવું-રવાન, જાન અને શરીર સાથે કસો સંબંધ ન ધરાવતાં પોતે પોતાનેથી જીવતો છે, બીજા જીવતાઓ તેનાથીજ જીંદગી મેળવે છે. (બીજું) તે ખાલિકની દાનેશ તેની પોતાનીજ જાતથી છે. કાંઈ કોઈથી મેળવેલી નથી. (ઇયાને પોતે જ્યારથી હતો ત્યારથી તે સાહેબની હયાતી સાથે બધી સીફતો સાથની દાનાઈ હતી અને છે, તેમજ હમેશ રહેશે.) સંસારમાં કાંઇએક અનાજના દાણાની રજ, તેમજ દરેક રેતીના દાણાને પણ તે "હરવેસ્પ આગાહ" જાણીતો છે, અને તેવી તેની હમેશની દાનાઈ છે. (ત્રીજું) તેનું ચાહવું એજ હતું અને છે કે આ અપાર અસ્તિને આશકારમાં લાવ્યો છે, તે એટલી પુરતી કુદરતથી કે અગરજો આલમના કુલ્લે લોકો સર્વ એકઠા મળીને એહવું ચાહે કે આખી જગત મધ્યથી એક બાલની અણી બરોબર

---

* એ ચોથા ફકરામાં ચાર વખત "સમજવું જોઈએ" લખ્યું છે. પણ વાંચકોને કંટાળો ન ઊપજે તેથી એ ફકરો સાથે કીધા ઊપરાંત, એકવેળા લખ્યું છે.

કસું વધતું ઓછું કરે, તો તે ખાલેકની ખાહેશ વગર કરી શકનાર નથી. (ચોથું) તે પરવરદેગારની શક્તિ એવી છે કે તેણે જે કાંઈ ચાહ્યું તેમ કરયું અને જેમ ચાહેછે તેમ કરતો જાયછે, તથા જે કાંઈ ચાહશે તે કરશે. પણ પોતાના જેહવો બીજો પેદા કરી શકનાર નથી. (ઈયાને તે એકજ છે અને રહેશે.)

૬. ખોદાના શબ્દો, તે ખાલેકનું નામું, તથા તે સાહેબે ઠેરવેલા ફરેશતાઓ અને તેના મોકલાવેલા પેગમ્બરો વીશે સમજવું જોઇએ.

શરેહઃ—(પેહેલું.) ખોદાના શબ્દો કાંઈ ગળાં, તાળવા તથા જુબાનથી નથી પણ માત્ર ખાહેશથી આશકારમાં લાવવું છે. જેમકે, જ્યારે તેણે ચાહ્યું તેમ તેવાજ સરૂશોનો વડો બહમન અમશાસપંદે અસ્તી મેળવીને કુદરતી કલમથી પોતાની સંપૂર્ણ શક્તિના હાથે અપાર અસ્તિ આશકારમાં આવ્યાનો નકશો તૈયાર કીધો. (બેઉ જહાનને બનાવી.) (બીજું.) તે ખાલેકના નામાઓ બે છે. જેમાંનું પેહેલું અથવા મોહટું નામું તે "દોગીતી" ઈયાને મીનો અને ગેતી મળીને એક ભારે મોહટા જગતની હયાતી જે છે, તે એક કીતાબનીજ માફક બનેલી છે* જેને આકાશી ભાષામાં "ફરજે દસાતીર" કેહવામાં આવેછે. અને બીજું નામું દસાતીર (વાસતાનીર) નામેછે જેહના ભેદો મેહઆબાદથી મજ (પાંચમાં સાસાન) સુધી બીજા પેગમ્બરોપર ઉતરેલી યઝદાનની "વહી" ઈયાને ખબર કે જે દીલ ઉપર ચમકાટથી ઉતરેછે, અને તે કાંઈ અવાજપ્રમાણે સંભળાતી નથી. કારણકે સાંભળવાનાં સખુનો જે છે તે અસલ ભેદનાં અર્થનું કાલબુદ કે તન સમાન સંભળાવવા કીજે છે. તે નામાને "ફરાતીન નવાદ," દરીગે દસાતીર ઈયાને ખોદાઈ નાહનું નામુ કેહવામાં આવેછે. (ત્રીજું) તે ખાલેકનો સર્વથી મોહટો અમશાસપંદી પેગમ્બર તે "અકલેકુલ" ઇયાને બહમન અમશાસપંદ છે, જે ખોદાનો પેગામ તેની ખલકને પહોંચાડનાર તથા ખોદા અને ખલકની વચમાં એક મારફત તરીકે છે. સઘલી સૃષ્ટીમાં સરજાયલાંઓને રાહેરાસ્ત દેખાડવા સારૂં નેમાયલો છે. જેનાઓ આઝાદ, (ખાલિસ ફરેશ્તાઓ અને સ્વર્ગી પરમાત્માઓ) નાઆઝાદ, (મિશ્રપદાર્થવાળાં=સૂર્ય, ચંદ્ર વગેરે) અને ઉપરનાઓ (આકાશી રવાનો) તથા નીચેનાઓ (દરેક ગીતીમાં શરીર પામેલાઓ)

* જુવો "દબેસ્તાનઉલ મઝાહેબ"ની ચોપડીનાં દીબાચાની પ્રથમ કવીતાઓ.

જે છે તે સર્વને પરવરશી કરનાર પણ તેજ (બહમન અમશાસપંદ) છે.* તેને દસાતીરની ભાષામાં "ફરઝે ફરજીસ્વર" તથા કદીમ ફારસીમાં "મહીન પેગમ્બર" એટલે મહોટો પેગમ્બર કહેછે. (ચોથું) બીજા પેગમ્બરો, તે આ દુનિયાપર અવતારી આત્માવાળાં નામવર રૂષીઓ હોય છે. તેનાઓ મનુષ્ય જાતનાઓને સીધો માર્ગ બતાવી સંસારી નિતી શિખવે છે. (તે ચાર બાબતને પણ સમજવી જોઇએ.)

૭. અસલના જુનાં, નવા નીપજેલા, બરકરાર રેહનાર અને બરબાદ ઇયાને નાશ થનાર ચીજોની બાબતોને સમજવી જોઇએ.

શરેહઃ—(પેહલું) અસલના જુના એટલે ત્યાની ગૌહરવાળી કુદરતી શકિત, અથવા ઓદાઈ શીફતો, અને મીનો મકાનો છે. કારણ કે તેઓ એટલાતો પુરાતન છે, કે તેમને પેદા થવાના સરૂઆતનો સમો કધુ કહેવાઈ શકાય નહીં. તેવો ઓદાની નજદીક રહેનારા છે. (બીજું.) નવા નીપજેલાઓનો ભરમ એછે, કે જે કાંઈ ચંદ્ર આકાશની નીચે તત્વોથી કરી બંધાણ મેળવે છે. અને પાછા છુટી જઈ વીખરાઈ પડે છે. તથા ફરી એક બીજામાં મળી જાય આકાર પેદા કરે છે પાછા જુદાં થવે તે આકાર નાશ થાય છે. તે અનાસરોનુ મૂળ પણ કદીમ છે (તીજું) બરકરાર રેહનાર જે છે, તે આ નીચલી દુનિયાના ગોળાપર અવતરનાર રવાન છે. કારણ કે, સર્વ શરીરો વધઘટ બની વીખરાઈ નાશ થાય છે, પણ રવાન (આત્મા) જેમનું તેમ હમેશ રહે છે. કેમ જે તે આકાશી આલંમથી ઊતરેલું છે. તેમંજ તે આલંમ પોતે પોતાથી બરકરાર અને મજબુત છે. તેજ આપણનું અસલી ઘર અથવા વતન છે. ત્યાંથીજ આપણનું રવાન એક મુસાફરી તરીકે વેપાર કરવા સારૂ બરબાદ થનાર અનાસરી કાલબુદ મધ્ય આવ્યું છે. (તે બાબે પણ જાણી ચેતી ચાલવું જોઇએ.)

૮. જહાન ઇયાને જગતમાં વસનારાઓ, આઝાદયાન ઇયાને આપ અખત્યારી ભોગવનારાઓ, અને નાઆઝાદ એટલે હમેશ તાબેદાર રહી ફરમાન બરદારી કરનારા બાબે પણ સમજવું ઘટે છે.

(ખુલાસોઃ—પેહલું જાહાનનો બીજો શબ્દ જહન્દે ઇયાને કુદનાર એટલે કે જેમ વીજળી ઝબકીને રદ થાય છે. તેમ આખાં જગત મધ્ય

* જુવો એને અનુસરતી વારતા સાથે એ બાબેની લંબાન બીના સારેસતાને ચાર ચમનને પાને ૨૮૬ માં.

દરપળે નવાં બનાવો ઊપજતાં આવે છે. તે કેહવી રીતે તથા શા સબબથી દરેક બનાવો બની શકે છે. તેના અસલી ભેદને સમજવાની શક્તિ મેળવવી ઘટે છે.)

(બીજું—જહાંનયાન તે આ જગત મધ્યના દરેક ફરતા ગોળાઓ અને તે મધ્ય અથવા તે ઊપર જે કાંઇ નીપજીને નાશ થતું આવે છે, તે કેમ અને શી પ્રકારે ચક્કર ચાલે છે. તેના ભેદોની બીના મેળવવી સજાવાર છે.)

(ત્રીજું—"આઝાદ" એટલે આપ અખત્યાર, ગરજ વગરનો, અને સ્વચ્છ હોય છે. તેમાં સર્વથી સરસ અને પેહલો આપ અખત્યાર ખોદા છે. તે પછે તેની કુદરતી શક્તિવાળા ઇઝદ, અમશાસપંદો અને મીનો મકાનો હોય છે, ત્યાર બાદ ઊતરતે દરજે દરેક પાલણ કરનારી શક્તિઓ ગણાય છે. તેનાથી ઉતરતાં અનાસરી તત્વો છે. તેજ મુજબ મનુષી અવતારમાં દબદબાવાળા પાદશાહી ભોગવનારા સાહેબો છે, તે સર્વની ગતી અને શક્તિ વીશે સર્વ કોઇએ સમજણ મેળવવી ઘટતી છે.)

(ચોથું—છેલ્લું "નાઆઝાદ" ઇયાને આધીનપણું ભોગવનાર તથા ફરમાન બરદાર થઇ રેહનારાઓ અથવા ગોલામી હાલત ભોગવનારાઓ હોય છે. તેમાં પ્રથમ જડ પદાર્થી ગોળાઓ અને તારાઓ કે જેઓ ગતિને તાબે છે. તે પછે શરીર ધારાવનારા મનુષ્ય મધ્યની જે ટોળીઓએ કે, રાજપાટ નહી ચલાવ્યું હોય, અથવા પોતાનું રાજ્ય ખોઇ બેઠા હોય, તે લોકોછે. તેથી ઊતરતા બેહુનર, અજ્ઞાની અને વગર યુક્તિના નરનારીઓ ગણાય છે. તેઓથી ઊતરતાં ચોપગાં જાનવરો અને તે પછે ઝાડપાનની જાતી ગણાય છે. સર્વથી ઊતરતાં ખાણ મધ્યની ધાતુઓ હોય છે* તે બાબેના કારણોની સમજણ મેળવવી ઘટતી છે.)

૯. જ્ઞાન શક્તિ, આત્માઇ અસર, આસમાનો ઇયાને મીનો મકાનો, તથા તારાઓની બાબતો સમજવી જોઇએ.

(ખુલાસોઃ—આખા જગતની પેદાયશોમાં જે જુદાંજુદાં અને તરેહવાર રીતના જ્ઞાનો છે, તે સર્વ ખોદાઇ કુદરતની જ્ઞાન શક્તિનાં પડછાયાંથી હોય છે. વાસ્તે અગરજો કોઇના મનમાં એવો સવાલ ઊપજે કે, "આપણ મનુષ્ય જાતમાં પણ તે એકજ ખાલિકની જ્ઞાન શક્તિનો પડછાયો

---

* એનો વીસ્તાર જુવો સારેસતાને ચાર ચમનનાં ઝેકરે હુકમાં મધ્ય.

હોવા છતાં એક બીજામાં વધઘટ બુદ્ધિ અને હલકા તથા ઊમદા મત કેમ બને છે?" તેના જવાબમાં આપણે એક દાખલો લીજીએ કે, ખુરશીદનો પડછાયો આપણી પૃથ્વી ઊપર એકસરખી રીતેજ ઊતરે છે પણ તે એક ખેતી-વાડીની નેક અને નરમ જમીનપર પડવે ફુલ, ફળ અને અનાજ પકવે છે, તથા ખારી જમીનમાંથી કાંટા ઊગેછે. વળી એક બીલારી મેહેલ કે રૂપેરી છજ્યાપર તે તડકો એવો ઝપકે છે કે જેથી આપણી આંખ છક થઈ જાય છે. પણ એક સફેદ ચુનાની દેવાલપર તેજ પડછાયો તેવી અસર આપતી નથી. તથા મટોડીની ભીંતપર તે તડકું બરોબર પ્રકાશતું નથી, અને એક કાળા કાદવ કે માટીપર ઝાળ મારી ઈજા પહોંચાડે છે. તેમજ મીઠાં-ના રણના કીચડપર લુ લગાડી હરેક જાનવરોનો નાશ કરી નાંખે છે. એ મુજબ એકજ ખુરશીદનો પડછાયો એક સરખો હોવા છતાં જેહવી જગ્યા હોય છે તેવી અસર કરે છે. તેમજ જે કોઈના આત્માની જેહવી પ્રકૃતી હોય તેનાને તેવીજ બુદ્ધિ ઊપજે છે. એમ સમજવું.)

(બીજું—દરેકના રવાન જે આત્મા છે તે પણ કુદરતી શક્તિવાળા માહત્માના પડછાયા કે દરેક કીરણોની રજની માફક છે, જે અરદીબેહસ્ત અમશાસપંદની હધમાંથી નીચે ઊતરેછે. તેવું છતાં પૃથ્વી ઉપરની પ્રકૃતિ અને કામ કલ્પના જુદાં જુદાં હોવાને સબબને માટે પણ આપણે એક મીસાલ લીજીએ કે, જેમ એક બતીમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી ઈત્યાદી અગણીત બતી રોશન થઈ શકેછે. તે સર્વેનું નુર એકજ છતાં જો કપુરની બતી સલગાવી હોય તો વધુ દીપેછે, અને મીણબતી તેનાથી ઉતરતું દીપક આપેછે; એક કોપરેલનો દીવો તેનાથી વધુ ઝાંખો હોયછે, તથા કોડયામાં એરંડયાનો દીવો કીધો હોય તો સૌથી ઝાંખો બળ્યા વગર રહેતો નથી, તેમજ જે કોઈની શરીરી બાંધણી જેહવી હોયછે. તે પ્રમાણે તેનું રવાન ઈયાને આત્મા મધ્ય અસર કે પ્રકૃતી ઉપજે છે. તે બાબેની બીનાને સમ-જવાની જરૂર છે, કે જેથી પોતાને સુધારવાના તેમજ પોતાની ઓલાદને ઉધારવાના ઉપાયો સુજે.)

(ત્રીજું—ખલકના તનમાં મીનો મકાન અથવા સ્વર્ગી સંસ્થાનની અસર એટલે મોબત, મુરવત, સખાવત અને બાહદુરી વગેરેની નેક ખસ-લતો છે. તેમ આપણે જોઈએ છઈએ કે કેટલાએકો જાતી સ્વભાવે અને કેટલાએકો એક બીજાની દેખાદેખીથી નેકનામી મેળવવાની આદત ધરા-

વેછે. પણ કેટલાએકોના હેવાનને લોભ, લાલચ તથા બીજી બુરી ઇચ્છાઓએ ઢાંકી નાખવાને લીધે તેમને નેક ખસલતપર ચાલવાનું સુજતું નથી, અને દરેક બદીના કામોપર તેઓનો પ્રાણ વધારે પ્રેમ ધરાવેછે. તેથી નેકીની વતી ઉલટી બદી કરવાપર વધારે પગલાં ભરવા ચાહેછે. તે વિગતથી પણ સર્વ કોઇએ સમજણ મેળવવી જોઈએ.)

(ચોથું—જેમ દરેક તારાઓના ગોળા અસલી અનાસરી તત્વથી બનેલા છે, તેમજ તે મધ્ય અથવા તે ઉપર નીપજી નાશ પામનાર ચીજોના શરીર અથવા આકારો પણ ગોઠવાતાં આવેછે. તેઓને ધટારત મુજબ કામે લગાડવાથી કેટલીએક મુદત સુધી સુખ શાંતી સાથે બચી શકેછે, અને જો આળસાઈથી ઉધારવામાં આવે તો તેમાં તરેહવાર એબ, ઇલત તથા દુઃખ ઉત્પન્ન થયા વગર રહેતું નથી. વાસ્તે તે બાબેની સમજણ સંધરવાની અગત્ય છે.)

૧૦. આતશ યાને હરેક તરાહની ગરમી, હવા યાને સર્વ તરાહની ઠંડી, પાણી યાને દરેક જાતનો ભીધર ભાવ અને ખાક એટલે માટી યાને બધી જાતની ખુશકી વીશેનાં અસલ તત્વને પણ સમજવું ઘટેછે*

૧૧. એ મજકુર ચાર અનાસરની ખાસીયત, જાતી ગુણ અને અસલ થડમુળ તથા તેનાથી ઉત્પન્ન થતા (આકાશી) આકારો, અને જે કંઈ કે આસમાન અને જમીનની વચમાં તેઓથી નીપજે છે. જેવા કે–વાદળ, વરસાદ કરાં આકળ ઇત્યાદી તે સર્વને સમજવું જોઇએ.

(ખુલાસો:—અગરજે એ મજકુર આકાશી આકારો અને નીચલી ઉત્પન્ન થતી ચીજો યઝદાનની ખાહેશ વગર કસું બનતું નથી, તે છતાં તેને ઉત્પન્ન થવાના કારણો જુવો ઝુરે જરથોસ્તનાં રેસાલાને ફકરે છ ડે તથા તેની શરેહ.)

૧૨. ખણીજ પદાર્થ, ઊગવણી યાને વનસ્પતી, જાનવર અને ઇનસાનોની બીના સમજવી જોઇએ.†

૧૩. ભલું, ભુંડું, ઇનસાફ અને જુલમ સમજવું જોઇએ.

* જુવો ઝુરે જરથોસ્તને ફકરે ૫ મે.

† જુવો "ઝુરેજરથોસ્ત"ના રેસાલાનો ફકરો ૭ મો.

શરેહઃ—(પેહલું) ખોદાના સર્વ કામોને નેક સમજવાં (બીજું) જે કંઈ તમો બુરાઈ કરો, તે પોતાની* તરફની ગણી ભલાંનેભલા અને ભુંડાને ભુંડાં જાણવા, નહી કે એક દોલતમંદને કંગાલ હાલતમાં લાવવાને માટે એવું ધારો કે એજ તેના હકમાં નેક છે, તેહવાં ભુંડાં કામોને નેક સમજવાં નહી. (ત્રીજું) ઈનસાફ અને ન્યાય કરવાનું દાદગર (ખોદા)નું કામ છે, તેને તમો પિછાણો. (ચોથું) કોઈપર જુલમ કરો ના જુલમગાર પોતે પોતાની ઊપરજ બુરાઈ કરે છે. તો તેપરથી સમજવું કે જાનવરોને મારવું, તે એક બુરૂ તથા જુલમ ભરેલું કામ છે. અને કંઈબી રીતના ઈનસાફનું કામ નથી.

૧૪. ભલાઇનો બદલો, ભુંડાઇની સજા, બેહશ્ત અને દોજખ બાબે સમજવું જોઇએ.

(ખુલાસો:—દરેક મનુષ્યમાં ત્રણ જાતના ગુણ હોયછે. ડહાપણ, ક્રોધ જેહને ક્રુરતા કહેછે, અને ત્રીજો ગધેડાંનો સ્વભાવ એ મધ્યનો ફકત પ્રથમ ગુણ કે, જેવડે ખોદાઈ રસ્તો મેળવી પોતાના આત્માને સ્વચ્છ કરી શકાય છે. તે ખોદાઈ ગુણ તથા નેકીનો રસ્તો કહેવાય છે. બીજા બે ગુણો જે મજકુર પ્રથમ ગુણને નાશ કરનાર છે. તે ગુણોને અહરેમની ગુણો અથવા બુરાઈનાં રસ્તાઓ ગણયાછે. તે પ્રથમ ગુણ ઈયાને નેકીના રસ્તાઓપર ચાલી બુદ્ધિ મેળવી પરવરદેગારની બંદગી કરવાથી બેહસ્ત મેળવે છે. નહી તો દોજખ પામેછે. તે સર્વ સમજવું જોઈએ.*)

૧૫. સવાબ, ગુનાહ, દયા અને ગુસ્સા બાબે સમજવું જોઇએ.

(ખુલાસો:—સવાબ ઈયાને જે કામથી ખોદાની ખુશનુદી બને; ગુનાહ ઈયાને એહવાં પાપી કામો કે જેમાં ખાલેકનું રાજી થવું ન હોય, દયા અથવા મેહરબાની ઈયાને દરેક શખ્સપર ઊપકાર કરી તેઓના જીવને રાજી રાખવા; અને ગુસ્સો ઈયાને તુંડાઈ વાપરી દરેકના જીવને દુઃખી કરવામાં આવે તેઓના પરીણામો કેહવા નિપજે તે બાબે પણ દરેકને સમજવું ઘટતું છે.)

---

* બેહશ્ત અને દોજખનાં ભેદના ખુલાસાની લાંબી વિગત જુવો સારેરતાને ચાર ચમનને પાને ૩૭૬ મે.

૧૬, ૧૭. પેગમ્બર, પેગમ્બરોના હાથ તલેના ચેલાવો તથા ખોદાઇ રસ્તો સોધનારા, અને દાનાવો બાબે સમજવું જોઇએ. (અથવા તેઓને પીછાણવા જોઇએ.).

વરશીમ ૬ ઠી.

(ફરશંદાઝી ધર્મને બરકરાર રખાવાની તાકીદ.)

ઇઝદ કે, જે જીવજંતુઓને રોજી આપનાર અને ભલાં કર્તુકનાઓને (મુક્તિ) બક્ષનાર છે, તેના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. આગલા વખતમાં લોકોએ બુરાં કામ કીધાં તેથી "આબાદ આરાદ" લોકોમાંથી નિકળી ગયો. (ઇયાને ગોપ્રેનશીન થયો.)

૨. તેહના જવાથી લોકોએ સંકષ્ટ ભોગવ્યું.

૩. તે જ્યાં સુધી કે તેહની જગ્યાપર મેં તુને બેસાડયો.

૪. હવે તું તાહરા ચેલાઓને ફરશંદાઝી ધર્મ કે જે "મેહઆબાદી" ધર્મ છે, તેથી સણગરાવ.

૫. ઓ માહરા પેગમ્બર! તાહરા પછે પાદશાહી અને ધર્મનો સણગાર તારા ફરજંદોમાં ઘણા વરસ શુધી રેહશે.

૬. જ્યારે ધર્મ વિખરાઇ જશે ત્યારે પાછો એ ધર્મ તાજો કરવાને માટે માહરો પેગમ્બર "શાએકલીવ" ઊઠશે.

શરેહઃ—એપરથી પરવરદેગાર "જીઅફરામ"ને આગાહી ઇયાને ખબર આપે છે કે, આ મુબારક ધર્મ વિખરાઈ ગયા પછે "શાએકલીવ" પેદા થશે, અને ફરીથી એ ભલી દીન લોકોમાં પ્રંગટ કરશે, તથા ખોદાના હુકમોને મજબુતાઇ આપશે.

શત "શાએકલીવ" નું નામું.

વરશીમ ૧ લી.

(જીયાંન ટોળીનો અંત અને શાએયાન ટોળીની સરૂઆત.)

૧. હમો યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી અસલત કે, જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી અને ઇજા પહોંચાડનારી છે, તેનાથી પનાહ માંગીએ છઇએ.

૨. યઝદાન કે, જે બક્ષનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફ કરનારો છે. તેના નામથી સરૂં કરૂંછું.

૩. ઇઝદ (ખોદા) કે, જે રોજી આપનાર અને (અજાણ્યો ગુનાહ) માફ કરનાર છે. તેના નામથી સરૂ કરૂં છું કેઃ—

૪. ઓ "જીઆલાદ"નાં છોકરા "શાએકલીવ!" જ્યારે "જીયાન" ટોળીની પાદશાહીના એક "અસપાર" વરસ પુરાં થયાં, ત્યાર પછે માણસો બુરાં કર્તુકના નિવડયા. તે વેળા "જીઆલાદ" તેઓમાંથી બાહાર ગયો.

શરેહઃ—સમજવું કે, "જીયાન" ટોળીનો પેહલા પુરૂષ "જીઅફ્રામ" હતો કે ખોદાએ તેનાથી મેહઆબાદી ધર્મને સંગાર કીધો ઇયાને તેની મારફતે "ફરસંદાઝો" ધર્મ ફરીથી ફેલાવ્યો. એ "જીયાન" ટોળીનો છેલ્લો પાદશાહ અથવા પેગમ્બર "જીઆલાદ" નામે હતો, જે આદમીઓની બદકારીને લીધે દુનિયા તજી ખુણે બેસનાર થયો. "મેહઆબાદીઓ"ના હીસાબ મુજબ એક લાખને એક "સલામ" સો "સલામ" ઇયાને એક કરોડને એક "શમાર," અને સો "શમાર" ઇયાને એક અબજને એક અસપાર કહેછે. તો તેહવાં એક અસપાર વરસ સુધી દુનિયામાં "જીયાન" ટોળીવાળાઓના હાથમાં ધર્મની સુધરાઈ અને દેશોની પાદશાહી રહી.

૫. હાલે મે તુને પસંદ કીધો અને તુને પેગમ્બરી ચલાવવાને માટે મોકલ્યો માહરી ભક્તિ આય રીતે*(નીચે પરમાણે) બજાવ.

વરશીમ ૨ જી.

("શાએકલીવે" બજાવેલી ઈશ્વરની ભક્તિ.)

ઇઝદ (ખોદા) કે, જે રોજીનો આપનાર અને (અંજાણ્યા ગુનાહ) માફ કરનાર છે. તેના નામથી સરૂ કરૂં છું કે:—

૧. તું (ખોદા) કે, જે હમારો પાદશાહ અને ધણી છે તે ભારે ઊંચાઇ ધરાવનારો અને બુઝોર્ગ છે.

૨. તાહરેથી લોકોપર દયા (અથવા માફી બક્ષવું) અને લોકોથી તાહરીપર સ્તુતી.

(ખુલાસોઃ—પાક પરવરદેગાર અંતે સર્વેને મુક્તિ બક્ષેછે. તથા તે ખાલેકનું કામ હમેશ દયા કરવાનું અને માફી બક્ષવાનું છે. ખાલેકના હકમાં જે કંઈ ખલક કરી શકેછે તે બંદગી છે. અને તે બંદગીજ મનુષ્યને ભવતરવાનું કારણ થઈ પડેછે.)

૩. જીંદગીનો સાહેબ અને કૂદઇબી રીતે હમેશ રેહનારો તુંજછે તાહરા વગર બીજું કંઇ હમેશ રહેનાર નથી.

૪. જે લોકોની પરસતેશ થતી હોય તે લોકોએ પુજવાને લાયકનો તુંજછે. બેઉ જહાનમાં તાહરા શિવાય બંદગીને લાયક કોઇ નથી.

૫. તુંજ એકકો અને મોહોટાઇઓમાં ઘણો મ્હોટો.

૬. ભારે આપુરીનનો.

૭. જોરેઅંદ તથા અતીશય રોશનીવાલો.

૮. ભારે મોહટાઈ તથા દબદબો ધરાવનારો.

૯. પુરતી દાનાઇવાળો.

૧૦. અત્યંત બક્ષેસ કરનારો.

૧૧. ભારે ભલાઇવાળો,

૧૨. ઘણીજ સ્તુતીને લાયકની રોશનીનો.

૧૩. સંપૂર્ણ મરતબાનો.

૧૪. ઘણો મખ્યાત નુરવાળો.

૧૫. મજબુત મોહટાઇ ધરાવનારો.

૧૬. અને ભલી રીતે કીસમતનો પહોંચાડનારો તુંજ છે.

૧૭. તાહરા પેદા કીધેલાં શરીરોનાં સંસ્થાનો તથા જગ્યાઓ ભારે લાંબી બોહળી, અને ઊંડી છે.

(ખુલાસો:—જાણવું કે ફક્ત આ આપણી પૃથ્વીજ નહીં પણ સર્વ તારાઓ, ગ્રહઓ, અને ઊપગ્રહઓ પણ શરીરી ઇયાને જડ પદાર્થવાળાઓ ગણાય છે જેને કાળાં બંધાણવાળા ગવેહરો પણ કહે છે. તેઓના સંસ્થાનો અથવા આકાશો મળી એકંદર જગતનો કેથે છેડો આવતો નથી.)

૧૮. તારી ભલાઇ ભારે દીપકવાળી છે.

૧૯. તારી જાતી ભારે કુળવંતી છે.

૨૦. તારી અકકલી (મીનોઇ) દુનિયાઓ ઘણી પાક અને નિર્મળ છે.

૨૧. તે રવાની સંસ્થાનો ઘણા મશ્યાત છે.

૨૨. સૌથી મોહોટો અને વડો તુંજ છે.

૨૩. કુંઇબી મૂળ વગર અને જમાનાની લાંબી મુદત ખેંચાય વગર સર્વને પેદાનો કરનાર તુંજ છે.

શરેહ:—જાણવું કે, જમાનો તે મહોટાં આકાશની કેટલીએક ગીરદેશ તથા પાયદાર ઇયાને સ્થમ રેહનારી ચીજો સાથે અપાયદર ઇયાને અસ્થમ ચીજોના સંબંધને કહે છે તે પાયદાર ચીજો કે જે આકાશો છે, અને નાપાયદાર ચીજો કે, જે દુનિયાઓમાં દરરોજના ઊપજતા નીપજ અને નાશને કહે છે, તે બેઊ એક બીજાં સાથે સંબંધ ધરાવે છે, તેને આકાશી બાષામાં જરવાન ઇયાને જમાનો કહેછે.

૨૪. દરેક સરૂ કરનારા તથા સરૂ થનારાઓને સરૂ કરનાર.

૨૫. દરેક મૂળના હયાતીનો બખશનાર.

૨૬. દરેક મોહોટાઇ ધરાવનારાઓને પેદાનો કરનાર તથા તેઓના મથકોને જાહેરમાં લાવનાર.

૨૭. સબબોનો સબબ (કારણોનું કારણ.)

૨૮. પાળનારાઓનો પાળનાર.

૨૯. સર્વ અચરતીઓ તથા સૌથી ઊત્તમ અચરતીને પેદાનો કરનાર.

૩૦. સ્વચ્છ પેદાયશોને અને જેઓ કે ઊત્તમ પવિત્ર છે તેઓને પણ પેદા કરનાર (તુંજ છે).

૩૧. જે અકલો અને ગવેહરો (સ્વચ્છ જાતીઓ) કે, જેઓ મિશ્રતા, જગ્યા અને દીશાઓથી આઆદ (છુંટાં) છે, તેવોએ પુજવાને લાયક તું (ખોદા) છે, કારણ કે તું સર્વનો પેદાનો કરનાર અને બનાવનાર છે.

(ખુલાસોઃ—ફરેશતાઓ, ઈઝદો અને અમશાસપંદો સ્વચ્છ જાતીના ફક્ત નુરછે. તેઓ શરીર ઈયાને મિશ્ર પદાર્થવાળા નથી. તેઓને રહેવાનું ઘર કે ઠેકાણું ચોકસ કરી આપેલું નથી. તેઓને કસી દીશા નથી ઈયાને આપણુથી એવું કહી નથી શકાતું, કે ફલાણા ફરેશતાઓ ફલાણી દીશાએ અથવા ફલાણા દેવતાઓ ફલાણી દીશાએ વસેછે. કારણ કે તેઓ બધી જગ્યા અને બધી દીશાએ હાજર થઈ શકેછે.)

૩૨. તે (ફરેશતા) ઓ સર્વ રીતે આઆદ (સ્વતંત્ર અને ખાલેસ) થએલા નુર છે.

૩૩ તેઓ તારી (ખોદાની) નજદીકનાં અને હજુરી છે.

૩૪. રવાનોએ બંદગી કરવાનો લાયકનો (તું) છે કે જે રવાનો બધી જગ્યાએથી નિરાળા થઇ તારી આગળ પહોંચી શકનારા છે.

૩૫. તેઓ પોતાની જાતીથી ચલકાટ ધરાવનારાછે.

૩૬, ૩૭. તેઓ કંઇબી રીતે જોડાયા અથવા સંધાયા વગર બીજા શરીરોને સંભાલનાર, હીલવનાર, પ્રેરવનાર તથા રાખનાર છે.

૩૮. તેનાઓ ઊપલી જહાંનમાંથી ફાયદો મેળવનારા છે.

૩૯. તેઓની સરૂઆત તથા અંત તાહરેથી છે.

૪૦. સઘલાં નામીચાં અને સખી આકાશો કે જેઓ ફાટવા, તુટવા, આકાર ધરવા તથા આકાર બદલવાથી વેગળાં છે. (ઇયાને તેઓને કાંઇએ નથી.) તેઓએ પરસતેશ કરવાને લાયકનો તું છે.

૪૧. રોશની અને નુરો કે જેઓ ચમકાટ આપનાર અને ઊંચે (પેલી દુનિયામાં) છે. તેઓ એ ભક્તિ કરવાને લાયકનો તું છે.

૪૨. સર્વ તત્વો કે જેઓ સ્વચ્છ અને વગર ભેળાણનાં તથાં મિશ્ર અને ભેળાણવાળા છે તે સઘલાંઓએ પુંજવાને લાયકનો તું છે.

(ખુલાસો:—ચાર અનાસરોના એકઠા મળવાથી જે દરેક પેદાયશો-ની કાયા ઉત્પન્ન થાયછે, તે ભેળાણવાળા દેખાતાં તથા જુદાં જુદાં તત્વો જે વગર ભેળાણનાં અંદીઠ ગણાય છે તે બેઉ રીતના અનાસરો તે ખાલિકને પુંજનારા છે.)

૪૩. તું ઘણો પાક તથા સ્વચ્છ છે. ઓ બંદગીને લાયકના,! ઓ જીવતા,! ઓ અસ્તિને બરકરાર રાખનારા,! ઓ બુરાઇઓથી વેગળા કરી નેકી તરફ બોલાવનારા,! ઓ વગર ભેળાણના,! ઓ ઊંચા આકાશ પરના નુરાની ફરેસ્તાઓના પરવરદેગાર,! ઓ નુરોનું નુર. ઓ! "બુબાશ," અને "રૂકશાન" ના ધણી!

શરેહ:—"બુબાશ" એટલે નાપાયદાર ચીજને એક પાયદાર ચીજ સાથે સંબંધ આપવો. જેમકે આકાશોનો સંબંધ અકલો સાથે. "રૂકશાન" એટલે એક પાયદારને નાપાયદાર સાથે સંબંધ આપવો. જેમકે આકર્ષણનો સંબંધ આકાશી ગોળાઓની સાથે.

(ખુલાસો:—એ મજકુર બેઉ રીતનો સંબંધ કદી વેગળો થતો નથી. ઊપલા ૨૩ માં ફકરાની શરેહ, જે મજકુર શરેહની ખીના સાથે મળતી આવેછે તો તેપરથી એવું સાબેત થાય છે કે, એ સંબંધ તેજ જમાનો અને તે જમાનાનો માલેક પણ ખાલેક છે.)

૪૪. તું વગર સરૂઆતનો અને હમેશગી ધરાવનારો છે.

૪૫. દરેક ચીજો કે જે પોતાની જાતી અથવા નાજાતી ગોહરથી વખણાયલી, ઘણા પણા અથવા એક પણાની હાલત ધરાવનારી, હયાતીમાં આવનારી, અથવા જીંદગીમાં લાવનારી હોય. તે સર્વને પેદાનો કરનાર તુંજ છે.

૪૬. તુંજ દરેક ઊમેદવારોની ઊમેદને પાર પાડનારો છે.

૪૭. તુંએ પવિત્રઓના ગવેહરોને નુરી દરયાવમાં ડુબાવ્યાં.*

૪૮. તેઓએ પોતાની પવિત્ર આંખોથી તારી નુરી જાતી અને ઝલકાટને જોઓ.

૪૯. જે કોઇ તુંને અકકલની દલીલથી જોવા ચાહે, તે શખસ અંધારા તથા વીખરાતમાં પડેલો હોય છે.

---

* જુવો "મેહઆબાદના નામાની વરશીમ ૪ થી નાં ફકરા ૩ જા.

શરેહ:—અગરજો કોઈ શખ્સ અક્કલની રોશનીથી ખોદા જેહવો છે તેહવો તેને જોવા ચાહે તો તે શખ્સ અંધારામાં અને વીખરાતમાં પડેછે કારણ કે અક્કલ સઘલી રીતે મહેટો દરજો ધરાવતાં પણ જેહવો તે સાહેબ છે, તેહવી રીતે તેણે પહોંચી શકિત નથી. અને તેમ નહીં પહોંચવાનું કારણ કંઈ અક્કલની કસુર અથવા અધુરાંપણું હોવાને લીધે નથી. પણ તે ખાલિકની ગોહેર (જાતી) ની અજબ જેવી મહેટાઈ અને સરસાઈને માટે છે.

૫૦. તું પોતાની પૂર્ણતા અને નુરથી સર્વ આંખો આગળ ઊંચો અને સરસ છે.

શરેહ:—ફરમાવે છે કે, તાહરૂં જાતી નુર અને ગોહરની રોશનીથી તથા પૂર્ણતાને લીધે તું એવો સરસ છે કે, જે સરસાઈને કોઇબી આંખ પુરતી રીતે ભેળવી શકતી નથી.

(ખુલાસો:— ઉપરથી એમ નહીં સમજવું કે ફકત મનુષ્યની જાહેર આંખ અથવા અંદરની આંખ ઇયાને બુધ્ધિ તે ખાલિકને તેની મહેટાઈ મુજબ જોઈ અથવા સમજી શકિત નથી. પણ ચલકાટ ધરાવનારા બીજાં ગોહરો કે જેઓને ફરેશતાઓ કહીએ છઈએ તેઓ પણ તે ખાલિકના જાતી ગોહરને પુરતી રીતે જોઈ અથવા પીછાણી શકતા નથી.)

૫૧. તું એહવો છે, કે કંઇબી ચીજ તાહરામાં ભેળાતી નથી, તથા તાહરેથી કંઇ ચીજ જુદી થતી નથી.

શરેહ:—ખોદાઈ મૂળ તે તેની જાતી ગોહર છે. અને તે પોતાની અસલીપણામાંથી કસો વેગળો થતો નથી. તથા કંઈ પણ રીતે તેની અંદર બીજો કસો સંબંધ અને આકાર પડતો નથી, તથા તેમાં ભેળાણ થતું નથી. બીજી ચીજોએ તેનાથી અસ્તિ પકડવી એ છે કે, તેઓએ ખોદાની હયાતી સાથે વળગણ કરવાનું અને જડપ મારવાનું છે. તે જીંદગી બક્ષનાર દાદગરથી ફકત તેઓપર એક પડછાયો ફેંકવાનું છે, અને એવું કંઈ નથી કે તેઓમાં પોતે ભેળાય.

૫૨. તું તારાં નુરે કરી બધે પુગવાથી, ઘણા દેખાવથી, અને ભારે આશકારીમાં આવવાથી તું ઢંકાયલો છે.

૫૩. તારા બંદાઓમધ્યના જેઓ ઘણા નુરાનીભરેલાં, જબરદસ્ત, દબદબાવાળા છે; અને નીચલાં શરીર તથા બંધાણથી વેગલાં છે. તેઓ અગરજો કોઇવેળા પોતાના મરતબામાં વધે છે, કોઇ

વેળા પોતાના દરજ્જાથી ઊતરે છે, અથવા જારતરપ થાય છે, તો પણ તેઓ તાહરી સાથે દુશમની, બરોબરી અને માથુ ઊઠાવવાનું કરી શકતા નથી.

૫૪. માણસો તેઓની અથવા તેઓથી ઉતરતાઓની, તેઓ-ની પોહોંચને લાયક જેવું હોય તે પ્રમાણે અથવા તેનાથી ઉતરતે દરજ્જે બંદગી કરી શકતા નથી.

૫૫. અને (જ્યારે જાણતા નથી કે) તેઓમાંના દરેકને તેઓ-ની લાયકી મુજબ કેહવી રીતે બંદગી કરી શકીએ. કારણ કે તેઓને તુએ પોતાના બુઝોર્ગ નુર કે, જે ઘણું મહોટું છે તેમાં ઘેરેલાં છે; તથા પોતાનું મહોટું તેજ કે, જે ભારે તિક્ષણછે તેમાં તેઓને પીગળાવેલાં છે.

૫૬. તો તાહરી (તું ખોદાની) બંદગી કરનારાઓ તાહરી લા-યક ભક્તિ કરવાના મરતબા આગળ નાચાર અને નબળા થઇ પડયા છે.

(ખુલાસો:—જ્યારે માણસો દરેક ફરેશતાઓ, ઇજદો, તત્વો વગેરે-માંના દરેક કે જેઓ પરવરદેગારનાં નુરમાં અટવાયલા છે. તેઓને તેઓની લાયકી મુજબ ભજી શકતા નથી, તો ખાલિક કે જે સર્વેને નુર બક્ષનાર યઝદાન છે. તે સાહેબની તેના મરતબા મુજબ યોગ્ય ભક્તિ કરવામાં દરેક વિદ્વાનો કે રૂષીઓ પણ નાચાર છે.)

૫૭. જે કોઇ તાહરે માટે એવું ગુમાન કરે કે તું કેહવો, કેઇ તરેહનો, કેટલો અને કેઈ જગોએ છે; તથા તું ખાલેસ કે મિશ્ર તત્વમાંનો એક, અથવા કોઇ સીફત (ગુણ) માંનો એક છે. તો તેવો વિચાર કરનાર માણસ કમાર્ગે જનાર અને અધર્મી થાય છે.

૫૮. પણ નાચારીએ વર્ણન કરવા અને સમજવા એટલુંજ જાણવું ઘટે છે કે.

૫૯. તુંજ સૌથી ઉંચો ઉત્તમ, અને સ્તુતીપાત્ર છે.

(ખુલાસો:—મરહુમ ફીરદુશી પોતાના શાહનામામાં ફરમાવે છે કે, "બૈત.-ખોદાયા બુલંદીઓ પસ્તી તુંઇ, નદાનમ ચેહ હરચે હસ્તી તુઈ. અર્થ.-ઓ ખોદા! ઊંચાણ અને નીચાણ તુંજછે. હું નથી જાણતો કે તું શું છે, જે કંઈ તું છે તે તુંજછે." તો પરવરદેગાર જે કંઈ છે તે, તે પોતેજ છે. એવું સમજી તે ખાલિકને સૌથી ઉત્તમ અને ભારે સ્તુતીને લાયકનો ગણવો જોઇએ.)

૬૦. તું એહવો ખોદા છે, કે તારા શિવાય બીજો કોઈ (જેહવી તારી પરસતેશ કરવી જોઇએ તેહવી) પરસતેશ કરવાને લાયકનો નથી. તુંજ નુરોનું નુર, બદીઓથી નિરાળો ઇયાને ભુંડાઇઓ કરવાથી વેગળો છે.

૬૧. પવિત્ર લોકોની જાત તારી તરફ પ્યાર ધરાવનારી અને તુંને પુગવાને ચાહનારી છે.

૬૨. જીંદગી ધરાવનારાઓની ગરદન તાહરી શક્તિના હાથ અને પંજા તળે દબાયલી છે. (ઇયાને જગ્ત મધ્યના સર્વે હયાતી ધરાવનારાઓ તારે તાબે છે.)

૬૩. પવિત્રઓના રવાનોએ તુંહને પોતાના સર્વ કામનો પાર પાડનાર જાણીને પોતાને તાહરે સ્વાધીન કીધાં છે.

૬૪. તું ઘણો ઊંચો અને તું એવો છે કે તારો કીનારો આવતોજ નથી, તથા કોઇ ચીજ સાથે કીનારો પકડતો નથી.

૬૫. (ભક્તિ કરનાર ઇયાને "શાએકલીવ" કહે છે જે) હું તારેથી ઊમેદ રાખુંછું કે, તું પોતાના ઝળકતાં નુર મારીપર દરસાવે, તથા નીચે મોકલે.

૬૬. અને તારા છુપાં ભેદો કે જે પસંદ પડતાં છે, તે સમજાવવાને માટે માહરી સાથે તું વાત કરે. (ઇયાને તારા ભેદ ભરેલા શબ્દવાલો નુરી ચલકાટ દીલપર ચમકાવે.)

૬૭. અને મને તાહરી રોશનીથી મદદ બક્ષે, નુરથી જીવતો કરે, નુરથી સાચવે અને પોતાના નુરમાં ભેળવી નાખે.

(ખુલાસો:—ભકિત કરનાર "શાએકલીવ" પરવરદેગારથી એવું ઇચ્છેછે કે, તે સાહેબ તેમને નીચલી દુનિયામાં શરીરી બાંધામાં બધી વાતે રોશનીનાં ચમકાટથી મદદ બક્ષે. ઇયાને આગાહી આપી ઉત્તમ માર્ગે ચલાવે, કે જેથી અવતાર નહી લેવા પડવે મીનોઇ મકાનમાં જીવતો થાય, અને તેના રવાની નુરને સાચવી પોતાના સ્વયમ પ્રકાશની અંદર ખેંચે.)

૬૮. ઓ બંદગીને લાયકના! હું તારેથી ચાહુંછું અને ઊમેદ રાખુંછું કે, તાહરા દીદાર જોવાને માટે તાહરા તિક્ષણ અને મોહોટાઇ ભરેલાં નુરના દરયાવમાં ગરક થાઊ.

૬૯ ઓ બંદગીને લાયકના! તું પવિત્ર તથા નુર ધરાવનાર લોકોને મદદ કર, તથા તેઓને અને મને હમેશગી તલક સ્વચ્છ બનાવ.

વરશીમ ૩ ૭.

(ફરસંદાઝી ધર્મને તાજો કરવાની ખબર.)

ઇઝદ (ખોદા) કે, જે રોજીનો આપનાર અને (અંજાણ્યા ગુનાહ) માફ કરનાર છે. તેના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. ઓ "શાએકલીવ" જ્યારે તુંએ મખ્યાત કીધેલો (પુરસંદાઝી) ધર્મ (લોકોમાંથી) ગુમ થશે, ત્યારે પુરીથી એ ધર્મને માહરો (ખોદાનો) પેગમ્બર "સાસાન" જાહેર કરશે.

૨. જે કોઈ પેગમ્બરને હું (ખોદા) મોકલુંછું તે આગલા ધર્મને મજબુતાઇ આપવાને માટે છે. કંઇ નાશ કરવાને વાસ્તે મોકલતો નથી.

(ખુલાસોઃ—અગરજો એવું બને કે સૌથી પ્રથમ થઇ ગએલા પેગમ્બરની બરકતથી દુનિયાના અંત સુધી દુનિયામાં અસ્તિ ભોગવનારા માણસો તે પેગમ્બરથી જાહેર થએલાં હુકમો મુજબ ખોદાઇ માર્ગપર ચાલ્યાજ કરે અને કસાં બુરાં અનિતીના કામો નહીં કરે, તો ફરી બીજો પેગમ્બર મોકલવાની જરૂર નથી. પણ તે પેગમ્બરના જમાનાનાજ થોડા એક માણસો તે સાહેબના હુકમ મુજબ ચાલ્યાબાદ બીજાઓ તે પછે થોડી મુદતમાં ધર્મી ફરમાન કે જે ખરાં ખોદાઈ ફરમાન ગણાય છે, તેથી માથું ફેરવી પોતાના બુરા હવસો મુજબ ચાલવા માંડે છે. જેથી અંતે દુનિયાઈ કાયદાઓ તથા ધર્મના નિતી ધારાઓ વીખરઈ જઈ નાશ થાય છે. તે વેળા ફરીથી લોકોને ખાલેકના રસ્તાપર ચલાવવાને મટે પરવરદેગારને બીજો પેગમ્બર મોકલવાની જરૂર પડેછે. જેથી તે પેગમ્બર આગળ આવી ગએલા પેગમ્બરના ફરમવેલા ફરમાનો જે મનુષી ધર્મનિતી ધારાઓ છે, તેમાં ફેરફાર કીધા વગર ફરીથી ઇયાને નવેસરથી પોતાની દેશી ભાષામાં જાહેર કરે છે. અગરજો કોઈ પેગમ્બર આગળ આવી ગએલા પેગમ્બરના હુકમથી ઊલટા હુકમો જાહેર કરે, તો ગ્નાનની રીતે પરવરદેગારની

એકત્રતાની જાતી ઓટી પાડેલી ગણાય છે, તથા કામની રીતે જોતાં દુનિયાના નિતી ધારાઓ ભલાંની વતી ભુંડા બનવે સંસાર રીતી નાશ થવે લોકોને સંકષ્ટમાં નાખેલાં ગણાય છે. તો તેપરથી એવું સાબેત થાય છે કે, તે ઘણી ખરો ઓદાઈ રસ્તો લાઘ્યો નથી. વધુ બીના જુવો શારેસ્તાને ચાર ચમનને પાને ૩૨૯ તથા પાને ૩૮૧).

૪. ધર્મોમાં મહોટો ધર્મ "આબાદી"ઓનો છે. અને બીજા પેગમ્બરો પણ તેજ ધર્મપર આવશે, કે તે ધર્મને સંભાળે તથા ભલી હાલતમાં રાખે.

૫. એ ધર્મને હું ઉખેડીશ નહીં. કારણ કે હમેશાં નેક કર્તુક-ના લોકો એ ધર્મપર ચાલ્યાથી માહરી નજદીક પહોંચશે.

અશો પેગમ્બર "યાસાન" નું નામું.

વરશીમ ૧ લી.

(શાએયાન ટોળીનો અંત, અને યાસાની ટોળીની સરૂઆત.)

૧. હમે યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે, જે હમોને બુરા માર્ગપર લેઈ જનારી, દુઃખ દેનારી, અને ઇજા પહોંચાડ-નારી છે. તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇઝદ કે, જે બક્ષનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે, તેના નામથી સરૂ કરૂંછું.

૩. મેહરબાન (દયાળુ) ખોદાના નામથી સરૂ કરૂંછું કેઃ—

૪. ઓ "શાએ મહબુલ"ના છોકરા "યાસાન!" જાણ કે, જ્યારે "શાએયાન" ટોળીની પાદશાહીનાં એક સમાર ઇયાને એક કરોડ વરસ પુરાં થયાં બાદ તારા બાપે ઇયાને "શાએ મહબુલ" લોકોની બદકારી જોઇ તેઓમાંથી બાહાર ગયો એટલે જંગલ-વાસી થયો.

શરેહઃ—વસ્તી તજી જંગલ વાસ થવાનું કારણ એ છે, જે પેગમ્બરો લોકોની બદકારી જોવાની શકિત ધરાવતા ન હતા. તેમજ તેઓના દીલમાં ગુનાહ ભરેલાં કામોની ઇચ્છા થતી ન હતી.

૫. હાલે મેં તુને પેગમ્બરીમાં કબુલ કીધો. માટે તું ઉઠ અને બુઝોર્ગ "આબાદ"ના ધર્મને રોશન ઇયાને મખ્યાત કર, તથા આ રીતે (નીચે મમાણે) મારી સ્તુતી કર.

વરશીમ ૨ જી.

(શત "યાસાને" બજાવેલી ઈશ્વરની ભકિત.)

મેહરબાન ખોદાના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. ઓ મારા તથા સર્વે જીંદગી ધરાવનાઓએ પરસતેશ કરવાને લાયકના. તે સર્વ હયાતી ધરાવનારાઓ મધ્ય (બે ભાગ કરવામાં આવ્યાછે, તેમાં)નાં એક આ નીચલી દુનિયાના જાહેર પાંચ ઇંદ્રિયો ધરાવનારા શરીરવાળાઓ છે, અને બીજા ઊપલી દુનિયાના અકકલ ધરાવનારા હોય છે, કે તેઓને નીચલી દુનિયાના શરીર ધરા-વનારા માણસો પીછાણી શકતા નથી.

૨. ઓ રવાનો તથા અકકલોનો બક્ષનાર!

૩. ઓ થંભો અને જડોનાં મૂળને પેદાના કરનાર!

૪. ઓ કંઇબી રીતે અસ્તિ ધરાવનાર. (ઇયાને કંઇબી રીતે ખાલેકની હયાતી ઘણી જરૂરની છે.)

૫. ઓ બક્ષેસ તથા દયાના વરસાવનાર!

૬. ઓ દીલો તથા જાનોને બનાવનાર!

૭. ઓ આકારોના બનાવનાર તથા છાયાઓનો પ્રેરવનાર.

૮. ઓ નુરોનુ નુર! ઓ સર્વ પુરનારા અને ચકકર ખાનારા-ઓને પેરવનાર!

૯. તુંજ પેહલો, કે તાહરેથી આગમજ બીજો કોઇ પેહલો નથી.

૧૦. તુંજ છેલ્લો, કે તાહરી પાછલ બીજો કોઇ છેલ્લો થનાર નથી.

૧૧. તાહરી મ્હોટાઇ અને મજબુતાઇને સમજવા સારૂં પુરેશતાઓ પણ નાચાર થયા છે.

૧૨. તાહરા ગોહરની પૂર્ણતાનિ સમજવામાં મનુષ્યોની અક્કલ અને બુધ્ધિ પહોંચી શકિત નથી.

૧૩. ઓ બંદગીને લાયકનાં! હમોને આ નીચલી દુનિયાના શારીરી ફાંદામાંથી છોડવ.

૧૪. આય દુનિયાઇ અસ્તિના સંબંધો કે, જે બુરા અને કાળાં છે તેમાંથી હમોને છોડવ.

૧૫. તું પોતાના નુરની રોશનીઓના ચમકાટ હમારા રવાને ઊપર મોકલ.

૧૬. તું તાહરી મુબારક ઇચ્છાઓ હમારા રવાનપર દરસાવ.

૧૭. આ દુનિયાઇ અકકલો જે છે, તે તાહરાં રવાની મુલકના દરીયાના ટીપાંઓ મધ્યનું એક ટીપું છે.

૧૮. રવાન તે તાહરા દબદબા ભરેલાં આતશના ભડકાંઓ-માંનું એક ભડકું છે.

૧૯. તાહરી પાકજાત તે ઉકળનાર અને દરસાવનાર એક ગોહર (જાતી) છે, કે જેનાથી રવાની ગોહરો ઉકળે છે, અને ચમકાટ મેળવેછે. તે વગર જગ્યાએ, નીચે આવ્યા વગર તેમજ, જમાવ અથવા છુટા થયા વગર.

૨૦. કારણ કે તેઓ નીચે આવવાથી, સંબંધ ધરાવવાથી અને નર્મ થવાથી વેગળાં છે (ઇયાને થતાં નથી.)

૨૧. ત્યારે જાણવું કે ખોદાનું ગોહર એહવું બુઓર્ગ છે, કે જેને આંખો જોવા પામી શકિત નથી. તથા કોઇબી વિચારોમાં આવી શકતો નથી.

૨૨. તુંનેજ મહોટાઇ અને આપુરીમ છે.

૨૩. તાહરેથીજ (બુરાં કામોનો) અટકાંવ અને (નેક રાહપર ચલાવવાની) બક્ષેશ છે. તથા તુંજ સખી અને સદાકાળ રેહનારો છે.

૨૪. તું યઝદાન એવો બુઝોર્ગ છે, કે સર્વ ચીજોના રવાનોના દેશોનો અખત્યાર તાહરા હાથમાં છે. તથા સર્વ રવાનોને પાછા પોતાના તરફ પેરવનાર ઇયાને ખેંચનાર છે.

વરશીમ ૩ જી.

(યઝદાનની પીછાણત.)

મેહરબાન ખોદાના નામથી સરૂ કરૂંછું કે:—

૧. "યઝદાન" નથી ગોહર કે નથી નાગોહર, પણ જેવી હાલતનો તમો તેને વિચારો તેના કરતાં તે ઊત્તમ છે.

૨. કંઇબી ચીજ તેની સાથે સરખાતી નથી. તેમજ તે પોતે કંઇ ચીજ સાથે સરખાતો નથી.

૩. તે એક છે, પણ કંઇ એક, બે, ઇત્યાદીની ગણત્રીનો નથી.

૪. તેના સરખો બીજો કોઇ નથી. તથા તેના બરોબરયાની અસ્તિજ નથી.

૫. તે કંઇ રવાન, જાન અને શરીરથી જીવતો નથી, પણ પોતે પોતાની જાતીથી જીવતો છે.

૬. વગર ધારવે તે સાહેબ દાનાવ છે. અને કંઇબી નાદાની તેની દાનાઇપર ફાવતી નથી.

૭. તે ઇચ્છા કરનારો છે. જે કાંઇ તે સાહેબે ચાહ્યું તે કીધું, અને ચાહશે તે કરશે.

૮. તે જબરદસ્ત અને શકિતવાન છે, જે કંઇ કરવા ચાહે છે તે કરી શકે છે. કોઇબી ચીજ પેદા કરવામાં નાચાર થતો નથી. પણ પોતાના જેહવો બીજો પેદા કરી શકતો નથી.

૯. તેની સીફતો એટલી વધુ છે, કે ગણત્રીમાં આવી શકિત નથી.

૧૦. તેણે અગણીત ફુરેશતાઓ પેદા કીધા. તેમાં સર્વથી પ્રથમ પેહલી અકકલ-ઇયાને બહમન અમશા સપંદને પેદા કીધો, જેને તાબે સર્વ અકકલો અને પેદાયશો છે:

૧૧. તે પછે ઊંચામાં ઊંચા આસમાનનું રવાન કે, જે ઘણું મ્હોટું અને રવાનોનો સરદાર છે તેને પેદા કીધું.

૧૨. ત્યારબાદ "તનબોદ" ઇયાને નવમું આસમાન કે જે સર્વ શારીરોનો સરદાર છે, તેને પેદા કીધું.

શરેહ—"તનબોદ" તે નવમાં આસમાનનું નામ છે. (જુવો મેહ-આબાદના નામાની વરશીમ ૨૭.)

૧૩. આઆદ પામેલા રવાનો, શરીરે, (પદાર્થી ગોળાઓ) શરીર ધરાવનારાઓ, અને ગોહરે તથા નાગોહરે સર્વ તે સાહેબથી પેદા થયલાં છે. તેથી તેની ક્રિપા તેઓપર હોજો.

૧૪. તેમાં મુખ્ય શનિશ્ચર, બ્રેસ્પતી, મંગલ, સૂર્ય, શુકર, બુધ અને ચંદ્રમાં ઊપર તથા મેહઆબાદ, મેહઆબાદી લોકો, અને ઓ "યાસાન" તાહરી ઊપર હોજો. કારણ કે તું હાલે સર્વમાં કબુલ થએલો છે. તાહરા ચેલાઓ બેશક છુટકારો પામનારા છે.

૧૫. છુટકારો પામેલાઓ હમેશ બેહસ્તમાં રેહશે, અને ગુનેહગારો હમેશા સખત દોજખમાં.

વરશીમ ૪ થી.

(અશોઈ તથા બંદગી બાબે.*)

મેહરબાન ખોદાના નામથી સરૂ કરૂં છું કેઃ—

૧. અશોઇ બે રીતની છે. એક બાતેન ઇયાને અંદરથી પાક થાવું, અને બીજું શરીરથી.

૨. અંદરની અશોઇ—તે દિલને કસી બુરાઇઓપર લગાડવું નહીં, તથા બુરા ગુણોથી વેગળું કરવું.

---

* જુવો આ ખાકસારીએ છપાવેલી ગુજરાતી તથા ફારસી સરનામે રાઝેયઝદાનીનો ભાગ ૫ મો.

શરેહઃ—જેહવા કે ગુસ્સો અને બુરા હવસો યાને ઇચ્છાઓને દીલથી દુર કરવી.

૩. અને બાહારની અશોઇ—તે જાહેરમાં જે કાંઇ અઘટતું હોય તેને સાપૂ કરવું.

શરેહઃ—જેમકે, બાહારની ગલીચીઓ અને નાપાકીઓ.

૪. તે બાહારની અશોઇ, "ચફતર"ના પાણીથી (ગલીચી) સાફ થવે બને છે.

શરેહઃ—"ચફતર" એહવાં પાણીને કહેછે, કે જેહનો રંગ, વાસ અને સવાદ બદલાયલો હોય નહીં, તથા વાસ મારતું હોય નહીં. અગરજો તેહવું સ્વચ્છ પાણી નહી હોય, તો ગુલાબ તથા બીજી તેહવી સુગંધી ચીજો કે જે નેક અને પવિત્ર ચીજોમાં વખણાયલી છે. (તે વાપરવી).

૫. અને તેહવું (પવિત્ર) પાણી દરેક શરીરના પ્રમાણ જેટલું હોવું જોઇએ.

શરેહઃ—જાણવું કે ગલીચી સાફ કરનાર પાણી દરેકના કદ જેટલું ઊંડુ હોવું જોઈએ. જેમ કે, હાથીના શરીરને માટે (તેના કદ જેટલી ઊંડી) નદી, મનુષ્યને માટે પગથી માથા સુધી ડુબાય એટલું પાણી, તેમજ એક મચ્છરને માટે એક ટીપું.

૬. તમારા શરીર, મોઢા, હાંથ અને પગ પાણીથી ધુવો.

૭. અગરજો તેમ તમારેથી નહી બની શકે, તો એવો વિચાર કરો કે તેમ કીધું.

શરેહઃ—એટલે તમારાં મનમાં એવું ધારો કે, મે મારૂ શરીર, માથુ, હાથ, અને પગ ધોયા.

(ખુલાસોઃ—એપરથી સમજવું કે અગરજો કોઇ શખ્સ વગર પાણીની જગ્યાએ ઇયાને એક ઊજડ જંગલમાંથી પાસ થતો હોય. જેને કેટલા દીવસ સુધી પાણી નહી મળતું હોય, તોજ સર્વે બીજા વિચારો અને કામોથી નિરાળા થઈ એવું મનમાં ધારવું કે "હું એક અંગ ધોવાની જગ્યાએ બેઠેલોછું, પાણી પાસે મુકેલું છે, એક એક કપડું કાઢું છું, પછે તે પાણીથી નાહું છું. અને ત્યાર બાદ અંગ લુછી પાછા પોતાના કપડા પેહેરૂંછું." પણ જ્યાં પાણી હોય ત્યા એહવો વિચાર કરયા વગર ખરેખર શરીરને તથા હાથ, પગ વગેરે પાણીથી ધોવું જોઈએ.)

૮. પછે "શેશકાખ"* (નુરી ચીજો) ની સાંમે આવો (ઊભા રહો) અને નેમાજ (બંદગી) કરો.

શરેહઃ—શેશકાખ–તારાઓ, આતશ અને બીજી ચીજો કે જે નુર આપનારી છે, તેને કહે છે.

૯. યઝદાનની બંદગી કીધા પછે નુરી ચીજો (જેહવી કે, સૂર્ય, ચંદ્ર, ફરેશ્તા, આતશ ઇત્યાદી) ની ભક્તિ કરો, કે જેથી તેઓ તમારી બંદગી યઝદાનને પુગાડે.

૧૦. અગરજો ભક્તિ કરતીવેળા એક દાનાવ પરેહજગાર આગલ ઉભો હોય, અને બીજા પાછળ તો તે પાછળ ઉભા રહેનારાઓને માટે નેક છે.

૧૧. અગરજો તમો તેમ નહી કરી શકો તો મનમાં એવું ધારો કે કીધું.

(ખુલાસોઃ—ઊપર કહ્યા મુજબ અગરજો જથાબંધ મીજલસમાં કે જેની આગલ કોઈ દાનાવ ઊભો હોય, ત્યાં તેમાં ઊભા રહી બંદગી કરવાનું નહી બનેતો કોઈબી ઠેકાણે બંદગી કરતીવેળા એવું ધારો કે હું તેહવી ભર મીજલસમાં બંદગી કરૂંછું. અગરજો પરવરદેગારની બંદગી કોઈબી ખુણે ગુજારવી નેક છે. પણ પાંચ દસ જણના સાથે ભક્તિ કરવી વધારે સરસ છે. જેમ કે હાલે પણ ઈરાણમાં દરેક જરથોસ્તીઓને ત્યાં રોજગાર, તેમજ કોઈબી જશન, અને ધંબારની વેળા એશ કબીલાના માણસો તથા પાડોશી કે દોસ્તો અથવા બીજા પારકાઓ પણ તેહવે ઠેકાણે એકઠા થઈ દસ્તુર તથા મુબેદની સાથે બંદગી ગુજારે છે.)

૧૨. એ (બંદગી) કરવા ઉપરાંત જ્યારે તમો નુરી ચીજોને જુવો ત્યારે નમસ્કાર કરો.

(ખુલાસો :—જેમકે હાલે પણ જરથોસ્તીઓ સહવારના સૂર્યને ઊગતાં તેમજ સાંજના સૂર્યને આથમતાં તથા આતશદેહ અને આદરયાનો આગળથી પાસ થતાં અને બતીને નમસ્કાર કરે છે. તેમજ વળી કેટલીએક બીજી જાતવાલાઓ પણ કરેછે. અને તેમ કરવું બરહક તથા ઘટતું છે.)

---

* કેટલાંએક ફકરાઓપરથી એવું જણાય છે કે, એ "શેશકાખ" ખસુસ સાત ગ્રહને કહેછે

૧૩. દરરોજ ચાર અથવા ત્રણ અથવા બેવેળા બંદગી કરજો, અને નહી બને તો એક વખત જરૂર બજાવજો.

શરેહ:—જાણવું કે બંદગી કરતી વેલા અદબ આદાબ બજાવવાની ઘણીએક રીતીઓ છે. તેમાં એક મહોટી રીતી એ છે કે, કોઈએક રોશનીની સનમુખ ઊભા રહી બે હાથે અદબવાળી માથુ નમાવી તરત ઊચું કરવું. પછે બીજીવેળા માથું નમાવતાં પ્રથમ જમણો હાથ અને પછે ડાબો હાથ માથાપર મુકી એચી લેવો. ત્યારબાદ માથું ઊચું કરી પોતાના બે હાથના અંગુઠાઓ ફકત પોહળા રાખી બીજા આંગળાઓ બીડી પોતાના મોંઢાં સામુ ઊંચા ધરવા. પછે આંખો બંધ કરી તે બેઊ અંગુઠા બેઊ આંખપર મુકી બાકીનાં આંગળાં માથાના ટાલકાને પુગે ત્યાંસુધી લગાડી માથાને છાતી તરફ નમાવવું, અને ફરી બેઊ હાથ છુટાં કરી માથું ઊંચુ કરવું. તે પછે જમીનપર ગુટણીએ બેસી હાથના નલાં જમીનપર નાખી નીદાર માટીને લગાડવું. પછે જમીનપર એક લાંબા લાકડાની માફક એવી રીતે સુઈ જવું કે જેથી છાવી, પેટ અને જાંગો જમીન સાથે લાગે. પછે બેઉ હાથ લાંબા કરી ઊધા ઈયાને હાથની હથેલી જમીનપર લાગે તેમ મુકી નીદાર જમીનપર લગાડી પ્રથમ જમણો પછે ડાબો ગાલ જમીન સાથે લગાડવો. પાછું ગુટણીએ બેસવું, ત્યારબાદ પલાંઠી વાળી પાછો ગુટણીએ બેસી પોતાના બેઉ હાથની મુઠી વાળી તે ઊપર માથું મુકવું. ત્યારબાદ ફરી ઊભા થઈ બેઊ હાથનો ખોબો કરી (આરસીની માફક) સનમુખ ધરવા. એ મજકુર રીતની ઢપછપ સાથની બંદગી ખોદા વગેરે બીજા કોઈની કરવી ઘટતી નથી. અગરજો એમાંથી એકુ અથવા ઘણીએક ઢપ ઓછી થાય તો, તે "શેશકાખ" ઈયાને સાત ગ્રહઓને અનુસરતી બંદગી બજાવતી વેળા પાર પાડવાની રીતી છે. એ મજકુર મહોટી ઢપછપ બજાવતી વેલા આ દસાતીર મધ્યની એક વરશીમ ઈયાને પરગટ અથવા કરદો પઢવો. તેમ યઝદાનની બંદગીથી ફારેગ થયા પછે સાત ગ્રહોમાંના એકુની બંદગી કરવાને માટે પોતાનું કપાલ જમીનપર લગાડે, અને તે શેશ-કાખ ઈયાને સાત ગ્રહોની સેતાયશ એ દસાતીરમાં જેમ આવેલી છે તેમ ગુજારે* અને તે (ગ્રહ)ને અરજ કરે કે "માહરી બંદગી ખોદાની દરગાહમાં

---

* જુઓ "કયુમરસ"ના નામામાં શનિશ્ચરની, "શિઆમક"ના નામામાં બરેસ્પતીની, "હુશંગ"ના નામામાં મંગલ, "તેહમુરેસ"ના નામામાં સૂર્ય, "જમશીદ"ના નામામાં શુકર, "ફરેદુન"ના નામામાં તેશાતરતીર ઈયાને બુધ અને "મનુચેહર"ના નામામાં ચંદ્રની સ્તુતી.

પહોંચાડ." અને અગરજો, આતશની નજદીક બંદગી કરેતો એમ કહે કે "ઓ આદર ઈયાને આતશનાં રખેવાળ ફરેશતા (અરદી બેહસ્ત અમશાસપંદ) માહરી બંદગી તું યઝદાનને પુગાડ." કારણ કે ખુદ આતશને રવાન નથી. (તેથી તેના રખેવાળ ફરેશતાનું ફરોહર તે બંદગી યઝદાનને પુગાડે છે.) તેમજ પાણીની આગળ પણ એજરીતે બંદગી (કરતાં તેના રખેવાળ ફરેસ્તાને અરજ) કરવી અગરજો એ ભક્તિ ગુજારાતી વેળા એક દાનાવ નેક મરદ આગળ, તથા બીજા કેટલાંએકો તેની પાછળ બંદગી કરવા ઉભેલી ટોળીમાં ઊભા રહીને બંદગી કરે તો ઘણી નેક છે. પણ અગર જો તેમ નહી કરી શકે તો મનમાં એવું વમાસે, કે "હું એક તેહવી ટોળીમાં ઉભા રહી બંદગી કરૂંછું." રાત તથા દીવસમાં કોઈબી વેળા કંઈ રોશનીવાળી (સૂર્ય, ચંદ્ર, આતશ બતી, સમુદ્ર ઇત્યાદી) ચીજો જોવામાં આવે ત્યારે તેહની સનમુખ પોતાનું માથું નમાવવું. દીવસ, રાત મળીને ચાર વખત ઇયા ત્રણ વખત અથવા બે વખત બંદગી કરવી. તેમાં પેહલો વખત બામદાદથી તે સૂર્ય ઉગવા સુધીનો છે, બીજો વખત ખરી બપોરનો, ત્રીજો સૂર્યને આથમવાનો, અને ચોથો અરધી રાતનો વખત છે. અગરજો તેમ ચાહરે વખત બંદગી કરવાનું બની નહીં શકે તો નાચારીએ એક વખત ઈયાને સૂર્ય ઊગતી વેળા બંદગી બજાવવી જોઇએ.*

૧૪. ચાર તત્વને સારી હાલતમાં રાખજો અને તેથી ઊલટું કરી પોતાનીપર સંકષ્ટ પાડતા ના.

શરેહઃ—ફરમાવે છે કે, જ્યારે આતશ, પાણી તથા નેક જમીનને જુવો ત્યારે પોતાનું સીર નમાવજો. તેમજ થોડા અથવા ઘણાં વાયુની સનમુખ પણ સીર નમાવજો. ચારો તત્વને પલીદ કરી પોતાનીપર અગવડ પાડતા ના. જેમ કે આતશ કંઈબી રીતે રોશની આપનાર છે, તેનાથી પકવાન રંધાય છે, મીજલસને માટે તેમાંથી બતી રોશન થાય છે. તેમજ

એ અસલ ભાષામાં ગુજરાતી અક્ષરે સુધ ઊચ્ચારે હમોએ યઝદાનની ૩ તથા સાત ગ્રહઓની સાત ભક્તિ લખી, આ મુબારક પુસ્તકની પાછળ દાખલ કીધી છે. પણ એ દસાતીરની ભકિત ઊપર કહ્યા મુજબ અદબ આદાબ સાથે ભજવા ચાહનારાઓને આગ્રહ કરૂં છું કે, તે સાહેબોએ પ્રથમ ગોસનું ખાનું તજવું. બીજું એકાંત જગ્યાએ કંઈબી પારકી વાતચીત અથવા કામ કીધા વગર ચીત ઠેકાણે રાખી બરાબર ઊચારે પઢવું. વળી ત્રીજું દુનિયાઈ લોભને માટે પઢવું નહી.

* એ વરશીમના ફકરા આઠમાંથી તે મજકુર ફકરા તેરમાં સુધીની મતલબની શરેહ હજરત અશો પાંચમાં "સાસાને" એકંદર લખી છે.

તેવડે અંધારી રાતે આપણને રસ્તો મળે છે. તો, કોઈબી ઠેકાણેના આતશપર બનતા સુધી પોતાના મેળે સુકાયલાં લાંકડાં, કાંટા તથા સુગંદી ચીજો બાળવી જોઈએ. પણ અગરજો તેનાથી કસી ચીજો (ઘર મીલકત વગેરે) બળે તો તે બળતાંને પાણીથી બુજાવવું જોઈએ. બીજું તત્વ પાણીનું ગણાય છે. અગરજો કે પાણીથી પોતાના શરીરપરની (અને બીજી કશબી) ગલીચી ધોવાની જરૂર પડે છે, તથા પાણી (દરીયા) પરની લાંબી મુસાફરી કરતી વેળા તેની અંદર પોતાની ગલીચી નાખ્યા વગર ચાલતું નથી. તે છતાં પાણીના ઝરાની કીનારીને તથા પાણીને ગલીચ કરવું નહી. તેમજ વપરાતાં પાણીના મથકો (કુવા, તલાવ, ઈત્યાદી) માં ગલીચી નાખવી નહીં. અગરજો ગલીચીને એક જંગલમાં પવનવાળી જગ્યાએ નાખવાની જરૂર છે, તોએ પણ પવનને નાખુશ (ગંદો) કરવાને માટે ઘરમાં ગલીચી રાખવી નહીં. અગરજો કે, ઝાહાડો, પીશાબને માટે એક જગ્યા વેગળી કરી રાખવાની અગત્ય પડે છે. તે છતાં વપરાતી જમીનને પલીત કરવી નહીં, અને દરેક બાજુએ બુરી વસ્તુઓ ઈયાને નસો નાખવો નહી.

(ખુલાસોઃ—એ મજકુર ચાર તત્વને પુરતી રીતે તપાસવા બાબેના હુકમો કદીમ ફારસી ભાષામાં રચાયલી પતેતમાં આવેલા છે, અને તે મુજબ એ ચાર તત્વને તપાસવાનું કારણ એછે કે, આ દુનિયામાં આપણ મનુષ્યઓ પોતાની જીંદગી સારી અને તંદરૂસ્ત હાલતે ગુજારી શકીએ, તથા તે તત્વના રખેવાળ ફરેશ્તાઓ આપણથી ખુશ થાય.)*

વરશીમ ૫ મી.

(અશો કેયુમરસની પેગમ્બરીની અગમચેતી.)

મેહરબાન ખોદાના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. ઓ "યાસાન" હું તુને જણાઊછું કે, તાહરા ધર્મના બીગાડ (પાછળથી જે બીગાડ થશો તે) ને "ગેલશાહ" ઇયાને "કેયુમરસ" દુર કરશે.

૨. અને તે એટલો બધો બુઝોર્ગ થશે કે, તેને લોકો આદમીઓનો બાપ કેહશે. તે એક વડો પેગમ્બર થશે.

---

* જુવો આ ખાકસારીએ છપાવેલી "સરનામે રાઝે યઝદાની"નાં ભાગ બીજાની શિખામણ ૯ મી.

અશો "ગેલશાહ" (કેયુમરસ*)નું નામું.

વરશીમ ૧ લી.

("યાસાનયાન" ટોળીનો અંત, અને "કેયુમરસ"ની સરૂઆત.)

૧. હમે યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે, જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી અને ઇજા પહોંચાડનારી છે. તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇઝદ કે, જે બક્ષનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે. તેના નામથી.

૩. બક્ષનાર અને ઇનસાફી ખોદાના નામથી સરૂ કરૂં છું કેઃ—†

૪. ઓ "યાસાન આજામ"ના છોકરા "પુરઝીસાર" યાને કેયુમરસ જ્યારે "યાસાનીઓ"ની પાદશાહીનાં નવાણું સલામ યાને નવાણું લાખ વરસ પુરાં થયાં, ત્યારે આદમીઓ બદકાર થયાંને લીધે "યાસાન આજામે" લોકોમાંથી કીનારો પકડયો.

૫. હાલે આદમીઓ કોઇ ધણી અને સરદાર વગર વીખરાતમાં પડયાં છે. જેમકે "શાએમહબુલ," "જીઆબાદ," અને "આબાદ આરાદ"નાં છેલ્લાં વખતમાં બુરાં અને તુંદબાર યાને ઇજા દેનારા જાનવરો થયાં હતાં, તે મીસાલના હાલે પણ થયાં છે.

શરેહઃ—કહે છે કે પાદશાહઓએ પાદશાહી તજી ગોફનશીન યાને પાહાડની ખીણડમાં એકાંત બેસનાર થવાથી દુનિયાના લોકોની બુરી

---

* એ સાહેબને ફરઝીંસાર, ગેલશાહ, કેયુમરદ, અને ગયુમરદ, પણ કહે છે, જેઓનો અર્થ મહોટો, ઇનસાફી, વાચાંવાળું જાનવર, પેહેલો મરદ અને જમીનપરનો પાદશાહ થાય છે. એ સાહેબની રીયાજત યાને તપજપની બોના જુવો સારેસતાને ચાર ચમનને પાને ૨૩ મે.

† એ ફકરો હમોએ દસાતીરની ભાષામાં આવેલા ફકરાનો તરજુમો કીધો છે. કારણ કે પાંચમાં સાસાને ફારસીમાં એ ફકરાનું ગુચવણ ભરેલું લખાણ કીધું છે. જે લખાણ એ ફકરાના તરજુમો સમજાતો નથી, તેમજ શરેહના આકારમાં પણ સમજાતો નથી.

સ્થીતી થઇ હતી. માણસો બુરી ખસલત પકડવે જબરદસ્ત લોકો નબળાઓને મારી નાખતાં હતાં. તે એટલાં સુધી કે માનસાઇપણું તેઓમાંથી તદન નાશ થયું હતું અને એક ફાડી ખાનાર જાનવરોની માફક તેઓની હાલત થઇ હતી. ત્યારે યઝદાને "જીઅફરામ," "શાએકલીવ" અને "યાસાન"ને પેગમ્બરી તથા પાદશાહી કર નોકલાવ્યા. તેમજ જ્યારે મહોટા પેગમ્બર "યાસાન આજામે" પોતાની પેગમ્બરી અથવા પાદશાહી તજી ત્યારે પણ તેજ પ્રમાણે દુનિયાનાં લોકો બુરી અવસ્થામાં આવી પડયા, અને પુરાનત પાદશાહઓએ મેળવેલી ચીજો તારાજ કરી નાખીને ફરી ઇનસાનીયત ઇયાને માનસાઇ છોડી જંગલી જાનવરોની માફક પાહાડો અને જંગલોમાં રખડવાં લાગ્યા. તથા દરેક શેહર, ઘર અને મોહલ્લાઓને બરબાદ કરી જંગલ બરોબર બનાવ્યા. ત્યારે ખોદાતાલા કે જે નેકીનો બક્ષનાર અને ભલાઇનો સાહેબ છે, તેણે "યાસાન આજામ" ના બેટા "ફરજીનસાર" કે જેને "ગેલશાહ" તથા "કેયુમરસ" કહે છે, તેહને પેગમ્બરી બક્ષીને મનુષ્યોમાં જાહેર કીધો. જેથી તે મુબારક પેગમ્બર આદમીઓને ભલાઇના રસ્તાપર ચલાવવા લાગ્યો, જેમ એક પીતા પોતાના બેટાની પરવરશી કરી ભલો માર્ગ બતાવી ધર્મ અને હુનર શિખવે છે. તેમ તે સાહેબે આદમીઓના ટોળાંઓની પરવરશી કરી, મનુષ્ય રીતી શિખવી. અને તેઓના ભુડાં કર્તુકો તજાવી ભલાં માર્ગપર ચલાવવા લાગ્યો. તેથી તેને આદમીઓનો બાપ કરી કહેવા લાગ્યા. જે ટોળાંઓના લોકો કે તે સાહેબની કોશેશથી ભલા માર્ગ તથા સાચા ધર્મની તરફ નહીં આવ્યા, તેઓને તેઓની બુદખારી ઇયાને બુરી ચાલચલણને લીધે દેવ કેહવા લાગ્યાં. (એ કેયુમરસનાં છોકરા) સીઆમકને જે કોઇએ મારી નાખ્યો તે પણ તે ટોળીમાંનો એક હતો.

(ખુલાસો:—એ મજકુર શરેહપરથી આગળ લખાયલાં ચાર ટોળાં બાબે દરેક વાંચકોના સમજમાં ઊતરવું જોઇએ કે, સૌથી પ્રથમ પુરૂષ અથવા પેગમ્બરોનો પેગમ્બર જે પેહેલો આબાદ થયો હતો. તે ધર્મપર ચાલનારા પાદશાહઓ લાખો અથવા કરોડો વર્ષ પાદશાહી કરી રહ્યા બાદ મનુષ્યોની હાલત જ્યારે જંગલી જાનવરો જેહવી થઇ ત્યારે એક બીજો આબાદ નામનો પેગમ્બર ઉત્પન્ન થયો. તે આબાદે પણ લોકોમાં ફરી ભલી

રીતી પાંથરી, અને પછે તેના ચેલાઓ કે એશ કુટંબમાં લાંબા જમાના સુધી પાદશાહી ચાલ્યાબાદ ત્રીજો "આબાદ" પેગમ્બરીપર આવ્યો. એજ મુજબ ૧૪ આબાદ લાંબે જમાનામાં પેગમ્બરો આવી ગયાથી એકંદર તે ટોળીનું નામ "મેહઆબાદી" આપવામાં આવ્યું. જેઓનો છેલ્લો પેગમ્બર "આબાદ આઝાદ" નામે હતો. ત્યારબાદ એક મહાપ્રલય થયા પછે પરવરદેગારે "જીઅફરામ" નામના શખ્સને પેગમ્બરી અને પાદશાહી બક્ષી. પણ જમાનાનું ચક્કર નવે સરથી બીજી વેળા સરૂ થવે તેને પ્રથમ પુરૂશ ગણવા લાગ્યા. તે "જીઆન" ટોળીમાં પણ તે "જી" ફલાન "જી" ફલાન નામે જુદા જુદા વેગળે વેગળે જમાને કેટલાએક પાદશાહઓ તથા પેગમ્બરો આવી ગયા. જેનો છેલ્લો પેગમ્બર "જીઆલદ" નામે હતો, તેઓમાં એક અબજ વરસ પુરાં થવે અને પછે હજારો વરસ વિત્યાબાદ ફરી માહાપ્રલય થયા પછે અને દુનિયાના મનુષ્યોમાંથી મનુષ્યપણું નાશ થયા પછે, "શાએકલીવ" નામનો શખ્સ પ્રથમ પુરૂશ તથાપેગમ્બર થયો. તેઓમાં પણ વેગળે વેગળે વખતે "શાએ" ફલાન અથવા "પેહલા શાએ" "બીજો શાએ" જેહવા ઘણાએકો થઈ ગયાબાદ છેલ્લો પેગમ્બર "શાએમહબુલ" નામનો થયો. તે "શાએયાન" ટોળીના એક કરોડ વરસ પુરાં થયાં પછે નવેસરથી ખોદાઈ ધર્મ મનુષ્યોમા પાથરવા માટે "યાસાન" નામે પ્રથમ પેગમ્બર અને પાદશાહ થયો. તેઓમાં પણ કેટલાંએક યાસાની પેગમ્બરો આવી ગયા, કે જે અરસામાં નવાણું લાખ વરસ પુરાં થયાં બાદ "ગેલશાહ" નામે પ્રથમ બાબાઆદમ થયો.)

(એ ચાર ટોળીવાળાઓને માટે એક દાખલો લીજીએ કે, આપણી ઉપર હાલે અફલ રાજ્ય કરનાર બ્રીટીશ સરકારની તવારીખમાં "ઉલ્યમ" નામનાં ૪ મહાપુરૂષો પાદશાહી ભોગવી ગયા છે. તે સઘળાઓ ઉલ્યમ નામેજ હતા. પણ એક બીજાથી દરેક કેટલે કેટલે વરસને અંતરે પાદશાહ થઈ ગયા છે. તો તે પેહલા, બીજા, ત્રીજા અને ચોથા ઉલ્યમ કંઈ એકબીજાથી ઉતરતાં છોકરાંઓ કે પૌત્રાંઓ હતાં નહીં. તેમજ એ ટોળીવાળાઓ વીશે પણ જાણવું.)

૬. મેં તું (કેયુમરસ) ને પેગમ્બરી તથા પાદશાહીને માટે પસંદ કીધો. હાલે પેગમ્બરોનો પેગમ્બર મહોટા આબાદના ધર્મને તું જીવતો કર.

૭. તું શનિશ્ચર તારાની નીચે મુજબની સ્તુતી કર, કે તે તાહરો મદદગાર થાય.

વરશીમ ૨ ૭.

(કેયુમરસે બજાવેલી શનિશ્ચર તારાની સ્તુતી.)

બક્ષનાર અને ઇનસાફી ખોદાના નામથી સરૂ કરૂંછું કે :—

૧. તેહના (ખોદા) થી તાહરીપર પવિત્રાઈ અને આપૂરીન હોજો.

૨. ઓ ભારે મહોટાં, નેક દાનાવ અને ફાવનારા સરદાર.

૩. પોતાને પેદાના કરનાર (ખોદા) ના હુકમને માનનાર.

૪. પવિત્ર ઇચ્છનાર (પરવરદેગાર) ની પુરી ઇચ્છા મુજબ પૂરનાર.

૫. ઉંચા આકાશની ગિરદેશ સાથે સીધી ચાલમાં ચાલવાને લીધે વિખરાવાથી, નવો આકાર પકડવાથી, અને આકાર છોડવાથી વેગળો છે. (ઇયાને તું વીખરાતો નથી તથા કંઇ આકાર પકડતો કે છોડતો નથી.)

૬. તું મહોટા મરતબાનો અને ઊંચી જગ્યા ધરાવનારો પોતાના આકાશ વાળો છે.

૭. મોહોટી બેઠકનો અને દબદબાવાળો.

૮. તું ભારે વિચારનો અને ઇચ્છાપર પૂરનારો.

૯. મહોટી ધારણાનો, એકત્વનો ધણી અને મજબુત કામનો.

(ખુલાસો:—એને એકત્વનો ધણી કેહવાનું કારણ એ છે જે અગરજે દરેક ગોળાઓ પોતે મિશ્ર પદાર્થવાલા છે પણ આકાશો તો સ્વચ્છ, વગર ભેળાંણના અને નિર્મળ છે. તેમ અત્રે એ સાતમાં ઇયાને શનિશ્ચરનાં આકાશને એકલો અથવા એખલું ઇયાને જેમાં ભેળાણ નહી તેવું ગણીને શનિશ્ચરને તેનો ધણી કહેલો છે.)

૧૦. લાંબી ઇચ્છાનો અને ઘણા કામોનો.

૧૧. ભારે બક્ષેશનો.

૧૨. તુને મોહોટાઇ, ફાવવું, દબદબો અને મજબુતાઇ છે.

૧૩. તે (ખોદા) ઘણો મોહોટો છે, કે જેણે તુને પેદા કીધો અને તેજ સર્વને પેદાનો કરનાર છે.

૧૪. અને તેણે જેમ તુને રોશન કીધો તેમ બધાને રોશન કીધા.

૧૫. અને તે સાહેબે તાહરી ઊપર પોતાના દબદબા ભરેલા નુરોમાંથી એક ભાગ મોકલ્યું.

૧૬. પછી તેણે પોતાની ખાહેશ મુજબ તુંને ચાલ (ગતી) બક્ષી, કે જે હમેશ સુધીની છે.

૧૭. અને તુંને સાતમાં આસમાનની ઊંચી જગ્યાએ પનાહમાં રાખ્યો.

૧૮. ઓ મુરબી હું ચાહુંછું કે તું પોતાનાં રવાનની રોશનીથી માગે. (કોણ પાસે?)

૧૯. તાહરા મુરબી તથા મૂળ કારણ તથા માશુક (જ્યાંથી પ્યાર ઇયાને ખેંચાણ મળતું હોય) તેની પાસેથી.

૨૦. કે જે અકલે (બહમન અમશાસપંદે) તુંને રોશની ભરેલો કીધો.

૨૧. તેમજ સઘળાં સ્વતંત્ર તથા ચમકનારાઓને (જેણે) ચમકાટવાળા કીધાં.

૨૨. તું (શનિશ્વર) અને તેના (બીજા તારા) ઓ પોતાના મુરબી કે જે સર્વ અકલોની અકલ ઇયાને પેહલી અકલ (બહમન અમશાસપંદ) છે તેહની પાસે ચાહે કે તે.

૨૩. પરશતેશ થએલાઓએ પુજવાને લાયકનો તથા બેઊ જહાંનના રેહનારાઓએ ભક્તિ કરવાને યોગ્ય અને અસ્તિનો સાહેબ જે સર્વને કાયમ રાખનાર છે, તેનાથી નેકી ભરેલી ખાહેશ માંગે.

૨૪. કે તે મહને નુર ભરેલા નજદીકના ટોળાંઓ મધ્યનો એક ઠેરવે, અને મૂળ ભેદોથી જાણીતો કરે, તથા તે સાહેબ તે નુરી ટોળાને અને હમોને ફતેહમંદી આપે અને પવિત્ર કરે. એમજ જાવેદાન ઇયાને હમેશ સુધી રાખે.

વરશીમ ૩ જી.

(કેહ્યુમરંસની મેહોટાઈ.)

બક્ષનાર ઇનસાફી ખોદાના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. ઓ "ગેલ્લશાહ" તું એહવો મોહટો પેગમ્બર છે કે-ત્રણ છોકરાં (પેદાયશ) કે જે ખણીજ પદાર્થો, ઊગવણીઓ અને જીવ-જંતુઓ છે. તેઓ તાહરા હુકમપર ચાલનારા છે.

૨. અને ચાર માય એટલે ચાર તત્વ પણ તાહરા હુકમને તાબેછે.

૩. સીઆમક કે જે તાહરો છોકરો અને માહરો દોસ્ત છે તેને મેં પેગમ્બરીમાં ઠેરવ્યો, કે તે પેગમ્બરી ધરાવવા છતાં તાહરા હુકમ-પર ચાલે.

૪. તાહરા પછે સીઆમકનો છોકરો "હુશંગ" માહરો પેગ-મ્બર છે, તે તાહરા ધર્મને નેક રીતે જાળવશે.

અશો "સીઆમક" નું નામું.

વરશીમ ૧ લી.

("સીઆમક"*ની પેગમ્બરી.)

૧. હમે યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી, અને ઇજા પોંહોચાડ-નારીછે. તેનાથી પનાહ માંગીએ છઇએ

૨. ઈઝદ કે, જે બખશનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇન-સાફી છે, તેના નામથી.

* એ સાહેબના નામનો અર્થ છુટો તથા એકાંત થાય છે. એ સાહેબની તપ જપ તથા બંદગી કરવાની બીના જુવો સારેસતાને ચાર ચમનને પાને ૨૮ મે.

૩. યઝદાનના નામથી સર કરૂંછું કે:—

૪. ઓ "ગેલશાહ"ના છોકરા "સીઆમક"! તું માહરી નજદીકનો (માનીતો) પેગમ્બર છે. હોરમઝદ ઇયાને બ્રેસ્પતીના તારાની તું નીચે મુજબ સ્તુતી કર.

વરશીમ ૨ જી.

(સીઆમકે બજાવેલી બ્રેસ્પતીની સ્તુતી.)

યઝદાનના નામથી સર કરૂંછું કે:—

૧. તું પાક અને નિર્મળ છે. (ખોદાની) આફરીન તાહરી-પર હોજો.

૨. અને તાહરેથી બીજા પવિત્રઓના રવાનોપર આફરીન હોજો.

૩. ઓ ઘણા મ્હોટા, અને વખાણવાલા બ્રેસ્પતીનાં આકાશનો.

૪. તું ભારે દરજાનો પનોતો મુરબ્બી છે.

૫. તું ભલાંઓનો સંબંધ (ઇયાને બીજા ઊપલા તારાઓથી સંબંધ મેળવી નીચેનાને સંબંધ આપનાર) છે.

૬. મ્હોટો અને મેહરબાન મુરબ્બી.

૭. તું ખુલ્લી રીતે ભારે અને મુબારક બક્ષીશનો કરનાર છે.

૮. અચરતી ભરેલો તથા ઘણો મ્હોટો.

૯. અજબ જેવા ચમકાટનો.

૧૦. બુધ્ધિવાન, સહન કરનારો અને ઇનસાફી છે.

૧૧. નેક ખસલત (ગુણ.) અને ભલાઇઓને હમેશ સજીવન કરનાર.

૧૨. નેક ખસલતનો.

૧૩. મ્હોટી ઇચ્છા ધરાવનારાંઓનો મંદદગાર.

૧૪. પોતાને પેદાના કરનાર (ખાલેક) નો તાબેદાર.

૧૫. અકલની ખાહેશ મુજબ પૂરનારો.

૧૬. (ઊંચા) આકાશના ફરવાથી (અથવા પોતાના આકાશમાં પુરતાં) કકડા થવા, આકાર પકડવા, આકાર તજવા અને ચક્કરમાં સીધે માર્ગ નહી ચાલવાથી વેગલો છે.

(ખુલાસો:—ફરમાવે છે કે જેસ્પતી તારો પોતે પોતાના આકાશમાં ફરવાથી અથવા તેના કરતાં ઊંચા આકાશી ચકકરનાં ફરવાથી તેનો ગોળો કાંઈ ફાટતો નથી, કે આકારમાં બદલાતો નથી, પણ હમેશા પોતાનાં ઘેરાવાની અંદર અસલ ઠેરવાયા મુજબ સીધે માર્ગે ચાલે છે. અને જરા આડો જતો નથી.)

૧૭. તુને પેદાનો કરનાર કે જે સર્વને પેદાનો કરનાર છે, તે ઘણો મ્હોટો છે.

૧૮. અને જેમ તે તુંને રોશની આપનારો તેમજ સર્વને રોશન કરનારો છે.

૧૯. તાહરો મદદગાર તથા તુને પ્રેરવનાર અને ગતિનો આપનાર ઘણો ઊંચો છે.

૨૦. ઘણા ચાહવાથી તુંને ભારે ઇચ્છાવાળો કીધો.

૨૧. તાહરી ખુશીને માટે તાહરી જગ્યાએથી. (તુને ભારે ઇચ્છાવાળો કીધો.)

૨૨. તાહરી ગિરદેશ ફાયદો આપનારી છે, તથા ભલાઇ અને ભલાં નસીબો દરશાવનારી છે.

૨૩. તેણે તાહરી ભારે નચીંતાઇની જગ્યા છઠ્ઠા આસમાનપર ઠેરવી.

૨૪. હું (સીઆમક) તાહરાથી બે દુનિયાની ભલાઇ ચાહુંછું.

૨૫. ઓ મુરબ્બી,! ઓ ભલાં નસીબના વરસાવનાર,! હું તાહરેથી ભલું નસીબ ચાહું છું.

૨૬. કે તું તાહરા પોતાના મુરબ્બી, પેદાના કરનાર અને માશુક (જેનીપર પ્યાર થયો હોય તે) પાસે માંગે.

૨૭. કે જે (મુરબ્બી) સ્વચ્છ અકકલને નુરનો આપનાર તથા વખાણને લાયકનો સાહેબ છે.

૨૮. અને બધા ખાલેસ અકકલો જે તે સાહેબની હજુરમા છે તેઓના ભેળાણથી વેગળો છે.

૨૯. અને તેનાઓ તે સાહેબથી પોતાની લાયક માગણી ચાહે.

૩૦. તે જહાનમાં આકાર બદલાવાનું નથી.

૩૧. તેઓના મુરબ્બી અથવા પેદા કરનારે (ખોદાએ) પ્રથમ અકકલેકુલ પેદા કીધી. [અકકલેકુલ યાને સર્વ અકકલોની અકકલ.]

૩૨. જેથી તે (અકકલેકુલ) પોતે, પરસતેશ કરવાને લાયકનાઓએ અને દુનિયાના લોકોએ ભક્તિ કરવાને લાયકના (ખોદા) પાસેથી એહવું (નીચે મુજબ) ચાહે કે*

૩૩. (તે સાહેબ કે,) જે રોશનીઓની રોશની, સર્વ ફરનારાઓને ફાયદાકારક રસ્તો દેખાડનાર.

૩૪. ભારે ભકિતને લાયકનો, રોશનીઓપર ફ્રાવેલો, ભારે જબરદસ્ત,

૩૫. અતીશય વખાણનો, સર્વને પેદાનો કરનાર.

૩૬. જીંદગીનો બક્ષનાર, અને પોતે પોતાની કુદરતથી પેદાનો થનાર સાહેબ કે, જેનો દબદબો ભારે બુઝોર્ગ છે.

૩૭. તે મહને પોતાની નજદીકનાઓ, રોશનીના ટોળાઓ અને તેહના ભેદને જાણનારાઓ મધ્યનો એક ઠેરવે.

૩૮. તથા માહરા રવાન અને તનની સર્વ બુરાઇઓને દુર કરે.

૩૯. અને તે સાહેબ મહને પોતાના નુરી ટોળાં (ની મારફત) થી ફતેહમંદી આપે.

૪૦, ૪૧, તેમજ તેઓને અને હમુને હમેશગી સુધી ભલાં નસીબના તથા પવિત્ર કરે.

વરશીમ ઠ ૭.

(સીઆમકનો ઊંચો મરતબો અને હુશંગની પેગમ્બરીની અગમચેતી.)

યઝદાનના નામથી સરૂ કરૂં છું કેઃ—

---

* વાચકોએ જાણવું કે, એ ફકરાના છેડાનો સંબંધ ૩૭ માં ફકરાની સરૂઆતથી છે, અને એ વચ્ચે આવેલા ચાર ફકરા કૌંશમાં લખાયલા હોય તે મુજબ પરવરદેગારના નામની પુઠે આવેલી વખાણના છે.

૧. (યઝદાન ફરમાવે છે) ઓ સીઆમક! હું તુંને ઊપર બોલાઊછું, અને પોતાના મીજલસીઓ મધ્યેનો એક ઠેરવુંછું. કારણ કે નીચલી દુનિઆની જગ્યા તાહરા લાયકની નથી.

૨. તું દર દીવસમાં કેટલી વેળા પોતાના શરીરથી છુટો પડી માહરી આગળ આવે છે.*

શરેહ:—સીઆમકે ખોદાની ભક્તિ કરવામાં ભારે સંકટ ખેંચ્યાથી તે સાહેબનું શરીર એક પેહરણની માફક થઈ દીવસમાં કેટલી વેળા ખોદા અને સરૂશોને જોવાની ઈચ્છા તે સાહેબનાં દીલમાં ઉત્પન્ન થવે (આત્મા) શરીરમાંથી બાહાર આવી તે ઊંચી હદમાં જતો હતો, અને ફરી યઝદાનનાં હુકમથી શરીરમાં આવતો હતો.

૩. તે માટે હું તુને નીચલી દુનિયાના શરીરમાંથી છુટો કરાઊ અને પોતાના મીજલસીઓમાં ભેળવું.

૪. અને તાહરેથી દુનિયામાં એહવી યાદગારી રાખું કે તેના જેહવો દાનાવ બીજો કોઇ હોય નહીં.

શરેહ:—એપરથી સીઆમકને ખબર આપેછે કે, જ્યારે તું (તાહરા રવાન) ને આકાશપર બોલાઊ ત્યારે તાહરો શરીરી બેટા જે "હુશંગ" છે તેને નીચલી દુનિયામાં રાખું કે તે એહવો એક દાનાવ પેગમ્બર થશે, કે તેના જેહવો દાનાઈવાળો અને બુઝોર્ગી પામેલો બીજો કોઈ થશે નહીં† એ મહોટાઈ ભરેલી આગાહી ઈયાને ખબર સીઆમકને મળ્યા બાદ તે સાહેબ, એક મનુષ્ય આકારનો દેવ ઈયાને બુરા કર્તુકના શખ્સને હાથે મારયો ગયો. અને શરીરી ફાંદામાંથી છુટીને ઊંચેની આલમમાં પરમાત્માઓની જમાએ પહોંચ્યો. અને પેલા દેવ ખસલતનાઓ, આદેલ પેગમ્બર તથા શેહનશાહ હુશંગ સાથની લડાઈમાં પોતાની કર્તુકની સજાએ પહોંચ્યા.

---

* ખોરા સાનથી મળી આવેલી દસાતીરમાં એ ફકરો જે અસલ દસાતીર ભાષામાં છે તેનો ફારસી તરજુમાંનો ફકરો નથી.

† એ અશો પેગમ્બર તથા શાહેનશાહ હુશંગને આરબ લોકો "વાસહોલ્હુકમા યાને ફીલસુફોનો બાપની અટકથી ઓળખે છે, તથા "એદ્દરીસ" પેગમ્બર ગણે છે.

બુઝોર્ગી ભરેલા પેંગમ્બર અશો "હુશંગ" નું નામું.

વરશીમ ૧ લી.

(અશો હુશંગ*ની પેગમ્બરી અને દાનાઈ બાબે.)

૧. હમે યઝદાનપાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે, જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી, અને ઇજા પહોંચાડનારી છે. તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇઝદ કે, જે બખશનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે, તેના નામથી.

૩. દાનાવોને પેદાના કરનાર યઝદાનના નામથી સરૂ કરૂં છુ કેઃ—

૪. ઓ "સીયામક"ના છોકરા "હુશંગ!" તું માહરો માનીતો પેગમ્બર છે. માટે મેં તુને દાનાઇ બક્ષી.

૫. અને જે પેગમ્બરો કે હવે પછે આવશે તેનાઓનો તું શિખવનાર (ઊસ્તાદ) છે.

૬. બુઝોર્ગ આબાદના ધર્મને તું તાજો કર.

૭. અને નીચે મુંજબ "બેહરામ" યાને મંગળ તારાની સ્તુતી કર, કે તે તાહરો મદદગાર છે.

વરશીમ ૨ જી.

(અશો હુશંગે બજાવેલી મંગળ તારાની સ્તુતી.)

દાનાવોને પેદાનો કરનાર યઝદાનના નામથી સરૂ કરૂં છું કેઃ—

---

* એ સાહેબના નામનો અર્થ ભારે અક્કલ તથા સરસ બુદ્ધિ થાય છે. એ સાહેબના રચાયલા અતિશય પુસ્તકોમાંથી પાછળથી મળી આવેલી જાવીદાને ખેરદની ચોપડીમાંના બાકી બચેલા કેટલાએક પાનાનો તરજુમો જુવો આ ખાકસારીએ છપાવેલી "શેહનશાહ હુશંગવાળી જાવીદાને ખેરદ તથા પુરાતન પારસી પાદશાહઓની નસીહતોઅવાળી ચોપડીમાં.

૧. (ઓ મંગળ તારા) તાહરી ર"[ચઅદાનની આફરીન, નિર્મળતા અને ભલાઇ હોજો.

૨. ઓ ભારે મહોટા, ઘણો દાનાવ, શકિતવાન અને ફતેહમંદ.

૩. ઓ મુરબ્બી, ચળકાટવાળા આકાશનો "બેહરામ" ઇયાને મંગળ ગ્રહ.

૪. પોતાને પેદા કરનારના તાબેદાર.

૫. અકલની ભારે ખાહેસ મુજબ ફરનાર.

૬. પોતાના આકાશની ગીરદેશથી ઇયાને આકાશમાં ફરતાં ટુટવાથી, આકાર પકડવાથી, આકાર તજવાથી અને આડે માર્ગે જવાથી વેગળો છે.*

૭. તું બાહદુર અને મજબુત હથીયાર ધરાવનાર છે.

૮. તું ક્રોધ તથા કૌવતનો સાહેબ છે.

૯. (તું) ભારે ભય આપનાર.

૧૦. આતશ સળગાવનાર, લોહી બાળનાર.

૧૧. (અને) તલવાર ચલાવનાર છે.

૧૨. તુને પેદાનો કરનાર તથા તુને રોશની આપનાર ઘણો મોહટો છે.

૧૩. તેણે ભય આપવાનો, મોહટાઇનો અને સરદારીનો પોશાક તુંને પેહરાવ્યો.

૧૪. અને તાહરા રવાનપર રોશની વરસાવી.

૧૫. તે એ મુજબ કે તાહરા ઘેરાવામાં તેનાથી તુને પુરવું બક્ષયું, કે જે ગિરદેશ ભલી ઇચ્છાની છે.

૧૬. તુંને પાંચમાં આકાશપર નચીંતાઈ ભરેલી જગ્યા આપી.

૧૭. હું તાહરેથી ચાહું છું કે, સચ્ચાઇના સાહેબોનાં દુશમનોને તોડે.

---

* સાત ગ્રહની સાત સ્તુતીની અંદર સાતે ગ્રહને માટે એજ પ્રમાણે એક સરખા ફકરા આવ્યા છે. પણ "મેહઆબાદ"ના નામાની વરશીમ ૩ જીના ફકરા ૪ થામાં આવ્યા મુજબ આકાશો ફાટતાં નથી, ટુટતાં નથી જે બાબે શારેસતાને ચાર ચમનમાં લાંબી તકરાર આવી છે. તો તેપરથી એ ફકરાઓનો અર્થ આ મુજબ પણ ઊઠી શકે છે કે તેઓ ઈયાને તારાઓના ફરવાથી આકાશો ફાટતાં નથી, સંધાતા નથી, તથા આકારો પકડતા નથી, તથા આકારો તજતા નથી.

૧૮. અને તું પોતાના મુરબ્બી, મદદગાર અને માશુક કે, જે તાહરીપર પ્રાવનાર નુરછે તેનાથી તું માંગે?

૧૯. તથા સર્વથી ફાવતા નુરો કે જેઓ નજદીકનાં ખાલેસ અકલો છે (તેઓ પાસેથી પણ તું માંગે.)

૨૦. કે જેથી તેનાઓ પોતાના મુરબ્બી, પેદાના કરનાર કે જે અકલેકુલ યાને સર્વથી પ્રથમ પેદા થએલી અકલ (બહમન અમશાસપંદ) છે તેહની પાસેથી માંગે.

૨૧. અકલોની મારફતથી ચાહવું ઘટતું છે કારણ કે, તેઓ પોતાની સ્થીતીથી બદલાતાં નથી.*

૨૩. કે તે, (બહમન અમશાસપંદ) પોતે, બીજાં સઘળાં નુરોએ અને બેઊ જહાનના લોકોએ બંદગી કરવાને લાયકનો કે જે અસ્તિનો ધણી અને સર્વને રાખનાર સાહેબ (ખોદા) છે, તેનાથી ચાહે.

૨૪. કે મને (હુશંગને, તે ખાલેક) પોતાની આગળનાઓ મધ્યનો, નુરના ટોળામાંનો તથા તે સાહેબનો જાતી ભેદ જાણનારાં ટોળાઓમાંનો એક ઠેરવે.

૨૫. અને તે નુરી ટોળાને તથા હમોને પુતેહમંદી બક્ષે, તેમજ તેઓને અને હમોને ભાગ્યશાળી અને પવિત્ર કરે.

૨૬. હમેશ જમાના તથા જાવીદાન સુધી એમ હોજો.

વરશીમ ૩ જી.

(અશો "તેહમુરસ"ની પેગમ્બરીની અગમચેતી.)

દાનાવોને પેદાનો કરનાર યઅદાનનાં નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. તાહરા પછે "તેહમુરસ" મહોટો પેગમ્બર થશે.

૨. અને હું તાહરા ફરજંદોમાંથી પેગમ્બરી બરતરફ કરીશ નહીં.

૩. હમેશ સુધી તાહરી ઓલાદમાંથી પેગમ્બર ઠેરવીશ.

૪. અને જે શાખસને કે પોતાની તરફનો રસ્તો દેખાડીશ તેને એ ધર્મમાં લાવીશ.

---

* એ ફકરો અંકોશમાં આવ્યો હોય તે મુજબ છે અને ૨૦ માં ફકરાનો અંત ૨૨ માં ફકરાની સરૂઆત સાથે જોડાય છે.

અશો પેગમ્બર "તેહમુરસ*"નું નામું.

વરશીમ ૧ લી.

(મેહઆબાદી ધર્મને તાજો કરવાનો હુકમ.)

૧. હમો યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે-જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી અને ઇજા કરનારી છે. તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇઝદ કે-જે (રોજીનો) બક્ષનાર, (અજાણ્યા ગુનાહ) બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે, તેના નામથી.

૩. શક્તિવાન યઝદાનના નામથી સરૂ કરૂં છું કેઃ—

૪. ઓ માહરા પેગમ્બર "હુશંગ"ના છોકરા "તેહમુરસ"! તું "આબાદ"ના બુઝોર્ગ ધર્મને મજબુત કર.

૫. સૂર્ય તાહરો મદદગાર છે. મેં (ઇશ્વર) ખુરશેદને ફરમાવ્યું છે, કે તે તુંને મદદ કરે. માટે નીચે મુજબ તેની સ્તુતી કર.

વરશીમ ૨ જી.

(અશો "તેહમુરસે" બજાવેલી "ખુરશેદ ઈઝદ"ની સ્તુતી.)

શક્તિવાન યઝદાનના નામથી સરૂ કરૂંછું કે:—

૧. તાહરી ખુશાલી પોતાની જીવતી અકલથી હમેશ રોશની જાહેર કરવા માટે છે.

૨. તું ઘણો જાહેર શખસ તથા ભારે ખીલતો રોશનીવાળો છે.

૩. તાહરીપર ખોદાની આફ્રીન અને ભલાઇઓ હોજો.

---

* એ સાહેબનું નામ અસલ બે શબ્દપરથી રચાયલું છે "તેહમ" અને મર્ઝ." તેહમ યાને પેહલવાન તથા મર્ઝ યાને જમીન એટલે જમીનપરનો પેહલવાન એ સાહેબની અટક "દેવબંદ" હતી, ઈયાને બુરાઈને ડાબનાર અથવા બુરાઓનો જેર કરનાર.

૪. ઓ ભારે રોશનીવાળા પનોતા તું પોતાના પેદા કરનાર પાસેથી કંઇબી મૂળ અને જમાનાના ખેંચાણ વગર ચળકાટ મેળવી ચમકનાર છે. (યાને જેહવો યઝદાનથી રોશની મેળવતો જાયછે, તેહવોજ બીજાઓને રોશની બખશતો જાયછે.)

૫. પોતાના પેદા કરનારના ભારે પ્યારમાં ફરનારો.

૬. તું પોતાના આકાશની ગિર્દેશમાં ફાટવાથી, નવો આકાર ધરવાથી, જુનો આકાર તજવાથી તથા સીધી ચાલે નહી ચાલવાથી વેગળો છે.

૭. તું ચલકતું નુર, નુરોપર ફાવનાર તથા અંધારાને તોડનાર છે.

૮. તું જહાનનો સરદાર, તારાઓનો પાદશાહ અને ગ્રહોનો રાજા છે.

૯. તું ઊંચેના મહોટાઓમાંનો મહોટો છે.

૧૦. તું ઊંચા ઇઝદ (ખોદા)ના ફરમાનથી દીવસ કરનાર છે.

૧૧. તું શરીર ધરાવનારા (પદાર્થી ગોળા) ઓના નુરોનો જાળવનાર તથા મહોટો સરદાર છે.

૧૨. ફરમાન આપનાર યઝદાન તાહરા શરીર (પદાર્થ ગોળા) પરની રોશની કે જે ઘણી તિક્ષણ અને ખીલવનાર છે તેને વધારે.

૧૩ દાના, નામીચો, મહોટો વારેસ અને વગર ભેળાણની સ્વચ્છ રોશની ધરાવનારાઓ મધ્યનો એક. (તું છે.)

૧૪. શરીરી દુનિયામાં રોશની ધરાવનારાઓની રોશનીનો વડો.

(ખુલાસોઃ—જગતના બે ભાગ કરવામાં આવ્યા છે. જેમાં પેહલી નુરી દુનિયા અને બીજી શરીરી દુનિયા. નુરી દુનિયા કે જેમાં કસું ભેલાણ, પદાર્થ અને આકાર નથી. તેને "શીબચર્ખે" કહે છે. તેની હધ શનિ મંડળના ટોંચથી છે, જેની ઊંચાઈનો છેડો આવતોજ નથી. એ "શીબચર્ખે"ના બે ભાગ કીધા છે. જેના નીચલા ભાગમાં આત્માઓનું મથક અને ઉપલા ભાગમાં ફરેસ્તાઓનું મથક છે. બીજી શરીરી દુનિયા કે જે કાળી અને બંધણવાળી છે. તેઆ નિચલી દુનિયાઓ છે, કે જેની હધ શનિશ્ચરના ટોંચથી જમીનના છેડા સુધી છે. જેમાં અગણીત જડ પદાર્થી દુનિયાઓ છે. એ મજકુર ફકરો અગણીત પદાર્થી

ગોળાઓ કે જેઓ પોતાની ઊપર નુર ધરાવે છે. તે રોશનીનો વડો ખુરશેદ ઈઝદને ગણેલા છે. કારણ કે તે સાહેબ "નુરોલ અનવાર" ના ઝરામાંથી નુર ખેંચી આઠમાં આકાશની નીચે આવેલા અથવા ફેરવાયલા અગણીત તારાઈ ગોળાઓને રોશની બક્ષે છે.)*

૧૫. તે (ખાલેક)ના ફાવતા અને બુઝોર્ગ નુરની નજદીક તાહરૂં નુર સર્વથી વધારે કીનારો પકડનાર છે.

શરેહ:—મોહટાઇ તથા ફાવવું ખોદાનું છે, જે નુરોના નુરનો ભરમ દેખાડે છે.

૧૬. તું તેહની મોહટાઇનો દાખલો છે. [તેહની યાને ખોદાની.]

૧૭. તું, તે સાહેબના નુરના નમુનાઓમાંનો એક નમુનો છે.

૧૮. તું તેહના બંદાઓ ઊપર તે સાહેબનો ચીતાર છે.

૧૯. (ખાલેકે) જે કોઇ (બહમન અમશાસપંદ)ને નુર બક્ષયું, તેણે તુંને શરીરી ગોળાઓને રોશન કરતી વેળા રોશની આપી.

૨૦. અને (ખોદાએ) જે કોઇ (બહમન અમશાસપંદ) ને મદદ કીધી અને ભલાઇ આપી તેણે તુંને (મદદ કીધી અને ભલાઇ આપી.†)

૨૧. યઝદાનના નુરથી તું પનોતો થાઇને બીજા તારાઓને પોતાનું નુર બક્ષેછે.

૨૨. અને તું તેઓપરથી પોતાની રોશની ઊંચકી લેતો નથી.

૨૩. જેણે તુંહને ચીતારયો, અને રોશન કીધો, તે સાહેબ ઘણો બુઝોર્ગ છે.

૨૪. તેણે તુંને પોતાની મહોટાઇની ખાહેશથી પુરતો કીધો.

૨૫. અને ચોથા આકાશમાં તુંને જગ્યા આપી.

૨૬. (સાત ગ્રહોની) વચમાં (તેઓને) સીંગાર આપવા તુને નચીંતાઇ (ની જગ્યા) આપી.

૨૭, ૨૮, ૨૯. ઓ મહોટા મુરબ્બી! ગરમીનો સાહેબ, શક્તિ-

---

* જુવો ઝુરેપાસતાનના ફારસી રેસાલાના ફકરા ૧ લાની મરહુમ આઝરપઝુએ કીધેલી શરેહ.

† એ બે ફકરાઓ ફારસીમાં ઘણા કઢંગા છે. તેથી અગરજો તેના બોલે બોલનો ફકત અર્થ કરીએ તો ગુજરાતીમાં તદન એબારત આવતી નથી, તથા મતલબ સમજ પડતી નથી. તેથી એ ફકરાઓ બંધ બેસતા લાવવાને માટે હમારી તરફથી અંકોશમાં ઉમેરયું છે.

ઓની દાનાઇએ પુગેલો, નવા બનાવોનો બનાવનાર, તથા રૂતુઓ [કે જે ચાર છે, તે] નો પેદાનો કરનાર (સૂર્ય) હું તાહરેથી ચાહુંછું.

૩૦, ૩૧, ૩૨. કે તાહરૂં ચંચળ રવાન કે, જે ઝળકાટવાળું છે. તેની મારફતે તાહરા પેદા કરનાર, ચાહનાર, અને ગિરદેશની પ્રથમ ગતી આપનાર કે જેનો તું છાયો છે, તેનાથી તું માગણી કર.

૩૩. અને સઘળાં ફાવનારા મહોટા નુરો (પુરેશતાઓ) કે જેઓ આઝાદ (ખાલેસ) અકલો છે, તેઓ પાસેથી તું માગણી કર.

૩૪, ૩૫, ૩૬. (પુરેશતાઓ) કે, જેઓ હમેશગીની દુનિયામાં (સ્થીતીમાં) પુરવાથી અને બદલાવાથી વેગળાં છે. તેઓ પોતાના મુરબ્બી અને પેદા કરનાર, કે જે (ખોદાની) ઘણી નજદીકનું નુર, વગર મૂળે તરત ઊત્પન્ન થએલું નુર, અને પેહલી અકલ ઇયાને બહ્‌ન અમશાસપંદ છે. તેની પાસેથી તેઓ લાયક માંગણી માંગે.

૩૭. કે તે (બહ્‌મન અમશાસપંદ) પોતે બંદગી કરવાને લાયકના, તથા ભક્તિ યોગ્યનાઓએ ભક્તિ કરવાને લાયકના (ખોદા) પાસેથી આ પ્રમાણે ચાહે.*

૩૮. (તે ખાલેક) દરેક સંબંધોનો અંત અને બેઊ જહાનનો જોડનાર સાહેબ.

૩૯. સર્વેના કીનારાને મજબુત રાખનાર.

૪૦. નુરોનું નુર. સર્વ અકલો, રવાનો આકાશી તથા અનાસરી જાતીઓ, તેમજ સ્વચ્છ અને મિશ્ર શરીર વાળાઓએ બંદગી કરવાને લાયકનો.

૪૧. પેવંદ કરવા (ઊપલી દુનિયા સાથે નીચલી દુનિયાને જોડવા) માં ભારે બુદ્ધિવાન.

૪૨. એક્કો યઝદાન, પોતાની કુદરતથી પોતે પેદા થયલો કે જેહની પાદશાહી ઘણી બુઝોર્ગ છે.

૪૩. કે તે સાહેબ માહરા રવાનને અશોઇના ચમકાટો, બંદગીને લાયકની અકલો અને ઊપલી ભલાઇઓથી રોશાન કરે.

---

* એનો સંબંધ ફકરા ૪૩ ની સરૂઆતથી જાણવો, અને વચમાં આવેલા ૫ ફકરા અંકોશમાં લખાયલા હોય તે મુજબ ગણવા.

૪૪. તથા મુખ્ય કરી મહને પોતાની તરફના દોસ્તો અને ચાહનારાઓમાંનો એક ઠેરવે.

૪૫. તથા મહને માહરા રવાન અને શરીરપર પડતી આફતોથી સંભાળે.

૪૬. તથા નુર અને રોશનીના ટોળાઓના જેહવી ફતેહમંદી મને આપે.

૪૭. એજ પ્રમાણે હમેશ સુધી તેનાઓને અને હમોને પનોતા અને પવિત્ર કરે, એમ હોજો.

શરેહ:—"તરજ" (એમ હોજો) એ એક એહવો શબ્દ છે કે જ્યારે કોઈ શખ્સ કોઈને માટે આફરીન કરે અને નેકી માગે ત્યારે કબુલ થવાને માટે પાછળથી એ શબ્દ બોલે. અથવા તો ભર મીજલસમાં એક શખ્સ દુવા ચાહે, તે વેલા ત્યાં બેઠેલા મીજલસીઓ અંતે એક સાદે બોલે.

વરશીમ ૩ જી.

(અશો જમશીદની પેગમ્બરીની અગમચેતી.)

શક્તિવાન યઝદાનના નામથી સરૂ કરૂં છું કેઃ—

૧. તાહરા પછે "જમશીદ" પેગમ્બર થશે.

૨. હું તેને તેના હુનરોથી અખત્યાર કરીશ.

૩. અને જહાનની ખુબીઓ તેને બતલાવીશ.

અશો પેગમ્બર "જમશીદ"નું નામું.

વરશીમ ૧ લી.

(અશો "જમશીદ"*ની ઊત્તમ પેગમ્બરી.)

૧. હમે યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે, જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી, અને ઇજા પહોંચાડનારીછે. તેનાથી પનાહ માંગીએ છઇએ

૨. ઇઝદ કે, જે (રોજી) બક્ષનાર, (અંજાણ્યા ગુનાહની માફી) બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે, તેના નામથી.

૩. હુનર સરજનાર યઝદાનના નામથી સર કરૂંછું કે—

૪. ઓ "તેહમુરસ"નાં છોકરા "જમીશદ" મેં તુંને (પેગમ્બરીમાં) કબુલ કીધો. તું બુઝોર્ગ "આબાદ"ના ધર્મને મજબુતાઇ આપ.

૫. તું ઘણો મોહટો પેગમ્બર છે.

૬. અને મેં તુંને સઘળા હુનરો શિખવ્યા, અને તે (હુનરો) થી દુનિયા સીંગારી.

૭. તાહરા ચેહરાપર માહરૂં નુર છે. [તાહરા ચેહરાપર માહરૂં બક્ષેલું નુર છે. જે કોઈ તેને જોય તે માહરી કુદરત મધ્યનું સમજે, અને માહરી એકતાઈનું નુર મેળવે.]

૮. તું માહરા શબ્દોથી વાત કરેછે.

૯. તાહરી જુબાનપર માહરા શબ્દો છે—[કારણ કે હું શબ્દ પેદા કરનાર છેઊ, અને તે માહરા શબ્દો શિવાય બીજા કસા સખુન નથી.]

૧૦. તું મહને જોય છે, સાંભળે છે, સુંગે છે, માહરી પીછાણતની લેઝત મેળવે છે, તથા મહને મળે છે.

---

* એ સાહેબને જમ, જમશાસ્પ તથા જમશીદુન પણ કેહતા હતા. એ સાહેબ "તેહમુરસ"ના ભાઈ "વીવનગાન"નો છોકરો ગણાય છે. અને અત્રે તેહમુરેસની પેગમ્બરીને લીધે એ સાહેબનાં છોકરાને નામે જણાવે છે જેમ દરેક પેગમ્બરને એક બીજાના બેટા ગણ્યા છે તેમ.

શરેહઃ—(ખાલેક ફરમાવે છે કે) દરેક ચીજ અને દરેક કામમાં તું માહરી સાથે છે. માહરા નુરને તું દરેક ચીજમાં તથા દરેક જગ્યાએ મેળવે છે. માહરી હયાતીના એકત્વનો દબદબો દરેક છાયાંઓમાં કબુલ કરે છે. અને માહરી અસ્તિના સર્વ છાયાંઓને તું પકડે છે. મહને સોધનારા દરેક જણથી તું માહરા શબ્દો સાંભળે છે. માહરો વાસ બધાની અંદરથી સુંગે છે. અને તું મહને પીછાણવાનો સવાદ મેળવીને માહરી આગળ (આવે) છે.

૧૧. તાહરૂં બોલેલું તે માહરૂં બોલેલું, અને તાહરૂં કીધેલું તે માહરૂં કીધેલું છે.

૧૨ અને હું તાહરી જુબાનથી બોલુંછું અને તું મહને કોહેછે.

(ખુલાસોઃ—"પુરતી રીતે હું છઉં ખોદા." એ શબ્દો એ સાહેબના મુબારક મોઢામાંથી જાહેર થવે અજ્ઞાની લોકોએ એ સાહેબને અધર્મી અને કાફર ગણ્યો હતો, તથા પરવરદેગારને નહીં પીછાણવાનું તોહમત તે સાહેબપર મુકયું હતું. પણ જાણવું કે તે સાહેબ ખાલેકના નુરની ઊત્તમ પીછાણ ધરાવવાને લીધે એ નામવર પેગમ્બર તે બોલવાના મરતબાએ એ ફકરા મુજબ પુગો હતો.)

(મનુષ્યોના મરતબામાનો મહોટો મરતબો પેગમ્બરીનો છે, કે જે યઝદાનના હજુરી ફરેશતાઓની મારફતથી ખોદાઇ ખબરોના ચમકાટો પોતાના ડીલપર મેળવે છે, અને તે વળી મુજબે દુનિયાના લોકોને સુખ અને બેઊ જહાનની ભલાઈનો રસ્તો દેખાડે છે. અને જ્યારે તે પેગમ્બર યઝદાનપર પુરતો પ્યાર ધરાવી તપ જપ અને બંદગીના કૌવતથી શરીર તજી વારંવાર પ્રથમ આકાશી ગતીઓ, નુરો, અને ફરેશતાઓની હધોમાં ફરી વળે છે, ત્યારે યઝદાનના નુરી પ્રકાશ મેળવવાને તથા તેમાં ભેળાવાની ઈચ્છા કરતો જાય છે. અને જ્યારે તે સ્વાદ મેળવેછે ત્યારે પાછો પોતાના અનાસરી શરીરમાં બાકીની જીંદગી ગુજારતી વેળા દરદમ અને દર પળે તેજ લજ્જત મેળવવાની ધારણામાં પડવે દુનિયાઈ હાલત તથા દુનિયાઈ ચીજોના દેખાવને પરવરદેગારના નુર શિવાય બીજું કસું જોતો નથી. બલકે કેટલાએકો એવી હાલતમાં આવી પડે છે, કે પોતે અનાસરી શરીરમાં છે એવું ભુલી જઈને ખાલેકના સ્વયંમ પ્રકાશના ભાનની અંદર "હું છું ખોદા, હું છું ખોદા" વગર અખત્યારી એ બોલે છે. તેમજ પોતાને તે પ્રકાશમાં ઘેરાયલો સમજે છે. તે એટલા સુધી કે તેના અનાસરી શરીરના

તંતુઓ જે કાળાં બંધાણવાળાં છે, તેમાં પણ અસર થાય છે. જેમકે "અન-લ્હક" ઇયાને "હું છુ ખોદા" નો શબ્દ બોલનાર "મનસુરે હલાજ"ને જ્યારે અગ્નાનીઓએ મારી નાખ્યો ત્યારે તેના શરીરમાંથી જમીનપર પડતા લોહીથી "અનલ્હક," "અનલ્હક" કરી લખાયું હતું)

(તેમજ અશો જમશીદની માફક હજરત પેગમ્બર "મહમદે" પણ ફરમાવ્યું હતું કે "મનરાઆની ફકદરાની અલ્હક" યાને જે શખ્સે મને જોયો તેણે જાણ્યું કે ખોદાનેજોયો "તો તેવા શબ્દો બોલનારા નામીચા પેગમ્બરો અધરમી થયા અથવા બુરી ઇચ્છા તેઓપર ફાવી, એવું કદી કેહવાઇ શકાય નહીં. એ બાબેની વધુ લંબાણ ખીના જુવો શારેસ્તાને ચાર ચમનને પાને ૭૩ મે "જમશીદની ઝેકરમાં, તથા ઝેકરેહુકમાં મધ્ય પાને ૩૨૯ થી.)

૧૩. અને નીચલી દુનિયામાં પેદા થએલાઓ એહવું સમજેચ કે, તું તેનાઓને કહેછે.

શરેહ:—તું માહરીપર એવી નજર ધરાવે છે, કે કોઈ બીજાને જોતા નથી.

૧૪. સુકર તારાની તું સ્તુતી કર, કે જેનાંથી તું મદદ જોરો.

૧૫. હાલે તાહરે માટે તે સેતાયશનામું મોકલ્યું છે તે તું ભણ.

વરશીમ ૨ જી.

(અશો જમશીદે બજાવેલી શુકર તારાની સ્તુતી.)

હુન્નર સરજનાર યઝદાનનાં નામથી સરૂ કરૂંછું કે:—

૧. (ઓ શુકરના તારા!) તુંને પવિત્રાઇ છે. તાહરીપર ખોદાની આફરીન હોજો.

૨. ઓ ભારે વખાણવાળી બાઇ*! અકલ અને કામની ધણયાણી.

૩. ઓ આકાશના નાહીદ યાને શુકર તારા. !

૪. નેકબખ્ત, ચમકનારો.

૫. બુઝોર્ગ તથા રોશન.

૬. ચમકાટનું ગોહર.

---

* એ શુકર તારાને ઓરતની ખાસીયતનો ગણવે બાઇનો એલકાબ આપ્યો છે.

૭. ઘણો દીલપસંદ ચમકનારો.

૮. ઘણો નેક ચાલનો અને પવિત્ર

૯. તું ખુશી, દોસ્તી, અને ભલાઇનો સીંગાર છે.

૧૦. પોતાને પેદા કરનારના તાબેદાર.

૧૧. પોતાના દીલની ઇચ્છા મુજબ ફરનારો.

૧૨. કે જે પવિત્ર અને સ્વતંત્ર છે.

૧૩. પોતાના આસમાનની ગીરદેશમાં છુટો થવાથી, આકાર ધરવાથી, આકાર બદલાવાથી તથા ઊલટો ચાલવાથી વેગળો છે.

૧૪, ૧૫. ઘણી નેક ચાહવટ અને ઇચ્છાથી તુંને જાહેર કરનાર, સંભાળનાર અને ઊંચે ફેરવનાર ઊંચો અને સરસ છે.

૧૬. તુંને તાહરી ગિરદેશની નાચારીને લીધે તેણે પોતાની ખુશીથી ગિરદેશ બક્ષી.

શરેહ:—નાચારીના શબ્દથી એમ નહી સમજવું કે આસમાનને પોતાની ઇચ્છાથી જુંમેશ ઇયાને હીલચાલ નથી. પણ એપરથી એવું જણાએ છે કે આસમાનની જુંમેશ પાક નુરની મારફતથી ચાલું છે. અને તે આસમાનની જુંમેશથી પસંદ પડતું નુર ઊતપન્ન થાય છે. અને તે દરેક આકાશના નુરનો પડછાયો તેનો ખેવાળ છે. હરેક પરતાબની મારફતથી આસમાનને એક હીલચાલ શક્તિ હોયછે, અને દરેક જુંમેશના સંબંધથી રોશનીની કુદરત છે, તથા હરેક ગરમીથી હીલચાલ થાએ છે. અને દરેક જુંમેશથી રોશની ઊતપન્ન થાય છે.

૧૭. તુંને ત્રીજા આસમાનપર ફેરવ્યો.

૧૮. હું તાહરેથી બેઊ જહાનની ખુશી ચાહુંછું.

૧૯. (તથા ચાહુંછું) કે તું પોતાના મુરબ્બી તથા નફો પુગાડનાર આઝાદ અકલ પાસેથી માગે.

૨૦, ૨૧, ૨૨. કે જેથી તે પોતાના મુરબ્બી તથા પોતાનો કર્તા (Cause) કે જે સર્વથી સરસ જાહેર થએલી "અકલેકુલ" (બહમન અમશાસ્પંદ) પાસેથી તે હમેશાગી દુનિયા કે જે નવી પેદાયસ મેળવવાથી અને સ્થીતી બદલાવાથી વેગળી છે. તેહને લાયકનું ચાહનું ઇચ્છે.

૨૩, ૨૪, ૨૫. કે તે, (બહમન અમશાસ્પંદ,)—હમેશાની જીંદગી ધરાવનાર અને પ્રથમ સઈની જગ્યાં (પરવરદેગાર) કે જે બંદગીને લાયકનાઓએ બંદગી કરવાને લાયક ગોહરોનું ગોહર અને સર્વને બરકરાર રાખનાર (ખોદા) પાસેથી માગે.

૨૬. કે તે (ખાલેક) માહરા રવાનને રોશાની આપે અને માહરા કામને આસાન કરે.

૨૭ જેથી પોતાની તરફ નજદીક કરે.

૨૮. અને તે સાહેબ નુર તથા રોશનીઓના ટોળાંને રોશની બક્ષે.

૨૯, ૩૦. અને હમેશ તથા જાવેદાન સુધી તેનાઓને તેમજ અમોને પનોતા અને પવિત્ર કરે.

વરશીમ ૩ જી.

(અશો જમશીદે યઝદાનનો ચમકાટ મેળવ્યા બાબે.)

હુજર સરજનાર યઝદાનના નામથી સરૂ કરૂંછું કે :—

૧. (ખોદા ફરમાવે છે જમશીદને કે,) અગરજો તુહને (કોઇ) પુછે કે, "તુએ પરવરદેગારને શિ રીતે પીછાણ્યો" ?

૨. (તો) તું તેઓને કેહ કે "દીલપર ઊતરનારાઓથી." [એટલે તે સખુનોના રવાનો (નહીં સંભલાતા શબ્દો) કે જે દાનાવોના દીલપર ખોદાની તરફથી ઊતરે છે તેથી.]

૩. કે રવાનો તેહને ખોટાં પાડવામા આજેજ થાએ છે.

શરેહ:—એટલે અગરજો દુનિયાના લોકો તેને જુઠા પાડવાની કોશિશ કરેતો, કંઈબી રીતે જુઠા પાડી શકે નહીં. કારણ કે તે સખુનોના રવાનો (નહીં સંભલાતા શબ્દ) સાચા છે, અને તેથીજ કરી અગણીત મોજેજાઓ (જાહેર થાએ) છે.

૪. તાહરા રવાનમાં એવી એક બુધ્ધિ છે કે, તે બુધ્ધિને અગરજો તું લોકોપર જાહેર કરે તો, તેઓ જેમ એક સખત પવનથી પાતળી ડાળી ધ્રુજેછે તેમ ધ્રુજે.

૫. જે કોઇ તાહરા સખુનોને બેશક સાચા ગણે, તેઓની દુઆ (યઝદાનની દરગાહમાં) કબુલ થએલી છે.

૬. અગર તુને કોઇ પુછે કે "તુએ ખોદાને જોયો"?

૭. તેને તુ કેહ, કે "ખોદાને જો હું નહીં જોઉ તો શી રીતે પીછાણું"?

૮. "અને જે ખોદાને દેખાડી નહીં શકું તો તે ખાલેકની ભક્તિ કરવાનો પણ હુકમ નહીં આપું."

શરેહઃ—ફરમાવે છે કે, ઓ "જમશીદ!" તું લોકોને કેહકે જ્યાંસુધી ખોદાને જોઉ નહીં ત્યાસુધી પીછાણુ નહીં. જેમકે-એક આંધળો તરેહ તરેહનાં રંગને પીછાણી શકતો નથી. અગરજો તે પોતાની જુબાને કાળું, ધોળું, લાલ, પીળું ઇત્યાદી બોલે અથવા લોકોથી સાંભળીને શિખ્યો હોય, કે ફલાણી ચીજ ફલાણો રંગ ધરાવે છે. તે છતાં ખરી હાલતે પીછાણી શકે નહીં કે પીળું કયું છે અને લાલ કયું છે. તેમજ અગરજો યઝદાન તે આંધળાને દેખતો કરે અને પછે તરત દરેક રંગથી જાણીતો થાએ તે આગમજ જો કોઈ શખ્સ તેને બલુ રંગ દેખાડી કહે કે આ કાલો રંગ છે, તો તે શમજી શકશે નહીં કે તે શબ્દો સાચા છે કે જુઠા. એપરથી એવું જાણીતું થયું કે, જ્યાસુધી એક શખ્સ બીજા શખ્સને જોય નહીં ત્યાંસુધી તેના ગુણથી જાણીતો થાય નહી. તેમજ જ્યાંસુધી પેગમ્બર વગર રંગના ગોહર (ખોદા)ને નહીં જુએ ત્યાંસુધી બીજા માણસોને તે સાહેબની ઓલખ કેહવી રીતે આપે તથા બંદગી કરવાનું કહી રીતે ફરમાવે? અને જ્યાંસુધી દેખાડી શકે નહીં ત્યાંસુધી તે પેગમ્બરે ખાલેકને જોયોચ એવું કોઈ માને પણ નહીં. તો પેગમ્બરને ઘટેછે, કે લોકોને એવો માર્ગ બતાવે કે જેથી તેઓ ખોદાઇ ગોહરને જોય. અને પોતાનું નકામું ગુમાન તજે. જેમકે-ખોદાથી મહોટાઈ પામેલા શહેનશાહ હોરમઝના બેટા ફતેહમંદ પાદશાહ "ખસરૂ પરવેજ"નાં જમાનામાં એક ટોળીએ મજકુર બીનાને નાદરૂસ્ત સમજી તેથી મેં (ફારસી તરજુમાં તથા શરેહ કરનાર પાંચમાં સાસાને) તેઓને જે પ્રમાણે ખોદાની રાહપર કષ્ટ ખેંચવા ફરમાવ્યું તેમ તેઓ ચાલવે, સર્વે શરીરમાંથી નીકળી ખોદાને તથા ખોદાની નજદીકના (ફરેસ્તા) ઓને જોઈ પાછા પોતાના શરીરમાં આવ્યા.

(ખુલાસો:—એજપ્રમાણે હજરત અશો "આઝર કેવાને" તથા તે સાહેબના ચેલાઓએ પણ ઘણાએક હિંદુઓ અને મુસલમાનોને તપ જપની રીતીથી "હબસેદમ" શિખવી તેઓના આત્માને શરીરમાંથી વેગળા

કરાવી તલો, આકાશો, તારાઓ, ફરેશ્તાઓ વગેરેની હધમાં ફેરવી લાવતા હતા. જુવો શારેસ્તાને ચાર ચમનમાં ઝેકરીહુકમાં મધ્ય.)

૯. દાનાઓ, ખોદાની ખલકને યઝદાનની અસ્તિ તરફ ચાલનાર કરે છે. [અને પેદા કરનારને અસ્તિનાં પેદા કરવાથી પીછાણે છે.]

૧૦. તું પેદા કરનારનાં નુરથી પેદા થએલાંઓને જોએછે અને સમજે છે.

૧૧. મેં દુનિયાને એક શખસના જેહવી પેદા કીધી.

શરેહઃ—આખુ જગ્ત એક માણસના જેહવું છે. બધા શરીરોમાંનું શરીર ધરાવે છે, કે તેહને "તેહમ" કહેછે, અને સઘલાં રવાનોમાંનું રવાન, કે જેહને "રવાન ગરદ" કહેછે, અને સઘલી અકલોમાની અકલ ધરાવે છે, કે જેહને "હુશગરદ" કહેછે. તેને એક બુઝોર્ગ માણસ ગણેછે. જ્યારે તમો બારીકીથી જુવો તો સમજશો કે આવી મહોટી અચરતી ભરેલી દુનિયા તે એક તેના ચાકર જેહવી છે. અગરજો દીલની આંખ (બુધિ)થી જોશો તો જણાશે, કે આકાશ-તે એ બુઝોર્ગ માણસનું ચામડું છે; શનિશ્ચર-તે તલી, બ્રેસ્પતી-કલેજું, મંગળ-પીતો, સૂર્ય-દીલ, શુકર-પેટનો માંડો, બુધ-મગજ અને ચંદ્ર-તે તેહનું ફેફસું છે; સ્થીર તારાઓ તથા રાશીઓ-તે તેહની ધોરી અને ઝીણી નેસો, આતશ-ખોદાની રાહપર ચાલવાની ગરમી, હવા-નીશાસો, પાણી-પરસેવો, અને જમીન-તે તેહના ચાલવાના પગની ધુળછે; આકાશી વીજળી-તે તેનું હસવું, ધગડાટ-સાદ, અને વરસાદ તે તેનું રડવું છે; અને તે જગ્તની પેદાયશો-તે તેના પેટના કીડા છે. તેહને એજ રીતે ઊપલી તથા નીચલી દુનિયાના રવાનોમાંનું એક રવાન છે. તેમજ ઊપલી અને નીચલી દુનિયાની અક્કલોમાંની અક્કલ છે. ત્યારે હવે તે બુઝોર્ગ મરદને ઘટેછે, કે પેટના કીડા (દુનિયાની માલમતા)પર ખુશ થાય નહી અને પોતે રવાન થાએ. એ મજકુર મતલબ જે લખવામાં આવી તે "હાબખતુર" નામે સમરાની ભાષામાં દસાતીરનો એક કરદો છે, કે જેપરથી હમોએ (સાસાને પંજુમે) તરજુમો કીધો છે.

૧૨. જહાન તે વાજેબુલ વજુદ (જરૂરની અસ્તિ-ખોદા) નો એક વિચાર છે.

૧૩. નીસ્તી, તે એક અસ્તિની આરસી છે.

૧૪. વાજેબુલ વજુદ (ખોદા)નાં ચમકાટ વગર કંઈ ચીજની હયાતી નથી.

૧૫. તે (સાહેબ)ની રોશની સર્વને પુગી તથા સઘલા હયાતી ધરાવનારાઓપર હયાતી લક્ષી, તથા વરસાવી. [તથા સર્વ જીંદગી તથા જીંદગી ધરાવનારાઓપર છે.]

૧૬. તે સાહેબના ચમકાટથી પવિત્ર સાહેબોના દીલપર શબ્દોના રવાન ચમકે છે.

૧૭. ખોદાના એક ચમકાટથી બેઊ દુનિયા જાહેર થાઇ.

શરેહ:—પેહલી દુનિયા તે જડ અને જમાના વગરની છે. અને બીજી દુનિયા મુળવાળી ઇયાને જડ પદાર્થી છે. એ બેઊની અસ્તિ દાદારની જાતના સુર્યના પડછાયાથી છે.*

૧૮ દીઠ તથા અંદીઠ દુનિયાનું ઘણા પાણું જે છે, તે સર્વ ખાલેકના એકપણાના મરતબા આગળ એકજ છે. કારણ કે (તે ખાલેક શિવાય) બીજા કોઇની અસ્તિ નથી.

૧૯. જે કોઇ (ખોદાઇ ચમકાટને) પુગેલો હોય, તે એકકાપણાને ઘણાપણામાં અને ઘણાપણાને એકત્વમાં જુએ.

શરેહ:—એક ટોળી ખોદાને પેદાયશની અંદર ઢાકે છે, ઇયાને ખોદાને જોતા નથી પણ પેદાયશને જોએ છે. અને ખલકને ખાલેકથી જુદી જાણે છે. અને પાક યઝદાનને ખલકથી વેગળો ગણે છે. એ મરતબાને "ફરજંદશાએ" તથા "નસીબસાર" (ઇયાને ખાલેક અને ખલક વચ્ચે ફેર જાણનાર) કહે છે. બીજી ટોળીવાળાઓ કે જેઓ ખાલેકને જોએ છે, પણ ખલકને જોતા નથી. એ મરતબાવાળાઓ પોતાની જીંદગીને નીસ્તી ઇયાને ન હોય એવી સમજનારા છે. તે મરતબાને "સમરૂદ" અથવા "ગેદૅવંદ" (ઇયાને કારણથી કારણ રચનારને પીછાણવું) કહે છે. ત્રીજી ટોળી યઝદાનને જોનારી મોહટા મરતબા વાળો છે, કે જે ટોળીના લોકો પેદા થએલાંઓને પેદા કરનારમાં અને પેદા કરનાર ઇયાને ખાલેકને ખલક એટલે પેદાં થએલાંઓની અંદર જુએ છે. એ મરતબાવાળાઓને એકપણું ઘણાપણાનો અને ઘણાપણું એકત્વનો દેખાવ દેવાથી અટકાવ કરતા નથી (ઇયાને દેખાવ દીએ છે.) એ મરતબાને "સમરૂદે સમરૂદ" તથા "ગેદૅવંદે ગેદૅવંદ" કહે છે.

---

* જુવો ઝુરે જરથોશ્તના રેસાલાનો ફકરો ૧ લો તથા તેની શરેહ.

(ખુલાસોઃ—જાણવું કે સુફીઓનાં એતેકાદ મુજબ ખોદાઈ પીછાણુતમાં મનુષ્યના મરતબા ત્રણ રીતના છે, જ્યાને માણસો ખોદાઈ પીછાણત ત્રણ ભાગે કરે છે. તેમાંની એક ટોળી કે જેઓ ખાલેકને ખીલકતની અંદર-ઢાંકીને ખોદાને જોતા નથી, અને તે સાહેબને મખલુક ઇયાને પેદા થએલા-ઓથી વેગળો ગણેછે. એ મરતબો ખોદાને પીછાણવાનો સૌથી હલકો મરતબો છે. એ મરતબાને ઇરાણી પવિત્ર લોકો ઇયાને "સુફી"ઓ કદીમ ફારસી ભાષામાં "ફરજંદશાએ" અને "નસીબશાર" તથા આરબીમાં "ફર્ક" કહેછે. એ મરતબાવાળી ટોળીને આરબીમાં "ઓલફેએલ" કહેછે. બીજી ટોળીના લોકો સઘળી પેદાયશની અંદર માત્ર ખાલેકનાં ખાલેસ ગોહરનેજ જોયછે. અને દુનિયાની કંઈબી પેદાયશો જોતા નથી. એ ખોદાને પીછાણવાનો મધ્યમ મરતબો છે, કે જે મરતબો ઇરાણી હેરબુદો "સમરૂદ" અને "ગેરદવંદ" તથા આરબો "જમઅ" કહેછે. એ મરતબાવાળી ટોળીને "ઓલએઇન" કહેછે. ત્રીજી ટોળીવાળાઓ કે જેઓ પુરતી રીતે ખોદાઈ હાલત પીછાણનારા છે, તેઓ મજકુર બેઉ મરતબાપર ધ્યાન આપીને ખાલેકને ખલકમાં અને ખીલકતને ખાલેકમાં જુએછે. અને એકના દેખાવની ગુવાહીથી બીજાને છુપાવતા નથી. બલકે એકપણાની અસ્તિને એક રીતથી ખોદા અને એક રીતે પેદા થએલી ચીજો સમજે છે. એ ટોળીને ઘણાપણું એકપણાને જોવાથી, તેમજ એકત્વ ઘણાપણાને જોવાથી અટકાવતી નથી. એ ખોદાઇ પીછાણતનો સૌથી મહોટો મરતબો છે. કે જેને ઇરાનીઓ "સમરૂદે સમરૂદ" અને ગેર્દવંદે ગેર્દવંદ," તથા આરબો "જમઉલ જમઅ" કહેછે અને એ મરતબો ધરાવનારા સાહેબોને "ઓલએઇન વલઅકલ" કહેછે.*)

૨૦. ઓ "જમશીદ" તું ખોદાને બંદામાં અને બંદાને ખોદામાં જુએછે.

૨૧. એકત્વ ઘણાપણાને તેમજ ઘણાપણું એક્કાઇને તાહરીપર અટકાવતી નથી.

૨૨. તું આદમીઓને કેહ કે, "તમો આ જાહેર આંખથી ખોદાને

* એ બીના જુવો દસાતીરની ફરહંગ તથા અંજુમન આરાએ હુશંગ નામની લોગતે ફારસે કદીમની ફરહંગમાં "સમરૂદ"ના શબ્દનાં અર્થ. તથા એને લગતો ખુલાસો જુવો શારેસ્તાને ચાર ચમનના ઝેકરે હુકમાં.

જોવાના નથી, માટે બીજી આંખ (બુધ્ધિ અથવા નુરી શકિત) માગો." [કે જે દીલની આંખ છે.]

૨૩. જે કોઇનો ખોદા હોય, તે તેહને કેમ નહી જોય ?

૨૪. જે કોઇ એમ કહે કે ખોદા દેખાતો નથી, તો તે શખસ માયથી જનમ પામેલો આંધળો છે.

૨૫. જનમ આંધલો તેજ શખસ છે, કે જે આટલો બધો જાહેર દેખૈતો ખોદાને જોઇ શકે નહીં.

૨૬. તેઓની આંખમાં ફુલું છે, કે તેઓ તેને જોતા નથી.

૨૭. જે મીસાલે એક મીંડાંથી એક કુંડાળાનો કાપ સરૂ થઇ પાછો તે મીંડાપર આવે તેમ એક પવિત્ર શખસ ખોદાને પહોંચે છે.

(ખુલાસોઃ—જેમ એક દરયાના પાણીની વરાળ ઊંચી હધમાં જઇ વાદળા બંધાઈ જમીનપર વરસાદ વરસે છે, અને તે વરસાદના પાણી જમીનમાં પચી અંતે પાછુ દરયામાં જઈ એકઠું થાય છે. તેમ આત્મા પણ જે ઝરાના મૂળમાંથી વેગળું થાય છે. તે યઝદાનના સ્વયમ પ્રકાશના ઝરામાં પાછો મળી જાય છે. પણ તે આત્મા અગરજો દુનિયાઈ હવસોના ભેળાણમાં ભેળવાયો નહી હોય તો જલદીથી દાખલ થઇ શકે છે, અને અગરજો ગુનાહઓના બાન્ડમાં ફસી પડયો હોય તો જુગના જુગ જુદાઇમાં અટવાયા કરે છે. જુવો મેહઆબાદના નામાની વરશીમ ૪ થીના ફકરા ત્રીજાનો ખુલાસો.)

૨૮. અને તું (જમશીદ) તે મીસાલે પહોંચ્યો છે.

૨૯. તેમજ જેહને તું ચાહે છે. તેને તે હધમાં પહોંચાડે છે.

૩૦. ખોદાની તરફ પહોંચવાના રસ્તા પેદા થએલાંઓના નીશાસા કરતાં વધારે છે.

૩૧. જે કોઇ કે પોતાને નહીં પીછાણે, તે ખોદાને કયાં પીછાણે ?

૩૨. પોતાના મુળ તત્વને જોવું તેજ ખોદાને જોવું છે.

૩૩. માણસો પોતાની બુધ્ધિ મુજબ સમજી શકે છે. અને તું પોતાની દાનાઇ પ્રમાણે કહે છે. (તે તેઓ સમજી શકતા નથી.) માટે તું તેહનાઓને તેઓની બુધ્ધિ પ્રમાણે કહે, કે જેથી તેઓ સમજી શકે.

૩૪. યઝદાન અતીશય જાહેરપણાને લીધે છુપો છે.

૩૫. દુનિયા તે માણસ અને માણસ તે દુનિયા છે.

શરેહઃ—મહોટી દુનિયાને એક બુઝોર્ગ મરદ ગણ્યો છે. અને માણસને એક નાહની દુનિયા કહે છે. કારણ કે મનુષ્ય તેનો ઈયાને દુનિયાનો એક નમુનો છે. અને જે કંઈ મહોટી દુનિયામાં છે તે સર્વના નમુના મનુષ્યમાં છે, અને દાનાઓએ તે બેઉને સરખાં ગણવાને માટે નામો આપેલાં છે. જેમ કે, શરીર-તે આસમાન, શરીરના સાત અવયવ (માથું, છાતી, પેટ, બે હાથ અને બે પગ)-તે સાત ગ્રહ, બાર રસતા-તે બાર રાશી, ચાર મિજાણ (લોહી, પીત્ત, બળખો અને સોદા-મતિ ભ્રમ)-તે ચાર અનાસર, એજ પ્રમાણે બાકીનું હુનરમંદોએ ગણેલું છે. અને હમોએ (સાસાને પંજુમે) એ ગ્નાનમાં "દોગીતી" નામની નામીચી કીતાબ બનાવેલી છે, કે જે ભારે દાનાઈના શબ્દોથી ભરેલી છે. તે કીતાબ "ફરાઝીન પાયે ઍરદ" અને નામવર પેગમ્બર જમશીદનું નામું કે જે એકત્વના શબ્દોનું છે, કે તેને નામીચા પરેહજગારો શિવાય બીજા કોઈ સમજી શકતા નથી, તેપરથી રચીછે. અને વળી હમોએ એ સરસ ગ્નાન (ઈયાને ખોદાઈ ગ્નાન) બાબે એક મહોટું નામું "પરતવેસતાન" નામે રચેલું છે. અને તે નામાંને અક્કલી દાખલાઓ તથા દસાતીર અને જંદ અવસ્તાના કરદાઓથી સીંગારેલું છે, કે જે વાંચ્યાથી આત્મા ખુશી થાય તે બુઝોર્ગ ખોદાના ભેદની બાબતમાં છે.

વરશીમ ૪ થી.

(જમશીદની પેગમ્બરીનો અંત અને મનુષ્યો બુરા કર્તુકના થવા બાબે.)

હુનેર સરજનાર યઝદાનના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. હાલે માણસો બુરા કર્તુકના થઇને ફાડી ખાનારા જાનવરોની ખસલત પકડી.

૨. તેઓએ તાહરી કદર પીછાણી નહી.

૩. તાહરા શબ્દોનો અર્થ નથી સમજતા, અને વળી તુંને ઠપકો દીએ છે.

૪. અને જે ભલાઇઓ કે તુંએ તેઓને માટે માગી હતી, તે તેહનાઓ ભુલી ગયા.

૫. હાલે હું તુંને તેઓમાંથી વેગળો કરૂંછું, અને તેહનાઓને "દેહઆકે તાઝી" ઇયાને આરબી "જોહાક"ના હાથમાં રેહવું ઘટતુંછે,

૬. હું તુંને પોતાની નજદીક બોલાઊછું, કે જેથી તું હમેશા માહરી સાથે રહે.

શરેહ:—દેહાક, તાજે સીઆમકની ઓલાદનો એક મરદ હતો. તેણે યઝદાન તથા ઘણાએક તારાઓની બંદગી કરવાને લીધે ઓદાએ તેની મુરાદે પહોંચાડયો અને તે પાદશાહ નીરદોષ જાનવરોને દુઃખ દેનાર થયો. તેની ભુંડાઈઓ મધ્યની ભારે ભુંડાઈ એ છે કે, તેણે પોતાના બાપ તથા "જમશીદ" અને "આતખીન" (તે "ફરેદુન"ના બાપ) ને મારી નાખ્યા, અને જ્યારે તે બુરા કર્તુકનો થયો, ત્યારે યઝદાને તેને બેઆબરૂ કરી દોજખમાં મોકલાવ્યો.

૭. તુંને માહરેથી દુર રેહવું સારૂં નથી.

૮. હું તાહરી વાટ જોઊછું કે, માહરી પાસે ક્યારે આવે.

૯. તાહરૂં બોલવું લોકોએ સાભલ્યું નહીં તેથી તેના બદલામાં તેઓ ભારે ધાંકષ્ટ ભોગવશે. અને તે પછે હું "ફ્રેદુન"ને પેગમ્બરીને માટે મોકલાવીશ.

૧૦. કે જેથી તે તાહરો ધર્મ તાજો કરે.

અશો પેગમ્બર "ફરેદુન" નું નામું.

વરશીમ ૧ લી.

(અશો "ફરેદુન"*ની પેગમ્બરી.)

૧. હમો યઝદાનપાસે બુરી ખસલત કે—જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી, અને ઇજા પહોંચાડનારી છે. તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇઝદ કે જે બક્ષનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે તેના નામથી.

૩. મદદગાર યઝદાનના નામથી સરૂ કરૂં છું કે:—

૪. ઓ "આતબીન"ના છોકરા "ફરેદુન"!. માણસો તથા ગરીબ પશુઓપર મેં હાલે દયા કરી તેઓનો ગુનાહ માફ કીધો, અને તુંને પેગમ્બરી આપી, કારણ કે તું માહરો દોસ્ત છે. દુનિયાને તાહરે તાબે કીધી.

૫. બુઝોર્ગ આબાદના ધર્મને તું તાજો કર.

૬. જે નૈરંગો કે આજ સુધી કોઇએ જાણી નથી, તે મેં તુંને શિખવી.

૭. બુધ તારાની સ્તુતી કર, કે તે તાહરી બુધ્ધિનો મદદગાર થાએ.

૮. હાલે તેહની સ્તુતી કરવાનું નામું તાહરે વાસ્તે મોકલ્યું.

વરશીમ ૨ જી.

(ફરેદુને બજાવેલી તીર ઈયાને બુધ તારાની સ્તુતી.)

મદદગાર યઝદાનના નામથી સરૂ કરૂંછું કે:—

---

* રાષીમંડળની અકલનું નામછે. ઈયાને ભારે હબદબામાં ફરનાર. એ સાહેબની તપજપની બીનાં જુવો શારેસતાને ચાર ચમનને પાને ૮૩ મે.

૧. તુંને પવિત્રાઇ અને સાબાસી ઘટે છે. તાહરીપર ખોદાની આફરીન હોજો.

૨. ઓ ભારે મોહટા ઘણો-દાનાવ.

૩. ઓ નામીચા મુરબ્બી તીર આકાશનો તારો.

૪. બુધ્ધિવાળો, દરેક કામ પાર પાડનાર, નેક દાનાવ, મેળવનારો અને સચ્ચાઇવાળો.

૫. આકાશોની ખબર મેળવનારો.

૬. સ્થીતી તથા મથક ધરાવનારાઓની બાબતથી વાકેફગાર.

૭. દુનિયાઓની હાલતથી માહીતગાર.

૮. અચરતીઓનો ધણી.

૯. ભેદો અને અચરતીઓના મળતીઓ.

૧૦. ઘણીજ સાઊચેતીથી કરવાના ભારે કામોની બુધ્ધિનો રખેવાલ.

૧૧. ઇયાદીનો ભોમયો.

૧૨. બુઝોર્ગ તારાઓને તેઓની ખસલત મુજબ મદત કરનારો.

૧૩. દરેક ચીજની મુળ મતલબ, બુધ્ધિ, અને અગમચેતીને વરસાવનારો.

૧૪. પોતાને પેદા કરનારનો તાબેદાર.

૧૫. પોતાના આકાશની ગિરદેશમાં તુને વીખરાવાનું, આકાર પકડવાનું, આકાર તજવાનું તથા આડે માર્ગે જવાનું નથી.

૧૬. તું તાહરા પાક માશુકના પ્યારમાં છે.

૧૭. તુંને પેદા કરનાર, રોશન કરનાર અને ભેદ જણાવનાર ઊંચો છે.

૧૮. તે તાહરીપર હમેશાં નુર વરસાવે છે અને તુને પ્રેરવે છે.

૧૯. બીજા આકાશમાં તુને જગ્યા આપી.

૨૦. ઓ (મુશકેલીને) આસાન કરનાર ભોમીયા.

૨૧, ૨૨. હું તાહરેથી ચાહુછું, કે તું તાહરા મુરબ્બી, મદદગાર અને ચાહનાર કે જે એક નુર છે, તેનાથી તથા આબાદ અકલો કે જેઓ નીચલા ચાર અનાસરોથી બુલંદ નુરો છે. તેઓથી તું માંગે.

૨૩, ૨૪. કે જેથી તેનાઓ પોતાના મુરબ્બી, સર થવાની

જગ્યા તથા અકલો કરતા વધુ વખણાયલી અકકલ (બંહમન અમશાસપંદ) પાસેથી પેલી અકકલી દુનિઆ કે જેની સ્થીતી બદલાતી નથી તેને લાએકની માગણી માંગે.

૨૫. કે જેથી તે, (બમન અમશાસપંદ,) સર્વેને પેદાનો કરનાર, સઘળાં પેદા થએલાંઓની હયાતી તથા મૂળ તત્વને મજબુતાઇ આપનાર, અને દરેક બનાવોનો બનાવનાર કે જે દુનિયાના સર્વ લોકોએ બંદગી કરવાને લાયક (ખોદા) છે. તેની પાસેથી માંગે.

૨૬. કે તે (સાહેબ) માહરા રવાનને રોશન કરે, તથા પોતાની નજદીકનાઓમાંનો એક ઠેરવે.

૨૭. માહરીસાથે વાત કરે, તથા બેઊ દુનિયાની બુરાઇઓ માહરેથી દુર કરે.

૨૮. નુરી ટોળાઓને પુતેમંદી આપે તથા તેઓને અને હમોને પનોતા અને પવિત્ર કરે. હમેશ સુધી એમ હોજો.

વરશીમ ૩ જી.

(અશો "જમશીદ"ને બુરૂ બોલનારાઓને અટકાવવા બાબે
તથા "મીનોચેહર"ની પેગમ્બરીની અગમચેતી.)

મદદગાર યઝદાનના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. ઓ "પુરેદુન"!, પેગમ્બરો હરગેજ ગુમરાહ ઇયાને અધર્મી થાએ નહી.

૨. તેઓનું બોલવું અને કરવું યઝદાનના હુકમ પ્રમાણે છે.

૩. (માટે) જે કોઇ "જમશીદ"ને બુરૂં બોલે તેને તું જાણીતો કર.

૪. કે જમશીદ માહરી સાથે બેશનારો છે.

શરેહઃ—જણાવે છે કે બુરા માણસોની એક ટોળી કે જેઓ શેહનશાહ પેગમ્બર "જમશીદ"ને બુરૂં બોલેછે. તેઓને તું ખબર આપ કે, તે બુઝોર્ગ પેગમ્બર જે હાલે માહરી મીજલસનો મળતીઓ છે, અને શરીર તથા શરીરી ઇન્દ્રિઓથી વેગળો છે. તેને બુરૂં બોલ નહીં. અને અગરજો કોઈ શખ્સ એ વાત નહીં માને તો તું તેહને ચેતવણી આપ, કે પેગમ્બરો કદીબી ગુમ-

શાહ ઈયાને અધર્મી થતા નથી. કારણ કે જેઓને ખોદા અખત્યાર કરેછે. તેઓ બુરા તરીકાપર ચાલતા નથી. એમ લખ્યું છે કે માહરો "જમશીદ" સર્વ માણસોમાંથી જુદો પડયા પછે કેટલીએક મુદત વીત્યાબાદ "ઝોહાક" ને હાથે શરીરનો જામા તજ્યો. (ઈયાને મારયો ગયો.) પછે ઝોહાકે પોતાના તાબેદારોને કહ્યું કે, તેઓ "જમશીદ"નું બુરૂં બોલે, તથા બુરા કામો અને બુરા સખુનોનું તોહમત તેનીપર મુકે. તે અધર્મી લોકોએ તે મુજબ કીધું. તેથી યઝદાન ફરમાવે છે કે, તેહવું બુરૂં બોલવાથી દુર રહો. અને પોતાના ચમકાટ મેળવેલા "ફરેદુન"ને ફરમાવે છે કે, આદમીઓને તેહવું બોલવાથી અટકાવે. અને વળી દબદબા ભરેલા શેહનશાહ "ફરેદુન"ને (નીચે મુજબ) અગમચેતી બક્ષેછે.

૫. હાલે તાહરા છોકરાઓ મગરૂબ થાશે અને અંતે તેહનો બદલો પામશે.

૬. જે ચીજ તેઓ ચાહશે, તે તેઓને મળશે નહીં અને હું જલદીથી મનુચેહરને આપીશ.

શરેહ:—પેગમ્બર (ફરેદુન) ને આગાહી બક્ષેછે કે, હાલે તાહરા છોકરાઓ "તુર" અને "સલમ" નાફરમાની કરશે, અને તેઓ તેનો ઘટતો બદલો મેળવશે અને ઈરાણ દેશ ચાહશે, પણ તેઓ કદી પોતાની મુરાદે પુગશે નહીં. તે દેશ હું "મનુચેર"ને આપીશ.

૭. તાહરા પછે "મનુચેહર" પેગમ્બર થાશે.

૮. તું વડા પેગમ્બરો મધ્યનો એક છે. માહરા છુપા ભેદોથી તુંને જાણીતો કીધો અને તાહરી ઓલાદને દુનિયાની સરદારી આપી.

૯. તુંને આખી જહાનનો પેગમ્બર અને પાદશાહ ઠેરવ્યો.

૧૦. તાહરા ફરજંદો તથા તાહરી ઓલાદનાઓને પાદશાહી તથા મોહટાઇએ પહોંચાડયા.

શરેહ:—ઈયાને જમાનાના શેહનશાહ તથા પેગમ્બર "ફરેદુને" દુનિયાના ત્રણ ભાગ કરીને પોતાના ત્રણ છોકરાઓને તે ભાગોપરની પાદશાહી આપી કે તેઓના ખાનદાનમાં (ત્યાં લાંબી મુદત સુધી) પાદશાહી ચાલુ રહી.

અશો "મનુચેહર" નું નામું.

વરશીમ ૧ લી.

(અશો "મનુચેહર"ની પેગમ્બરી.)

૧. હમો યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી અસલત કે–જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી અને ઇજા પહોંચાડનારી છે. તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇઝદ કે, જે બક્ષનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે, તેના નામથી.

૩. એકકા યઝદાનના નામથી સરૂ કરૂં છું કેઃ—

૪. ઓ "એરચ"ના છોકરા "મનુચેર"! મેં તુંને "સલમ" અને "તુર" ઊપર ફતેમંદી આપી. હાલે તુંને પેગમ્બર અને પાદશાહ ઠેરવ્યો. ચંદ્રની (નીચે મુજબ) સ્તુતી કર.

વરશીમ ૨ જી.

(અશો મનુચેહરે બજાવેલી માહ ઈઝદ ઈયાને ચંદ્રની સ્તુતી.)

એકકા યઝદાનના નામથી સરૂ કરૂં છું કેઃ—

૧. તુંને સાબાસા છે, અને તાહરીપર ખોદાની આફરીન હોજો.

૨. ઓ ઘણા બુઝોર્ગ, મોબેદ, નેકદાનાવ તથા આકાશનો નેક ચંદ્રમા.

૩. જે કોઇ કે હમોને નુરથી ભલી દુવા દેનાર છે તે તું છે.*

૪. સૂર્યનો વજીર તથા ખલીફો, અને રંગોનો બક્ષનાર.

---

* અગરજો એના ફારસી ફકરાનો અર્થ બોલેબોલ કરીએ તો આ મુજબ થાયછે. કે "જે કોઇ કે ભલી દુવા દીએ છે હમારી વચમાં નુર સાથે."

૫. આકાશનો સવાર. ઊંચેના બુઝોર્ગોના ભારે દોસ્ત.

૬. જલદી હુકમપર ચાલનારા આસમાનોની કુંચી.

૭. પાણીના અનાસરનો રખેવાળ.

૮. તરીએ હયાને ભીનાશવાળી ચીજોનો સાહેબ, તથા આકાર પકડનાર અને તજનારાઓની તરફનો.

૯. પોતાને પેદા કરનારનો તાબેદાર.

૧૦. પોતાના આસમાનના ઘેરાવામાં ફરનારો, કે જે વીખરાવાથી તથા ધોકો મેળવવાથી વેગળો છે. હયાને મેળવતો નથી.

૧૧. તું તાહરી માશુક અકકલના પ્યારમાં છે.

૧૨. તુંને પેદા કરનાર તથા રોશન કરનાર મહોટો છે.

૧૩. તે તાહરી ઊપર નુરનો વરસાવનાર તથા હમેશગીની રીતી (અથવા ગતી) પહોંચાડનાર છે.

૧૪. તુંને પેહેલા આકાશમાં નચીંતાઇ આપી.

શરેહઃ—એને પેહલું આકાશ કેહવાની તથા અનાસરી આકાશ ગણવાની મતલબ એ છે કે, મેહરબાની કરીને નીચલી દુનિયાના બંદાઓને શિખવવા ચાહે છે. તેથી આ નિચલી પૃથ્વી તરફથી ગણે છે.

૧૫. ઓ સેહલાઇ પકડનાર હું તાહરેથી ભલાઇ ચાહુંછું.

૧૬, ૧૭. કે તું પોતાના મુરબ્બી અને પેદા કરનાર કે, જે એક અકકલ તથા તુંને મદદ કરનાર છે, તેનાથી તથા સઘળી શકિતવાન અકકલો કે, જે પ્રાવતા અને સ્વચ્છ (સ્વતંત્ર) નુર છે તેઓની પાસેથી માંગે.

૧૮, ૧૯. કે તેનાઓ પોતાને સરૂ કરનાર કે જે પ્રથમ પેદા થએલી અસ્તિ તથા ઘણી નજદીનું નુર "અકલે અવલ" હયાને બહમન અમશાસપંદ પાસેથી તે સ્વચ્છ દુનિઆ કે જે નવી પેદાયશ અને સ્થીતીમાં બદલાવાથી વેગળી છે, તેને લાયક માંગણી માગે.

૨૦, ૨૧. કે તે (બહમન અમશાસપંદ)—પોતે, પરસ્તેશને લાએકનાઓએ અને દુનિયાના લોકોએ પરસ્તેશ કરવાને લાયકના (ખોદા) કે, જે અસ્તિના મથકોને સીંગારનાર તથા તેઓના મૂળને

---

* જુવો મેહઆબાદના નામાની વરશીમ ૫ મીની સરૂઆતથી.

ઊત્પન્ન કરનાર, તથા બક્ષેશ અને રોશનીના ધણી (ખોદા) પાસેથી માંગે.

૨૨. કે તે સાહેબ પોતાના પવિત્ર નુરના અરાથી મહને મદદ કરે.

૨૩. તથા મહને પવિત્રાઇ આપી પોતાની તરફ નજદીક કરે.

૨૪. તથા મહને ફતેહમંદી આપી માહરા તન અને રવાનને ઇજાઓથી દુર કરે.

૨૫. રોશની અને ચમકાટના ટોળાને ફતેહમંદી બક્ષે.

૨૬. તેઓને તથા હમોને પાક અને પનોતા કરે.

૨૭. હમેશા સુધી એજ રીતે થાજો.

વરશીમ ૩ જી.

(શેહનશાહ "કેખસરૂ"ની પેગમ્બરીની અગમચેતી.)

એકકા યઝદાનના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. તાહરા પછે "કેખસરૂ" નામનો શખસ પેગમ્બરીમાં આવશે, કે જેના દુનિયાપર પ્યાર નહીં ધરાવાથી, પરેહજગારીથી અને અલોભથી સર્વ લોકો અચરત થશે. અને તે ખોદાની સાથે બેસનાર એક મીજલસનો થશે.

અશો પેગમ્બર "કેખસરૂ" નું નામું.

વરશીમ ૧ લી.

(અશો "કેખસરૂ"*ની માન પામેલી પેગમ્બરી અને તે સાહેબની અશોઈ.)

૧. હમો યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી અસલત કે–જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી, અને ઇજા પહોંચાડનારીછે, તેનાથી પનાહ માંગીએ છઇએ

૨. ઇજદ કે–જે બક્ષનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે, તેના નામથી.

૩ આઆદોને† પેદા કરનાર યઝદાનનાં નામથી સરૂ કરૂંછું કેઃ–

૪. એ માહરા પેગમ્બર સીઆવક્ષના બેટા "કેખસર" તું માહરી નજદીક બુઝોર્ગ છે.

૫. તાહરૂં દીલ માહરેથી એક પળબી જુદું નથી.

૬. તાહરૂં રવાન ફરેશતો છે, તથા ફરેશતાનું ફરજંદ છે. તથા મેં એહવોજ એક અકકલ નામનો નામીચો તથા બુઝોર્ગ ફરેશતો આપ્યો છે.

શરેહઃ—જે ફરમાવે છે કે "તું એક ફરેશતો તથા ફરેશતાનું ફરજંદ છે." એપરથી બે અર્થ ઊપજે છે. એક તો એ કે સ્વચ્છ અક્કલોનો બાપ પેહલી અકલ (બહમન અમશાસપંદ) છે. તેથી "કેખ્ખસરૂ"ને જણાવે છે કે, તું તે બુઝોર્ગ ફરેશતાનું ફરજંદ છે. બીજું એ કે શિઆવક્ષને તેની ભલાઈથી ફરેશતો ગણીને ફરમાવે છે કે, તું તે ફરેશતાનું ફરજંદ છે. કારણ કે જ્યારે

* કેખસરૂનો અર્થ વડો પાદશાહ થાય છે. એ સાહેબની તપ જપની બીના જુવો શારેસતાને ચાર ચમનને પાને ૧૨૬ મે. એ સાહેબે ફરમાવેલી શિખામણો હકીમ જામાસ્પે પોતાની "આઈને આઈને" નામની ચોપડીમાં લખી હતી.

† જુવો અશો "જીઅફરામ"ના નામાની વરશીમ ૫ મીના ૮ મા ફકરાનો ખુલાસો.

એક (પવિત્ર) રવાન આ નીચલી દુનિઆના અનાસરી શરીરમાંથી છુટેછે અને પોતાના જનમની જગ્યાએ પાછો જાયછે, ત્યારે ફરેશતા જેવો થાયછે, અને પછે ફરેશતાનો દરજો મેળવે છે.

૭. હું તુંને અંતે બહમન (અમશાસપંદ)ની સાથે પોતાની પાસે રાખીશ.

૮. જેથી એક આંખના પલકારા જેટલો વખતબી માહરેથી વેગળો નહીં રહે.

૯. હું તાહરા દીલથી બાહાર નથી.

૧૦. હું બીજી કસી ચીજમાં સમાતો નથી. પણ તાહરા દીલ અને તાહરા દીલ જેહવાં બીજા પવિત્ર દીલોમાં. [કારણ કે જે દીલ તાહરા દીલ જેહવું પવિત્ર થાય તેની અંદર હું સમાઊછું.]

૧૧. અને હું તાહરી આગળ તાહરા કરતાં વધારે નજદીક છેઊં.

૧૨. એ માહરા દોસ્ત! બુઝોર્ગ "આબાદ" કે, જે સઊથી વડો પેગમ્બર હતો, અને તેનો ધર્મ તે માહરો ધર્મ છે. માટે તું તે ધર્મ મજબુત કર.

૧૩. એ ધર્મપર ચાલયા શિવાય કોઇબી માહરી તરફનો રસ્તો મેળવનાર નથી.

૧૪. નીચલી દુનિયામાં તુને એટલી બધી મદદ કીધી છે, કે જેથી કંઇબી રીતે તુંએ શુકર ગુજાર થવું જોઇએ.

૧૫. કારણ કે મેં તુંને ઊપલી દુનિયાના હુજરો બક્ષયા. "દસ્તાન" (ઝાલ) જેહવો વજીર તુંને આપ્યો, અને "રૂશતમ" જેહવો પહેલવાન મેં તુંને સોંપ્યો.

૧૬. મેં તુંને એહવી મહોટાઇ આપી કે, તું સર્વ શકિત ધરાવવા છતાં ઓરતની નજદીક થવાથી તું વેગળો રહ્યો, અને તેહવો સાથે ભેળવાયો નહીં. અને રાત, દહાડો તુંએ પોતાનું દીલ માહરીપર લગાડયું.

શરેહઃ—એપરથી એવું નહીં સમજવું કે તે સાહેબ ઓરતો સાથે વાત કરતો હતો નહી. પણ સમજવું કે જેમ બીજા મરદો ઓરતો સાથે ભેળાણ ધરાવે છે તેમ સંગત ધરાવતોતો નહી. કેખ્ખસરના બપકાહાર

મેહેલમાં ચાર બારે ખુબસુરત ઓરતો હતી. તેઓએ પણ કુમારી હાલતમાં જીંદગી ગુજારી. એ નામવર કેખસરૂ આ દુનિયામાંથી પેલી દુનિયામાં "હીરસા" (કુમારો) ગયો. "હીરસા" તેને કહેછે કે જે શખ્સે ઓરત સાથે કશુ સંગત કીધી ન હોય. એ શેહનશાહ "કેખસરૂ"ની પરહેજગારી પ્રખ્યાત છે.

વરશીમ ૨ જી.

(નીચલી દુનિયાના ફરેશતાઓ બાબે.)

આઆદોને પેદા કરનાર યઝદાનના નામથી સરૂ કરૂંછું કે:—

૧. (ઓ "કેખસરૂ!") તુંએ પુછયું કે "નીચેના ફરેશતાઓ કીઆ છે, તે તું મહને કહે."

૨. (જાણવું કે,) નેક કામ કરનારાઓના શરીરમાં જે (નેક) શક્તિઓ છે. તે સર્વ નીચેના ફરેશતાઓ છે.

શરેહ:—જેમકે સાંભળવાની, જોવાની, સુંઘવાની, ચાખવાની અને અડકવાની શક્તિ; તથા એના જેહવી બીજી શકિતઓ જે છે, તે સર્વ નીચેના ફરેશતાઓ છે. તેનાઓ યઝદાનના હુકમથી શરીરી મુલકમાં આત્મા જે પાદશાહ છે. તેની તાબેદારી કરેછે.*

૩. મેં તુંને સઘલી વિદ્યાઓ શિખવી. તાહરો ઇલમ તે માહરા ઇલમનો પડછાયો છે, અને તાહરૂં કામ તે માહરા કામનો નમુનો છે.

વરશીમ ૩ જી.

(અશો કેખસરૂની પાદશાહીનો અંત, અને લોહરાસ્પની પાદશાહી. તથા અશો "જરથોશ્ત" સાહેબની પેગમ્બરીની અગમચેતી.)

આઆદોને પેદા કરનાર યઝદાનનાં નામથી સરૂ કરૂંછું કે:—

---

* જુવો એને લગતો ખુલાસો શારેસ્તાને ચાર ચમનના ઝેકરે હોકમાં મધ્ય.

૧. મેં તુંને દુશમનોપર ફતેહમંદ કીધો, અને અંદરની તથા બાહારની ભલાઇઓ જેહવી ઘટતી હતી તેહવી તુંને બક્ષી.

૨. માહરીપાસે તું કોઇ કોઇ વેળા આવવાને માટે રાજી નહી થઇ હાલે હમેશાં માહરી નજદીક રેહવા ચાહે છે.

૩. હું પણ તાહરી જુદાઇને માટે ખુશ નથી.

૪. અગરજો હાલે તું માહરી સાથે છે, અને હું તાહરી સાથે છેઊ, તે ઊપરાંત વધારે માહરી નજદીક થવાને માટે જેમ તું ચાહે છે, તેમ હું પણ ચાહુંછું.

૫. નીચલી દુનિયા "લોહરાસ્પ"ને સોંપ, કારણ કે ખોદાઇ દબદબો તેની સાથે છે.

શરેહ:—જ્યારે અક્કલની શકિતથી ક્રોધ અને ઇચ્છા મધ્યમ રાખવામાં આવે અને કંઈબી વધઘટ કીધા વગર બરોબર ઈનસાફ કરવામાં આવે. તેહને "ફર્રે ઈઝદી" ઇયાને ખોદાઇ દબદબો કહે છે. અને તે ખોદાઈ દબદબા વગર કોઈબી માણસ પાદશાહીને લાયકનો થતો નથી.

૬. અને લોહરાસ્પથી એક ભલા નસીબનો બેટો થશે. કે જેહના વખતમાં બુઝોર્ગ પેગમ્બર (અશો) "જરથોશ્ત" આવશે.

૭. અને તેહનું નામું ભેદ ભરેલું*તથા વગર ભેદનું થશે.

---

* એપરથી એ સાહેબને ઈસલામી ફીલ સુફો "પેગમ્બરે રમઝગો" ઈયાને ભેદમાં બોલનાર પેગમ્બર નામ આપી ગયા છે.

અશો પેગમ્બર "ઝરતોશ્ત" સાહેબનું નામું.

વરશીમ ૧ લી.

(અશો "ઝરતોશ્ત*" સાહેબે ત્રણ રીતે ખોદાઈ ખબર મેળવ્યા બાબે, અને શેહનશાહ ગોશતાસ્પની પનોતી પાદશાહી.)

૧. હમે યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે, જે હમોને બુરા માર્ગપર લેઈ જનારી, દુઃખ દેનારી અને ઇજા પહોંચાડનારી છે, તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇઝદ કે જે બક્ષેશનો કરનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે. તેના નામથી.

૩. યઝદાનના નામથી સુરૂ કરૂંછું કેઃ—

૪. ઓ "સપૂંતમાન"ના બેટા "ઝરતોશ્ત!" મેં તુંને પેગમ્બર ઠેરવ્યો.

૫. અને મેં પોતાના ત્રણ રીતના સખુનો તુંને આપ્યા.

૬. પેહલા ખોઆબમાં, કે જે શબ્દોને "વખ્સનામું" ઇયાને પ્રથમ નામું કહે છે.

---

* એ અશો પેગમ્બર સાહેબનું નામ ફારસીમાં ઘણીએક રીતે લખાય છે. જેમકે—ઝરદેશ્ત, ઝરતેશ્ત, ઝરહેશ્ત, ઝારદોશ્ત, ઝારતોશ્ત, ઝારહોશ્ત, ઝરાદોશ્ત, ઝરાતોશ્ત અને ઝરાહોશ્ત ઈત્યાદી. જેઓનો અર્થ પ્રથમ પેદાયશ, વાચાવાલું આત્મા, સ્વચ્છ નુર, મનુષ્યને પાલણ કરનાર ફરેશતો, સાચો બોલનાર અને યઝદાનનું નુર થાય છે. એ સાહેબનો જનમ "શીઝ" નામના શેહરમાં થયો હતો, કે જે "મરાગે" અને "ઝંગાન" નામના શેહરોની વચમાં આવ્યું હતું ત્યાંથી એ સાહેબ "રેએ" શેહર કે જ્યાં હાલે તેહરાન શેહર છે ત્યાં ગયા, અને ત્યાંથી શેહનશાહ "ગોશ્તાસ્પ"નું પાય તખત "ઈરાણ શેહર" કે જેમાં "નશાબુર" અને "તારશીઝ" નામના બે મોહટા શેહરો તથા ૨૨૬ ગામડાંઓ સમાયલા હતા. ત્યાં જઈ શેહનશાહ ગોશતાસ્પની મદદથી પોતાનો ધરમ ફેલાવ્યો હતો. જુવો વધુ બીના "અંજુમન આરાએ હુશંગ" નામની ફારસી લોગતની કીતાબનાં "જરદોશ્ત" શબ્દનો અર્થ.

૭. બીજા ઊંઘ અને જાગરૂત પણાની વચમાં, કે જ સખુનોને "ફરહંકાખ" ઇયાને મધ્યમ સ્થીતીના*શબ્દો કહે છે.

૮. ત્રીજા જાગરૂતપણામાં કે જ્યારે તું પોતાના શરીરમાંથી વેગળો થઇ ફરેશતાની સાથે આકાશોથી ઊપર આવ્યો. (ત્યારે તુંને આપ્યાં અથવા સમજાવ્યાં.)

૯. તાહરૂં રવાન માહરી નજદીક પહોંચ્યું.

૧૦. સર્વ સખુનો જે મેં તુંને બક્ષયા. તે બે તરેહના છે.

૧૧. ભેદ ભરેલા અને ભેદ વગરના. તે ભેદ ભરેલા શબ્દોને વગર ભેદના શબ્દો સાથે સરખા કર.

૧૨. દસતીરના (ફરમાનો) શિવાય કંઇ કામ કરવા નહીં.

૧૩. અસ્તિનો સર્વ ભેદ મેં તુંને કહ્યો.

૧૪. જેથી હાલે તું વીતેલી, ચાલુ અને હવે પછે બનવાની બાબતોથી જાણીતો થયો છે.

૧૫. હું જે કોઇને જાગરૂતપણામાં પેગમ્બરી આપુછું, તેહને બુઝોર્ગ "આબાદ"નો ધર્મ સોપુંછું.

૧૬. એ માહરો પસંદ પડતો ધર્મ છે.

૧૭. જે શખસ તે ધર્મથી વેગળો હોય, તે માહરા ભેદુ (નહી સંભળાતા) શબ્દો* મેળવી શકતો નથી.

૧૮. માહરા સખુનોના રવાનો (નહીં સંભળાતા શબ્દો) જાગરૂતી વગર મેળવી શકાશે નહીં.

૧૯. તું "ગોશતાસ્પ"ને માહરી તરફથી કેહ કે, "ઓ શોહન-શાહ! મેં તુંને કેટલીએક ચીજો આપી કે, જેનાથી તું સર્વ મનૂષ્યોમા શ્રેષ્ઠ થયો."

૨૦. "પેહલો "અરતોશત" જેહવો તાહરો દોસ્ત કે જે માહરી મતલબથી જાણીતો પેગમ્બર છે."

૨૧. "બીજો "અસપંદયાર" જેહવો છોકરો કે, જે "દહમુબેદ" અને લશકરનો વડો સરદાર છે."

---

* એને ભેદ ભરેલા શબ્દો સમજવા નહીં. પણ નહીં સંભળાતા શબ્દો કે જેને શબ્દોના રવાન કહેછે. અને સંભળાતા શબ્દોને તેનુ કાલબુદ ગણેછે.

(ખુલાસો:—એ મજકુર ફકરામાં આવેલા "દહમુબેદ" નો અર્થ દસ મુબેદ જેટલી પદવી ધરાવનાર અથવા મુબેદના હાથ નીચેનો થાય છે. એ બીજો અર્થ ઘણો અનુસરતો જણાય છે, કારણ કે શ્રી ઈરાણમાં હાલે પણ કેટલાએક હેરબુદ, નાવર થયા વગરના બેહદીનો કે જેઓ મુબેદોના હાથ તલે કામ કરેછે. જેહવા કે મુબેદો આગળ ધુપદાનમાં આતશ સલગાવી આપે, જોઈતી ચીજો લાવી આપે ઈત્યાદી તેઓને "દહમુબેદ" કહેછે, જેમાંના એકુએ ઈરાણીઓ શ્રી મુંબઈમાં પણ છે, કે જેઓ એજ નામથી ઓલખાય છે. તો એપરથી એવું સાબેત થાય છે, કે તે સાહેબ અશો "ઝરતોશ્ત"ને હાથ તલે કામ કરનાર હોવાથી એ એલકાબ ઈયાને અટક આપી છે.)

૨૨. "ત્રીજો જામાસ્પ (હકીમ) જેહવો એક વજીર કે, જે આકાશોના સર્વે ભેદોથી જાણીતો છે."

૨૩. "અને વળી બેઠકને માટે ઇરાણ જેહવું દેશ."

૨૪. "અને એ તાહરી મોહટાઇઓને લીધે સર્વે પાદશાહઓ તાહરે તાબેદાર થયા."

વરશીમ ૨ જી.

(અશો "જરથોસ્તે" યઝદાન સાથે જગતની પેદાયશ બાબે કીધેલા સવાલ જવાબો.)

યઝદાનના નામથી સરૂ કરૂં છું કે:—

૧. હાલે ઓ માહરા દોસ્ત! તું માહરી આગળ આવ્યો અને મેં તુંને પોતાની નજદીક તેડયો, માટે જે કંઇ તું ચાહે તે પુછ. જેહનો હું તુંને ઊત્તર આપું.

૨. (ઓ અરતોશત!) તુંએ મહને પુછયું કે "ઓ બુઝોર્ગ ખોદા તુંએ જગતને શી રીતે પેદા કીધું?"

૩. ઓ માહરા દોસ્ત!. જાણ કે, પરવરદેગારની જાત એક અને ગુનોચરા વગરની છે. (ઇયાને તે ખાલેકની જાતી કેમ થઇ, કાંય થઇ એવું બોલવાની કોઇની તાકાત નથી.)

૪. (ખાલેકની) અસ્તિ-તે એક રોશની જેહવી છે. અને રોશની કંઇબી રીતે જાહેર થાય છે.

૫. તેને પોતાની બુઝોર્ગી, કુલીનપણું અને પૂર્ણતાપર નજર નાખી તેથી અકલ, રવાન અને તન* પૈદા થયું.

૬. જેમ કે, મેહઆબાદના નામામાં કહ્યું છે.†

૭. જ્યારે આકાશ, યઝદાનના નુરથી પૂરવા લાગ્યું ત્યારે (પૃથ્વીપર) ચાર માએ (અનાસર) અને ત્રણ છોકરા (પેદાયશ) ઇયાને અણીજ પદાર્થ, વનસ્પતી અને જીવજંતુઓ પેદા થયાં. ‡

૮. તે ત્રણ છોકરાઓ, (પેદાયશો) ચાર માય (અનાસર)ના ગરજવાલા છે. અને તે ચાર અનાસર–આસમાનોની, આસમાનો–રવાનોની, રવાનો–અકલની અને અકલ-યઝદાનની ગરજ ધરાવે છે.

૯. જે કંઇ જમીનપર છે, તે સર્વે આકાશી ચીજોનાં પડછાયા અને આકારો છે.

૧૦. જ્યાં સુધી કે તે (આકાશી) નુરવાળાઓની હાલત નેક છે, ત્યાં સુધી તે પડછાયા (દુનિયાઇ ચીજો) નેબી નેકી (ટકાઊ-પણું) હોય છે.

૧૧. જ્યારે તે નુરાનીવાળું આ પડછાયાથી દુર થાય છે, ત્યારે તે પડછાયા (ઇયાને દુનિયાઇ ચીજો) માંથી જીંદગી (અસ્તિપણું) દુર થાય છે.

૧૨. વળી તે નુર પોતાના કરતાં ભારી મોહટા નુરનો પડછાયો છે.

૧૩. તેજ પ્રમાણે માહરા સુધી કે જે હું "શેદાને શીદ" (નુરોનુ નુર=ખોદા) છેઊં.

૧૪. માટે તું યઝદાનને જો કે, જેણે સર્વ જગોએ પોતાનો છાયો પાથરયો છે.

વરશીમ ૩ જી.

(યુનાની "તુતીયાનુશ" ફીલસુફના દીલની મતલબ જે પેગમ્બરો તથા પાદશાહ સીકંદર બાબે હતી. તેનો અશો"ઝરથોશ્ત" સાહેબને મળેલા અગમચેતી.)

યઝદાનના નામથી સરૂ કરૂંછું કેઃ—

---

* અત્રે પદાર્થી શરીર નહીં પણ નુરા તત્વ શરીર સમજવું.

† જુવો મેહઆબાદના નામાની વરશીમ ૨ જી.

‡ જુવો મેહઆબાદના નામાની વરશીમ ૫ મી.

૧. (ઓ "અરથોશ્ત!") હાલે કેટલીએક બાબતોની બીના તુંને પુછવાને માટે યુનાનદેશથી એક "તુતીઆનુશ" નામનો દાનાવ આવશે.

૨. જે કાંઇ તે પુછવા ચાહે છે, તે હું તુંને કહુંછું. માટે તું તેને તેહના પુછવાની આગમજ જવાબ દેજે.

શરેહ:—એવું કેહવાય છે કે જ્યારે અશો જરથોસ્ત સાહેબની બુઝોર્ગીની ખબર દુનિયામાં દરેક જગ્યાએ પથરાઈ તથા અસપંદયાર દુનિયાની આજુ બાજુ ફરી વળી આતશ કદેહઓ બનાવ્યા, ત્યારે યુનાન દેશના દાનેશવરોએ એક "તુતીયાનુશ" નામનો ફીલસુફ કે, જે તે વેળા ત્યાના લોકોપર સરસાઇ ધરાવતો હતો તેને ઠેરવ્યો. કે તે ઈરાણમાં જઇ કેટલીએક બાબતોની મતલબ અશો "ઝરથોસ્ત"ને પુછે. અગરજો જવાબ દેવામાં (તે સાહેબ) આજેજ થાય તો, (તેઓ) સમજે કે પેગમ્બર નથી. અને જો જવાબ દીએ તો, એવું ધારે કે તે (સાહેબ) સાચો પેગમ્બર હોવો જોઇએ. જ્યારે તે યુનાની ફીલસુફ "બલખ" શહેરમાં પુગો ત્યારે ગોશતાસ્પે દેશેદેશના દાનાવોને એક ભલા દીવસે એકઠા કરી એક સોનેરી ખુરસી તે યુનાની દાનાવને માટે ગોઠવી. પછે યઝદાનનો ઠેરવેલો પેગમ્બર "ઝરતોશ્ત" તે મીજલસમાં આવ્યો. તે યુનાની ફીલસુફ તે સાહેબને જોઈ બોલ્યો કે, આવા આકારનો અને આવા ચેહરાનો માણસ જુઠુ બોલનાર હોય નહીં. પછે તે સાહેબને તેવણનો જનમ દીવસ પુછયો. તે તેવણે કહ્યો. તે સાંભળી યુનાની દાનાવ બોલ્યો કે, તે દીવસના નસીબ અને તારાની ગિરદેશથી જુઠું બોલનાર અવતરે નહીં. પછે તે સાહેબનું ખાવું અને જીંદગી ગુજારવાનું બયાન પુછયું. તેનાં સર્વ જવાબ યઝદાનના પેગમ્બરે આપ્યા. તે દાનાવ બોલ્યો કે એવી રીતની જીંદગી ગુજારવી જુઠાઓને અનુસરતી નથી, પણ સાચાઓને અનુસરતી છે. પછે યઝદાનનાં પેગમ્બરે (અશો ઝરતોશ્ત સાહેબે તેને) કહ્યું કે, આ સવાલો જે તુંએ પોતાની તરફથી કીધા તેના જવાબો મેં દીધા. હાલે જે કંઇ યુનાની નામીચા દાનાઓએ તુંને કહ્યું છે કે "તું ઝરથોશ્તથી પુછ જે" તે શબ્દો હાલે તું તાહરા દીલમાં યાદ કર, અને જુબાનપર લાવના. તેઓનો સવાલ માહરેથી સાંભળ કે તે બાબતથી દાનાવ યઝદાને મહને જાણીતો કીધો છે. તેના જવાબો જાહેર કરવા સારૂં તે સાહેબે પોતાના સખુનો માહરી તરફ મોકલાવ્યા છે. તે

યુનાની દાનાવે કહ્યું કે બોલો. પછે અશો પેગમ્બર "ઝરથોસ્તે" પોતાના શાગેરદને ફરમાવવે તે (શાગેરદ) આ વરશીમ વાંચવા લાગ્યો.

૩. ઓ દોસ્ત, તુંને તે હુશ્યાર માણસ પુછશે કે, "યુનાની દાનાવો કહે છે કે, આ દુનિયામાં ખોદાને પેગમ્બર શામાટે જોઇએ!"

૪. (જવાબ આપજે કે) પેગમ્બર એટલા માટે જોઇએ કે, માણસો પોતાની જીંદગી ગુજારવાને માટે એક બીજાના ગરજવંતા છે.

૫. તો તેઓને એવા કાયદા, ધારાઓની જરૂર છે કે, જેને સર્વ લોકો એક મતથી કબુલ કરે.

૬. જેથી તેઓનાં લેવડ, દેવડ અને ભાગ, લાગમાં જુલમ પહોંચે નહીં. અને દુનિઆના કામોની ગોઠવણી જાથુક રહે.

૭. અને તે ધારાઓ યઝદાનની તરફથી હોવા જોઇએ કે સર્વ લોકો તેહને કબુલ કરે.

૮. તો તે હુકમો (જાહેર કરવા) ને માટે પેગમ્બરને ઊભો કરવો જોઇએ.

૯. (બીજું) તુંને પુછશે કે, "પેગમ્બરને પોતાના કામમાં સાચું બોલનારો અને સાચા કામનો શો રીતથી પીછાણીએ?

૧૦. (જવાબ આપજે કે) એ પરથી પીછાણવો કે, જે ચીજ તે જાણે તે ચીજ બીજાઓ નહીં જાણે.

૧૧. અને તે તમારા દીલની (ઇયાને દીલના મતલબની) ખબર આપે.

૧૨. અને જે કંઇ તમો તેને પુછો તેનો જવાબ આપવાથી અટકે નહીં.

૧૩. અને જે (કામ) તે કરે, તે બીજો કોઇ કરી શકે નહી [જેમ કે-કોઈ તેનાથી કસો મોજેજો ચાહે તો દેખાડી શકે, જે મોજેજાનું કામ બીજાથી થઈ શકે નહીં.]

૧૪. તેનાઓ ઇયાને યુનાનના દાનાઓ જે છે તેઓને જાણીતું થયું છે કે, (હવે પછે તેઓમાં) ફીલસુફી સોધનાર એક બુઝોર્ગ પાદશાહ થશે, અને તેઓને ઘણા ચાહશે, તો તેઓ તુ ઝરથોશતને પુછાવશે કે, "તે (પાદશાહ) કોણ છે"?. [તેનું નામ અને નીશાન બતલાવ

કારણ કે, તે દાનાઓની ટોળીએ પોતાની અક્કલ, નેક કર્તુક અને રોશન દીલીથી જાણીતું કીધું છે.]

૧૫. (માટે જવાબ આપ જે કે.) તે પાદશાહ શેહનશાહ ગોશ્તાસ્પની ઓલાદમાંના એક પાદશાહનો છોકરો થશે.

૧૬. જ્યારે ઇરાનીઓ ભુંડા કામો કરશે અને પોતે પોતાના પાદશાહને મારી નાખશે ત્યારે યઝદાન તેહને રૂમ દેશમાં લેઇ જશે. કારણ કે તે પનોતો અને ઇરાણી પાદશાહ છે.

૧૭. તે પાદશાહ ઘણો નેકબખ્ત, હુનરમંદ અને દાનાવ થશે. તે અંતે પોતાનું નામું ઇરાનીઓને સોંપુશે.

૧૮. જેથી તે નામાને દસાતીરમાં મેળવે.

શરેહઃ—એપરથી શેહનશાહ સીકંદરની સઘલી ખબર આપી છે, કે તે બહમન જેહવી અક્કલના શેહનશાહ બહમનના છોકરા શેહનશાહ દારાબનો છોકરો હતો. જ્યારે ઈરાનીઓએ ના લાયક કામો કીધા જેમાંનું એક બુરૂ કામ એ છે કે, એ શખસે દારાબ પાદશાહને મારી નાખ્યો. તેટલા માટે સીકંદરે ઈરાણીઓને બદલો આપ્યો. અને અંતે પોતાનું નામું યઝદાનના હુકમથી અને મુબેદોની સલાહથી દસાતીરમાં ભેળવ્યું. તે નામુ એક "વરશીમ" ઇયાને કરદો છે. દાદારના પેગમ્બર "ઝરતોશ્તે" યઝદાનથી ચાહ્યું કે શિખામણના સખુનો મોકલે, કે જ્યારે સીકંદરનો જમાનો થાએ ત્યારે તે વખતના દસ્તુરો તેને તે નામું દેખાડે. અને તે તેથી ખુશી થઈ પોતાના વડવાઓના ધર્મને ભલી રીતે ચાહે. યઝદાને પોતાના પેગમ્બરની માંગણી કબુલ કરીને સીકંદરને માટે થોડાએક શિખામણથી ભેળવાયલા શબ્દો મોકલ્યા. અને તે શિખામણ નામાને પાદશાહઓએ દસ્તુરોની સીલ સાથે પોતાના ખજાનચીને સોપી સંભાળી રાખતા હતા. જ્યારે સીકંદર ઈરાનમાં સરસાઇ પામ્યો ત્યારે "પુયદહુત" (અથવા પરીદોખ્ત) રોશનક નામની છોકરીએ અને દસ્તુરોએ તે નામુ તેને આપ્યું. તે વંચાવી અર્થ સાંભળી "આબાદ" કે જેનીપર આફરીન હોજો, તેના ધર્મની વખાણ કીધી. તથા અશો ઝરતોસ્તની મોહટાઈ અને તેના ધર્મની રાસ્તીપર આફરીન કીધી. પછે ફરમાવ્યું કે મુબેદો તે નામાને દસાતીરમાં ભેળવે, અને તે કરદો સીકંદરને નામથી મશહુર થયો. કારણ કે તે તેની

થી આમણુને માટે છે, કે જે "ઝરતોશ્ત" પર ઊતરયું હતું. અને તેની સરૂઆતમાં "દાનાઈ આપનાર યઝદાનના નામથી" કરી લખ્યું છે.

૧૯. જ્યારે તે પાદશાહ ઈરાનમાં આવશે ત્યારે ઇરાનીઓનાં દફતરોને યુનાની ભાષામાં તરજુમો કરશે.

૨૦. અને તેપરથી યુનાનીઓમાં "ફરતુદી*" ધર્મરીતી બરતરફ થઇ "નૈરનુદી†" ધર્મ વધશે.

શરેહઃ—જાણવું કે ઇરાની અને યુનાનીઓના "ગોશસ્પીયાનો" નો તરીકો "ફરતુદ" અને "નૈરનુદ" ની વચમાંનો છે. જ્યારે "સીકંદર" ઇરાનમાં આવ્યો, ત્યારે ઇરાની ગોશસ્પીઓને વધારે સરસ અને દાનાવ જોયા. અને સમજ્યો કે એ ટોળીને એવી શક્તિ છે કે જ્યારે ચાહે છે ત્યારે પોતાના શરીરમાંથી જુદા થઇ શકે છે, તથા તનને એક જામા જેવું કીધું છે. તે ઊપરાંત એક બીજી ટોળી ઈરાનમાં જોઈ કે જે "નૈરનુદ" ઈયાને વિચાર તથા નજરથી દરેક ચીજોની મુળ મતલબ જેવી હોય તેહવી સમજે છે. તેહવી ટોળી "યુનાનમાં" નહી હોવાને લીધે તમામ કીતાબો એકઠી કરી રૂમી તથા યુનાની ભાષામાં તરજુમો કરાવ્યો. પછે પોતાનો વડો વજીર તથા ઊસતાદ (અરસતાતાલીસ)ને "દાનેશવરે નઓસ્ત" ઇયાને પ્રથમ દાનાવનો ખેતાબ આપી "નૈરનુદી" ટોળીનો વડો સરદાર ઠેરવ્યો. ત્યાર પછે રૂમી અને યુનાનીઓમાંથી "ફરતુદ" ની રસમ નીકળી ગઈ.

૨૧. જ્યારે એ સખુનો જે મેં તાહરીપર મોકલ્યા છે, તે યુનાની તાહરેથી સાંભળશે ત્યારે ધર્મમાં આવી યઝદાની થાશે.

શરેહઃ—જ્યારે (મજકુર આવેલા) સઘળા સખુનો તે યુનાનીએ સાંભળ્યા ત્યારે બેહદીન ઈયાને ભલા ધર્મનો થયો, અને યઝદાનનાં પસંદ કીધેલા અશો પેગમ્બર "ઝરથોશ્ત" (સાહેબ) પાસે ઈલમ અને હુન્નર શિખ્યો. પછે શેહનશાહ ગોશતાસ્પે, યુનાન દેશની હીરબુદી તથા ત્યાની

---

* "ફરતુદ" ઈયાને ખોદાની બંદગી તથા તપ જપ કરવા કષ્ટ ભોગવી દીલ અને મનને સ્વચ્છ કરવું. જેહને આરબીમાં "મજાહદે" કહે છે કે, જે "એશરાક" શબ્દનો અર્થ છે એ હાલત ધરાવનાર ફીલસુફોને આરબીમાં "હકીમે એશરાકી" અને ફારસીમાં "ફરતુદી" કહે છે.

† "નૈરનુદ" એટલે વિચાર, નજર અને ધારણા. એને આરબીમાં "મશાઇ" કહે છે અને ખોદાની રાહપર વિચાર, ધારણા તથા નજર નાખનાર ટોળીને આરબીમાં "મશાઈયાન" અને કદીમ ફારસીમાં "નૈરનુદીયાન" કહે છે. જુવો દસાતીરની ફારસી ફરહંગમાં.

મુબેદીપણાનું ફરમાન તે દાનાવને આપવું, તે શખ્સ પાછો યુનાન જઈ ત્યાના સર્વ માણસોને એ નામીચા પેગમ્બરના ધર્મમાં લાવ્યો. ૨૧

વરશીમ ૪ થી.

("ચંગરંગાચ" દાનાવ અને "બ્યાસ" બ્રાહ્મણ કે જેઓએ અશો "ઝરથોશ્ત" સાહેબનો ધર્મ કબુલ કીધો, તેઓની દીલની મતલબ બાબે યઝદાને અશો "ઝરથોશ્ત"ને આપેલી અગમચેતી.)

યઝદાનના નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. ઓ માહરા દોસ્ત "સપંતમાન"ના છોકરા "ઝરથોશ્ત" પેગમ્બર!. જ્યારે "ચંગરંગાચ" આવ્યો ત્યારે અવસ્તાના એક નોસકના (સખુનો)થી ખરા ધર્મ તરફ ઇચ્છા બતલાવી, પાછો હીંદુસ્તાનમાં ગયો.

શરેહઃ—"ચંગરેગાચ" નામનો એક દાનાવ હતો કે જે પોતાની દાનાઈ અને અક્કલથી વખાણાયલો હતો. દુનિયાના દાનાઓ તેના ચેલામાંથી ગણાતાતા નહીં. જ્યારે ખોદાના પેગમ્બર "સફંતમાન" ના બેટા "ઝરથોસ્ત" સાહેબની દબદબા ભરેલી પેગમ્બરીની વાત સાંભળી ત્યારે એ ભલા ધર્મને તોડી નાખવાને માટે ઇરાણમાં આવ્યો, અને જ્યારે "બલખ" શહેરમાં જઈ પુગો ત્યારે કંઈબી શબ્દ જુબાનપર લાવે અને સવાલ કરે, તે આગમજ ખોદાના પેગમ્બર અશો ઝરથોશ્તે તેને કહ્યું કે, "જે કંઈ તું દીલમાં ધરાવતો હોય તે જાહેર કરતોના." પછે તે પેગમ્બર સાહેબે પોતાના નામીચા શાગેર્દને ફરમાવ્યું કે, અવસ્તાનો (ફલાનો) એક નોસક તેની આગળ ભણ. તે મુબારક નોસકમાં જે સઘળા સવાલો કે, "ચંગરંગાચ"ના દીલમાં હતા, તે સર્વનાં જવાબો સાથે લખાયલા હતાં. જે બાબે ખોદાએ પોતાના પેગમ્બરને અગમચેતી આપી હતી, કે એહવો એક શખસ આવશે જેનું નામ ફલાનું છે. જેનો પેહલો સવાલ આય છે. તેનો જવાબ આય છે. ઈત્યાદી. જ્યારે તે "ચંગરંગાચ" દાનાવે તેવો ચમકાટ જોયો ત્યારે તેણે પણ એ ભલી દીન કબુલ કીધી. અને હિંદુસ્તા-

નમાં પાછો જઈ અથવા "ઝરતોસ્ત"ના મુબારક ધર્મપર બરકરાર રહો. બક્ષેશ કરનાર યઝદાન હમોને તથા હમારા દોસ્તોને ભલી દીન બક્ષે.

૨. હાલે "બ્યાસ" નામનો એક બ્રાહ્મણ હિંદુસ્થાનથી આવે છે, જે ઘણો દાનાવ છે. તેના જેહવો દાનાવ પૃથ્વીપર કોઇજ હશે.

૩. તે બ્રાહ્મણ જે સવાલો પોતાના દીલમાં ધરાવે છે. તેમાંથી પ્રથમ તુંને પુછશે કે, "યઝદાન સર્વ ચીજનો બનાવનાર છે, તો દરેક ઝુંદગી ધરાવનારાઓની નજદીક કાંય નથી."

૪. તેને તું કેહજે કે, યઝદાન સર્વ ચીજોનો બનાવનાર છે. તે છતાં ફરેશતાઓનો સરદાર જે પેહેલી અકકલ છયાને બહમન અમશાસપંદ છે તેનાપર અસ્તિ વરસાવા થકી કસો વસીલો નથી, અને બીજાઓને માટે હથ્યારો છયાને સંબંધ છે.

૫. અસ્તિઓનો સંબંધ એક ભાગને બીજા ભાગ સાથે કંઇ એટલા માટે નથી કે, યઝદાનની પેદા કરવાની શકિતની અંદર કસી કસુર હોય. (પણ)

૬. તેનો સબબ એ છે, જે કેટલીએક અસ્તિ પકડનારાઓમાં ઊપરથી ઊતરતી શકતીઓ અને ચમકાટોને વગર વસીલાએ પોતાની અંદર મેળવવાનું બળ નથી.

૭. અને કેટલાએકોને મારફત અને કેટલાએકોને ઘણી મારફત વગર (પોતાની અંદર અસ્તિના ચમકાટો મેળવવાની) શકિત નથી.

શરેહ:—ફરમાવે છે કે–દરેક ચીજોની અસ્તિ મૂળભેદમાં ખોદાથીજ જાહેર થઇછે. પણ એટલાજ ફેર છે કે, કેટલીએક પેદાયશો અસ્તિનો વરસાદ મેળવવાની અંદર કસા હથ્યાર અને મારફતની જરૂર ધરાવતા નથી. કારણ કે તેઓ વધારે નજદીકના છે. અને બીજાઓની અંદર હથ્યાર અને મારફતની ગરજ પડેછે. તેમ એક ભાગ બીજા ભાગના હથ્યાર અને મારફત બનવાથી એમ નહી સમજવું કે, યઝદાનની સરજવાની શકિતની અંદર કંઈ અધુરાપણું અને કસુર હોય. પણ તે એટલા માટે છે. કે, કેટલીએક પેદાયશોને વગર સંબંધે ચમકાટ મેળવવાની શકિત નથી. તેમજ વળી કેટલીએક પેદાયશોને ઘણાએક સંબંધો વગર (ચમકાટ મેળવવાની) શકિત નથી. જેમકે વાગળું હઝરત ખોરશીદના નુરના ચમકાટને

માટે અશો માહ ઇઝદના નુરના સંબંધની ગરજ ધરાવે છે. તેપરથી એમ નથી ઠરતું કે ગરમી અને ચમકાટ આપવામાં ખોરશીદની કસી કસુર છે. પણ પેલા વાગળાંમાં સૂર્યની ભારે રોશની અને ચમકાટને વગર મારફતે મેળવવાની શકિત નથી. ફરેશતાઓના સરદાર ઇયાને "બહમન અમશાસપંદ"ને મેં (પાંચમા સાસાને) પુછ્યું કે, યઝદાને સર્વ કામો તમો હઝરતને સ્વાધીન કીધાં. વળી તમારી મારફતથી બીજાઓને, તેમજ બીજાઓની મારફતથી ત્રીજાઓને. એમ એક બીજાના મારફતે કાંય સોપ્યાં ?. જવાબ દીધો કે, ઓ "પાંચમા સાસાન!" પાદશાહીના ભારે દબદબાને લાયક નથી કે, પાદશાહ પોતે પોતાની જાતે સર્વ કામોમાં ભિળવાય, તથા હલકાં કામોમાંબી પોતે રોકાય. તો ભલું એ છે કે, ખીદમતગારોમાંનો એક જે હુનર, હુસ્યારી અને તકેદારીમાં ભારે પ્રખ્યાત હોય, તેને સર્વ કામોને માટે કબુલ કરી પાદશાહી કામો તથા હાથ નીચેનાઓપર મેહરબાની કરવાના કામો તેને સોંપે. જેથી તે, પાદશાહના હુકમ મુજબ તે કામોનો ધરાવનાર થાય. અને તેવા ઘણા ભારે કામોને પોતે ધ્યાન આપી બીજા કામોને માટે ગુમાસ્તાઓ ઠેરવી દરેકને તેઓને અનુસરતાં કામ સોંપે. વળી તે ગુમાસ્તાઓબી પોતાના હાથતળે કારભારી ઠેરવે કે, જેથી સર્વ કામો પાદશાહની ઇચ્છા અને ફરમાન મુજબ પથરાય તથા પાર પડે. તે ભલી ગોઠવણીઓ તથા કામનો ફેલાવો જે ગુમાસ્તાઓ અને સંબંધ તથા વગર સંબંધના કારભારીઓને હાથે થાય છે, તે સર્વ પાદશાહથી થએલા ગણાય છે. જ્યારે એ સખુન જાણીતો થયો ત્યારે જાણવું કે બેશક યઝદાન અત્યંત બુઝોર્ગ, બીન ગરજપણું, તવંગરી અને દબદબો ધરાવનાર તથા બધી રીતે લાયક છે. અને પેદા થએલી ચીજો કે જેઓ પોતાની અસ્તિ અને પોહોચમા પારકાનાં ગરજવંતા છે. તેઓના ભલાં, ભુંડા, અને વધતા ઓછાની ગણત્રીના ઘણાએક મરતબાઓ છે. તો ઓદાને લાયક નથી કે, પોતે જાતે તે સર્વ મરતબાવાળાઓમાં રોકાય. તો ભલુ એ છે કે, જે કોઇ ઘણો વખાણવાળો હોય તેને પેદા કરી, પાદશાહી કારખાનાની કુચી તેને સ્વાધીન કરે. અને તેબી ઊપર કહ્યા મુજબ ચઢ ઊતર દરજ્જેના સંબંધ તથા વગર સંબંધવાળા કારકુનોની મારફતથી સઘળા કામો પાર પાડે. જેમકે આકાશી ફરેશતા અને તારાઓ કે જેઓ ઉપલી દુનિયાના (કારકુનો) છે. અને જમીનપરના ફરેશતાઓ જેહવાકે રવાનો, અનાસરી

સ્વભાવો તથા ખણીજ પદાર્થ, ઊગવણી, જાનવરી અને મનુષી શક્તીઓ કે જેઓ સર્વ નીચલી દુનિયાના છે. તેમાંના દરેકને જુદા જુદા કામમાં ઠેરવેલા અને ગોઠવેલા છે, જેથી તેઓ જેમ યઝદાનને લાયક અને તે સાહેબનું ફરમાન હોય, તે મુજબ બજાવતા જાયછે. તેપરથી તમામ અસ્તિનું કારખાનું મૂળ મતલબમાં સારી રીતે જોતાં યઝદાનનું બનાવેલું ગણાય છે. ગોહર ઇયાને સ્વચ્છ શકિત તે નાગોહર ઇયાને મિશ્ર પદાર્થના કરતાં સરસ છે. અને તે નાગોહર ગોહરનો ગરજવાળો છે. અને તે વગર જગોની આઝાદ શકિતઓ કે જેઓ શરીર પદાર્થથી નીરાળા છે, તેઓ પદાર્થી ચીજો કે જેઓ શરીર અને જગ્યાની ગરજ ધરાવે છે તેઓ કરતાં સરસ છે.* એટલાંપરથી યઝદાને મહને (બહમન અમશાસપંદને) અખત્યાર કીધો, અને મેં તેજ રવેશે હુનરો પ્રખ્યાત કીધાં. જમીનપરના પેગમ્બરોએ પણ એજ ગોઠવણી મુજબ પાદશાહી, વજીરી, સરદારી, અને જમીનદારી વગેરેના કામો ચાલું કીધા.

૮. બીજો સવાલ એ પુછશે કે, "આતશ-આકાશની નીચે, અને પવન-આતશની નીચે, અને પાણી-પવનની તળે તથા માટી-પાણીની નીચે શા માટે."?

૯. તું તેને જવાબ દેજે કે, આકાશ હમેશ ગિરદેશ ઇયાને પુરવામાં છે, અને ગિરદેશ ગરમી ઊત્પન્ન કરેછે.

૧૦. તેટલામાટે આતશી ગોળો આકાશ તળે ઠેરવવામાં આવ્યો છે. અગરજો તે વગરે કંઇ બીજું હતે તો આકાશની ગિરદેશની ગરમી તેને બાળી નાખતે.

૧૧. તે પછે "તની તાઝ" ઇયાને દોડતું શરીર એટલે હીલચાલ કરતી હવા છે. અગરજો તેવગર હીલચાલની હતે તો જાનવરો દમ મારી શકતે નહી, તથા નીસાસાનું આવવું જવું થતે નહીં.

૧૨. પછે પાણી પેદા કીધું અને માટીપર સ્થંભ રાખ્યું, કારણ કે અગરજો પવનની મીસાલે દુનિયા ઊપર, નીચે પાણીથી ભરેલી હતે તો જાનવરો દમ મારી શકતે નહી. તથા ખાવા, સુવા અને બેસવાનું પામતે નહીં. [કારણ કે સઘળા દુખી જતે.]

---

* એ શરેહમાંની અત્રે સુધીની મતલબ શારેસતાને ચાર ચમનનો રચનાર આઝર બેહરામે ઝેકરેહોકમાં મધે પાને ૨૮૬ થી લખી છે.

૧૩. પછે માટી પેદા કરી, તેને આરામ આપી સ્થંભ રાખી. અને દરેક જાનવર, ઊગવણી તથા ખણીજ પદાર્થમાં ખાસીયત મુકી તથા દરેકને એક એક ચીજ સોંફી.

વરશીમ ૫ મી.

("વ્યાસ" બ્રાહ્મણે જાનવરો જે અશો "કયુમરસ"ને તાબે થયા હતાં તથા તેઓએ માણસો સાથે તકરારો કીધી હતી, તે બીના પુછવા બાબે યઝદાને અશો ઝરથોશ્તને બક્ષેલી અગમચેતી.)

યઝદાનનાં નામથી સરૂ કરૂંછું કે:—

૧. વળી બીજું "ગયુમરસ"ની તાબેદારી જાનવરોએ કીધી તથા તેઓએ આદમીઓ સાથે જે તકરારો કીધી હતી, તે દાસતાન પુછશે. ત્યારે તું તેને જવાબ આપજે કે.—

૨. યઝદાને "ગયુમરસ"ને પસંદ કરી જાનવરોને તેને તાબેદાર કીધાં.

૩. તે પાદશાહે તેઓ સર્વના સાત ભાગ કીધા.

૪. પ્રથમ—ચારો કરનારા જાનવરો અને તેઓની પાદશાહી રખ્શ (ચલકતા) નામના ઘોડાને આપી.

૫. બીજાં—ફાડી ખાનારા જાનવરો અને તેઓની પાદશાહી "શમંદે" (બહાદુર) નામના "સિંહ"ને આપી.

૬. તીજા—ઊડતાં પક્ષીઓ અને તે ટોળીનો રખેવાળ "ખેર-દમંદ" (દાનાવ) નામના "સીમુર્ગ"ને ઠેરવ્યો.

૭. ચોથા—ભક્ષ કરનારા પક્ષિઓ, અને તેઓની સરદારી "બરતર" (સરસ) નામના "ઓકાબ" (ગરૂડ) પક્ષિને બક્ષી.

૮. પાંચમાં—નહી ઊડનારા દરયાઈ જાનવરો દયાને માછલાં, તેઓપરની હકુમત "તવાના" (શક્તિવાન) નામની મગર-મચ્છને સોંફી.

૯. છઠાં—પેટે ચાલનારા. અને તેઓનું ઊપરીપણું "પોરઝુર" (ભારે શક્તિવાન) નામના "યઝદાહ"ને આપ્યું.

૧૦. સાતમા-જમીનમાંના કીડા, મંકોડા, અને તેઓની પાદશાહી શીરીન (મીઠી) નામની "મધ માંખ"ને આપી.

૧૧. એ મજકુર સાત પાદશાહો જે "ગયુમરદ"ના તાબેદારો હતા તેઓની તરફથી સાત દાનાઓ શેહનશાહ "ગયુમરદ"ની પાસે આવીને ઇનસાનોના જુલમથી ઇનસાફ ચાહયો. (અને શેહનશાહ "ગયુમરદ"ની તરફથી સાત દાનાવ શખસોએ તેઓનો જવાબ આપી અંતે હાર ખાધી.)

(તકરાર ૧ લી ઊંટ અને ખોજસ્તે નામના શખસ વચે.)

૧૨. પ્રથમ રખશ (નામના ઘોડા) નું મોકલાવેલું દાનાવ ઊંટ આવીને બોલ્યું કે, ઓ યઝદાનનાં પેગમ્બર,! માણસોને હમારીપર શાની સરસાઈ છે.? કે તેઓ હમારીપર આટલો બધો જુલમ કરે છે.

૧૩. તે બાબે તેઓ કહે અને હમે સાંભળીએ. તેમજ હમો કહીએ અને તેઓ સાંભળે.

૧૪. ત્યારે એક "ખોજસ્તે" (પનોતો) નામના દાનાવે મહોટા સાદે જવાબ દીધો કે-તેનાઓપર આદમીઓની સરસાઇના ઘણા દાખલા છે. જેમકે-મનુષ્યોને વાચા છે અને તેઓને નથી.

૧૫. ઊંટ-અગરજો વાચાની મતલબ કંઇ બોલવાની હોય, કે જેનાથી સાંભળનાર સમજે. તો તેવું જાનવરોમાં પણ છે.

૧૬. જાનવરોની ભાષાનું દાસતાન "ગયુમરદ" અને "સીઆમક"ના નામામાં છે. માટે તેઓને પુછ કે તેઓબી સાંભળે છે.*

૧૭. ખોજસ્તે-માણસો જે બોલે છે. તે તેઓનું બોલવું ખુલ્લું છે, અને જે કંઇ ઊંટ બોલે છે તે ઢંકાયલું છે ઇયાને સંભલાતું નથી.

૧૮. ઊંટ-જાનવરોનેબી જુબાન છે. પણ તું તેને નહીં સમજવાથી એવું ધારેછે કે તેઓને વાચા નથી.

૧૯. ઓ નાદાન! જેનાથી તું પોતાની સરસાઇ સમજે છે. તે તો તાહરી નાખુબી છે.

૨૦. અને તું કહે છે કે, જાનવરોની જુબાન વગર સાદની છે.

---

* એપરથી સાબેત થાએછે કે એક બીજી મહોટી દસાતીર હોવી જોઈએ. કારણ કે આ દસાતીરના મજકુર સાહેબોનાં નામામાં જાનવરોની ભાષાનું દાસ્તાન આવ્યું નથી.

અને માણસોની સરસાઇ એછે કે તેઓનુ બોલવું સાદવાળું છે. જ્યારે સમજનારને તે બેઊથી ફાયદો મળે તો બેઊની રીતી એકજ છે.

૨૧. અગરજો કોઇ દીલની અંદર ઘણી ચીજ બોલે તો તે પકડાતો નથી. પણ જાહેર જુબાનથી સંભળાય તેમ બોલે તો પકડાય છે.

૨૨. અને જેમ માણસોથી બની શકતુ નથી કે, જાનવરોની ભાષા બોલે તેમ જાનવરો પણ માણસોની ભાષા બોલવાથી આજેજ છે.

૨૩. શું જોતો નથી. ઊગમણ માંતના લોકોના સખુનો તે આથમણ માંતનાં લોકો આગળ એક નકામા અવાજ સરખું સંભળાય છે. તેમજ આથમણ માંતનાં લોકોનું બોલવું ઊગમણ માંતના લોકો આગળ નકામું છે.

૨૪. માટે જે શખસ કે કોઈ બીજાનો શબ્દ નહી સમજી શકે તો, તેપરથી એમ કહી નહી શકાતું કે, તેની જુબાન નહીં સમજવામાં આવે તેવી (અથવા મુગી) છે.

૨૫. ખોજસ્તે—તમુને હમારી તાબેદારી (ખીદમત) કરવાનું પુરમાવ્યું છે.

૨૬. ઊંટ—તેમ તમોને પણ હમારે સારૂ દાણો, પાણી અને ઘાસ લાવવાનું ફરમાવ્યું છે.

૨૭. તે સાંભળી "ખોજસ્તે"ને કસો બીજો જવાબ આપવાનું રહ્યું નહી. [માટે પોતાની બોલતી જુબાન મોઢામાં નાઊમેદીથી બંધ કીધી.]

(તકરાર ૨૭મી. કીડી અને "શનાસા" નામના શખસનાં વચે.)

૨૮. પછે "શીરીન" (મીઠી) નામની મધમાખની મોકલેલી એક દાનાવ કીડી "ગયુમરસ"ની સામને આવીને કહ્યું કે, ઓ યઝદાનના પેગમ્બર, અને જાનવર તથા મનૂષ્યોના પાદશાહ.! હું સમજવા ચાહુંછું કે, જાનવરોપર માણસોની મ્હોટાઇ શાથી છે?

૨૯. "શનાસા" (પીછાણનાર) નામનો શખસ આગળ આવી બોલ્યો કે, જાનવરોપર માણસોની વધુ મ્હોટાઇના દાખલાઓમાંનો એક તેઓની ખુબ સુરતી તથા સોભઇતો આકાર છે.

૩૦, કીડી—દાનાઓને શરીર બાબેના શબ્દોની મતલબ નથી. તે છતાં જાણવું કે, સર્વ શરીરો બાંધામાં એક સરખાં છઇએ.

૩૧. અને તમો જ્યારે કોઇની વખાણ કરોછો ત્યારે કહોછો કે, "હરણ જેવી આંખનો, કબુતર જેહવી ચાલનો, અને કીડી જેવી કમરનો.' તેપરથી સાબેત થયું કે એ બાબે હમો વધારે સરસ છઇએ.

શરેહઃ—કારણ કે જે કંઈ મરતબામાં નાહનું હોય તો તેની વખાણ કરતી વખતે જે કોઈ કે તેના કરતાં ઊત્તમ મરતબાનો હોય તેની સાથે કામ અને આકારમાં તેના મહોટા દરજાનો સંબંધ આપે છે. તેમ જ્યારે માણસો પોતાની સરસાઈ જાનવરોનાં સંબંધથી જણાવે છે, તો તેપરથી એવું સાબેત થાયછે કે, તે જાન્વરો માણસો કરતાં સરસ છે.

૩૨. તે પરથી "શનાસાને" કસો જવાબ આપવાનું રહ્યું નહીં.

(તકરાર ૩ જી. કોલું અને "જવાનશીર" નામનો શખસ વચે.)

૩૩. પછે "શમંદે" (બાહાદુર) નામના સિંહની તરફથી શોઆણું કોલું આવી બોલ્યું જે માણસોને શું હુજર (સરસાઇ) છે.

૩૪. "જવાનશીર" નામના દાનાવે જવાબ દીધો કે, માણસોની સરસાઇ તેઓનો ભલો પોશાક અને ખાધા, પીધાની નેક ચીજો જે આગળ ધરાવતા હતા તેથી, તથા હાલે પોતાનો છુપો ભાગ ઢાંકવાથી છે.

શરેહઃ—"આગલ ધરાવતા હતા" કરી લખે છે તેનું જાણવું કે, માણસો અગ્રા "ગેલશાહ"ના વખતમાં ભલો પોશાક અને સારો ખોરાક ધરાવતા હતા નહીં. પણ શત "યાસાન આજામ"ના વખતમાં તથા તેથી-ખી આગમજ ધરાવતાં હતા. અને હાલે પોતાનો છુપો ભાગ ઢાકવાનું જે લખેછે. તેનુ જાણવું કે, "ગલુમરદ"ના જમાનાના માણસો-ઝાડના પાંદડાથી તથા મુવેલા ઢોર અને ફાડી ખાનારા જાનવરોનાં ચામડાથી પોતાનું પોશન કરતાં હતાં અને તે વગેરે બીજો કંઈ પોશાક ધરાવતા હતા નહીં.

૩૫. કોલું—આગલા વખતમાં તમારો પોશાક ઊન,બાલ તથા જાનવરોના ચામડાનો હતો અને તે હાલે પણ છે.

૩૬. અને તેઓનું સરસ ખાનું મધમાખીઓની ઉલટીનું છે.

૩૭. જાનવરોને તેઓના છુપા ભાગના ઢાંકણની જરૂર નથી. કારણ કે તેઓનો છુપો ભાગ ઢંકાયલોજ છે.

૩૮. અને અગરજો (ઢંકાયલો) નહીં હોય તો તેઓને યઝદાને પુરમાવ્યું નથી. [કે તેઓ ઢાંકે.]

૩૯. "જવાનશીર"—તુને એ બાજે શબ્દ બોલવાનું ઘટતું નથી. તમો ઘાતકી પણાથી એક બીજાને ફાડી નાખોછો.

૪૦. કોલું—તે ગુણ કે જે પ્રાડી નાખવાનો અને શેકાર કરવાનો છે. તે હમો તમારેથી મેળવ્યો છે. જેમકે "જલમીસે" "તલમીસને" મારી નાખ્યો.

શરેહ:—જાણવું કે અશો "ગેલશાહ" ના ફરજંદોમાંના "જલમીસ" અને "તલમીસ" નામના બે છોકરા અને "અકીમાર" તથા "હકીસાર" નામની બે છોકરીઓ હતી. તેમાં "અકીમાર" જે ખુબસુરત, દીલ ખેંચ-નારી અને માતેલી હતી, તેણીને "તલમીસ" સાથે પરણાવી આપી. અને "હકીસાર" જે ઘણી દેખાવલી નહી હતી. તેણીના "જલમીસ" સાથે લગન કરી આપ્યા. ત્યારે "જલમીસ" "અકીમાર"પર ચાહવત ધરાવવાને લીધે અદેખાઈથી પોતાના ભાઈ "તલમીસ"ને ઉંઘમાં એક મહોટો પથર તેના માથામાં મારી, મારી નાખ્યો. પછે "જલમીસ" પોતાના બુરા કર્તુકથી અને "ગેલશાહ"ની કદુવાથી દોજખમાં ગિરફતાર થયો. માટે એપરથી મજકુર કોલાંએ તાણો મારવામાં "જવાનશીર"ને હીણીને કહ્યું કે, વગર ગુનાહે કોઈને મારવું, બુરી રીતે ચાલવું, બુરી ઈચ્છા પાર પાડવી તથા ગુસ્સો કરવો, એ સર્વ મનુષ્ય રૂપવાલાઓથી જાનવરો શિખ્યા છે.

૪૧. અને પ્રાડી ખાનાર જાનવરોનો ગોસ્તનો ખોરાક છે. પણ તમો શું કરવા લડો છો.

શરેહ:—કહેછે કે ફાડી ખાનારા જાનવરોનું ખાનું ગોસ્તનું છે, તેટલા માટે તેઓ બીજા જાનવરોને મારી નાખવાની ધારણા કરેછે. પણ માણ-સોને (તેઓનું) ગોસ ખાવું ઘટતું નથી ત્યારે શું કરવા એક બીજાને મારી નાખે છે.

૪૨. તમો બુરા કર્તુકના છેઓ તેથી યઝદાનપરસ્ત લોકો તમારેથી જુદા થઈ પાહાડ અને જંગલમાં હમારી સાથે વસે છે.

૪૩. અને હમો તેઓના ચાકર તથા કારભારી થઇએ છે.

૪૪. "જવાનશીર" તેનો જવાબ આપવાથી બંધ પડી ગયો.

(તકરાર ૪ થી. કરોળિયો અને "નયાતુશ" નામના શખસ વચે.)

૪૫. પછે "પોરઝુર" (જોરમંદ) નામના "ચગદા"એ મોકલેલો દાનાવ "કરોળી"ઓ આવીને બોલ્યો કે માણસોની સરસાઇ શાથી છે? તે કહો, કે હમો જાણીએ.

૪૬. "નયાતુશ" (ભારે શકતીના) નામના દાનાવે તેનો જવાબ દીધો કે, માણસો તલેસમાત, મંતર, અને જાદુ તથા તેના જેવા બીજાં અચરતી કામો જાણે છે, જે જાનવરો જાણતાં નથી.

૪૭. કરોળીયો—એવું તો આદમીઓ કરતાં જાનવરોમાં ઘણું છે. શું તું નથી જોતો કે પેટે ચાલનારા અને દરમાં રેહનારા જાનવરો પોતાને માટે જમીનમાં ઇટ અને લાકડાં વગર ત્રીકોણ તથા ચાર ખુણાના ઘરો બાંધે છે.

૪૮. તેમજ તું માહરા હુન્નરને જો કે, વણવાના હથ્યાર વગર જીણું કુમાશ વાણુ છું.

૪૯. નયાતુશ—માણસો લખી શકે છે અને જે કંઇ પોતાના દીલની મતલબ ધરાવે છે, તે કાગજપર ઊતારે છે, અને જાનવરો તેમ કરી શકતા નથી.*

૫૦. કરોળીયો—જાનવરો ખોદાઇ ભેદને પોતાના જીવતા દીલમાંથી વગર જીવનું શરોર એટલે કાગજપર નાખતા નથી.

૫૧. નયાતુશે સરમંદગીથી પોતાનું માથું નીચે નમાવ્યું.

(તકરાર ૫ મી. કાચબ અને "દાનેશ સતાય"નામના શખસ વચે.)

૫૨. પછે "તવાના" (શકિતવાન) નામની "મગરમચ્છ"નો મોકલાવેલો દાનાવ કાચબ આગળ આવી બોલ્યો કે, માણસોની મોહટાઇનો કીયો દાખલો છે? (તે મને કહો.)

૫૩. "દાનેશ સતાય" નામના દાનાવે જવાબ દીધો કે—પાદશાહઓ, વજીરો, સરદારો, વઇદો અને જોસીઓ જે માણસોમાં છે તે તેઓની મહોટાઇનો દાખલો છે.

૫૪. કાચબ—તું જે બોલ્યો તેહવા ટોળા જાનવરોમાંબી છે.

૫૫. જેમકે મધમાખી અને કીડીની પાદશાહી તેઓની પોતાની ટોળીમાં તું જો.

* એપરથી સાબેત થાએ છે કે, તે જમાનામાં કાગજ તથા લખવાનો હુન્નર હતો.

૫૬. અને કોલાની વજીરીપણાનો વિચાર કર.

૫૭. તેમજ હાથીની સરદારી તું સાંભલ.

૫૮. તથા કુતરાનું દાકતરપણું તું જો. કે જે પોતાનો ઘાહ જીભ-વડે ચાટીને સાજો કરેછે.

૫૯. અને મરઘો જોસી છે. કે જે રાત દહાડાનો વખત ભલી રીતે પીછાણે છે.

૬૦. જ્યારે કાચબ એ હધસુધી બોલ્યો ત્યારે "દાનેશ સતાય" મુંગો રહી ગયો.

(તકરાર ૬ ઠી. મોર અને "રવાનમાહ" નામનાં શખસ વચે.)

૬૧. ખરદમંદ નામના "સીમુર્ગ" પક્ષીનો મોકલાવેલો "મોર" લટકતી ચાલથી આવીને બોલ્યો, કે આદમીઓની સરસાઇનો દાખલો શું છે? તે કહો.

૬૨. "રવાનમાહ" નામના દાનાવ શખસે જવાબ દીધો કે, માણસોને સમજણ તથા (ભલું ભુંડું) જુદુ કરવાની શકિત છે. (જે જાનવરોમાં નથી.)

૬૩. મોર—અગરજો અંધારી રાતે ગોસપંદો બચ્ચાં જનમે તો તેઓ દીવસમાં પોંતપોતાના બચ્ચાંને પીછાણશે, તેમજ બચ્ચાં (પણ માયને પીછાણશે.) [અને પોતાની માય તરફ જશે. તેહવી પીછાણશકિત માણસોને નથી.]

૬૪. રવાનમાહ—માણસો બાહાદુર અને લડવૈયા હોય છે.

૬૫. મોર—તેઓ વાઘ કરતાં કંઇ વધારે બહાદુર અને લડવૈયા નથી. [કારણ કે લડવૈયાઓ પોતાની વખાણ કરતી વેલા તેઓ (વાઘ)ની સાથે સંબંધ આપે છે (જેમકે—વાઘ જેહવો.)]

૬૬. "રવાનમાહ" જવાબ આપવાથી અટકી ગયો.

(તકરાર ૭ મી. હોમાય પક્ષી અને "યઝદાન સેતાયંદે" નામના શખસ વચે.)

૬૭. પછે બરતર (સરસ) નામના "ઓકાબ" (ગરૂડ પક્ષી) નો મોકલાવેલો "દાનાવ હોમાય" આગળ આવીને બોલ્યો કે, તેહવો એક દાનાવ કયાં છે, જે મનુષ્યની સરસાઇનો દાખલો મને કહી સંભળાવે.?

૬૮. "યઝદાન સેતાયંદે" નામના શખ્સે જવાબ આપ્યો કે માણસોની ભલાઇમાં એક તો તેઓની બુધ્ધિ છે કે, જેની મારફતે એક હલકા દરજ્જાપરથી ચઢતી પદવીપર આવે છે.

૬૯. હોમાય—અગરજો તું એ પરથી લાડ કરતો હોય તો જાનવરોને પણ તે બુધ્ધિ છે, કે જેથી ફુલ અને કાટાંને જુદા પાડી શકે છે.

૭૦ "યઝદાન સેતાયંદે"—બુધ્ધિને જડ અને ડાળી હોય છે. તેમાંની ડાળી તમને આપી છે, પણ જડ તે ધરમ રીતી છે કે, જે મનુષ્યોને માટે છે.

૭૧. હોમાય—હમુને પણ તે આપેલું છે, અને દરેક ટોળાંની રીતી જુદી છે.

૭૨. જેમકે, તમારા પેગમ્બરો જાહેરમાં ધર્મ રીતી સમજાવે છે તેજ રીતે હમારી અંદર પણ ખબર આપનારાઓ છે. જેમાંની એક મધમાખ છે.

૭૩. યઝદાન સેતાયંદે—માણસોનું દીલ બરોબરી મેળવે છે. અને રવાન સાથે જોડાય છે, તથા બુધ્ધિની મારફતથી ફરેશતાઓના ગુણમાં વખણાય છે.

૭૪. હોમાય—ચોકનારા જાનવરો પણ તે હાલતમાં ભેળાય છે.

૭૫. "યઝદાન સેતાયંદે"—હા તે ખરૂં છે, પણ તમારી પહોંચની હધ એ છે કે માણસોના ગુણો મધ્યના એક ગુણને પહોંચો છો, અને માણસોની પહોંચની હધ એ છે કે તેઓ "આઝાદો" અને છુટાઓ [એટલે ફરેશ્તાઓ અને રવાનો] ની એસલતે પહોંચે છે.

૭૬. હોમાય—તે ખરૂં છે પણ ઇનસાનો જે જાનવરો તથા બીજાઓને મારે છે, તેથી તેઓ ફાડી ખાનારા જાનવરો જેવા છે. કંઇ ફરેશતાઓ નથી. કારણ કે ફરેશ્તાઓ તેહવાં કામોથી વેગળાં છે.

શરેહઃ—કહેછે કે-જાનવરોને મારવાનો, બાંધવાનો તથા દુઃખ અને ઇજા દેવાનો ધંધો જે માણસોએ ચાલુ રાખ્યો છે, તે કંઈ ફરેશતાઓની રીતી નથી. પણ ફાડી ખાનારા જાનવરોની રીતી છે. તો એપરથી એવું જણાયછે કે માણસોએ ઘાતકીપણાનો ગુણ પકડયો છે, કંઇ ફરેશતાઇ ગુણ નહીં. અગરજો તેઓ (માણસો) તે મહોટો મરતબો મેળવવાને લાયકની છે તે છતા,

૭૭. યઅદાન સેતાયંદે—ફાડી ખાનારા જાનવરોને મારી નાખવું નેક છે. જેમકે આજારી માણસની ફસ ખોલવી.

શરેહ:—કારણ કે આખી જહાન એક શરીરની માફક છે, તો તેવા એક જીવ ધરાવનાર (ફાડી ખાનારા જાનવરો) ને મારવું અને તેનું લોહી છાંટવું તે શરીરમાંથી બુરૂં લોહી કાઢવા જેવું છે. અને જે પ્રમાણે શરીરમાં બુરૂ લોહી રેહવા દેવાથી દુઃખ ઉત્પન્ન થાયછે, તેજપ્રમાણે અગરજો ફાડી ખાનારા જાનવરોનું લોહી છાંટવામાં નહીં આવે તો બીજા કેટલાંએક જાનવરો કે જેઓ પેલા બુઝોર્ગ મરદના શરીરના અબ્યવોની માફક છે, તેઓને દુઃખ દીએ છે. તો તે શરીરના અબ્યવો ઇયાને બીજા જાનવરોને સંભાળવા તેઓનું ઇયાને ફાડી ખાનારા જાનવરોનું લોહી છાંટવું નેક છે.

૭૮. પછે દુનિયાનાં પેગમ્બર (ગયુમરસે) કહ્યું કે, હમો નીરદોષ જાનવરોને મારી નાખવાનું બુરૂં જાણીએ છઇએ, અને આદમીઓમાં તે બુરૂ કામ કરવાની શકિત નથી.

૭૯. માટે અગરજો સર્વ ફાડી ખાનારા જાનવરો એવું વચન આપે કે તેઓ નીરદોષ જાનવરોને મારે નહીં, તો હમોબી તેઆને મારવાથી હાથ ઊઠાવીએ, અને તેઓને પણ નિરદોષ જાનવરોની માફક ચાહીએ.

૮૦. પછે કોલકરાર કરી વરૂ બકરાં સાથે અને વાઘ હરણ સાથે દોસ્ત થયાં.

૮૧. અને તેથી દુનિયામાં કસો જુલમ રહ્યો નહીં.

૮૨. જ્યાં સુધી કે દેહાકે (જોહાકે) વચન તોડયો. [અને જાનવરોને મારી નાખવાનું સરૂં કીધું.]

૮૩. તેના ઇયાને દેહાકના તે બુરા કામથી કોઇ શખસ પોતાના કોલપર રહ્યા નહી. પણ પશુઓ.

૮૪. એ સર્વ ભારે ભેદની મતલબ છે.

શરેહ:—એ ભેદ ભરેલા એસારાઓ કેહવાની મકસદ એ છે કે, માણસો પોતાની જાતને પીછાણી પરહેજગારી ધરાવે અને સમજે કે જાનવરોપર માણસોની મોહટાઈ ઇયાને તેઓ વચેનો તફાવત તે તેઓની વાચા, કર્તુંક અને બુદ્ધિ વગેરે બીજા કસાથી નથી.

૮૫. (ખોદા ફરમાવે છે અશો ઝરથોશ્તને) કે જ્યારે તું એટલી બોના તે (વ્યાસ બ્રાહ્મણ)ને વાંચી સંભળાવશે ત્યારે તે એ સાચો ધર્મ મેળવી તાહરો ધર્મ કબુલ કરનારાઓ મધ્યનો એક થશે.

શરેહ:—કહે છે કે જ્યારે હીંદુસ્તાનનો રેહવાસી "વ્યાસ" બલખમાં આવ્યો ત્યારે શેહનશાહ "ગુશતાસ્પે" અશો "ઝરથોસ્ત"ને બોલાવી તે દાનાવને આવવાની ખબર તે સાહેબને આપી. ખોદાના પેગમ્બરે જવાબ દીધો કે, યઝદાન સેહલું કરે. પછે શેહનશાહે હુકમ કરી દરેક દેશના દાનાઓ અને મુબેદોને બોલાવ્યા. જ્યારે સર્વ એકઠા થયા ત્યારે અશો ઝરથોસ્ત બંદગી કરવાની જગ્યાથી બાહાર આવ્યો. પછે તે દાનાવ વ્યાસ મીજલસમાં આવી યઝદાનના પેગમ્બરને કહ્યું કે, એ ઝરથોસ્ત તમોએ "ચંગરંગાચ"ને જવાબ આપવાથી તથા તેના દીલના ભેદો કહી સંભલાવવાથી જહાનનાં લોકો તમારો ધર્મ કબુલ કરવાની ધારણા રાખેછે. તે ઉપરાંત હુંએ પણ તમારા ઘણા એક ચમતકારો સાંભળ્યા છે. હું એક હીંદુસ્તાની માણસછું. કે, જે પોતાના દેશમાં ખાનદાન અને બુદ્ધિમાં બેમીસાલ છેઉ. કેટલાએક છુપા ભેદો પોતાના દીલમાં ધરાઉંછુ કે, જે પોતાના દીલમાંથી જુબાનપર લાવ્યો નથી. કારણ કે એક ટોળીવાલાઓ કહેછે કે, એહરેમન લોકો એહરેમની ધર્મ ધરાવનારા દેવપુજકોને ખબર આપેછે. માટે તે ભેદોને માહરા દીલશિવાય કોઈબી કાને સાંભળ્યા નથી. અગરજો આ મીજલસની અંદર તે છુપા ભેદો કે જે માહરા દીલમાં છે. તે સર્વ માહરી આગળ જાહેર કરશો તો, હું તમારા ધર્મમાં દાખલ થઇશ. અશો "ઝરથોસ્તે" કહ્યું કે, એ "વ્યાસ" તાહરા આવવાની આગમજ મેહને યઝદાને તે ભેદોની અગમચેતી બક્ષીછે પછે મજકુર બે વરશીમા તેની આગળ પેહલેથી છેહજે સુધી વાંચી. જ્યારે તેણે તે સાંભળ્યું, અર્થ પુછયા અને સારીપેઠે સમજ્યો, ત્યારે યઝદાનની બંદગી કીધી અને ભલો ધર્મ કબુલ કરી હિંદુસ્તાન પાછો ફરયો.

વરશીમ ૪ થી.

(સીકંદર અને પેહલા સાસાનની અગમચેતી.)

યઝદાનના નામથી સરૂ કરૂંછું કે:—

૧. એ પેગમ્બર "ઝરથોશ્ત"! તાહરા પછે "સીકંદર" પેદા

થશે, અને તે પછે પેહલો "સાસાન" પેગમ્બરીમાં આવશે. અને તાહરા નામાનો તરજુમો કરી જાહેર કરશે.

૨. અને માહરા છુપા સખુનો જેહવા તે (પેહલો સાસાન) મેળવશે તેહવા બીજો કોઇ મેળવશે નહી.

શરેહ:—તેથીજ કરીને શત (પેહલા) સાસાને અશો ઝરથોસ્તના નામાનો અકલ પસંદ તરજુમો કીધો.

પાદશાહ સીકંદરનું પંદનામું.

વરશીમ ૧ લી, ૨ જી.

(પાદશાહ સીકંદરને યઝદાન તરફના કેટલાએક હુકમ.)

૧. હમો યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે—જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી, અને ઇજા પોહોંચાડનારીછે, તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇજદ કે—જે બક્ષનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે, તેના નામથી.

[આ એક શિખામણ નામું છેકે, જે યઝદાને પોતાના પેગમ્બર "ઝરથોસ્ત"ના માગવાથી "સીકંદર"પર મોકલ્યું, જેની વિગત આગલ લખેલી શરેહમાં જણાવી છે.]

૩. દાનાઇના બક્ષનાર યઝદાનના નામથી સરૂ કરૂંછું કેઃ—

૪. ઓ દારાબના છોકરા "સીકંદર!" યઝદાને તુંને ઘણી બુધ્ધિમાં અને પાદશાહીમાં ઠેરવ્યો. માટે "આબાદ" કે જે પેગમ્બરોમાં સૌથી મ્હોટો છે, તેનાં બુઝોર્ગ ધર્મને તું પોતાની દાનાઇથી જાહેર કર.

૫. ઇરાંનીઓમાં કેટલાંએક બુરાં કામો થવાથી હું તુને રૂમ લેઇ ગયો.

શરેહ:—એમ ફરમાવવાની મતલબ એ છે જે તું ઇરાણી પાદશાહી ઓલાદનો છે. પણ જ્યારે ઈરાનીઓ બુરા કર્તુકના થયા, ત્યારે તેઓની બુરાઈને લીધે મેં તુંને તે ટોળીમાંથી જુદો પાડયો.

૬. પારકાઓને ઇરાંનીઓપર નાહેરવ, કારણ કે તે તાહરૂં ઘર છે.

૭. અગરજો તાહરા લશકરીઓને હાથે ઇરાની નેક માણસોને ઇજા પહોંચી હોય તો તું તેનો બદલો વાળ, અને તેઓને ખુશી કર, નહીં તો હું તુંને પુછીશ.

વરશીમ ૩ જી.

(મનુષ્યો ઊપલી અને નીચલી દુનિયાના ફરેશ્તાઓ ધરાવે છે.)

દાનાઇ બક્ષનાર યઝદાનના નામથી સરૂ કરૂંછું કે:—

૧. યઝદાને આદમીઓપર નેકી બક્ષી કે, તેઓને બીજી પદવીના ફરેશતાઓથી પેદાં કીધાં.

શરેહ:—બીજી પદવીના ફરેશતાઓ-તે રવાનો છે કારણ કે પેહલી પદવીના ફરેશતાઓ તે અક્કલો છે.

૨. અને તેહની સાથે પેહલી પદવીનો અકકલ નામનો ફરેશતો મોકલ્યો.

૩ અને તેઓને નીચલી દુનિયાના ફરેશતાઓ સાથે નીચલી દુનિયાના હથ્યારો (શકિતઓ) બક્ષયાં.

૪. અને તે નીચલી દુનિયાના ફરેશતાઓમાંનો એક કલેજાંપર વસે છે, જેનું નામ સ્વભાવ અને ઇચ્છા છે. બીજો ફરેશ્તો

"જાન" ઇયાને જીવ નામનો દીલમાં વસે છે. અને તીજો પુરેશ્તો "રવાન*" નામનો કે જે ભેજામાં વસે છે.

૫. અને એ ફરેશ્તાઓને માટે ખીદમતગારો બક્ષયાંચ.†

૬. જીવમાંથી બે અહરેમની ઇયાને બુરાઇ ઊત્પજ્ન થઇ છે. ઇચ્છા અને ક્રૂરતા, તેઓને મધ્યમ રીતે રાખજો.

(ખુલાસો:—જાણવું કે, જાન ત્રણ ગુણ ધરાવે છે. એક યઝદાની અને બે અહરેમની હોય છે. યઝદાની ગુણ તે ખુશી. બે અહરેમની ગુણમાંનો પેહલો–ગુસ્સો કે જેને ક્રૂરતા કહે છે. જેહવા કે-બુમ, પોકાર, લડાઈ, જુલમ, અને ઈજા ઈત્યાદી. બીજો–ઈચ્છા કે જેને જાનવરી અથવા ગધેડાઈ ગુણ કહે છે. જેહવા કે-ખાવું, પીવું, સુવું, સંગત કરવી ઈત્યાદી. તો એ ફકરામાં એ બે અહરેમની ગુણને મધ્યમ રીતે વાપરવા ફરમાવે છે. જુવો ઝુરે ઝરથોસ્તનાં રેસાલાનો ફકરો ૧૨ મો તથા તેની શરેહ.)

૭. જેથી માણસો એવું નહી સમજે કે તેઓ આકાશી નથી.

૮. હાલે એક દાનાવ "સાસાન" નામે આવશે, કે જે ભલા કહુકનો પેગમ્બર થશે.

---

* એ જગ્યાએ ફરોહરની મતલબ હોવી જોઇએ. એજપ્રમાણે ઝુરે જરથોશતનાં રેસાલાને ફકરે ૯ મે ફરમાવે છે.

† જુવો એ બાબેની લાંબી બીના શારેસતાને ચાર ચમનમાં ઝેકરે હુકમાં મધે.

અશો પેહલા "સાસન" નું નામું

વરશીમ ૧ લી.

(યઝદાન, ફરેશતાઓ, પાલણ કરનાર શકિતઓ, રવાનો અને ચાર તત્વો વગેરેની બીનાં.)

૧. હમે યઝદાન પાસે બુરી ઇચ્છા અને બુરી ખસલત કે-જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુઃખ દેનારી અને ઇજા પહોંચાડનારી છે. તેનાથી પનાહ માગીએ છઇએ.

૨. ઇજદ કે, જે બક્ષેશનો કરનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે, તેના નામથી.

૩. યઝદાન કે જે એકકો અમિશ્ર મૂળ જાતીનો અને તે પોતાની જાતીથી સર્વ ગુણને પેદા કરનાર છે. તેની પાસેથી હમે પનાહ ચાહીએ છઇએ.

[મેં ઇયાને પાંચમાં સાસાને પોતાના બુઝોર્ગ દાનાવ વડવા ઇયાને પેહલા "સાસાન" ને ગેબી હાલતમાં જોયો. તેણે મહને કહ્યું કે, જે નામું યઝદાને મારીપર મોકલ્યુંચ તે નામાની તરજુમાની સાથે કેટલાએક અક્કલ પસંદ સખુનો વધાર. તેથી હું એ શત દસાતીરના તરજુમાની પુઠે ઇયાને શરેહ દાખલ કેટલાએક પસંદ પડતા સખુનો લખવા ધારવે લખુંછું કે, પીશદાદી ટોળીનો ઇનસાફી પાદશાહ તથા પેગમ્બરોનો ઊસ્તાદ બુદ્ધિનો સીંણગારનાર હોશંગે પોતાની "જાવીદાને ખેરદ" નામની કીતાબમાં શત ખુરશેદ ઇઝદનાં કલામની બાબદમાં ફરમાવ્યું છે, કે જે સખુનો ખુરશેદ ઇઝદે તે સરદારને કહ્યા હતા.]

૪. **અગત્યની અસ્તિ* ઇયાને ખોદા-તે લાયકની અસ્તી† એટલે બીજી સર્વ પેદાયશોને પેદાનો કરનાર છે.**

* એને ફારસીમાં "બાયસ્તે હસ્તી" તથા "ગેરવર ફરતાશ" અને આરબીમાં "વાજે બોલવજુદ" કહે છે જેનો ગુજરાતી અથ જરૂરની તથા અગત્યની અસ્તિ થાય છે. એટલે જેની અસ્તિ વના કસી રીતે આગળ ચલાયજ નહી ઇયાને તે સાહેબની અસ્તિ વગર બીજી કસી અસ્તિ બનેજ નહી. અને તે પોતાની હયાતીને માટે બોજા કોઈની ગરજ ધરાવે નહીં.

† એને ફારશીમાં "શાયસ્તે હસ્તી" તથા "ગેરવર ફરતાશ" અને આરબીમાં "મુમકેનોલવજુદ" કહે છે. ઇયાને યોગ્ય, લાયક તથા ઘટતી અસ્તિ એટલે એવી પેદાયશો કે જેની અસ્તિ હોય તો સારૂ તે પેદાયશો પોતાની ઊત્પતીને માટે બીજાની ગરજ ધરાવે છે.

શરેહઃ—એનો ખુલાસો આ પ્રમાણે સમજવામાં આવે છે કે, અસ્તિ ત્રણ રીતની છે. પેહલી અગત્યની અસ્તિ ઇયાને જે પોતાની અસ્તિને માટે બીજાની ગરજ નહી ધરાવતી હોય. (તે ખોદા છે.) બીજી યોગ્ય અસ્તિ ઇયાને લાયક અસ્તિ કે, જે પોતાની હયાતીને માટે બીજાની ગરજ ધરાવતી હોય. (તે ખોદા વગેરે બીજી સર્વ પેદાયશો છે.) ત્રીજી નાજરૂરની અસ્તિ* ઇયાને અઅગત્ય કે જેની અસ્તિ કશી રીતે જોઇતીજ નથી, અથવા તે થવીજ અશક્ય છે. (તે ખોદાનો સાથી કે જે થયો નથીજ અને થશે પણ નહી.) એ બાબે અગરજો આપણે ઊંડો વિચાર કરશું તો તરત જાણવામાં આવશે કે, જેનું મૂળ નાશ થવાને લાયક નહી હોય, તે "અગત્યની અસ્તિ" છે. જેને "ગરવર ફુરતાશ" (ખોદા) કહે છે. અને જે કદી અસ્તિ પકડેજ નહી તે "ના જરૂરની અસ્તિ" છે. જેને "આવર ફુરતાશ" કહે છે, જેમકે બે દુશમેનનું એકઠું થવું, ઇયાને જરૂર અને નાજરૂર અથવા અસ્તિ અને નીસ્તિ. હવે અગરજો જેમાં એ બેઊ રીતી હોય, ઇયાને ઊત્પન્ન થવું અને નાશ થવું પણ હોય, તો તે "લાયકની અસ્તિ" (ખોદા વગેરે બીજી સર્વ પેદાયશો) છે. જેને "નાવર ફુરતાશ" કહે છે. એ લાયકની અસ્તિ ઇયાને પેદા થનારાઓને કંઇબી રીતે બીજો કોઇ અસ્તિ બક્ષનાર હોવો જોઇએ, કે જેને પેદા થનારાઓનો પેદા કરનાર કહે છે. કારણ કે અગરજો (પેદાયશને) અસ્તિ અને નીસ્તિ એ બેઊનું પેવંદ બરોબર હોય તો આપણે વગર વિચારે બેશક જાણીએ કે, તેની અસ્તિને વધારનાર હોવો જોઇએ, કે જેનાથી અસ્તિપામે અને તેજ તેનો પેદાનો કરનાર છે. અગરજો પેદાયશને અસ્તિ અને નીસ્તિનું પેવંદ બરોબર નહી હોય તો, તે (ખોદા)ની અસ્તિ જે વાજેબ ઇયાને અગત્ય છે તે થઇ શકે નહીં; નહીં તો ઉત્પત્તી નહીં થાએ. એઉપરથી એવું સાબેત થાએ છે કે, (ખોદાની ઇચ્છા) નીસ્તિ કરતાં અસ્તિ (ને જાહેરમાં લાવવા) પર વધારે છે, પણ તે એવી અસ્તિ નહીં કે જેનો મરતબો અગત્યની અસ્તિ ઇયાને ખોદાને પહોંચે. એ વધારો ઇયાને હમેશનું રેહવું લાયક અસ્તિ ઇયાને પેદાયશોમાં પસંદ પડતું નથી. કારણ કે અગરજો પેદાયશની

* એને ફારસીમાં "ના બાયસ્ત હસ્તી" તથા "આવર ફુરતાશ" અને આરબીમાં "મોમતનોલ્વજુદ" કહે છે. એટલે એવી અસ્તિ કે જે નહીં હોય તો સારી, તથા તેની અસ્તિ ઊત્પન્ન થવી મુશકેલ છે. કારણ કે કર્તા ઇયાને ખોદા હમેશ એકજ હોવો જોઇએ અને કર્મ ઇયાને બીજી પેદાયશ ઘણી હોવી જોઇએ.

અસ્તિનું જાતી વધવું જે છે, તે નાશ નહીં થાએ તો તે અગત્યની અસ્તિ ઈયાને પેદા કરનાર ગણાય, નહીં કે લાયક અસ્તિ ઈયાને પેદા થનાર. અગરજો તે નીસ્તિને કબુલ કરનાર હોય તો એવું ઘટતું થાય છે, કે નીસ્તિ કે જે ઘટનારી છે તે છતાં તે કામમાં આવે, અને અસ્તિ કે જે વધનારી છે તે કામમાં નહી આવે, એ બેશક નહી બની શકે તેવું છે. તો જાણીતું થયું કે, લાયક અસ્તિ ઈયાને પેદાયશો પોતાની પેદાયશને માટે કોઈ પેદાના કરનારની ગરજ ધરાવે છે. કારણ કે જ્યાં સુધી તે અસ્તિમાં નહીં હોય, ત્યાં સુધી બીજાને અસ્તિમાં લાવી શકે નહીં. જ્યારે એ મતલબ ખુલ્લી રીતે જાણીતી થઈ. તો હવે કંઈબી રીતે પેદાયશો જેવાં કે નવા પેદા થનારા અને સંબંધ ધરાવનારાઓના પેદા થવામાં કસો શક અને ગુમાન રહ્યું નહી. તો જે પેદાયશો કે છે, તેનો કર્તા અગરજો અગત્યની અસ્તિ ઈયાને ખોદા હોય તો હમારી ધારણા મુજબ બરોબર છે. અને અગરજો તેનો કર્તા લાયક અસ્તિ ઈયાને પેદાયશજ હોય, તો તેને પણ કર્તા જોઈએ, અને તે કર્તા પણ ખોદા ન હોય, તો તેનો પણ પેદા કરનાર જોઈએ. તો એવું બને કે કર્તાઓના અનુક્રમનો છેડો અંતે ખોદાપર આવે, અને તે હમારી ઈચ્છા મુજબ છે. અથવા તે "ચરઓ" હોય, ચરઓ તેને કહે છે કે, બે પેદાયશો એક બીજાને પેદા કરનાર હોય, તો તે અશક્ય છે. કારણ કે એક કર્તા પોતાની અસ્તિમાં બેશક કર્મથી કદીમ ઈયાને આગમજ હોવો જોઈએ, તો અગરજો બે પેદાયશ એક બીજાને પેદા કરનાર હોય તો એવું ઘટતું થાય કે દરએક એક બીજાં કરતાં બે મરતબામાં આગમજનાં હોય, અને તે નહીં થઈ શકે તેવું તથા અક્કલથી વેગળું છે. અગરજો પેદાયશનો અનુક્રમ અપાર ચાલ્યો જાય કે દરેક પેદાયશનો એક બનાવનાર થાય, અને તેનો પણ બનાવનાર હોય, કે જેઓનો અંતે છેડોજ નહીં આવે, તો તે અશકય છે. કારણ કે એકની ગણત્રી કે તે ગણત્રી એકાઓનું અનુક્રમ હોય અને તેમાં એકી અને બેકી પણ હોય, તો એવું ઘટતું થાએ છે કે, તે ગણત્રીના અર્ધા દરૂસ્ત અને અર્ધા નાદરૂસ્ત હોય, એ બનવું મુશકેલ છે. વધુ ખુલાસો એ છે કે, જ્યારે અપાર અનુક્રમ એ રીતે અસ્તિ ધરાવતી હોય તો, જે પેદાયશ તે અનુક્રમની સરૂઆતમાં હોય તે પેહલા મરતબામાં હોવો જોઈએ, અને તેને પેદા કરનાર બીજા દરજજાપર અને એ ઉપરથી દરેક અનુક્રમના એકાઓનો દરજજો ઠરેલો હોય. જેમકે ત્રીજો, ચોથો,

એ એકાઓમાંથી કેટલા એક એકીના દરજ્જામાં છે. જેમકે–પેહલો, ત્રીજો, પાંચમો અને સાતમો ઈત્યાદી. કેટલાએક બેકીના દરજ્જામાં છે. જેમકે–બીજો, ચોથો, છઠો, અને આંઠમો ઇત્યાદી. એમ બની શકતું નથી કે બે એક્કાએકી અથવા બે એક્કાબેકી બાજુમાં એકઠા થાએ. કારણ કે બેશક દરેક એકીના એક્કાની પુઠે એક્કો બેકીછે, અને હરેક બેકીના એક્કાથી પેહલો એકો એકી છે. જેમકે પેહલો બીજા સાથે અને ત્રીજો ચોથા સાથે, પછે જે રીતે એક્કો બેકી થાય છે, તેજ રીતે એક્કો એકી પણ થાય છે. વળી એથી ઊલટું એક્કાઓ એકીની ગણત્રી પછી બરાબર બેકી એકીઓ થાય છે. પછે એક્કાઓની એકીના અરધી ગણત્રીનો અનુક્રમ થાય, અને તે (બીજો) અનુક્રમના એક્કાઓની ગણત્રી બેકી થાએ. કારણ કે તેનું અર્ધ બરોબર છે. વળી તે પછે હમે કહીએ છઈએ, કે તે અનુક્રમમાં એકી થવી જોઈએ. કારણ કે, જ્યારે અનુક્રમ ઈયાને હારમાંથી એક ઓછો થાય તો, પેહલી હાર કરતાં તે હાર ઓછી થાય. અને એ જ્યારે બેકીના એક્કાઓપર તથા એકીના એક્કાઓપર પહોંચનાર છે, તો ઘટે છે કે બેકી થાય. એ હારને બેકી થવાનું કારણ એ છે કે પેહલી હાર એકી હોય, કારણ કે તેનું અર્ધ પેહલી અર્ધી હારની જેમ બરોબર થઈ નહી શકે, તેમ ઓછીબી થઈ નહી શકે. કારણ કે જો એકનીસાથે ઓછી હોય તો ઓછી થાય. તો એપરથી ઘટતું થાએ છે કે બીજી હાર બે એક્કાઓથી પેહલી હાર કરતાં ઓછી થાય, તો એવું બને કે પેલી હાર એકીબી હોય અને બેકી પણ હોય, જેમકે અરધુ દરૂસ્તબી હોય અને નહીબી હોય, અને એ અશકયછે કે હારનો છેડોજ નહીં આવે. તો નાચારીએ એવા એક કર્તા તરફ છેડો આવે કે જેનો બીજો કર્તા હોયજ નહીં. તેજ અગત્યની અસ્તિ ઈયાને ઓદાછે, અને આપણું આહવું પણ એજછે. વળી અશો "હોશંગ" જાવીદાને બેરદમાં ફરમાવે છે કે, જ્યારે અત્યંત હાર અસ્તિમાં હોય, પછે એકની સરૂઆતમાંથી દસ એક્કા ઓછા કરીએ તો તે હાર બીજી હાર સાથે દસ દરજે ઓછી થાએ. પછે એ ઓછી હારને તે પુરી હાર સાથે બરોબર કરીએ, અને તે એવી રીતે કે, એ ઓછા અનુક્રમનાં પેહલા આંકને બીજા અનુક્રમના પેહલા આંક સાથે બરાબર કરીએ, અને બીજાને બીજા સાથે, તો તેથી એમ નહીં થઈ શકતું કે દરેકનાં સરખાપણામાં પેહલી હારથી બીજી હાર થાય. નહી તો એવું ઘટતુ બને કે અધુરી હાર પુરી હાર સાથે સરખી થાએ, અને એ બનવું અશકય છે. તો

નાચારીએ એવું બને છે કે તે અધુરી હાર અધુરાપણામાં છેડો મળવેછ. અને પુરી હારના વધારાનો છેડો તેના પુરતા દરજાપર પહોંચેછે, અને એજ હમારી મતલબ છે. વળી પેગમબરોનો ઊસ્તાદ "હોશંગ" શાહ જાવીદાને ખેરદમાં ફરમાવે છે કે, તમામ લાયક અસ્તિઓ એવી રીતે અસ્તિ પામે કે જેમાં કસી પેદાયશ બાકી રહે નહી તો તે સર્વ અસ્તિ છે. એટલાં માટે કે તેના સઘલા અને ભારે ટુકડાઓ અસ્તિમાં છે, અને તે પેદાયશછે, તો તેઓનો કોઈ કર્તા જોઈએ, જે કર્તા એક ટોળીનું મુળ હોય, અથવા તેઓ ઈયાને પેદાયશોનો એક ભાગ હોય, અથવા તેઓથી વેગળી ચીજ હોય. હવે એમાંથી પેહલો (ટોળીનું મુળ) હોવો અશક્ય છે. કારણ કે તેમ હોય તો પોતાના ટોળાંપરજ મુળપણું ભોગવનાર છે. બીજો (એક ભાગ)બા હોવો અશક્ય છે. કારણ કે સર્વનો બનાવનારો એવો હોવો જોઈએ કે, દરેક ભાગનાં બનાવનારાઓ તેનાથી ઊત્પન્ન થાય, પછે અગરજો એક ભાગ તેનો કર્તા હોયતો એવું ઘટતું થાએછે કે, તે પોતાને પણ પેદા કરનાર હોય, અને તેમ બનવું મુશકેલ છે. ત્રીજો (તે તેઓથી વેગળી ચીજ) હમારી ઈચ્છા મુજબ છે. કારણ જે અસ્તિ કે પેદાયશથી વેગળી હોય તો, ઘટતું થાયછે કે તે કર્તા અગત્ય અસ્તિ ઈયાને ખોદા હોવો જોઈએ. એજ રીતે હજાર દાખલાઓ જાવીદાને ખેરદમાં જે અકલ સુધારનાર પેગમ્બરે (હોશંગે) લખેલા છે. જેમાના પાંચસો દાખલા ચરખા (દોર) ની નાદરૂસ્તી અને પાંચસો અનુક્રમની નાદરૂસ્તીને માટે છે. વળી તે સો પેગમ્બરો જેટલો મરતબો ધરાવનાર પેગમ્બર પોતાની જાવીદાને ખેરદમાં ખુરશીદના કલામની શરેહમાં ફરમાવે છે કે સૂર્ય એ કહ્યું. (જુવો નીચલા ફકરાની શરેહ.)

૫. બે અગત્યની અસ્તિ ઇયાને બે ખોદા નહીં હોય.

શરેહ:—અગરજો બે ખોદા અસ્તિમાં હોય તો બેઊ એક બીજાની પુરતી હકીકતવાળા હોવા જોઈએ, તો તેઓને એક-બીજાથી જુદી પીછાણત આપવાને માટે કોઈ જુદીજ ચીજ કે જે તેઓની જાતીથી વેગળી હોય, તે હોવી જોઈએ. તો જ્યારે તેઓ પોતાની મુળ હાલત તથા જુદાઈની પીછાણતને માટે કોઈ બીજા પારકાની ગરજ ધરાવે તો, તે ગરજ ધરાવવાની રીતી પેદાયશોની છે, કંઈ ખોદાની નહીં. વળી તેજ નામામાં લખેછે કે, અગરજો અગત્યની અસ્તિ ઈયાને ખોદા ઘણા હોયતો બીજા પેદા કરનારાઓની રીતી મુજબ તેઓ પણ લાયક અસ્તિ હોવી જોઈએ, જેમકે આગલ આણીતુ

કીધું. દરેક પેદાયશનો કર્તા હોવો જોઈએ, અને આ સબબોનો કર્તા તે તેઓનો મુળ જાતી થઈ શકે નહીં. જેમ જાણીતું થયું કે દરેક લાયક અસ્તિના કર્તાને ઘટતું થાએ છે કે તેનાથી જુદો હોય, તથા તેની અસ્તિને જાહેરમાં લાવવાને માટે તેનીપર કદીમપણું ધરાવે, અને તે તેના ભાગોમાંનો એક થઈ શકે નહીં. કારણ કે સર્વનો કર્તા એવો હોવો જોઈએ કે, તે પોતાના ભાગોનો બનાવનાર હોય, તથા બાહેરની ચીજબી નહી હોય. નહીં તો કે ચરખો એટલે દૌર અથવા અનુક્રમની જરૂર પડે છે, અને તે નહી બને તેવું છે. એજ રીતે ઘણા ખોદાની ગણત્રી કરવાથી એવું ઘટતું થાએ છે કે, તેઓ કર્તા વગરની પેદાયશો હોય, અને તે થવું અશકય છે. વળી એ "જાવીદાને એરદ"ના નામીચા નામામાં ફરમાવે છે કે, અગરજો બે ખોદા હોય તો બેઊ સર્વ પેદાયશોપર શકિતવાન હોવા જોઈએ. કારણ કે ના શકિતવાન ખોદાઇને લાયક નથી. પછે જ્યારે તેમાનો એક કંઈ ચીજ (અથવા કામ)ની ઈચ્છા કરે અને બીજો તેનાથી ઊલટું ચાહે, તે વેળા તેઅગરજો તે બેઊની મુરાદ પાર પડે તો બે દુશમન એકઠાં થાએ, અને જો બેઊનો એરાદો પાર નહીં પડે તો બેઊ દુશમનો નીકળી જાય; અગરજો એકની ઇચ્છા પાર પડે તો બીજો નાતવાન થાએ, ત્યારે નાતવાન ખોદાઈને લાયકનો થતો નથી. એજ રીતે તે નામીચા નામામાં દાખલાઓ ઘણા છે. તે પનોતા નામાંમાં દુનિયાને રોશની આપનાર સૂર્યનાં કલામની શરેહમાં કહે છે. (જુવો નીચલા ફકરાની શરેહ).

૬. યઝદાન નવી જગા (ઉત્પત્તી) નથી.

શરેહઃ—યઝદાન કદી નવો થાતો નથી. જાણવું કે દરેક તાજો પેદા થએલો તો પેદાયશ છે, અને દરેક પેદાયશ કર્તાની ગરજ ધરાવનાર છે. પણ યઝદાન કંઇ પેદાયશ તથા ગરજ ધરાવનાર નથી. તો નવો પેદા થએલો હોય નહીં. અગરજો તેને નવો પેદા થવાની ખાસીયત ઊત્પન્ન થાએ તો તે ખાસીયતનો બનાવનાર જોઈએ, જે વગર ગરજનો હોય. તો તે કંઈ યઝદાનની જાતી (ગોહર) થઈ શકે નહી, કારણ કે તે ગોહર કદીમ છે. જ્યારે પોતાની જાતીમાં બીન ગરજપણું, તવંગરી અને મજબુતાઈ હોય તો એવું ઘટતું થાય છે કે, ખાસીયતમાં પણ પ્રથમથી કદીમ હોય. એમ નથી બની શકતું કે કોઈ બીજો તેની ખાસીયતને નવી અને તાજી

કરવાનું કારણ થાએ. અગરજો તેમ હોય તો વાજેબ થાએ છે કે, યઝદાન એ ખાસીયતને માટે બીજાને હાથ તળેનો તથા ગરજવાલો થાએ, અને બીજાના સબબથી પહોંચ મેળવે, કારણ કે યઝદાની ગુણમાં મહોટો ગુણ પહોંચનો છે, તો એ નહી બની શકે તેવું છે. પછે સાબેત થયું કે યઝદાન નવી ઊત્પત્તી તથા નવા પેદા થએલા ગુણનો નથી. સો પેગમ્બરોનો મરતબો ધરાવનાર (હોશંગે) જાવીદાને ખેરદમાં ભારે ચલકાટ આપનાર સૂર્યના શબ્દોની શરેહમાં લખેલું છે (જુવો નીચલાં ફકરાની શરેહ).

૭. યઝદાન નાપેવસતે ઇયાને વગર જોડાણનો એટલે અમિશ્ર છે.

શરેહઃ—ફરમાવે છે કે, હસ્તી જોડાણવાળી અથવા વગર જોડાણવાળી છે. જેના ભાગ હીસ્સા કરી શકતા હોઈએ તેને "અશ્કયુદ" ઇયાને જોડાણવાળું જાણેછે. અને જેના જુદા જુદા કટકામાં ભાગ થઈ શકતા નહીં હોય, તેને "કામુસ" ઇયાને અજોડાણવાળું (અમિશ્ર) સમજે છે. તો "ગેરવર ફરતાશ" ઇયાને યઝદાન કેટલાએક દાખલાઓ પ્રમાણે અમિશ્ર છે. પેહલું એકે દરેક જોડાણ ઇયાને મિશ્ર જે છે તે પોતાના બીજા ભાગોનો ગરજવાન છે, અને તેની અસ્તી તે ભાગની અસ્તિની પાછલ છે. જેમ કે અકલ હુકમ આપનારી છે. તો જ્યારે તે ભાગો નીપજી આવે ત્યારે તેની પાછળ તે અકલ નીપજી આવે. અને જે એ બેઊ હાલત ધરાવે તો તે પેદાયશ છે. તો એઊપરથી ખોદા જોડાણવાળો ઇયાને મિશ્ર નહીં હોય. બીજો દાખલો એ કે જો તેને કટકા હોય તો તે કટકાઓ અગત્ય હસ્તી ઇયાને ખોદા હોવા જોઈએ. અથવા તો પેદાયશ હોવી જોઈએ. ત્યારે પેહલા ફકરા મુજબ ઘટતું થાય છે કે કેટલાએક ખોદા હસ્તી ધરાવતા હોય. અને બીજા ફકરા મુજબ ઘટતું થાએ છે કે તે કટકાઓનો કર્તા જોઈએ, અને તે ઘટતું નથી કે ખોદા હોય. કારણકે કર્તા પ્રથમ પોતે અસ્તિમાં આવે છે, અને પછે કંઈ ચીજને અસ્તિ આપે છે. અગરજો ખોદા પોતાના ભાગોનો કર્તા હોય તો ઘટતું થાય છે કે, તેની હસ્તી તેના ભાગોપર કદીમ હોય. હાલ જો કે જોડાણનો ભાગ બીજા જોડાણપર કદીમ હોય, તો અશકય છે કે તે (કદીમપણું ધરાવનાર) ખોદા શીવાય બીજો કોઈ હોય. કારણ કે જે કંઇ "નાવરફરતાશ" ઇયાને પેદાયશી છે. તે પોતાની અસ્તિ ખોદાથી મેળવે છે. તો અગર જો તે

ભાગોનો કર્તા ખોદા હોય તો ઘટતું થાય છે કે, ખોદા પોતાના ભાગોપર બે વખ્ત કદીમ હોય અને તે અશક્ય છે. તો તે મિશ્ર હોય નહીં. જ્યારે જાણીતું થયું કે તે જોડાણવાળો ઇયાને મિશ્ર નથી, ત્યારે સાબેત થાય છે કે (ખોદાની જાત) શરીર પણ નથી. કારણ કે શરીર (પદાર્થ જાતી) એવું એક ગોહર છે કે જે લંબાઈ પોહળાઈ અને ઊંડાઇમાં ભાગની લયાકત ધરાવનાર છે. તો તે કટકાઓમાં જુદો પડે છે. જેમ કે બે ત્રણ, ચ્યાર ઇત્યાદી. અને જે કંઇ ભાગ હોય તે પેદાયશ છે. તો ખોદાને શરીર હોય નહીં. કારણ કે, અગરજો પવિત્ર યઝદાન શરીર હોય તો ભાગો સાથે કટકાઓ કીધામાં આવે અને ભાગ કુલ ઇયાને અખંડનો સબબ હોય અને કુલ તેના કીધેલાં ગણાય અગરજો, ભાગને નાબુદ ગણીએ તો તેબી બેશક નાબુદ હોય, તો તે "નાવરફરતાશ" ઇયાને પેદાયશ છે, નહી કે ખોદા. જ્યારે (યઝદાન) શરીર નહીં હોય તો તેને જગ્યા અને તરફ (Side) પણ નહીં હોય. કારણ કે જે કંઇ જગ્યા અને તરફમાં હોય તે શરીર અથવા શરીરનો ભાગ અથવા શરીરનો ગુણ હોય, અને શરીર તથા શરીરના ભાગો કટકા થવાને લાયકીપણું ધરાવે છે, પણ ખોદાને કટકામાં ભાગ, હીસ્સો નથી. જે કંઈ કે શરીરના ગુણ છે તે તેની અસ્તિમાં તેનો તાબેદાર અને ગરજવાળો હોય છે. અને જે કંઈ કે પારકાની ગરજ ધરાવનાર હોય, તે પેદાયશ છે. તો યઝદાન શરીર, શરીરને લગતાં અવ્યઓ નથી, તથા તેની જગ્યા અને તરફ નથી. વળી એ ઊપરથી ચોકસ થયું કે, ખોદા "નાગોહર" ઇયાને (પોતાની જાતીથી નહીં પણ) સંજોગથી બનેલો નથી. કારણ કે જે કંઈ સંજોગથી બને છે, તે શરીર સાથે સંબંધ ધરાવે છે. તેથી જો શરીરને નાબુદ ગણીએ તો સંજોગબી નાબુદ થાએ. જ્યારે તે શરીર નથી ત્યારે દલીલથી જાણીતું થયુંકે સંજોગબી નથી. કારણ કે સંજોગ શરીર સાથે સંબંધ ધરાવે છે. વળી સંજોગ એવી અસ્તિ છે કે તે બીજાનો ગુણ છે. જેમ કે–કાલાશ, સફેદી, સ્વાદ, અને વાસ ઇત્યાદી. તો જે કંઈ એવી હાલત અથવા ગુણ ધરાવતો હોય, તો તે પેદાયશ છે. તો એપરથી જાણીતું થયું કે જે આંખ કે કપાલ આગળ છે તે આંખે ખોદા દેખાતો નથી, કારણ કે એ જાહેરની આંખે જે કંઇ દેખાય તેને તરફ હોય. કે તે જોવાની ચીજ જોનારની સનમુખ આવે. અને જે ચીજ કે

દેખાતી હોય તે કોઈબી બાજુએ હોવી જોઈએ. તો એ દાખલાથી ચોકસ થયું કે ખોદા કોઈ બાજુ ઈયાને તરફમાં નથી. ત્યારે તે રવાનની આંખ શીવાય આ જાહેરની આખે જોઇ શકાતો નથી. હું (પાંચમો સાસાન) જ્યારે અનાસરી શરીરમાંથી બાહાર નીકળું છું. અને શરીરી દુનિયાઓને તજી વધું ઊપર જાઊંછું, તથા ઊંચી પેદાયશોના કુંડાળાં (નવમાં આકાશ) પર પહોંચુંછું, ત્યારે નુરેના નુરને (ખોદાને) જોઊંછું. કે તે કંઈ શરીર, (પદાર્થ) શરીરને લગતી ચીજ તથા સંજોગ નથી, તે વખત અને તરફ વગર માહરીપર ચમકે છે. તે એવી એક મહોટાઈ (અથવા દબદબા) ભરેલો ચમકાટ છે કે, જેની વખાણ જુબાનથી કહી શકાય નહી, કાંને સાંભળી શકાય નહીં, તેમજ આ જાહેરની આંખથી જોઈ શકાય પણ નહી. આ રસ્તા-પર ચાલનારા લોકોને કાલબુદ ઈયાને શરીર તજવાની રીતી હુંએ (પાંચમાં-સાસાને) શીખવી, તથા તેઓને હુંએ પોતાના વડાઓની રીતી મુજબ એ મુબારક દરજ્જાપર પહોંચાડયા. વળી તે પેગમ્બરોનો ઊશતાદ (હોશંગ) જાવીદાને ખેરદમાં ખુશી બક્ષનાર ખોરશીદના કલામની શરેહમાં લખે છે કે (જુવો નીચલા ફકરાની શરેહ).

૮. ખોદાની અસ્તિ મુળ જાતીની છે.

શરેહ:—કહે છે કે ખોદા મૂળ જાતી છે. અસ્તિ ધરાવનારાઓના મરતબા અસ્તિની અંદર ત્રણ રીતના હોય છે. પેહલી.-એવી અસ્તિ કે જે એકની હયાતીમાંથી બીજો અસ્તિમાં આવ્યો હોય એટલે કે પોતાની જાતી ઊપરાંત બાહારથી અસ્તિ મેળવી હોય. જેહવાં કે-પેદાયશો. બીજી-એવી અસ્તિ છે કે, જેની સાથે ગવેહરની ખાસીયત હોય, અને તેથી તે વધેલો હોય. ત્રીજી એવી અસ્તિ હોય છે કે, જેની જાતીનુ એવું મુળ હોય કે પીછાણી શકાય નહી. એ ત્રણે મરતબાની અસ્તિનો નમુનો નુર છે. તેમાંના કેટલા શરીરો જે રોશન છે, તે તેઓની રોશની પોતાની જાતી વગેરે છે. અને તે રોશની બીજાથી મેળવેલી હોય છે. જેમ કે-જમીનની રોશની સૂર્યથી છે. વળી કેટલાએકો જે રોશનીથી રોશન છે, તે રોશની તેની જાતીથી વેગળી હોવા છતાં હમેશ તેની જાતીસાથે છે. જેવી કે-પવિત્ર સૂર્યની રોશની. બીજી એક રોશની છે કે, જેની રોશનીનો ચમકાટ પોતાના ગોહરથી છે, કંઈ બીજી ચીજથી નથી. અને એ નમુનો ખોદાની અસ્તિનો છે. એની સાબેતી એ છે કે, અગરજો

ઓદાની અસ્તિ તેની જાતી વગેરે હોય તો, તે ગુણ થઈ જાય. ગુણ-ગુણ ધરાવનારને તાબે તથા તેનો ગરજવાન હોય, તો જે બીજાનો ગરજવાન થયો તે પેદાયશ છે, અને દરેક પેદાયશનો બનાવનાર જોઈએ. અગરજો ઓદાની અસ્તિ તેના ગોહર ઈયાને જાતી શિવાય હોય, તો તેનો કર્તા જોઈએ. એવું બની નથી શકતું કે, કર્તા પોતાની અસ્તિનો સબબ થાએ, અને થાએ તો એ અકલથી વેગળું અને નહીં બની શકે એવું છે. કારણ કે જો એમ હોય તો એવું બને કે, યઝદાનનું હયાતીમાં આવવું તે પોતાની ઊપર કદીમ થાય. કારણ કે તેની અસ્તિ તે કંઈ તેનાં જાતી ગુણો નથી, તથા તેના ભાગો પણ નથી. જેમકે મજકુર ચોકસ કીધું કે યઝદાન ને ભાગ નથી, તો તેને મૂળ જાતીની અસ્તિ છે. જેમકે તેની જાતી સ્વચ્છ ઈયાને ખાલિસ અસ્તિની છે. એવું કદી ગુમાન કરી નહીં શકાય કે–તે ગવહરને અસ્તિ નહીં હોય. બીજું એ કે જે અસ્તિ મૂળ જાતી ન હોય તેમાં બેપણાનું ગુમાન છે. જ્યારે એવું હોય તો યઝદાન મિશ્ર અને મેળવણી હોય, અને મીશ્ર તો પેદાયશ છે કંઈ ઓદા ગણાય નહી. તેવું છતાં અગરજો હોય તો વધુ અસ્તિ તેની હકીકતપર કંઈબી રીતે સંજોગ થએલી હોય, તો જ્યારે સંજોગવાળી હોય, ત્યારે અલબતાં તેની અસ્તિ બીજાની ગરજ ધરાવવાને લીધે નાવર ઈયાને પેદાયશ હોય, અને ગોહરથી અસલ સબબ તરફ મોકુફ ઈયાને બંધ થાએ. પછે તેને અસર કરનારની જરૂર પડે અને એ અસર કરનાર અગરજો તેના મૂળતત્વનું રવાન હોય તો, અસ્તિની આગમજ તેનું હયાતીમાં આવવું ઘટતું થાય. કારણ કે એક બીજની અસ્તિનાં મૂળને પોતાના બનાવિલાપર પ્રથમ થાવું ઘટતું બનેછે. તો ઓદાની અસ્તિ તેના મૂળનું રવાન હોય. એજ પેગમ્બરે "જાવીદાને ખેરદ"માં યઝદાનના ખલીફા ઇયાને સૂર્યનાં કલામની શરેહમાં શરીરોની બાબતમાં કહ્યું છે કે (જુવો નીચલા ફકરાની શરેહ).

૯. ગુણો જે છે તે યઝદાનના ખુલાસા છે.

શરેહઃ—કહેછે કે, યઝદાનના ગુણો તે તેની પાક જાતીના ખુલાસા છે. કારણકે જે કંઈ પેદાયશોને જાતી અને સેફાતી ઈયાને ગુણોથી પહોચછે તે ઓદાની અમિશ્ર જાતીનાં ગુણોથી પહોચેછે. કારણકે અગરજો તેને વધારે ગુણો હોય, અને મૂળ (ખુલાસો) ન હોય તો તે જગ્યાએ બીજાનો સમાસ

થાએ છે. જેમકે-દાદારની જાતી ગુણોના મેલાણથી પહોંચ કબુલછે. પછે જેની પહોંચ મુળ રીતીથી ન હોય, તો તે કોતાહ અને નારસાઈથી ખાલી નથી, અને નારસાઈ (એટલે પહોંચ નહીં તે) પાક ગોહરપર થઈ શકે નહીં. તો ગુણો પાક ગોહરનો દરસ્ત ખુલાસો હોય. જેમકે-દાનેશના રવાનથી દાના-વછે. નહીં કે દાનેશ જાતીનો વધારો છે. આવતો ખુલ્લુંછે કે, જે "એોર-વંદ" યાને મુળ ખોદા નથી તે પેદાયશ છે. માટે અગરજો યઝદાનનાં ગુણો મુળ જાતીના ન હોય, તો તે "નાવર" યાને પેદાયશ હોય. પછે એવું બને કે યઝદાનની પહોંચ પેદાયશથી હોય, અને જે કોઈકે પારકાથી પહોંચ સોધે તે પેદાયશ છે, નહીં કે-ખોદા, તો એ બનવું મુશકેલ છે. વળી સો પેગમ્બ-રોના જેટલો મરતબો ધરાવનાર "જાવીદાને ખેરદ" નામના દફતરમાં રોશની આપનાર સ્તુતીને લાયકના ખુરશેદના કલામની શરેહમાં કહેછે કે—

૧૦. યઝદાન કુલ તરેહથી જાણેછે.—

શરેહ:—ખોદા પોતાની કુલયાત (પૂર્ણતા) સાથે પોતાની જાતીથી દાનાવ છે. કારણ કે તે ગુણ અને સ્વભાવોથી આઝાદ યાને આપ અખ્તયાર છે. જે કોઈ ગુણથી આઝાદ હોય તેમાં દાનાઇ હોવી જોઈએ, તે એટલા માટે કે અસલ અને અસલ થવું એ દાનાઈને અટકાવનાર છે. જ્યારે તેની જાતી એનાથી જુદી છે. તો તે બદલાતા તેમજ નહી બદલાતા જુજીયાત ઊપર પુરતી દાનેશ સાથે પોતાના ગોહર (જાતી)થી દાનાવ છે. કારણ કે તેના સબબોને સર્વ તરેહથી તએ કુલ યાને પુરતી દાનેશથી જાણે છે. પછે જે પુરતી દાનેસથી સબબને સમજે, તો તેને ઘટતું થાએ છે કે, તે પોતાના ગોહરથી જે ચીજકે નહીં જાણી શકાય તેવી હોય તેને પણ જાણે, કંઈ એવું ઘટતું થતું નથી કે, તે જુજવોના બદલાયા મુજબ જાણે. જેમકે-એક વખત એવું જાણે કે તેઓ હયાત છે, અને બીજી વખત જાણે કે તેઓ નીસ્ત છે. તો અસ્તિ અથવા નીસ્તિથી કોઈબી હોય તથા આકાર જુદી જુદી તરેહના હોય, અને જ્યારે એ બેઉ આકાર એક બીજા સાથે મળતા નહી હોય, ત્યારે તો ખોદા પોતાની જાતીથી એક આકરથી બીજો આકાર બદલનારા હોય, અને તે દરસ્ત નથી. કારણ કે તેને આજેજ થવાની હાલત નથી. એટલા માટે તે જુજોને કુલના તરીકાથી સમજે છે. એ બાબે તે પેગ-

ખ્બરના સખુનો ઘણા છે. પ્રથમ આય નામાને સીકંદરે પોતાની પાદશાહીના વખતમાં યુનાની ભાષામાં લખાવ્યું, અને તે પછે બીજાં કેટલાંએક નામાઓને હમોએ આ ઠેકાણે થોડુંએક લખી સમજાવ્યું છે કે, જે નવો શીખાઊ સમજે, અને પોતાના દાદારને અકલનાં દાખલાઓથી પીછાણે. પછે અગરજો પવિત્ર આકાશ તેને મદદ કરે તો શત દશાતીરની મોટી શરેહ કે જે હમે બનાવિલી છે તે વાંચવાપર જાએ. અને તેમાંની સઘળી બુદ્ધિઓ મળવે,* તથા આ દફતરપરથી અગરજો યઝદાન મદદ કરે તો યઝદાન પરસ્તીનો રસ્તો ધરે. અને એકાંત રેહવું, જાગવું, કમ ખાવું અને યઝદાનને ઇયાદ કરવાનું અખત્યાર કરે તો ખોદા તથા ખોદાની નજદીક વાળાઓને જુવે.

૧૧. પેહલી અકલનો બનાવનાર, રવાનોનો કર્તા, આકાશી શરીરો (પદાર્થી ગોળાઓ) ને સમારનાર, (આલેસ) અનાસરોનો જાહેર કરનાર, અને ચાર ગવેહરો (તત્વો) ને ભેળવનાર ખોદા છે. [બુરા સ્વભાવ દેવોનો બંધ કરનાર પેગમ્બર "તેહમુરસ"ની બનાવેલી "બરીન ફરહંગ" નામની ચોપડીમાં આ મતલબની શરેહમાં લખેછે જે આસમાનની કુચી ઇયાને ચંદ્રએ તેને કહ્યું.] (જુવો નીચલા ફકરાની શરેહ).

૧૨. ખોદા એકજ છે, ઘણાપણા વગર.

શરેહ:—ખોદા એવા એક એક્કો છે, કે જેમાં જાતી અને ગુણથી ઘણાંપણું સમાતું નથી. કારણ કે જાતીમાં ઘણાપણાનો અર્થ જોડાય તો તે ગરજની નીશાની છે. અને ગરજ મુખ્ય કરી ગુણમાં પેદાયશ અને નારસી ધરાવે છે. જાણવું કે અગરજો તેનામાં ઘણાપણાનો ગુણ હોય તો અલબતાં એવું ઘટતું થાએ છે કે, એક ચીજ કર્તાબી હોય અને કર્મબી હોય. કારણ કે સર્વ ચીજનો બનાવનાર તે છે, તો પોતાના ગુણોનો ધરાવનાર પણ તેજ હોવા જોઈએ. હરેક ગુણનો ધરાવનાર તે પોતાની ગુણનો બનાવનાર તથા કબુલ કરનાર થઈ શકે નહીં. કારણ કે એવું બનતું નથી જે એક ચીજ કામનો કર્તા હોય, અને તે કર્મબી હોય. કરનાર જે તરેહથી તે કરનાર છે, તેનેજ માટે બનેલું જરૂરનું છે. અને કબુલનાર ઇયાને કર્મ કંઇ કીધેલાને માટે જરૂર નથી. તેમજ એમબી નથી

* એપરથી જાણીતું થાએ છે કે, એક બીજી મહોટી દસાતીર હોવી જોઈએ, કે જેની અંદરથી આ દસાતીર મુખતેસર લખાઈ હોય.

બનતું કે એક ચીજ બીજી ચીજથી જરૂર થાએ, અને વળી નહી પણ થાએ. બુરા સ્વભાવ એટલે દેવને તોડનાર પેગમ્બર (તેહમુરસ) કહે છે કે, હકીકી એક્કાથી એક ચીજથી વધુ નીકળતું નથી. કારણ કે અગરજો તેનાથી બે ચીજ બાહેર આવે તો અલબતાં તેની નીકળવાની જગ્યા તે બેઊને માટે જુદી જુદી હોવી જોઈએ. એટલા માટે કે એકને નીકળવાની જગ્યા તે બીજાને નીકળવાની જગ્યાથી જુદી હોય તો, એકમાંથી બે બાહેર આવવાની જગ્યાઓ તેહના શિવાય હોય, અને તેનેબી કાંઈ સબબ જોઈએ, અને તેમાં શબ્દ આગળ ચલાવીએ તો નાચારીએ ચરખો અથવા અનુક્રમ આવે. એમ કોઈ કહી નથી શકતું કે, અગરજો એ દલીલ સાચી થાએ તો એવું ઘટતું થાએ કે, એક ચીજ પણ એકતાએ હકીકીથી નીકળતી નથી. કારણ કે અગર તેથી કોઈ ચીજ નીકળે તો તેને નીકળવાની જગ્યાની જરૂર પડે. જ્યારે તે નીકળવાની જગ્યાને કર્તા અને કર્મની વચમાં સંબંધ હોય તો, તેને પણ કાંઈ સબબ જોઈએ, તો નાચારીએ ચરખે અથવા અનુક્રમપર જાએ છે. હમે કહીએછ કે એ બાહેર આવવાની જગ્યાને કંઈ મુળ કે જે બાહેર આવવાની જગ્યાનો અર્થ છે તે નથી. હમો એપરથી એવો સાર કાઢીએ છઈએ કે તેની મારફતથી મુળને થએલા ઈયાને કર્મની સાથે નીસબત હોય કે, જે થએલા અને બનેલાની નીસબત નહીં હોય, અને તે બહાર નીકળવાની જગ્યાની માએની નહી હોય. દેવબંદ (તેહમુરસ) પેગમ્બરનું એ બાબે લખાણ ઘણું છે કે, જે આ જગ્યાએ લખવાની જરૂર જોતો નથી. વળી (તેહમુરસની) "બરીન ફરહંગ" નામની કીતાબમાં શત માહ ઈઝદના કલામની શરેહમાં ફરમાવે છે (જુવો નીચલા ફકરાની શરેહ.)

૧૩. (યઝદાનથી) પ્રથમ પેહલી અકકલ પેદા થઇ છે.

શરેહઃ—કહે છે કે જ્યારે હમોએ એવું ચોકસ કીધું કે યઝદાન પાક ખાલેસ (મુળ) એક્કો છે, તો તે એકતાએ હકીકીથી એક ચીજ શિવાય બીજી કસી નીકળતી નથી. અને તે ચીજ કંઈબી રીતે પવિત્ર અક્કલ હોવી જોઇએ, કારણ કે તે (પદાર્થ) થઈ શકે નહી. એટલા માટે કે શરીર મિશ્ર હોય છે. અને સર્વના કર્તાને તાબે સઘળા જુજોનો કર્તા હોવો જોઈએ, નહીં તો બેશક સર્વનો કર્તા અને બનાવનાર દરસ્ત ઠરતો નથી. પછે અગરજો

પ્રથમ પેદા થએલા મિશ્ર હોય તો, તેનો કર્તા તેના દરેક કટકાનો બનાવનાર હોવો જોઈએ. તો પછે એવું ઘટતું થાએ છે કે, તે એકતાએ હકીકીથી ઘણી ચીજો નીકળેલી હોય. વળી પ્રથમ પેદા થએલા શરીરના ભાગોમાંનો એકુ હોવો જોઇએ નહીં, કારણ કે તેઓમાંના એકુ વગર ગરજનો નથી. તથા બીજાની ગરજ વગર મજબુત રહેતો નથી. તો તેનામાં સર્વે પેદાયશોને બનાવવાની લાયકત હોય નહીં. પ્રથમ થએલાને માટે બનાવનારો અને બાહેર નીકળવાની જગ્યા જોઈએ, કે જેથી પેદાયશોના અનુક્રમનો છેડો ઓદા સુધી પહોંચે, નહીં તો કે અનુક્રમ જરૂર તુટી જાએ. તે પ્રથમ થએલું એવું હોય કે તેના કરતાં આગમજ કોઈ નાવર ઈયાને પેદાયશની અસ્તિ નહીં હોય. તો તેપરથી રવાન પ્રથમ થએલું ઠરી શકે નહીં. કારણ કે રવાનપણ કાયમ નથી, અને તે અસરમાં શરીરનો ગરજવાળો છે. તો એપરથી ચોકસ થયું કે પ્રથમ થએલાએ એવી અસ્તિ મેળવેલી છે, કે જે શરીર, શરીરના ભાગ અને શરીર જેવાંની ગરજ ધરાવતો નથી. તેમજ પોતાની અસ્તિ તથા તાસીરમાં પણ તનં અને તનાની ઈયાને પદાર્થ જેવાની ગરજ ધરાવતો નથી. અક્કલવાન શખ્સ એના શિવાય બીજી કોઈ અક્કલ સોધતો નથી. એ બાબે દેવબંદ પેગમ્બર (તેહમુરસ)ના શબ્દો ઘણા છે. અને તે પછે ફરમાવે છે કે ચંદ્ર કહે છે. (જુવો નીચલા ફકરાની શરેહ).

૧૪. આ અકલે એક બીજી અકલ, રવાન, અને તન પેદા કીધું. અને બીજી અકલોએ પણ એજ પ્રમાણે.

શરેહ:—જાણવું કે ઓદાથી પ્રથમ અક્કલ પેદા થઈ. અને તે મુબારક ફરેશતામાંથી ત્રણ તરફ પેદા થઈ પેહલી તરફમાં રવાની અસ્તિ. બીજી પોતાના શિવાય અગત્યની અસ્તિ, અને ત્રીજી તરફ શરીરી પેદાયશ જાતી. અસ્તિએ રવાની કે જે ભલાઈ શિવાય બીજુ કંઈ નથી, તેમાંથી બીજી પેદા થઈ. ઈયાને બહમન અમશાસપંદથી અરદી બેહસ્ત અમશાસપંદ ઊત્પન્ન થયો. તે પોતાની જાતી અને સેફતો ઈયાને ગુણોથી કોતાઇ, નાદરૂસ્તી અને માદદાની ગરજ ધરાવતો નથી. પોતાના જેવી ઓદાઇ કે જે વખાણવાળી અને મુબારક છે તે શિવાય પોતાની ઓદાઈ રાહથી તથા હમેશ રેહવાની રીતી કે જે એકલું હમેશ રેહવું હલકાંપણું છે તેથી ઊંચા આકાશનું રવાન પેદા કીધું, અને તે વગર ગરજપણાની રીતે માદદા સાથે પસંદ પડતું

છે. અગરજો ગરજની રાહે માદ્દાની પહોંચમાં હલકાઈ છે. લાયક પેદાયશની જાતી કે જે ગરજોના ગુણોની સરની જગ્યા તથા હલકાઈની તરફોની ઊધ્વર ભાવની જગ્યા છે, તેમાંથી નવમાં આકાશનું શરીર પેદા કીધું. કે જે શરીર જાતી અને ગુણ રાહથી માદ્દાનું ગરજવાળું છે. અને એજ પ્રમાણે ઉપર કહ્યા મુજબ ત્રણ તરફ દરેક અક્કલમાંથી બીજી અક્કલ, રવાન અને આકાશી શરીર પેદા થયાં. જ્યાં સુધી કે તલી આકાશોની અક્કલ સુધી પહોંચ્યું. પછે આકાશી હીલચાલ અને તારાઓના જોડાણ અને અસ્તિથી શકિત ઉત્પન્ન થઈને તે આકારો અને ગુણોને ખાલિસ તત્વોપર વરસાવે છે. એ બાબે દેવબંદ પેગમ્બર (તેહસુરસ)નાં ઘણા સખુનો છે. અને તે ફરમાવે છે કે શત ચંદ્રએ મહને કહ્યું.

૧૫. દરેક ભાત યાને તરેહપર પાલણ કરનાર ફરેશતો છે.

શરેહઃ—એના ખુલાસામાં લખ્યું છે કે નુર તેને કહે છે, જે પોતાના રવાનથી પોતે જાહેર થાએ અને તે બીજી ચીજોનો પેદા કરનાર બને. પાલણ કરનારાઓનો પાલણ કરનારને "શેદાનેશીદ" યાને નુરોનું નુર કહે છે. અને બીજા સર્વ આઝાદ અને આપ અખત્યાર અકલો તથા રવાનોને "શીદ" યાને નુર ગણે છે. કારણ કે તેઓ પોતાના ગોહરથી જાણીતા થયા છે. પોતાની અકલની નજરથી પોતાના રવાનને જાણે છે. તથા જાહેર અને છુપી શકિત વગર તેઓ સઘળી ચીજોના સબબો થઈ શકે છે. અગરજો તેનાઓ બીજાને પેદા કરનારા છે, પણ પોતાને પેદા કરનારા નથી. કારણ કે શકિત ધરાવનારા જે નીચેની દુનિયાના છે, તેનાઓને તેઓ સમજવાની કુદરત ધરાવે છે. કંઈ પોતાનું રવાન બનાવનાર નથી. અને દરેક શકિત તેના પોતાના રવાનથી દાનેશનો સબબ થઈ શકતો નથી. જેમકે બીનાઈ યાને જોવાની શકિતથી બીનાઈ* મેળવી શકતી નથી. કોઈ એમ નથી કહી શકતું કે બીનાઈથી બીનાઈ પામ્યો. કારણ કે જ્યારે એક આરસીમાં આંખનાં નુરના કીરણો (પ્રકાશ) પડી પાછા ફરે છે, અને ચમકે છે, ત્યારે બીનાઈને બીનાઈ પામે છે. કારણ કે આંખનું ઘર કંઈ જોનાર શકિત નથી, પણ તે એક શકિત છે કે, જે આંખના ઘરમાં રહે છે. તે શકિત આંખ આગળ નજરે આવતી નથી.

---

* આંખના પરદાની અંદર જે નુર હોય છે તેને કહે છે કે જેવડે આપણે જોઈ શકીએ છઈએ.

વળી એજ નામામાં ફરમાવે છે કે, આકાશી તથા જમીની મિશ્ર તથા અમિશ્ર ભાતોમાંની દરેક ભાતને માટે નુરોની જગ્યા જે આશમાન છે, તેમાંથી એક એક નુર પાલણ કરવા ઠેરવાયલા છે. કારણ કે પ્રથમ તે પાળણ કરનારાઓ ઊપર તેનાઓ કરતાં મહોટા નુરોમાંથી નુરના ચમકાટો વરસે છે. પછે તે નુરોને જુદા જુદા સંબંધોની જરૂર છે. પછે આકારોના અગણીત સંબંધો શરીરી(પદાર્થો) ચીજોમાં પેદા થાએ છે, કે જે સંબંધ તે પાલણ કરનાર નુરોથી અપાય છે. વળી તે મુબારક નામામાં ફરમાવે છે કે, શરીરો આઝાદ નુરોનાં છાયાં છે. અને છાયો તે નબલું થએલું નુર છે, અને તેટલાં માટે શરીર સાથે નુરનો સંબંધ થોડો હોય છે. કારણ કે તેઓ પોતાની જાતીને પેદા કરનારા પોતે નથી, અને પોતાના વગેરે પારકાને જાહેરમાં લાવનારા છે. મજબુ-તાઈઓ—આઝાદ અસ્તિની નીશાનીઓ છે, કે જે સર્વ એલમો અને ગુણોને પોતાની જાતીથી પીછાણે છે, કે જે શરીરોમાં જાહેર નથી. વળી દેવબંદ પેગમ્બર (તેહમુરસ) એ નામામાં કહે છે કે, પેહલા આકાશના ચંદ્રએ મહને કહ્યું કે (જુવો નીચલા ફકરાની શરેહ.)

૧૯. અકલો વગર સરૂઆતના છે.

શરેહઃ—કહેછે કે, અકલો નવી જાહેર થએલીઓ નથી. કારણ કે નવી તથા નવી પેદા થએલી ચીજો આકાર પકડનારી તથા આકાર તજનારી છે. આકાર પકડનાર તથા છોડનાર બે ભાગથી બનેલી તથા બે ગુણોની ગુણવાન વગેરે નહીં હોય. અને એ ભાગવાલા શરીર વગેરે બીજાઓ આકાર પકડતા નથી. એ સબુનોની મતલબ એ છે કે, એક ચીજ કર્તા અને વળી કર્મ થઈ શકતા નથી. દરેક નવાં અથવા નવાં પેદા થએલાની બુનિયાત પ્રથમ, અને તે પેદાયશ તે અસલની પાછળ થવો જોઇએ. પણ અકલોની અસલ નથી. વળી દેવબંદ પેગમ્બર તે બુઝોર્ગ નામામાં લખેછે કે, અકલો પોતાની પહોચ, શકતી, તથા પહોચના ગુણો જે ધરાવે છે, તેથી તેઓ હમેશ વખાણાયલી છે—કારણ કે ઠેકાણાસર તેના દાખલા સાથે બતાવ્યું છે કે નવી પેદાએશની ચીજ પોતાની અસલને સોધનારી છે. કારણ કે તેણે કદીમ આકારી ગીરદેશથી નવું ઉત્પન્ન થવાની શકિત પકડી હોય, અને એ બનાવ જમાના શિવાય બની શકે નહીં. પણ અકલો આઝાદીનાં સબબથી જમાનાથી વેગળીછે. જમાનો તેને કહેછે કે જે જમાના શિવાય બીજામો કસી નવી ચીજ હયાતી મેળવે નહીં. અને તે જમાનો નવમાં આકાશની

કેટલીએક ગીરદેશો છે. પણ અકલોની અસ્તિ જમાના સાથે વળગેલી નથી. પ્રથમ અકલ-જમાનાને હયાતીમાં લાવવાની મતલબ ચરખાની ઉત્પતીને માટે છે. કારણ કે જમાનાની શકિત મોહટા આકાશ સાથે સંબંધ ધરાવનારી છે. અને આકાશની અસ્તિનો પેહલી અકલ સાથે સંબંધ હોય છે. દેવબંદ પેગમ્બર (તેહમુરસ) ની એ બાબે ઘણીએક દલીલોછે. જાહાનને સુધારનાર પેગમ્બર જમશીદની બનાવેલી "ફરાજીને ઓરવંદ" નામની કીતાબમાં તે સાહેબ કહેછે કે, શત બેહરાંમ ઈયાને મંગલ તારાએ મને કહ્યું. (જુવો નીચલા ફકરાની શરેહ.)

૧૭. આકાશને ચંચલ રવાન છે.

શરેહઃ—હુનર વધારનાર પેગમ્બર (જમશીદ) ફરમાવે છે કે, આઝાદ રવાન આસમાનોને બધે પહોચી વળનારૂ છે. કારણ કે તેઓ આકાશની ઈચ્છાઈ ગતિને માટે ફેરવાયલાં છે. અને જે એ રીતીપર હોય છે, તેનેજ કુલીયાત પામનારૂ ઈયાને બધે પહોચી વલનારૂં રવાન હોયછે. જાણવું કે અગરજો આકાશોની ગતિ ઈચ્છાઈ નહી હોય, તો વગર ઈચ્છાની અથવા સ્વભાવીક હોવી જોઈએ, અને તે બેઉ નાદરૂસ્ત છે. કારણ કે આસમાનો આકાશી (ચકરની) ગતિથીજ હીલનારા છે, અને આકાશી ગીરદેશથી ફરનાર એક પુઠે એક નવી તરાંહઓની સોધાસોધ કરેછે, અને ફરી તેને તજી દીએ છે. વળી અગરજો તેની ગતિ સ્વભાવીક હોય તો એવું ઘટતું થાએ છે, કે એક ચીજ સ્વભાવથી નીકળતી હોય, અને વળી તે સ્વભાવ તરફ પાછી ફરતી હોય, અને એની ના દરૂસ્તીને માટે વધુ બોલવાનું કંઈ રહ્યું નથી. બીજું એ કે આસમાનો અઈચ્છા ગતિથી હીલનારા થઈ શકતા નથી. તેની બીના એ છે કે, અઈચ્છા ગતિ તે એવી એક ગતિ છે કે જે સ્વભાવીક ઈચ્છાથી ઊલટી છે. જ્યારે એવું દરૂસ્ત થયું કે તે સ્વભાવીક ગતિ તથા ઈચ્છાઈ ગતિ નહી હોય તો, અઈચ્છાઈ ગતિ પણ નહીં હોય. કારણ કે રૂદ્રમાલામાં બેસનારા દાનાવોએ ઘણાખરા આસમાનોને અખત્યારી ગતિથી પીછાણેલા છે. તો દાનાવો જાણે છે કે, કોઈબી આકાશ બીજા આકાશથી અઈચ્છા ગતિ મેળવતી નથી. કારણ કે દરેક આસમાન એવી શકિત નથી ધરાવતું કે, જે ગતિમાં પોતે ફરે તેજ ગતિમાં બીજાને ફેરવે. વળી બીજી રીતે પણ એવું ઠરતું નથી કે, આકાશોને

અઇચ્છા ગતિ હોય, કારણ કે અઇચ્છા (અથવા જુલમ) થી ગતિ આપનાર શરીરમાં હોય નહીં, પણ એવું શરીર કે, જે શરીર ઉપજાવનાર રવાન કરતાં તેનું રવાન મહોટું અને મજબુત હોય, અને એવું શરીર નથી કે જેનું રવાન સઉથી મહોટાં આકાશના રવાન કરતા મહોટુ અને મજબુત હોય. તો એપરથી એવું ચોકસ થાય છે કે, આકાશોનું આકાશ ઇયાને સઉથી મહોટા આકાશની હીલચાલ કંઇ અઇચ્છા ગતિથી નથી. વળી એવું ઘટતું નથી કે, કુલ આકાશોમાંના થોડાએકોને આઝાદ રવાન હોય, અને કેટલા-એકોને નહી હોય. તો સઘળાં આકાશોની ગતિ અસલી ઇચ્છાની છે. હવે જ્યારે આસમાનોની ગતિ એરાદી ઇયાને ઇચ્છાઇ હોય તો ઘટતું થાય છે કે, તેનાઓને ચંચળ રવાન કે જે બધે ફરી વળનાર છે, તે હોય. કારણ કે પોતાની ઇચ્છાઇ ગતિમાં પસંદ કીધેલાની જરૂર છે. તે કર્તા તેથી કરીને તે પસંદ કીધેલાની ખીના ઉપર આએ પોતાના ઇચ્છાઇ કામને અખત્યાર કરેછે. અને એ પસંદ થએલો-વિચાર શક્તિની મારફતે તથા સર્વ શરીરી શકિતઓ કે, જે કામો તથા ચીજોના ભાગોને સમજનાર છે, તેઓની માર-ફતે ઉત્પન્ન થાએ છે. કારણ કે જે કંઇ શરીરી શકિતઓની મારફતે મલી આવે ઇયાને ઉત્પન્ન થાએ, તે ભાગ હોવા જોઇએ. જ્યારે ચીજની અસ્તિ-માં ભાગનો સબબ હોય કે જેનું બદલાવું ઘટતું થાએ, તો ખસુસ કરીને તે ચીજબી બદલ થવું ઇયાને ફેરફાર કબુલનાર હોય. પછે અગરજે આકાશી રવાનોના સબબ સુધારવાનો અંત પોતાની ઇચ્છા મુજબનાં કામોપર હોય કે, જે શરીરી શકિત ઉત્પન્ન થએલા કામોની ગતિ અખત્યાર કીધી હોય, તો અલબતાં આકાર નહી પકડી આકાશની હમેશની હીલચાલ એકજ હાલ-તમાં એવી રીતે રહે કે તેમાં ગીરદેશ તથા ફેરફાર થાય નહીં. પછે એ હીલ-ચાલ કુળને સમજવાથી વધારનારી હોય કે, જેમાં અગણીત કામો ભરેલાં છે. અગરજે કદાચ સમજનાર તેની સાથે હોય તો કંઇબી રીતે એક જગા પકડનાર તરેહનાં ઘણીમાં અખત્યાર કરીને કેટલી એક તરેહમાં પસંદ થએલા હોય. પછે આકાશો, ઘણી એક ચીજો અને કામો ઉપર દરૂસ્ત આવી શકતું નથી. એટલા માટે કે રવાનો કુલીયાતનું પામવું (અથવા પુરતી સમજણ) ધરાવેછે. કે જેમ આદમીઓ સાથે સંબંધ ધરાવનાર રવાન હોય છે, તેમજ આકાશો સાથે રવાનોનો સબંધ છે. તે રવાનોને શરીરી શકિત પણ હોય છે, કે જેને "ખંદુરાન" ઇયાને આકાશી વીચાર શકિતઓ

કહે છે. અને એ આકાશી વીચાર શકિતઓ પોતે વિચારવાળા આસમાનોની સરૂની જગ્યાએથી જુજવી હીલચાલ સાથે ઊત્પન્ન થએલી હોય છે. કારણ કે એ સરૂની જગ્યાની જુજવી હીલચાલો જાહેર થવાને માટે કુલ્લીનું દરયાફત કરવું પસંદ પડતું નથી. એટલાં માટે કુલ્લી દરયાફત કરવાની ખુશી સર્વ જુજવીઓ સાથે બરોબર છે. પછે જુજવી દરયાફત ઇયાને સમજણ જે વેહચાયલી હોય, અને શરીરી હથયારો શિવાય બહાર આવી નહી શકે, તેની ઊપર જુજવી હીલચાલો નાચારીએ થવી જોઇએ. એ આકાશમાંની શકિતને માણસોમાંની શકિતની માફક ધારવામાં અવે છે. એ શકિતઓ આકાશોના સર્વ ભાગોમાં પહોંચી વળેલી છે. કારણકે અમિશ્ર શરીર કંઇ જુદી જુદી તરેહની જાતીવાળા જુજવા ઇયાને ભાગોથી થએલું હોય નહી. પછે અગરજો શકિતઓમાંથી એક શકિત આસમાનની એક તરફ હોય, તો બીજી તરફ વગર વધારનારે વધવાની જરૂર છે. કારણ કે તે શકિતઓ આકાશોના સર્વ જુજોમાં ચમકેલી હોય. વળી હુન્નર વધારનાર પેગમ્બર (જમશીદ) પોતાની "ફરાઝીન ઓરવંદ" નામની કીતાબમાં કહે છે કે, શત બેહરામ ઇયાને મંગળ તારાએ મને કહ્યું (જુવો નીચેના ફકરાની શરેહ.)

૧૮. નીચલી દુન્યાપરનું રવાન આઝાદ ઇયાને આપ અખત્યાર છે તથા તે હીસ્સા, સરૂ, અને અંત વગરનું છે.

શરેહ:—એવું કહે છે કે, પવિત્ર રવાન જે ચંચળ છે, તે આઝાદ અમિશ્ર અને ગતિ આપનાર એક ગોહર છે. જેને માણસ કહે છે, અને હું, તું તેને કહે છે. તે ફરેશતાને ઇયાને રવાનને શરીર સાથે સંબંધછે, જો કે તે તેમાં પેવસ થતો નથી તથા ભેળાતો નથી, તો હમે કહીએ છઇએ કે એક દાનાવ આગળ તે (રવાન)ની જાતી તથા અસલીપણું અત્યંત ખુલ્લું છે. એક ઊંઘાએલો ઊંઘમાં, છાકટ છાકટાઇમાં, જાગરૂત જાગરૂતપણામાં, તથા હુશ્યાર પોતાની હુશ્યારીમાં સર્વે ચીજોથી બેભાન થઇ શકે છે. પણ કોઇબી હાલતમાં પોતાની ખુદી ઇયાને પોતાપણાથી બે અખત્યાર તથા બેહુશ થઇ શકતો નથી, તો જેમાં તું છે, તેમાં દલીલ અને તકરારની જરૂર નથી. કારણ કે દલીલનો ગુણ એ છે કે, તે વચમાં પડનાર થાએ, એટલા માટે કે કંઇ ચીજ સોધનારાને અંતે જે ચીજ કે તે સોધતો હોય તે ચીજપર પુગાડે ત્યારે પોતાની અસ્તના ઊપર દલીલ

કેહવામાં આવે તો, તે એક બીજની મીઆનજી યાને વચમાં પડનાર થાએ, તો પછે તે પોતાને પોતાનીજ અંદર પુગાડે, અને જ્યારે પોતે તો હમેશા પોતાની સાથે હોય છે, ત્યારે પોતાની ખુદી ઊપર દલીલ લાવવી નાલાએક છે. જ્યારે તું બેશક જાણે છે કે તું તુંજ છે, તો હમે તું (પણ) ને કહીએ છઇએ કે રવાન ગોહર છે, કંઇ નાગોહર ઈયાને મિશ્ર નથી. કારણકે આપણે વિચાર કરીએ કે પાક યઝદાન શિવાય હરેક અસ્તિ પામેલું ગોહર યાને ખાલેસ જાતી, અથવા તો "તાવર" ઈયાને બીજી ચીજની મદદથી નવી પેદા થએલી હોય. પછે જે અસ્તિ કે પોતાની અસ્તિ શીવાય બીજી એવી એક અસ્તિની ગરજ ધરાવે કે, જે પોતે પોતાને માટે બીન ગરજનો હોય; જેમ કે એક પાદશાહી સોનેરી તખતનો આકાર કે, જે આકાર તે સોનાને તાબે છે, કારણકે જો તે સોનું નહી તો તખતનો આકાર બની શકે નહીં. તો તે અસ્તિને ફારસીમાં "પેહે" તથા "વાબસ્તે અને દસાતીરની ભાષામાં "તાવર" કહે છે. અને જે અસ્તિ કે બીજાની તાબે-દારી કીધા વગર તથા ગરજ ધરાવ્યા વગર પોતાની જાતે મજબુત હોય; જેમકે ઊપર આપેલા દાખલામાંનું સોનું. તો તેને ફારસી ભાષામાં "ગોહર" તથા આકાશી ભાષામાં "ફરોહર" કહે છે. જ્યારે આવી રીતે હમે ખુલ્લું કરી દેખાડયું તો એપરથી જાણીતું થશે કે "તાવર" ની ખાશીયત એછે કે પોતાના શિવાય બીજી ચીજથી પોતે કબુલ થએલા અને ઊત્પન્ન થએલા હોય, અને તે ઊત્પન્ન કરનારને પોતાની અંદર બીન ગરજપણું તથા મજ-બુતાઈ હોય, કે જેથી તે "તાવર"ને ઊઠાવનાર અને જાહેર કરનાર થાએ. માણસોનું ગોહર અર્થો તથા સમજણ શકિત મેળવનાર છે, અને તેમાં આકારો તથા અર્થો લખાય છે, અને પાછા ભુસાય છે. પણ એ ખાસીએત "તાવર" ને લાયક નથી, તો રવાન તાવર થઈ શકે નહીં. હવે જ્યારે તે તાવર ઈયાને મિશ્ર નહી હોય તો, ગોહર યાને અમિશ્ર જાતી હોય. હવે કહીએ છઇએ કે, રવાન તન યાને જડ પદાર્થ નથી. કારણ કે તન અલ-બતાં સાધા થાએ છે, પછે ગમે તેટલો તે નાહનો કટકો હોય. અગરજો એક કટકો એટલો નાહનો હોય કે, જે છરી અથવા કોઈબી હથ્યારથી કપાઈ શકે નહી, તોય પણ અકલ કહે છે કે, તેનાબી કટકા થઈ શકે છે. જેમકે ત્રણ કટકા પદાર્થને એક બીજાની પાસે મુકીએ તો જે પદાર્થ વચમાં આવે

તે પેલા બે પદાર્થને એક બીજા સાથે જોડાઈ જવા દેતો નથી કારણ કે તે બેઊ પદાર્થોની બાજુઓ પેલા વચલા પદાર્થ સાથે અથડાએચ, ત્યારે તે વચલા પદાર્થને બે બાજુ ઊત્પન્ન થાએ છે. જેમાંની એક બાજુ ઈયાને કોર જમણી તરફ આવેલા પદાર્થ સાથે જોડાય છે, અને બીજી બાજુ ડાબી ગમ આવેલા પદાર્થની બાજુ સાથે સંધાય છે. અને પેલા બે કીનારા બે કીનારાપર આવેલા બે પદાર્થોનાં પણ બબે બાજુઓ જાહેર હોય છે, જેઓની એક બાજુ પેલા વચલા પદાર્થ સાથે સંધાયલી રહે છે, અને બીજી બહાર તરફ ખુલ્લી રહે છે. જે ચીજ કે બે બાજુ ધરાવતી હોય તથા જોડાણ કબુલનાર હોય, તેના કટકા કરી શકીએચ. અગરજો તે વચલું પદાર્થ તે કીનારીવાલા બે પદાર્થોને એક બીજા સાથે જોડાતાં અટકાવે નહી તો તે વચમાં આવેલું ગણાએ નહીં. અને તેઓનું મલવું તે એક બીજામ ભળવું છે. તો બે પદાર્થ એક પદાર્થની અંદર સમાઈ શકિત નથી. કારણ કે જે જગ્યા એ એક ચીજથી વધારે કંઇ નહી સમાઈ શકે, તે જગ્યાએ બે ચીજનું સમાવું અશક્ય છે. જેમકે એક માણસ એક જગ્યાએ બેઠેલા હોય, કે જે જગ્યા લાંબી, પોહલી અને ઊંડાઈમાં એકજ શખસનાં પ્રમાણ જેટલી હોય, અને તેજ જગ્યાએ એક બીજો માણસ બેસવા જાય કે જેનાથી પેહલા બેઠેલાને કસી ઈજા અને અડચણ નહીં પહોંચે, તો તે અશકય છે. દરેક પદાર્થ મિશ્ર અને બીજા ભાગોને કબુલ કરનાર હોએ છે. જે બીજું પદાર્થ કે તેનાથી ઊત્પન્ન થએલું અને કબુલ થએલું હોય, તો તેપણ ભાગ કબુલનાર હોયછે. કારણકે ભાગ તે જગ્યા ધરાવનારાઓને વેહેંચણી કરવાની જગ્યાછે. પછે હમે કહીએ છઈએ કે, એકપણાનો અર્થ ધરાવનાર (અમિશ્રજાતી) ને કસા ભાગ તથા કટકા નથી. અગરજો તું તેને કટકા ગણેતો તે વેહમ અને ગુમાનથી હોય, કંઈ અક્કલથી નહીં. કબુલ નહી થનાર ભાગમાં કબુલ થનારા ભાગ સમાતા નથી, અને સમાએ પણ નહી. કારણકે જે કંઈ ભાગ (કટકા) માં વેહેંચાઈ શકાયછે, તે ગણાઈ શકાયછે. જેમકે-જગ્યા, ઠેકાણા, ભાગ, અને કટકા ઈત્યાદી. પણ રવાનનાં આકાર તથા કટકા થઇ શકતા નથી. (તેથી તે ગણાઈ શકાતા પણ નથી.) તો એ દાખલાપરથી એવું સિદ્ધ થયું કે, રવાન "કામુસ" ઈયાને ખાલિસ (અમિશ્ર) છે, અને પદાર્થી એટલે મિશ્ર વસ્તુ નથી. કારણકે રવાન તે

એકકાના અર્થને માટે જગ્યાછે. અને એકકાનો અર્થ (એકપણાની હાલત) તેની અંદર મથક ધરનારછે. અગરજો અમિશ્રની જગ્યા મિશ્રપદાર્થમાં હોય તો, જ્યારે તે મિશ્રપદાર્થનાં ભાગ કરીએ ત્યારે તે અમિશ્ર પદાર્થના પણ થવા જોઈએ. કારણકે ભાગ થએલા જુજમાં જગ્યા પકડનાર તે હકીકતરીતે જુજમાં જગ્યા પકડનાર થાએછે, કંઈ કુલમાં થતો નથી. અગરજો કુલમાં જગ્યા પકડનાર થાએ તો હરેક જુજમાં જગ્યા પકડનાર શિવાય બીજા જુજોમાં પણ જગ્યા પકડનાર થાએ. એપરથી જગ્યા પકડનારાઓનાં ભાગ કરવા ઘટતા થાએછે. તો જાણીતું થયુ કે રવાન અમિશ્રછે. હવે હમે કહીએ છઈએ કે ચંચલ રવાન કદીમ છે, કંઈ નવું ઊત્પન્ન થએલું નથી. કારણકે દરેક નવાં પૈદા થએલાં તથા નવા ઊપજેલાને માટે તેઓ કરતાં આગમજ માદ્દો તથા અસલ જોઈએ. પછે અગરજો રવાન કદીમ નહીં હોયતો માદ્દા તથા સબબવાલું હોય, અને આઝાદ તથા છુટું નહી હોય. પણ તેની આઝાદી અને છુટાપણાની દલીલો તો ખુલ્લી છે. હવે હમે કહીએ છઈએ કે, રવાન પાયદાર ઈયાને હમેશ રેહનારછે. અને શરીરનો નાશ થયા પછે તેનો નાશ થતો નથી, ઇયાને હમેશ બરકરાર રહેછે. કારણકે જે કંઈ નાશ થાએ છે તે, તે નાશ થવાની આગમજ પણ નાશ થવાને ઘટારત હોય, અને એ ઘટારતને માટે જગ્યાની જરૂર છે. અને એવું ઘટતું થતું નથી કે જે ચીજ નાશ થાએ તે જગ્યા પોતે ગોહર હોય. કારણકે તેમાં નાશનું લયાકત અટકેલું છે. આએ તો ખુલ્લું છે કે, તે ચીજ નાશ થયા પછે તે આજેજ નથી. તો અગરજો રવાન નાશ થાએ તો એમ બનવું જોઈએ કે રવાન શિવાય નાશ લાયક જગ્યા બીજી ચીજ હોય, અને તે ચીજ રવાનનો માદ્દો હોવો જોઈએ, જેથી કરી રવાનના નાશની લયાકત તેનીજ સાથે કાયમ રહી શકે. કારણકે એક ચીજ બીજી ચીજથી જુદીછે. તો એક ચીજની નાશને લાયકની જગ્યા થવી અક્કલની રીતથી વેગળી છે. (અને જો તેમ થાએતો) એવું ઘટતું થાએ કે, રવાન માદ્દાવાળું તથા ભેલાણવાળું હોય, પણ રવાનની આઝાદીનો દાખલાનું બ્યાન ઊપર આવી ચુકું. તો રવાન "જાવીદ પાએ" ઈયાને હમેશ રેહનાર છે; તથા રવાન પોતાના ગોહરથી પાયદાર ઈયાને કાયમ હોયછે; તથા હથયારોને સીંગારનાર હોયછે. કારણકે તે પોતાને પીછાણે છે, અને તેને જરૂર નથી કે કસા હથ્યારો કે જે તેના તથા તેના ગોહરનો સબબ થાએ તેનાથી પોતાને પીછાણે અને હથ્યારોથી પોતાને

તથા પોતાના હથ્યારોને પીછાણી શકતો નથી. જેમ–ખીનાઈ બીનાઇ*ને જોતી નથી. એજપ્રમાણે રવાન નાદરોસ્તી પામનારા શરીરોને પીછાણેછે. તથા સાચાં, જુઠાને જુદું કરેછે. તો જાણીતું થયું કે તે (રવાન)ની દાનેશો કસા હથ્યારની મદદથી તેને મળી આવી નથી–અગરજો કંઈ ચીજ તે ચીજ પીછાણનારને માટે નહીં હોય તો, બીજો તેને કેઈ રીતે પીછાણે તેમજ રવાન શરીર ધરાવનારાઓને નજર આવતું નથી. કારણકે રવાન કંઈ જડપદાર્થ નથી, અને તેઓ પદાર્થ તથા પદાર્થને લગતી ચીજો વગેરે બીજી ચીજોને જોઈ શકતા નથી. રવાનનું કામ ખીજા હથ્યારોની મારફતે છે, કારણકે તે પોતાની શક્તિઓથી દરીયાફ્ત કરેછે: તથા પોસ્ટી અને જીની નસોને તે હીલચાલ આપેછે. હુન્નર સીંગારનાર પેગમ્બર (જમશીદ) કહેછે કે, બેહરામ ઇયાને મંગળ તારાએ મને કહ્યું.—

૧૯. રવાન એક શરીરમાંથી બીજા શરીરમાં જનાઇછે. સર્વથી વધુ છુટાપણું ધરાવનાર રવાન ખોદાને જોઇ શકેછે. તેઓથી ઊતરતા રવાનો આકાશોમાં મથક ધરાવેછે. અને તેઓથી ઉતરતાં એક તત્વી શરીરમાંથી બીજાં શરીરમાં જાયછે.

શરેહ :—પછે હુન્નર સીંગારનાર પેગમબર (જમશીદ) કહેછે કે, સુખ મેળવવું પસંદ પડતું છે, અને દુઃખ મેળવવું તે નાપસંદ છે. કંઈબી ગોહરને પીછાણવું તે રવાનનાં ગુણોથી છે, તો તે રવાન તનથી જુદું થયા પછી સુખ અથવા દુઃખ ભોગવી શકેછે. શરીર અને શરીરી શકિતઓ જુજ અને કુલ લાગણીઓથી કરીને કંઈબી રીતે (સુખ, દુઃખ) સમજી શકેછે, પણ તે છતાં લાંબી મુદત રહેતું નથી, અને શરીરી સંબંધથી છુટયા પછી અક્કલનું સુખ દુઃખ, શરીરી સુખ દુઃખ કરતાં હમેશ રહેછે. કારણકે જેમ કૌવત વધારે મજબુત હોય તેમ સમજણ વધારે પહોંચ મેળવનાર હોય. તો રવાની ગોહરનું કૌવત જ્યારે શરીરી શક્તિ કરતાં વધારે કાયમછે, ત્યારે તેની સમજણ પણ શરીરી સમજણ કરતાં વધારે મજબુત હોવી જોઇએ. કારણકે શરીરી શકિતઓ બાહેર અને જાહેરની ચીજો શિવાય બીજી ચીજોને જોતી તથા સમજતી નથી, પણ અક્કલની શકિત છુપી ચીજો તથા બાતેનમાં પેવસ થાએછે, અને તેની સમજણ

* જોવાનું નુર કે જેવડે આપણે કંઇ ચીજ જોઇ શકીએ છઇએ.

લાગણીઓની સમજણ કરતાં સરસ છે. કારણકે અકલની સમજણો તે, કુલીયાત, અકલો ઈયાને ફરેશતાઓ તથા યઝદાનની માફક આઝાદ છે. અને શરીરી સમજણો તે, રંગ, છાયા તથા વાસ જેવી છે. અને ચોકસ છેકે, આઝાદો વધુ વખાણાયલાં છે. જ્યારે જાણીતું થયું કે અકલી સમજણોથી સમજમાં આવેલું, સમજવું તથા સમજનાર સરસ હોયછે. તો રવાની સુખ શરીરી સુખ કરતાં સરસ હોવું જોઈએ, અને એ ખુશીને શરીરી ખુશી સાથે સરખાવી શકાતું નથી. કારણ કે તે (રવાન) સંબંધ આઝાદો, તેમાં મુખ્ય ખોદા સાથેછે. તો તેઓમાંની જે (રવાનોની) ટોળી ફતેમંદી ભરેલી તથા અત્યંત ભલાં નસીબવાળી હોય તથા જે ટોળી વાચા અને કર્તુકથી સઊથી સરસ મરતબે પહોંચી હોય, તો તે કંઈબી રીતે નુરી દુનિયા (નવમાં આકાશ) માં પુગેછે. તથા તેઓ કરતાં ઊતરતી પદ્વીની એક ભલા નસીબવાળી (રવાનોની) ટોળી કે જે (નીચલી દુન્યાનાં) તત્વી સંકડાસમાંથી છુટેછે, અને આઝાદોની બહોળી જગ્યાએ પહોંચી સકતી નથી, તો તે ટોળીના રવાનો આકાશોમાંનાં કોઈબી આકાશોમાં (પોતાના ધટારત મુજબ) સંબંધ મેળવી તેમાં પોતાનું મથક કરેછે; અને ત્યાં નેક આકારોની ખુશી તથા પસંદ પડતા ગુણો કે, જે તે આસમાનોના રવાનમાં છે તેને તેઓ મેળવેછે. હવે જે રવાનો કે બુરા સ્વભાવ (કર્તુક) નાં કેદખાનામાંથી નહી છુટા હોય, પણ તેઓની ભલાઈ બીજાઓ કરતાં વધારે હોય તો, તે એક (મનુષી) શરીરમાંથી બીજાં (મનુષી) શરીરમાં જાયછે. જ્યાં સુધી કે તે (બુરા કર્તુકનાં કેદખાનામાંથી) છુટકારાની મહોટાઈ મેળવે. તે ફરવું ઈયાને અવતારને "ફરહંગ સાર" તથા (કદીમ ફારસી ભાષામાં "વાનવેસ્ત" તથા ચાલુ ફારસીમાં "મરદુમસાર" તથા આરબીમાં "નસ્ખ") કહેછે. જે રવાન બુરાઈનાં સબબથી પોતાનાં સ્વભાવોની લાયકી પ્રમાણે મુંગા જાનવરોનાં શરીરમાં જાયછે, તે (અવતાર) ને "નંગસાર" (આરબીમાં "મસ્ખ" તથા ફારસીમાં "જાનવરસાર") કહેછે. કોઈ વેળા (તે રવાનો) ભાજીપાલાઓમાં ભેલાયછે. તે (અવતાર) ને "તંગસાર" (આરબીમાં "ફસ્ખ," અને કદીમ ફારશી ભાષામાં "અંદાખ્ત" તથા ચાલુ ભાષામાં "રૂયંદેસાર") કહેછે. વળી કોઈ વેળા ધાતુઓમાં ભેળવાયછે. તે (અવતાર) ને "સાક" અને (ફારસીમાં) "સંગસાર" (તંથા આરબીમાં "રસ્ખ" અને કદીમ ફારસી ભાષામાં "ઊસ્તવાર")

કહેછે. એ (અવતાર)નાં ચાર મરતબાઓ* તથા મથકોને દોજખનાં મથકો ગણેછે. એ બાબે હુન્નર સીંગારનાર પેગમબર (જમશીદ) નું બખાણ ઘણું છે, જેમાંનો હજારમો ભાગ પણ હમોએ લખ્યો નથી. અમીસાલનાં ઓદાએ પસંદ કીધેલા અશો પેગમબર તથા શેહનશાહ ફરેદુનનું રચેલું "હુનરેસ્તાન" નામનુ નામું છે, તેની અંદર તે સાહેબ ફરમાવેછે કે, જ્યારે હું (ફરેદુન) નીચલાં શરીરમાંથી નીકળીને આસમાનોમાં ગયો, અને ત્યાંથી પાછો ફરવા લાગ્યો, ત્યારે મેં બુધ તારાને કેટલીક ચીજો બાબે સવાલ કીધા, અને તે સાહેબે તે સવાલોના જવાબો આપ્યા." તેમાંનો એક જવાબ એ છે કે—(જુવો નીચેનાં ફકરાની શરેહ.)

૨૦. આસમાનોને ફાટવું, ચીરાવું, જોડાવું અને સંધાવું નથી.

શરેહ:—તરફ જુદી જુદી તરેહની છે. જેમ—કહેવાયછે કે ફલાણો શખ્સ ફલાણી તરફ હીલ્યો, અને જેનાથી તે હીલેછે, તે નાશ થયલો હોય નહીં. કારણકે નીસ્તિ એસારો કબુલનાર ઠરતી નથી. જ્યારે એ જાણવામાં આવ્યું ત્યારે સમજવું કે તરફ, તે કંઈ પવિત્ર અકલી ચીજ ઠરી શકે નહીં. કારણકે પવિત્ર અકલી ચીજો કંઈ ઇંદ્રિયોનાં વિષયોનાં એસારાને કબુલનાર બનતી નથી, તથા તેઓ (ઇંદ્રિયોનાં કામો) કંઈ અકલી ચીજોને ગતિ આપી શકતા નથી. તો જે ચીજ એશારાને કબુલનાર થાએ, અને તેનાથી ગતિ મેળવી શકાય તો તેને ગુણ હોયછે. જાણવું કે, જે ચીજથી તરફ જાહેરમાં આવેછે, તથા તેની મારફતે દેખાયછે, તથા તેનાથી કબુલ થએલી હોયછે; તો તે ચીજના હીસ્સા થયાને ભાગ થઈ શકતા નથી. (અગરજો ગતિઓનાં કટકા હોય તો) જ્યારે એક હીલનાર તેના ઘણા નજદીકના કક્ષામાંથી પસાર થાએ તો, તે બે બાજુથી વેગળો નથી, કે તે એક બાજુએથી હીલેછે, અને બીજી બાજુએ જાએછે. ત્યારે તે બેઊ બાજુએ તેનું કોવત ઘટતું થવું જોઇએ, પણ એક તરફનો જુજ બધી તરફ ફરી વળે એ, તો અશકયછે. અગરજો ભાગ કીધામાં આવે તો તેની ગતિના

* એ ચાર મરતબાનાં દસાતીર ભાષાનાં નામો સાથે હમોએ જે આરબી નામો લખ્યાંછે તે એ દસાતીરનાં લોગતમાંથી લખ્યાંછે, પણ સારેસતાને ચાર ચમનમાં ભાજીપાલાના અવતાર લેવાનું નામ "રરુખ" અને ધાતુઓમાં અવતાર લેવાનું નામ "ફરખ" આપ્યું છે. વળી એ સાથે ફારસી નામો હમોએ "અંજુમનઆરા" નામની લોગતની કીતાબ પરથી લખ્યાંછે કે, જે "ઝાયંદે રૂદ" ના ફારસી રેસાલામાં પણ એજ મુજબ નામો આવેલાંછે.

તરફમાં પડે, ત્યારે તેની તરફની ચીજમાં જાય, અને તે બની શકતું નથી. પછે નવમાં આસમાન વીશે ધારીએ કે, તે એક પ્રવિણ અને સઘળી જગોએ ફરી વળેલું તન હોય, કે જેનાથી હરેક ચીજની હદનું મુકરર થવું હોય, અને ઘટતું છે કે તે–મધ્ય મીંડાંને મુકરર કરે, પણ તે મધ્ય મીંડાંનાં કુંડાલા (ની લીટી) નો છેડો ચોકસ કરે નહીં (ઇયાને કુંડાંલાની લીટી કેઇ બાજુએથી સરૂ થઇ, અને ક્યાં તેનો અંત આવ્યો એવું જણાય નહી.) વળી તે જુદી જુદી તરેહના તનોથી મિશ્ર હોવું જોઇએ નહી, કારણકે તેમ હોય તો તે એકઠું તથા જુદું થવાને લાયકનું થાય. નવમું આસમાન છુટ્ટુ પડવાને લાયકનું નથી, કારણ કે અગરજો તે, ફાટ ફખુલનાર હોય તો તેને બે જુંબેશ ઇયાને ગતિ ઘટતી થાએ, એક ચીજમાં અને બીજી નાચીજમાં, અને તે બે જુંબેશો ઇયાને ગતિઓ હોય નહી. હવે જાણવું કે ગરમી જે છે તે એવી એક શકિત છે, કે જે મધ્ય બિન્દુથી ઊંચે જવાની ધારણા કરેછે, અને સરદી એવી એક શકિત છે કે જે મધ્ય બિન્દુથી નીચે આવવાની ઇચ્છા ધરાવે છે; કારણ કે સરદી ભારવાળી છે, અને ગરમી હલકાઇ ધરાવનારી છે. પણ આકાશ કંઇ ઊપરથી નીચે આવતું નથી, તેમજ નીચેથી ઊંચે જતું નથી, તો તે ભારી, હલકુ તથા થંડુ અને ગરમ હોવું જોઇએ નહીં. નવમાં આકાશની જુંબેશ મધ્ય મીંડાની આસપાસ હોય છે, અને તેનો આકાર એક દડી જેવો છે. તે જુદી જુદી તરેહના શરીરો સાથે જોડાયલું નથી, તેથી તેને તે કટકાઓની માફક ઊંચાણ નીચાણ હોય નહીં. હવે જાણવું કે જે ચીજ ખીલનાર ઇયાને ઊદભવ ધરાવનાર હોય છે, તે ખાણાની ગરજવાળી છે, અને જે ચીજ ખાણાની ગરજ ધરાવનારી હોય, તે ચીજને આકાર પકડવો, આકાર તજવો તથા ફાટવું અને સંધાવું ઘટતું થાએ છે; પણ નવમું આકાશ કંઇ ઊદભવ ધરાવનાર નથી, અને તેથી તેને ખાણાની ગરજ નથી, અને જ્યારે ખાણાની ગરજથી નીરાળો થયો તો આકાર પકડવો, અને આકાર તજવો તેનીપર લાગુ પડતું નથી. એ નવમાં આકાશને યઝદાની લોકો "તેમહતન" ઇયાને ભારે મહોટુ શરીર કહેછે. શકિતવાન દાદારે તેનું શરીર કંઇ અનાસરોથી પેદા કીધું નથી. પણ તે મુબારક ગોહરને કંઇ બીજી ચીજથી અસ્તિ બક્ષી છે, જેને પાંચમું અનાસર કહે છે.* તેની અંદર જાવીદાન સુધી કસી નુકસાની અને નાશ

* જુવો મેહઆબાદના નામાની વરશીમ ૫ મીના ફકરા ૬ થાનો ખુલાસો કે જેમાં એ અનાસરોને માટે હિંદુઓનુ મત લખયું છે.

પોતાનો રસ્તો કરી શકનાંર નથી. વગર સરૂના દીવશે કે જ્યારથી તે ઊત્પન્ન થયું ત્યારથી યઝદાનના હુકમપર ચાલનાર બંદો થયો છે, કદી નાફરમાની કીધી નથી. ખોદાની આફ્રીન તેનીપર હોજો. અમીસાલ યઝદાનના પેગમ્મબર "ફરેદુન"ની "હુનેરસ્તાન" નામની કીતાબમાં જે મતલબસર હું રોકાયલો છઊં તે બાબદપર ઘણાએક દાખ્લાઓ છે. દયાળુ જાતીના પેગમ્બર મનુચેર પોતાની "દાનેશસાર" નામની કીતાબમાં લખે છે કે, "બ્રહસ્પતી તારાએ મને કહ્યું (જુવો નીચેની ફકરાની શરેહ.)

૨૧ જે અનાસર કે મેળવણી પામે છે તે પાયદાર અને અપાયદાર હોય છે.*

શરેહઃ—જાણવું કે અનાસર ચાર છે. જે જાતે હલકુ અને ગરમી તથા સુકાશ (ભીનાશથી ઊલટાઈ) ધરાવનાર તે આતશ છે; જે ગુણમાં હલકુ તથા ગરમ ભીનાશવાળું હોય તે પવન છે; જે ગુણમાં ભારી અને ઠંડુ ભીનાશવાળું હોય છે તે પાણી છે; તથા જે જાતે ભારી અને ઠંડુ શુકાશવાળું છે તે માટી છે. (જમીનપરનું) પાણી એક ગોળ દડાની મીસાલે છે. કે જેમાંથી અરધું ઘટયું છે અને અરધું માટીમાં પેવસ્ત થયું છે. તો એકંદર સઘળું પાણી અને જમીન મળીને એક ગોળ દડા જેવું થયું છે. જ્યારે તત્વો નીચવઇને એક બીજા સાથે અથડે છે ત્યારે તેઓમાંથી એક મધ્યમ હાલત ઊત્પન્ન થાએ છે, તેને "આમીઝેહ" એટલે સ્વભાવ કહે છે. અગરજો તે સ્વભાવ સાથે મલેલાં તનને લાંબી મુદત સુધી રેહવાની તથા સંબંધ ધરાવવાની ઊમેદ હોય તો, તેને દરોસ્ત તથા પાયદાર યાને કાયમ રેહનાર કહેછે, નહી તો નાદરૂસ્ત અને અપાયદાર યાને અસ્થિર કહે છે. અસ્થિર ચીજોનાં ભેળાણથી વચલી પેદાયશો † ઊત્પન્ન થાયછે, જેને "નીવરેનીવાર" કહે છે. જેમકે—પાણી સાથે "ભેળાતી વરાળ અને માટીથી ઊત્પન્ન થએલો આતશી ધુંઓ. અનાસરો મૂળ જાતીથી પ્રમાણ અને સ્વભાવમાં સરખા થાએ તો તે અશકય

* જુવો મેહઆબાદના નામાની વરશીમ ૫ મીના ફકરા પાંચમાંથી તે ફકરા ૯ માં સુધી. તથા ગુરે ઝરથોશ્તનાં રેસાલાને ફકરે ૬ ઠે.

† જે ચીજો કે કેટલાંએક કારણોને લીધે આસમાન અને જમીનની વચમાં ઊત્પન્ન થાએ છે. જેહવાં કે—વરસાદ, વાદળ, કરાં, ઝાંકળ ઈત્યાદી તેને અસલ ફારસીમાં "મીયાન બુદાન" તથા "નીવરેનીવાર" કહે છે.

છે. જે સ્વભાવો કે સમધાતમાં વધારે સરખાપણું ધરાવતા હોય, તેની પર વધુ નજદીકનું રવાન જે સરૂના બક્ષનારથી ઉતરે તે ઘણું પ્રવિણ હોય. હકીકી સમધાતમાં ઘણા દુરનું રવાન ધરાવનાર ખણીજ પદાર્થો છે. તે પછે વનસ્પતિ અને તે પછે હીલચાલ કરનારાઓ (જાનવરો) અને તે પછે માણસો. દાનાઓના વિચાર મુજબ એ ત્રણે પેદાયશોમાં સમજણ ધરાવનાર કુલ (વગર ભાગનું અખંડ) રવાન છે. એ નામીચા પેગમબર (મીનોચેહર) ની રચેલી "દાનેશ સાર" નામની ભલી કીતાબમાં એ તની પેદાયશોને માટે ઘણાએક દાખલા દલીલો છે. તથા જાહેર થવા, સંધાવા અને તુટવા બાબે પણ ઘણુંએક લખાણ છે. તે સર્વ હમો છોડી દીજીએ છઇએ, કારણ કે હમારી મતલબ એછે કે, મહોટી શરેહ જે હમો દસાતીરમાં કીધેલી છે, તે દરેક શખસ ભણી શકતા નથી, તેથી આ તરજુમો કીધો છે કે, દરેક યઝદાની શખસ પ્રથમ ભણે તો યઝદાન અને પેદા થએલાંઓની બીના થોડી પણ શિખે.*

વરશીમ ૨ જી.

(પેહલા સાસાનને માટે ઈરાનીઓપર યઝદાનથી ઊતરેલી મેહરબાની.)

યઝદાન કે, જે એક્કો અમિશ્ર મૂળ જાતીનો તથા તે પોતાની જાતીથી સર્વ ગુણને પેદા કરનાર છે. તેનાથી પનાહ ચાહી (નીચલી બીના ભણવાનું સરૂ કરી) એ છઇએ.

૧. ઓ નહાના "દારાબ"ના છોકરા મોહટા "આઝર સાસાન."!

૨. તાહરી બંદગી હુંએ પસંદ કીધી.

---

* અગરજો હમો એ ૧ લી વરશીમના ૨૧ ફકરાની દરેક શરેહનો ખુલાસો આપવા બેસતે તો નજદીક સો પાના બીજાં લખવા પડતે માટે આ કીતાબના વાચકોથી ખાહેશ રાખુછું કે એ ૨૧ ફકરાની શરેહઓનો ખુલાસો જો ચાહતા હોય તો, "ખીશતાબ," "ઝરદસ્ત અફશાર" અને "ઝાયંદે રૂદ"નાં રેસાલાઓ વાંચે અને જો તેમ બની નહી આવે તો એ ફકરાઓની દરેક શરેહના દરેક ફકરાઓને એક સેતરંજની રમતની માફક ગોઠવી, તથા ચીપીને વાચી તે ફકરાઓ પોતાના મનમાં ઊતારતા જએ. અને પાછાં તેમાંની મતલબોને તે અસલ ફકરાની દલીલો કરે કે, જેથી ઘણી નહીં તો થોડી પણ સમજ મળયા વગર રેહશે નહીં.

૩. તાહરે માટે મેં ઇરાનીઓના ગુનાહ માફ કીધા.

૪, ૫. અલબતાં તમારાંમાંથી એક બુઝોર્ગ ગોહરને હું મદદ કરી સરસાઇ આપીશ કે જેથી તે દેશ હાથમાં લાવે [તે શેહનશાહ અરદેશીર.]

૬. અને દુન્યાના લોકોપર તમો ફાવો.

૭. અને લાંબા જમાના સુધી તમારી વચમાં પાદશાહી બરકરાર રેહે.

૮. હાલે હુંએ તુંને પેગમ્બર ઠેરવી ઘણો દાનાવ બનાવી સર્વ ચીજોથી જાણીતો કીધો.

૯. તાહરો છોકરો પોતાને મદદ થએલાં બુઝોર્ગ ગોહર (ખોદા) ને જોશે.

૧૦. તાહરે લીધે દેશ આબાદી અને ભલાઇ પામશે.

૧૧. તું જાહાંનનો પેગમ્બર છે.

૧૨. મેં તુંને જાહાંનના સર્વ લોકોપર મોકલ્યો છે.

૧૩. તાહરા ફરજંદો તાહરા ધર્મને ઇરાન તથા બીજા દેશોમાં જાહેર કરશે.

૧૪. કારણ કે તેઓ તાહરા વારેસ છે.

૧૫. તેઓ સગળાં નેક બોલનારા તથા નેક કર્તુકના અને અને ખોદાની નજદીકનાં થશે.

૧૬. તું તાહરા દીલને ખુશી કર, કારણ કે હું એ તાહરી માંગણી કબુલ કીધી.

શરેહ:—જાણવું કે સીકંદર જ્યારે ઇરાનપર ફતેહ પામયો, ત્યારે દારાબનો છોકરો સાસાન પોતાના કાકાથી જુદો થઈ હિન્દુસ્થાન ગયો, અને એક પહાડપર બેસી યઝદાન પરસ્તીમાં રોકાયો. યઝદાને તે સાહેબને સર-અફરાજ કરી પેગમબરીમાં કબુલ કીધો. યઝદાને (પેહલા સાસાનને) કહ્યું કે તાહરે ખાતર ઇરાનીઓના ગુનાહ મેં માફ કીધા. જે તેનાઓનો મહોટો ગુનાહએક દારાને મારી નાખ્યો હતો. હવે તાહરા સગાઓમાંથી એક કેઆની ઓલાદના મરદને નેક કર્તુકનો અને સાચુ બોલનાર ઉત્પન્ન કરીશ. જેથી દેશ હાથમાં લાવે, અને હરેક તરફના પાદશાહઓના હાથથી તમો છુટકારો

પામો, તથા તાબેદારી કરવાથી વેગળાં થાઓ. જાહાનના સરદારો આગલી રીતી મુજબ તમારી તાબેદારી કબુલ કરશે અને ઘણી લાંબી મુદત સુધી તમારામાં પાદશાહી ચાલુ રહેશે, તથા તાહરો છોકરો તે દેશ કબજામાં લાવનારા પાદશાહઓપર ફાવશે, અને તાહરી મોહટાઈથી બધા શેહરો આબાદ થશે. તું દુન્યાનો પેગમબર છે. તુંને મેં દુન્યાના લોકો (જે ગુનાહમાં પડ્યા છે તેમાંથી તેઓ) નો છુટકારો અપાવા સારૂં મોકલ્યો છે, અને તાહરા છોકરાઓ તાહરો ધર્મ જે યઝદાન પસંદ છે તે ઈરાન તથા બીજા દેશોના શેહરોમાં જાહેર કરશે. તેઓ સઘળાં દાનાવ, ખોદાને પીછાણનારા, મોજેજા ધરાવનારા તથા ધર્મ રસ્તો દેખાડનાર નીવડશે. જ્યારે એ બુઝોર્ગ પેગમબર (પેહલો સાસાન) હિન્દુસ્થાનમાં ગયો ત્યારે તે સાહેબનો "જીવનતાસ્પ" નામનો એક છોકરો હતો, કે જેને બીજો "આઝરસાસાન" કેહતા હતા.* તે બુદ્ધિ તથા કર્તુકમાં પોતાના નામીચા બાપના જેવો હતો. તે બુઝોર્ગવાર વડા પેગમબર પેહલા આઝાર સાસાનનાં હુકમથી કાબુલમાં ગયો. કારણ કે તે યઝદાનના પેગમબરે તેને કહ્યું હતું કે, તું ત્યાં બહમનની નઝાદના અરદેશીરને મેળવશે ત્યારે માહરૂ નામું તેહને સોફજે તે નામદારના જમાનામાં (શેહનશાહ) અરદેશીર આખા ઈરાન દેશપર હુકમ ચલાવનાર થયો હતો. એક રાતે તેણે તે વડા વખશુર પેહલા સાસાનને ખોઆબમાં જોયો, તે (પેહલા સાસા) ને (શેહનશાહ અરદેશીરને) બીજા સાસાનથી સઘળી ફાયદા ભરેલી ખુબીઓ મેળવવાની ખુશ ખબરી આપી. તે ઉમેદપરથી ઈરાનનો પાદશાહ (અરદેશીરે બાબકાન) કાબુલમાં ગયો, અને ભારે ઈચ્છાથી તે નામીચા સાહેબ (બીજા સાસાન) ને પનોતા એસ્તખ્ર"† ની ખુશી ભરેલી જગ્યામાં લાવ્યો, અને ત્યાં તારાઓની મુર્તિ

---

* "આસારોલ બાકીએ" નામાની ચોપડીમાં એ બીજા સાસાનને પેહલા સાસાનના છોકરા મેહરનુસનો છોકરો ઈયાને પેહલા સાસાનનો પોત્ર ગણ્યો છે. તથા શેહનશાહ અરદેશીરે બાબકાનને એ બીજા સાસાનનો છોકરો લખે છે. શાહનામામાં જે અરદેશીરે બાબકાનને સાસાનનો છોકરો ગણે છે તે કીઆ સાસાનનો છોકરો તથા તે સાસાનનું અસલ નામ શું તે કંઈ જણાતું નથી. એઓની પુરતી તવારીખ નહી હોવાને લીધે તેઓનાં ખરા જમાના તથા બીના સમજ પડતી નથી. પણ આએ "દસાતીર"પરથી એવું સીદ્ધ થાએછે કે, એ મજકુર બેઉ તવારીખ નવીસોનુ લખાણ ખોટું છે. વળી મજકુર લખાણમાં બીજા સાસાનને જે પેહલા સાસાનનો છોકરો લખયો છે તેપરથી વાંચકોએ ગુચવાડામાં પડવું નહી અને તે રવાની છોકરો સમજવો. જેમ એક પેગમ્બરને બીજા આગળ થઈ ગએલા પેગમ્બરનો છોકરો ગણે છે તેમ.

† એને તખતે જમશીદ પણ કહે છે. કદીમ જમાનામાં એ એસ્તખર નામનુ જ્યાં ભારે મહોટું

સાથની મહોટી જગ્યાઓ તથા બાર મહોટા આતશકદેહઓ, તથા તરેહ તરેહની ઇમારતો બંધાવીઓ, અને તે બુઝોર્ગી ભરેલા સાહેબને ત્યાં જગ્યા આપી, તે પછે તે એબાદતખાનાઓ તે મહોટા પેગમબરનાં ફરજંદોને અસતકે રહ્યા. તે શેહનશાહ અરદેશીરે તે અશો પેગમબરના ખલીફાની તાબેદારી કરયાથી (ઇરાનદેશની) આબાદ જમીનના પાદશાહોને પોતાને તાબે કીધા હતા.

વરશીમ ૩ જી.

(કેટલાએક બનાવો તથા પેગમ્બરો બાબે મળેલી અગમચેતીઓ.)

યઝદાન કે જે એકકો અમિશ્ર મૂળ જાતીનો તથા તે પોતાની જાતીથી સર્વ ગુણને પેદા કરનાર છે. તેનાથી પનાહ ચાહી (નીચલી બીના સરૂ કરી) એ છઇએ.

૧. તું "મેહઆબાદી" ધર્મ મજબુત કર.

શરેહઃ—યઝદાન જે સર્વ જગોએ ફરમાવે છે કે, "બુઝોર્ગ આબાદના

શેહર હતું ત્યાં હાલે ફકત એક પડત કીલ્લો, અને અસલી નામ શિવાય બીજું કંઇ નથી. અશો જમશીદે એક પાહાડની કીનારીએ ચોખંડ કાળા પથરની મજબુત ઊંચી દીવાલ બંધાવી, તેની ઊગમણ દિશા તરફની દેવાલ પાહાડ સાથે જોડાયલી, અને બીજી ત્રણ બાજુએ બોહળાં જંગલ તરફ હતી. તે સપાટ કીધેલા પહાડની ઊંચાંઇ ૩૦ ગજની છે. જે પથારાઓ કે ત્યાં કામે લગાડયા છે, તે ત્રણ ગજ લાંબા છે. તેની બે બાજુએ બે સીડીઓ છે. તેની અંદર અચરતી ભરેલા ઘણા એક પુતળાં ઓ હતાં તેની ઊપર અશો જમશીદના તખતની જગ્યા ચાલીસ સ્તંભોપર બાંધેલી હતી, જેમાંના થોડાએક સ્તંભો હાલ પણ નાશ હાલતમાં છે. તે જગ્યાને "ચેહલસ્તુન" કહેતા હતા તે સ્તંભો સફેદ પત્થરાના ત્રણ કટકાના છે. પણ તે એવી રીતે એક બીજાપર ગોઠવેલા છે, કે જે ઘણી બારીકીથી જોતાં માલમ પડે છે. તે સખત પથરાઓની અંદર એવી તો સાફ નકશીઓ કીધેલી છે કે, તેવી નકશીઓ એક ઊંચા કારીગરો નરમ લાકડામાં પણ કરી શકે નહીં. ઘણાએક અચરતી જાનવરો કે જેઓ કોઇ જંગલમાં મળવા મુશકેલ બલકે કોઇએ તેવા જાનવરોનાં નાંમ વતીક સાંભળ્યા નહી હશે, તેવા ત્યાં કોતરેલાં હાલે પણ બાકી છે, કે જે અસલ મધ્યના હજારમો ભાગ પણ નથી. જમશીદનાં બનાવ્યા બાદ તે શેહર શેનશાહ "ગોશતાસ્પ"ના જમાંનાસુધી દીનપર દીન વધુ આબાદ થતું ગયું હતું. "હોમાંય બીન બહમને" પોતાની રાજધાની એ શેહરમાં કીધી હતી, જયારે સિકંદરના હાથમાં ઈરાનદેશ ગયું ત્યારે તે શેહરને બાલ્યું અને તે પહાડપરના સંગ્રહસ્થાનની જગ્યા ખોદાવી નાશ કીધી, ત્યારબાદ સાસાની ટોળીના પેહલા પાહાદશાહ અરદેશીરે મજકુર લખાંણ મુજબ તે પુતળાંઓની જગ્યા કે જેને "સનજરેશતાન" કેહતા હતાં, તેને સુધારી તથા કેટલાએક આતશકદેહઓ નવેશરથી તે શેહરમાં બાંધ્યા. તે અસલ શેહર લંબાઈમાં ૨૮ માઈલ અને પોહળાઈમાં ૨૦ માઈલ હતું પણ હાલે તે એસ્તખર મધ્યની સનજરેસ્તાનની ભાગી તુટી જગ્યા શિવાય બીજું કંઈ નજરે આવતું નથી. એની સર્વ બીના લખતાં લાબું થવે ટુંક કરીએ છઇએ.

ધર્મને ઊસતવાર કરજો" તેથી એમ નહી સમજવું કે, એ ધર્મ આબાદે ઊત્પન્ન કીધો હોય. પણ હમારી આગળ ચોકસ થવે હમો એને યઝદાન પસંદ ધર્મ જાણીએ છઇએ. કારણ કે જે ધર્મ રીતીથી યઝદાનને પહોંચીએ, તો તે ધર્મ ખરેખર યઝદાને પસંદ કીધેલો છે. તો તે સાહેબ પોતે પસંદ કીધેલો ધર્મ મેહઆબાદને આપયો અને તેજ ધર્મપર સઘળાં પેગમ્બરો આવ્યા (યાને તેઓ એ ધર્મપર ચાલી બીજાઓને પણ એજ ધર્મપર ચાલવા ફરમાવી ગયા) "આબાદ" શબ્દનો અર્થ (દસાતીર ભાષામાં) "યઝદાન પસંદ" થાએ છે. તો જ્યારે એક યઝદાનપરસ્ત શખ્સને કોઈ પુછે કે, તું કીઓ ધર્મ ધરાવે છે? ત્યારે તેને કહેવું કે (આબાદી) યાને યઝદાનપસંદ ધર્મ ધરાઊછું તથા હું યઝદાની છેઊ. પણ જે ઠેકાણે કે જીવની ધાસ્તી હોય ત્યા પોતાનો ધર્મ છુપાવો ઘટતો છે* એ ધર્મને યઝદાન બરતરફ કરશે નહીં. કારણ કે (પ્રથમ જાહેર પાડેલા) હુંકમને ફેરવવાથી એવો ભેદ નીકળે છે કે, તે હુકમ કરનાર પોતાના પેહલા હુકમથી પશેમાન થયો હોય અને એક્કા દાનાવ (ખોદા) કંઈ એવો હુકમ બાહાર નથી પાડતો કે પાછલથી તે બાબે પશેમાન થાએ, વળી દર જમાનાને અનુસરતો જુદો હુકમ હોવો (અથવા થવો) જોઇએ એમ કોઈથી કહી શકાવાનુ નથી. કારણ કે, દરેક જમાને ભલી બુદ્ધિ તથા ભલાં કર્તુક સઊને પસંદ પડતાં છે, તથા સચ્ચાઈ શિવાય બીજી કંઇ દરૂસ્તી નથી તો એ ધર્મ કરતાં વધારે ઇનસાફ ભરેલો ધર્મ કોઇ ઉત્પન્ન થનાર નથી† કારણ કે દરેક બુદ્ધિવાન અને સચ્ચાઇ સોધનારાઓપર (એ ધર્મની સરસાઇ) ખુલ્લી છે. યઝદાને આદમીઓને એવો એક ધર્મ બખશયો છે કે, દર જમાને તે ધર્મ ઊપર ચાલે.

૨. હવે તુંને કહુંછું કે, માણસોપર શું બનાવ આવી પડશે.

૩. તું પોતાના ફરજંદોને કેહ, કે તેઓ પોતે તથા બીજા નેક લોકો તે સખત આપદાઓથી ખબરદાર થાય.

૪. અને તે દુઃખોઆંથી પોતાને સંભાળે.

---

* જુવો આ ખાકસારીએ છપાવેલી સર નામે રાઝે યઝદાની.

† એજ ફકરાને અનુસરતું સ્વર્ગવાસી ફીરદોસી તુસી શાહનામામાં ફરમાવે છે. બેત:—

બયઝદાન કે હરગેઝ નબીનદ બેહશ્ત—હરાંકુ નદારદ રહે ઝરદોહેશ્ત

અર્થ–ખોદાના કસમ ખાઈને કહું છુંકે, જે કોઈ જરથોસ્તી ધર્મ ન ધરાવે તે બેહશ્તનો રસ્તો કદી જુએ નહી. હવે જાણવું કે યઝદાની ધર્મ તેજ ઝરથોસ્તી ધર્મ છે.

૫. ઘણાએક લોકો ઊતપન્ન થશે કે, જેઓથી ઇરાન દેશના રેહેવાશીઓને કસી નુકસાની પોહોચનાર નથી.

શરેહ:—જેમકે પારકા (દેશના) એકુતોમાંથી કેટલાએકો ઊઠી ઊભા થયા, અને તેઓ તે ટોળીમાં મહોટાઈ ભોગવવા લાગ્યા. અને એક મરદ* થયો કે, જે તેઓને પોતાની તરફ ખેંચતો હતો, અને કેહતો હતો કે "હું ખોદાનો છોકરો છઉં" અંતે તેહને મારી નાંખ્યો, અને ત્યારપછે તેનો ધર્મ જાહેર થયો. હાલે રોમના લોકો તે ધર્મ પાળેછે.

૬. એક શખસ ગુમરાહી ઇયાને અધર્મીપણાપર ચલાવનાર નીવડશે. તે ચિતાર બનાવનાર થશે, અને પોતાને જુઠાઇથી પેગમબર ઠેરવશે.

૭. તે શખસ તમારા લોકોના હાથથી પોતાનો જીવ બચાવી શકશે નહીં. (ઇયાને મારયો જશે.)

શરેહ:—એ એશારો મુર્તિ ચીતારનાર "માંની નકાશ" (જેને પેગમબરીનોજુઠો દાવોકીધોહતો, તે) નો છે. તે શખ્સ આરબોને મારનાર શેહનશાહ શાપુર બીન અરદેશીરનાં જમાનામાં ઈરાન દેશમાં આવ્યો હતો. તેની પાસે એક કીતાબ હતી કે, જેમાં અત્યંત ચીત્રો ચીતારેલાં હતાં. જેહવાંકે—માણુસોનાં શરીર અને તેઓપર હાથીઓનાં ડોકાં. ઇત્યાંદી. તે ચીત્રોને માટે બોલતો હતો કે, એ આકાશી ફરેશતાઓના ચીત્રો છે. તે ગરીબ પશુઓને કાપવાનો હુકમ ફરમાવતો, તથા ઓરતોથી દુરી પકડવાનું ઘટતું જણાવતો હતો. તે વેળા શેહનશાહ શાપુર જે બીજા સાસાનનો ચેલો તથા તેનાથી દાનાઇઓ શિખ્યો હતો તેણે ઈવાને શેહનશાહ શાપુરે તેને પુછયું કે, "નીરદોષ જાનવરોને મારવા ઇયાને કાપવામાં તથા ઓરતોથી દુરી પકડવામાં ફાયદો શું છે?" તેણે જવાબ દીધો કે, "જાનવરોના મરવાથી પાક રવાનો તેઓના નાપાક શરીરોમાંથી છુટાં પડે, અને પોતાની જગ્યાપર પાછા જાય. તો તેઓને મારી નાંખ્યા શિવાય તેમ બીજી કશી રીતે બનતું નથી. વળી ઓરતોથી દુર રેહવું એટલા માટે કે, તેથી મનૂષી તોખ્મ બાકી રહે નહીં, અને રવાનો પોતાનાં અસલી દેશમાંથી આ દુનિઆમાં આવે નહીં."

---

* પેગમબર ઈસાનો એસારો એપરથી સમજવો, કારણકે એ સાહેબ શિવાય કોઈ પેગમ્બરને શારીરી સંબંધી ખોદાનો છોકરો ગણતા નથી.

શેહનશાહ શાપુરે કહ્યું કે, "જાનવરોનો શેકાર કરવાથી અને તેઓને મારી નાંખવાંથી કંઇ સઘળાં જાનવરી રવાનો છુટવાના નથી, કારણકે કેટલાંએક જાનવરો (નરમાદાનાં) સંબંધ વગર ઊત્પન્ન થાયછે, જેમક—મચ્છરો વાંસનાં પાતરાંમાંથી, તેમજ તેઓનાં જેવાં (જાનવરો બીજા ઝાડોમાંથી) ઊત્પન્ન થાયછે; વળી કેટલાંએકો રૂતુનો સંબંધ ધરાવેછે, જેવી કે—માખીઓ. હવે એ સઘળાંઓ શીરીતે આપણથી નાશ થાય? કારણકે—આતશ, પવન, પાણી અને માટીનો કંઈ નાશ કરી શકાતું નથી. વળી તેવાંજ રવાનો સર્વે વનસ્પતિ તથા ખણીજ પદાર્થોમાં પણ સંબંધ ધરાવેછે, તેઓ સર્વે કેહવી રીતે છુટકારો મેળવી શકે? વળી તુંએ જે ઓરતોથી દુરી પકડવાનું કહ્યું; તેનું જાણવું કે, જ્યા સુધી ઇચ્છા દીલમાંથી જાએ નહી ત્યાં સુધી તે બને નહીં. મજકુર રવાનો જે મેં કહ્યા તે રવાનો જ્યારે માણસોના શરીરમાં પાછા આવે છે (ઇયાને મનુષી અવતાર લીએ છે) અને તે (મનુષી અવતાર)માં ભલાં કર્તુકના થાય તો છુટકારો મેળવી આકાશપર જાય છે, ત્યારે અગરજે મનુષ્ય જાતી ન હોય તો તેઓ કીઆ વસીલાથી પોતાના અસલી મથક પર જવાનુ સોધે." જ્યારે એ બાંનો તકરાર વધી પડી ત્યારે (શેહનશાહ) શાપુરે પુછ્યું કે "વેરાની ભલી છે કે આબાદી"? માનીએ જવાબ દીધો કે "શરીરોની વેરાની તે રવાનોની આબાદી છે." ત્યારે શાપુરે પુછ્યુ કે, "તુંને મારી નાખવામાં આબાદી છે કે વેરાની"? જવાબ દીધો કે, "માહરા શરીરની વેરાની ઇયાને નાશ તે માહરા રવાનની આબાદાની છે." શેહનશાહે કહ્યું કે હું તાહરાજ કેહવા પ્રમાણે તાહરી સાથે કામ કરૂંછું. પછે તેને પોતાની મુબારક મીજલસમાંથી હાંકી કાડયો, અને શેહરના લોકોએ પથ્થર, ઇંટ, લાકડી, અને લાત મુકીઓથી તેને મારી નાખી તેના શરીરના કટકે કટકા અને સાંધે સાંધા જુદા પાડયા.

(ખુલાસો:—જાણવું કે અમિશ્ર રવાન જે પેલી ઊંચી જહાનથી આ નીચલી દુન્યામાં આવે છે, તેનું કારણ એ છે જે, આ નીચલાં શરીરોનાં સંબંધમાં રહીને પોતાની જાતી હાલતની અંદર ભલી બુદ્ધિઓ અને પસંદ પડતા સ્વભાવો કે, જે ભલા માલમતાની માફક છે, તેને સંગ્રહ કરે, અને જ્યારે આ તત્વી શરીર વીખરાઈ જાએ ઇયાને નાશ થાએ, અથવા આએ મિશ્ર શરીર કે જે એક કપડાંની માફક છે, તે નકામા થાય ત્યારે તે રવાન

પોતાની ભલી બુદ્ધિઓ અને સારા સ્વભાવના માલમતાની સાથે ઉંચી દુન્યામાં જાય છે, અને તે તારાઈ દુન્યામાં તે માલમતાના અંદાજાસર જગ્યા તથા મરતબો મેળવેછે. પછે ત્યાં તે દરેક આકાશને અનુસરતા સ્વભાવિક સ્વાદો તથા ભલાઈઓ કે, જે કદી નાશ થનાર નથી, તે સવાદો અને ભલાઈઓ મેળવી જાવીદાન સુધી ખુશ રહે છે. પણ જ્યારે તે રવાન આ તત્વી શરીરનો સંબંધ ધરાવતી વેલા બુરી ઇચ્છા, ગુસ્સો તથા જુઠી વખાણ વગેરે તેવા સ્વભાવોનો માલ એકઠો કીધો હોય તો, તે શરીરનો સંબંધ તજ્યા બાદ તે તેના માલને લીધે તેને ઉપર જવાનો રસ્તો મળતો નથી. તેથી તે રવાનો પોતાના બુરા સ્વભાવોના જથાની સાથે ચંદ્ર આકાશનાં ગોળાની નીચે ઉપર હેઠલ ભટકયાં કરે છે, જ્યાં સુધી કે કોઈ શરીરનો સંબંધ ધરે, અથવા તો વગર શરીરે તે ચંદ્ર આકાશની નીચેનાં આતશી ગોળામાં પોતાના કર્તુક મુજબ ગીરફતાર થઈ તેની સાથના બુરા સ્વભવોનો સ્વાદ ચાખે. જ્યાં સુધી કે ત્યાં પોતાના ગુનાહઓથી પાક થાએ. અને તે ત્યાંથી છુટે. અથવા પોતાના સ્વભાવો અને તેના કામોના પ્રમાણ મુજબ ત્રણ પ્રકારના તત્વી શરીરોમાં બદલાયા કરે, જ્યાં સુધી કે સર્વ બુરાઈ-ઓથી નીરાળો થાએ. તો આઝાદ રવાનો આ તત્વી દુન્યામાં એટલા માટે મુસાફરી કરે છે કે, બધી રીતે પોતાની સ્થીતીમાં પુર્ણતાઈ મેળવે ત્યારે અગરજો તે રવાન મુસાફરી નહી કરે તો ભલું ભુંડું તેને મળી આવતું નથી, અને તેની આગળ સારૂં નરસું એક સરખું હોય છે. તો એપરથી ચોકસ થાયછે કે મનુષ્યની અસ્તિ મુજબ જાનવરોની હયાતી પણ ઘટતી છે.*)

૮. વલી બીજો એક ગુમરાહ કરનાર આવી કેહશે કે—ઓરતો અને માલમતાઓને એક બીજા (ઓનાં માલમતા) ની અંદર ભેળવો.

શરેહ ;—એ મતલબ "મઝદક"નો ઈસારો દેખાડે છે [કે જેને શેહનશાહ કોબાદના જમાનામાં નવો ધર્મ ઊત્પન્ન કીધો. તે શખ્સ બોલતો કે "એક હમજાતવાલાઓ એક બીજાને મદદ નહીં કરે તો તે ઈનસાફથી ઊલટું છે. કારણકે એ ઘટતું નથી, જે એક શખ્સ માલમતાનો ધણી

---

* હમોએ જે દસાતીર ઊપરથી આ ગુજરાતી તરજુમો કીધો છે તેની અંદર કીનારીપર ગેબી અટકના એક મીરજા આગા નામના કાબેલ વીદ્વાન કે જે શ્રીતેહરાન મધે વસેછે તેવણે શરેહ લખેલા છે. તેનો તરજુમો આ ખાકસારીએ કીધો છે.

થાએ, અને તેનો જાત ભાઈ વગર માલમતાનો રહે; માટે લાયક એજ છે કે, (શકિતવાલાઓ) તે પોતાના માલને પોતાના જાતી ભાઇઓમાં સરખે ભાગે વેહેંચણી કરે. વળી આ પણ ઘટતું નથી કે, એકની ઓરતરૂપાળી હોય, અને બીજાની કદરૂપી હોય; માટે જાતી ભાઈઓને ઘટતું છે કે, પોતાનો ખુબસુરત ઓરત થોડી મુદત સુધી પોતાના હમદીન વાલાને આપે અને તેની કદરૂપી ઓરત પોતે લીએ." તે જમાનામાં જે ભીખારીઓ કે પારકા રાજવાલાઓનાં દેશમાંથી ત્યાં આવ્યા હતા તે લોકો તેહને મળી ગયા, કારણ કે—ઇરાન સર જમીનના લોકો કંઈ ભીખારી નહી હતા (જે તેની સાથે મળી જાએ.) વળી જે લોકો કે બુરી ઇચ્છાને તાબે હતા તેઓ પણ તેની સાથે ભેળવાયા. અશો "નુશીરવાન" તેનાં કામોપર ખુશી થયો નહી. કારણ કે તે સાહેબ શત ત્રીજા "સાસાન"નો શાગેર્દ હતો. પછે તેસાસાનના ચેલાઓમાનાં કેટલાએક દાનાઓને "મજદક" સાથે "નુશીરવાને" તકરાર કરાવી. ત્યારે તેણાઓએ, તેના સર્વ કામો તથા ઊઠાવેલા તરકટોથી તેને જુઠો પાડયો. તે તકરારમાં કેટલાએક સખુનો જે "નુશીરવાન" આદેલ પોતે કહ્યા હતાં, તે એ હતાં, કે અગરજો એક મેહનત કરનાર શખ્સની બરોબર નહી મેહનત કરનાર શખ્સને પણ મજુરી આપીએ તો તે જુલમ છે કે નહી? મઝદકે કહ્યું કે હા, તે જુલમ છે. નુશીરવાને કહ્યું કે, ત્યારે તું શા આધારે એકે મેહનતથી મેલવેલો સઘલો માલ બીજાને આપવાનું ફરમાવે છે, કે જે શખ્સે તે મેળવવાની અંદર કસી મેહનત લીધી નહી હોય. પછે મઝદકને સવાલ કીધો કે, "કોઇએક શખ્સે એક જમીનનો પાક મેળવવા તેમાં પાણી સિંપયુ તથા બી વાવ્યાં, તો તે જમીન જે શખ્સે તેને તૈયાર કરવા તેનીપર મેહનત ખેંચી હોય તેને પુગે, અથવા તો કોઇ બીજો પારકો શખ્સ કે જેને કસી મેહનત નહીં કીધી હોય તેને પુગે?" (મઝદકે) જવાબ દીધો કે જે કોઇએ મેહનત કીધી હોય તેને પહોચે. નુશીરવાને ફરમાવ્યું કે ત્યારે તું શાને માટે એકની ઓરત બીજાને આપે છે, અને તેઓના તોખમને ભેળવે છે. ફરી પુછયું કે, અગરજો એક શખ્સ કોઇને મારી નાખે તો, તે ખુનીનો બદલો શું હોય? (મઝદકે) જવાબ દીધો કે, તેને તેના કામના બદલામાં મારી નાખવું સારૂ નથી. કારણકે મારનારે બુરૂ કીધુ, પણ આપણે બુરૂ કરીએ નહીં. "નુશીરવાને" કહ્યું કે અગરજો આપણે તેને નહીં

મારી નાખીએ તો તે બીજા દસને મારી નાખશે તો તે એકને મારી નાખવું સારૂ કે દસનું મરવું સારૂ ? પછે નુશીરવાને કહ્યું કે ઓ બુરા માણસ ! આ ધર્મ જે તુંએ ઊત્પન્ન કીધો છે. તેનાથી પાદશાહી, વજીરી, હકુમત, અને તાબેદારી સર્વે બરતરફ થઇને કોઇ કોઇને પીછાણે નહીં, અને લોકોનું †ખાનદાન તથા બુનયાદ ધુપધ જાએ તથા એ ધર્મરીતીથી સર્વે માણસો જંગલી જાનવરોની માફક પોતપોતામાં લડી મરે. શેહનશાહ "કોબાદે" શેહનશાહજાદા "નુશીરવાન" સાથે કોલ કીધો હતો કે અગરજો "મઝદક" જવાબ આપવામાં આજેજ થાએ તો તે "મઝદક"ને "નુશીરવાન"ના અખત્યારમાં સોંપે. તેથી શેહનશાહે તેને શેહનશાહજાદાને હવાલે કીધો કે તે તેનો અંત લાવે. (ઇયાને તેને મારી નાખે.)

૯. હુ તાહરે માટે આએ દુઃખો અને ધાસ્તીઓ તેઓપરથી દૂર કરીશ.

૧૦. પણ જ્યારે ઇરાનીઓ બદકાર થશે.

૧૧. અને પાદશાહઓથી ફરી બેસશે.

શરેહ :—એપરથી એવી અગમચેતી આપેછે કે, હું તાહરે માટે ઇરાનીઓપરથી (પારકાઓની) તાબેદારીનું સંકટ ઊઠાવી લેવસ, અને તેનાઓને એક નેક કર્તુકનો પાદશાહ સોંપસ અને પાદશાહી રીતી જાહેર કરસ. પણ તેઓ પોતે ભલા માર્ગથી કમાર્ગે જશે, અને તેનાઓની ગુમરાહી આશકારા છે, કે તેઓએ કેટલીએક વેળા પાદશાહઓ સાંમે બંદ ઊઠાવ્યું. જેમકે-હોરમઝદ (બીન નુશીરવાન)ની આંખપર ડામ મુકીને આંધલો કીધો. ઇત્યાદી.

૧૨. અને બાપને છોકરાની સાથે લડાઇ કરાવશે.

શરેહ :—એપરથી એવી નીશાની મળે છે કે, બેહરામ ચોબીનાએ શેહનશાહજાદા "ખસરૂ પરવીજ"ને નામે પૈસાઓ પર સીક્કા પાડી તેહના બાપ શેહનશાહ "હોરમઝદ"ને તેની પર બદગુમાન કીધો.

૧૩. અને માહરા શેહનશાહ (ખસરૂ) પરવીજને મારી નાખશે.

શરેહ:—આએ બુરા જમાનામાં મનુષી રૂપના એહરેમન કમબખત "ફરોખઝાદ"ની ઊસકેરણીથી ઇરાનીઓ શેહનશાહ (ખસરૂ પરવીજ) થી

ફરી બેઠા અને શેહનશાહ જાદા કોબાદને કયાની તખતપર બેસાડીને યઝદાનના દોસ્ત પાદશાહ (ખસરૂપરવીજ)ના રવાનને શરીરથી જુદો કીધો, ઇયાને મારી નાખયો.

(ખુલાસોઃ—જાણવું કે "ખસરૂ પરવીજ" જ્યારે રૈયતો સાથે બુરી ચાલ ચલાવા લાગ્યો, ત્યારે તે સાહેબના બે વડા સરદારોએ બંડ ઊઠાવી બીજા સર્વે વજીરોને પોતાના મતને મલતા કરી શેહનશાહ "ખસરૂ પરવીજ" ને રાજપરથી બરતરફ કરી તે સાહેબના છોકરા કોબાદ કે જેને "શીરૂએ" કેહતા હતા અને તે બાપના હુકમથી કેદખાને પડયો હતો તેને છોડવી લાવી તખત પર બેસાડયો, અને "ખસરૂ"ને પરથમ કેદખાનામાં નાખયો, પછે તે સરદારોના જુલમથી શીરૂયેને ફરજ પડવે પોતાના બાપને "મેહર હોરમઝદ" નામના શખસને હાથે મારી નખાવ્યો. જુવો શાહનામા મધ્યે ખસરૂ પરવીજના દાસતાનમાં)

૧૪. અને તાહરા ફરજંદોનું કેહવું કે જે માહરી જુબાનનું છે તેઓ નહીં સાંભળશે.

શરેહઃ—કારણ તાહરા છોકરાઓ જે કંઈ કેહશે તે માહરી જુબાનથી કેહશે. ઇરાનીઓના આવાં બુરાં કામોને માટે આ કીતાબ લખનાર (પાંચમાં સાસાન) નાં બુઝોર્ગવાર બાપ ચોથા "આઝર સાસાને" તે જમાનામાં તેઓની મુબારક હજુરમાં નામાઓ લખી મોકલાવ્યા હતા, અને હુલડની વખતે "બેહરામે ચોબીન"ની ઊપર લખયું હતું કે, તું પાદશાહી તાબમનાની સામે બંડ ના ઊઠાવ. તેણે તે શિખામણ નહી માની. એક વખત જ્યારે શેહનશાહ (ખસરૂ) "પરવીજ" રૂમદેશમાં જવા નીકળયો, અને બીજી વેળા જ્યારે તે શેહનશાહ રૂમદેશની મુસાફરીથી પાછો ફરયો ત્યારે "બેહરામ ચોબીના"ની ઊપર નામાઓ લખયા હતાં, પણ તેણે તે મુજબ કામ કીધું નહીં. અને છેલ્લાં નામાનો જવાબ લખયો હતો કે, જે કંઇ પેગમબરનો જાનશીન કહે છે તે ખરૂં છે અને તે હું સમજુછું. પણ પાદશાહી ઇચ્છાની લાલચ મને એવી ભસકેરણી કરે છે. ત્યારે શત ચોથા "સાસાને" ગુસ્સામાં કહ્યું કે જ્યાં સુધી તું નાહસીને તુરાન તરફ નહી જાય, અને તુરાંની ખંજરથી મરણ નહી પામે ત્યાં સુધી પાદશાહીથી ધરાવવાનો નથી. વળી એજ વખતમાં જ્યારે "ખસરૂ પરવીજ"ને તખત ઊપરથી (વજીરો તથા સરદારોએ)

બરતરફ કરી "શીરૂયે" ને (તખ્તપર) બેસાડયો, ત્યારે માહરા બુઝોર્ગવાર બાપે તથા આ કીતાબના લખનારે (પાંચમા સાસાને) તેઓ ઇયાને તે વજીરો ઊપર કાગજો લખી મોકલ્યાં હતાં, ત્યારે તેઓએ તેનો જવાબ વાળ્યો હતો કે "તમો પોતાના સગાઓની તરફેનદારી અને હીમાયત કરોછો અને હમો જાણીએ છઇએ કે કોઇ પોતાના સગાઓનું બુરૂં ચાહે નહીં તમો (ચોથો અને પાંચમો આઝર સાસાન)થી દુન્યા કચવાટ (અથવા તંગી)માં પડીછે એક બહમની ટોળી આવી તખ્તપર બેઠી, અને પેગમ્બરોની જગ્યાએ બીજાઓ આવ્યા, અને તે પેગમ્બરના ખલીફાઓ થયાં, અને તરવાર તથા હકુમત પોતપોતામાં વેહચી લીધી." પછે મજના બુઝોર્ગ વાર (ઇયાને ચોથા સાસાને) પારસના* વડાઓ તથા સાસાની ખાનદાનના લોકોને "એસતખ્ર"માં એકઠા કરી પેહલાં આઝર સાસાનપરનું યઝદાની નામું તેઓ આગળ વાંચી સંભળાવ્યું, અને કહ્યું કે કમબખ્તી ભરેલા દીવસોની નીશાની હાલિ આવી છે, હવે ઇરાનીઓમાં સચ્ચાઇપણું તથા ખરી ચાલ ચલણ રહી નથી.

૧૫. જ્યારે તેઓ આવાં કામો કરશે ત્યારે આરબોમાંથી એક મરદ ઊત્પન્ન થશે.

૧૬. અને તેના ચેલાઓને હાથે (ઇરાનીઓનું) તાજ, તખત, દેશ, અને ધર્મ સર્વે બરબાદ થશે.

૧૭. અને (ઇરાની) વડાઓ સર્વે (આરબોના) તાબેદાર થશે.

૧૮. અને આબાદો ભરેલા મંદીરો તથા આતશકદેહઓને વગર મૂર્તિના થએલાં તથા નમાજ કરવાની જગ્યાઓ બનેલી જોવામાં આવશે.

શરેહ:—જે મકાન કે આરબેસ્તાન મધ્યના "હામાવરાન" શેહરની પળીમાં બનાવેલું બરકરાર છે. તેની અંદર તારાઓની મુર્તિઓ હતી, તેને માટે કહે છે. તે (મક્કા) નેમાજનો કેબલો થશે, અને તેમાંની મૂર્તિઓ કાઢી નાખશે.

* જાણવું કે શેહનશાહ હોસંગથી તે કયાની વંશના છેલ્લા પાદશાહ સુધી આખા ઈરાન દેશને "પારસ" કેહતા હતા અને તે પછે પાછલથી ચાર શેહર ઈયાને યઝદ, કેરમાન, એસફહાન અને શિરાજને એકંદર પારસ કેહતા હતા, પણ હાલે માત્ર શિરાજને કહે છે.

૧૯. (જમીનપરના મીઠાં પાણીને બદલે) ખારૂં પાણી વધશે.

૨૦. "મદાયન" તથા તેની આસપાસ તેમજ તુસ, (ખોરાસાન) અને બલખમાં આવેલા આતશકદેહઓ તથા બીજી મ્હોટી મ્હોટી જગ્યાઓ તેઓ છીનવી લેશે.

૨૧. તેઓનો ધર્મ બનાવનાર ઇયાને પેગમબર* ઘણો બોલકણો થશે, તથા તેના શબ્દો એક બીજામાં વીટલાયલા ઇયાને ભેદ ભરેલા નીવડશે.

૨૨. દરેક જણ તેના ધર્મને દરેક બાજુએ લેઇ જશે.

૨૩. તે ધર્મ એક ખારા દરિયા જેવો નીવડશે કે જે દરિયામાં ચારો તરફથી તોફાન હોય.

૨૪. અને તેથી પોતાનું વાહાણ ડુબાવી નાખે.

૨૫. પછે તેઓ પોતપોતામાં લડશે.

૨૬. ઇરાની દાનાઓ તથા બીજાઓ તે લોકોમાં ભેળાશે. (ઇયાને મુસલમાન થશે.)

૨૭. અને તે ધર્મમાંથી બાકી કાંઇ રેહશે નહી, પણ આટામાં નીમક નાખીએ તેટલો.

શરેહ:—એપરથી એવું સમજાવે છે કે, જ્યારે ઇરાનીઓ કમજોર થશે ત્યારે તેઓ તથા બીજાઓ આરબી ધર્મમાં મળી જશે, અને ઘણાએક તરીકા ઊઠાવશે, તે એટલા સુધી કે તે ધર્મમાંથી તે તરીકાઓની અંદર એક આટામાં નીમક નાખ્યું હોય તેટલો થોડો રેહશે. જેમકે નીચલા ફકરામાં નામીયા સાહેબ (પેહલા સાસાન)ને યઝદાન ફરમાવે છે.

૨૮. અને તે તરીકાઓની અંદર તે ધર્મના નામ શિવાય બીજું જોશે નહી.

૨૯. પછે તુરાનીઓ આવશે અને તેઓની બુઝોર્ગી છીનવા લેશે.

૩૦. આરબી ધર્મમમાં ધર્મના આતશકદેહઓને મોઢાં આગલ જોશે. (ઇયાને તેઓના મોઢાં સામું લોકો હુકા, બીડીના આતશો જોશે)

---

* એ પરથી પેહલા "સાસાન"ને યઝદાન મુસલમાનોનો પેગમબર "હઝરત મહમદ"ની અગમચેતી આપે છે.

૩૧. અને તેઓના મોઢાંઓ આતશકદેહના ધુમાડયાંઓ થશે.

૩૨. એવો જમાનો આવશે કે, તે વેળા યઝદાન અને એહરેમન કેહશે. [જેમકે—હાલ લોકો કહે છે કે શેતાને મને ફરેબ આપીઓ, અને બુરા કામોનો સંબંધ શેતાન સાથે આપી પોતે પોતાના કર્તુકથી અજાણ્યા થાએ છે.]

૩૩. તેઓ માટી પુંજવાનું કરશે.

૩૪. દીનપર દીન તેઓમાં જુદાઇ અને દુશમેની વધશે.

૩૫. તેથી તેઓની અંદર તમો યઝદાનીઓ ભલાઇ મેળવશો.

૩૬. આકાશના મોહોટા દૌર ઇયાને ગીરદેશમાંથી થોડો જમાનો બાકી રેહેશે ત્યારે તમારામાંથી એક શખશને ઉઠાવીશ, ઇયાને સરસાઇ આપીશ.

૩૭. તાહરો ધર્મ અને મરતબો તુને પુગાડીશ. *

૩૮. અને પેગમબરી તથા બુઝોર્ગી તાહરા પુરજંદોમાંથી બરતરફ કરીશ નહીં.

૩૯. આરબોને એવી હાલતમાં લાવીશ કે જેમ એક બીલાડીથી ઉંદર, અને સિંહથી બીલાડી પોતાના દરમાં તથા છુપાવાની જગ્યામાં નાહસે છે, તેમ તેઓ તમારી ધાસ્તીથી નાહસશે.

૪૦. તાહરા પછે પાંચમાં સાસાનને પેગમબરીને માટે મોકલીશ, ઇયાને પેગમબર ઠેરવીશ.

વરશીમ ૪ થી.

(પેહલા સાસાનની વખાણ અને આબાદી ધર્મને પ્રખ્યાત કરાવાની તાકીદ.)

યઝદાન કે જે—એકકો, અમિશ્ર, મૂળ જાતીનો અને પોતાની

---

* એથી એમ નહી સમજવું કે હજારો વર્ષ સુધી પેહલા સાસાને જીંદગી ભોગવ્યા બાદ ફરી તેજ સાહેબ પેગમ્બર થશે. પણ તેજ સાહેબનું પવિત્ર રવાન પાછલથી મનુષીરૂપમાં અવતરી અશો પેગમ્બર થઇ જરથોશ્તી ધર્મને ટેકો આપશે.

જાતીથી સર્વ ગુણને પેદા કરનાર છે. તેની પાસે પનાહ ચાહી (નીચલી બીના ભણવાનું સરૂ કરી)એ છઇએ.

૧. યઝદાને તુહને પેગમ્બરીમાં કબુલ કીધો.

૨. તું વડા પેગમ્બરો મધ્યનો એક છે.

૩. નામા ધરાવનારા આગળા પેગમ્બરોની માફક તુને પણ નામાનો ધણી કરી મેં આ દુન્યાના સર્વ લોકો ઊપર મોકલ્યો છે.

૪. તું સર્વેને બુઝોર્ગ આબાદના ધર્મપર ચલાવ.

૫. જે શખસ એ ધર્મપર નહી ચાલશે તે દોજખી થશે.

૬. તુંએ દોઆ માંગી કે ઓ જહાનના સાહેબ હમારી ઓલાદમાં પાદશાહી આપ.

૭. માટે હું "અરદેશીર"ને ઊઠાવીશ, અને પાદશાહીમાં કબુલ કરીશ.

વરશીમ ૫ મી.

(રવાન આ નીચલી દુન્યામાં નેકી મેળવ્યાથી પાછો પોતાની હધમાં જાય છે, અને ત્યાં યઝદાનને પહોચે છે.)

યઝદાન કે-જે એકકો, અમિશ્ર, મૂળ જાતીનો અને પોતાની જાતીથી સર્વ ગુણને પેદા કરનાર છે. તેની પાસે પનાહ ચાહી (નીચલી બીના ભણવાનું સર કરી)એ છઇએ.

૧. જાણકે જે કોઇનું રવાન ઇનસાફ મેળવે તે જ્યારે શરીર તજે ત્યારે મને (ખોદાને) મળે [જાણવું કે, ફરેશતાઇ રવાનનો અક્કલમંદ પેગમ્બર "કેખસરૂ" બીન "સીઆવક્ષે" પોતાની "સરૂશી કેરદાર" નામની કીતાબમાં ફરમાવ્યુ છેકે, સુકર તારાએ મને કહ્યું. (જુવો નીચલા ફકરાની શરેહ.)]

૨. દરેક કામમાં મધ્યમ રેહવું સારૂ છે.

શરેહઃ—પછે કહેછે કે, જ્યારે અક્કલની શકિત વધી જાએછે ત્યારે ઠગ થાએ છે, જેને "ફોરબાઝી" ઈયાને મકરપણું કહેછે. જ્યારે ઓછી તથા થોડી હોય છે ત્યારે બેઅકલી અને નાદાન ગણાય છે. પણ તેની

શકિત મધ્યમ હોય તો વખાણ ભરેલી છે, અને તેને અકલમંદી તથા દાનાઈ કહેછે, હવે તે વધુ શકિતવાલી અકલ અંતે બુરાઈ તરફ માંથુ ખેંચેછે, જેને બુરા કર્તુકો કહેછે, અને કોતાઇથી ઇયાને નાદાનીથી કામ બનતું નથી, પણ મધ્યમ શકિતમાં પરેહજગારી, પવિત્રાઈ અને શરમંદગી હોય છે. અગરજો ગુસ્સાની શકિત વધુ કોવત પામે તો મરદ પોતાનાં કામની પુઠે દોડવા જાએ છે, તેને લડવૈયો કહેછે, અને અગરજો તે ગુસ્સો ઓછો હોય તો તે શખ્સને બીહકણ કહેછે, પણ મધ્યમ ગુસ્સાની સ્થીતી ધરાવનારને દલેરી અને બાહાદુરી હોયછે. એજ પ્રમાણે જે રવાનમ એત્રીજ બોદાઇ બુઝોર્ગી ઇયાને મધ્યમ પણું જેને દાદ એટલે ઇનસાફ કહેછે. તે તેમાં હોય તો તે રવાન ઇનસાફની શકિતનો સાહેબ તથા દાદગર હોયછે. પછે જ્યારે તત્વી શરીરથી વેગલું થાએ ત્યારે ફરેશતો થાએ છે, અને પાક યઝદાનને જાઈ મલે છે. તે ફરેશતાઇ અકલવાલા પેગમબર (કેખસર)ના એજ મીસાલ એ બાબે ઘણા સખુનો છે.

વરશીમ ૬ ઠી.

(પાંચમાં સાસાનની પેગમ્બરીની અગમચેતી.)

યઝદાન કે જે એકકો, અમિકા, મૂળ જાતીનો અને પોતાની જાતીથી સર્વ ગૂણને પેદા કરનાર છે, તેની પાસે પનાહ ચાહી (નીચલી બીના ભણવાનું સરૂ કરી)એ છઇએ.

૧. જે કંઇ કે મેં તુંને કહ્યું તે સર્વ ઠેરવેલા વખતે આદમીઓમાં બનાવ બનશે.

૨. તાહરા પછે પાંચમો સાસાન માહરો પેગમ્બર છે.

અશો પાચમાં "સાસાન" નું નામું.

વરશીમ ૧ લી.

(પાંચમાં સાસાનની પેગમ્બરી તથા દરેક મનુષ્યોએ ખાલેકને પોતાની જતી બુધ્ધિ મુજબ પીછાણવા બાબે.)

૧. હમે યઝદાનપાસે બુરી ઇચ્છા અને બુરી અસલત કે—જે હમોને બુરા માર્ગપર લેઇ જનારી, દુ:ખ દેનારી, અને ઇજા પોહોચાડનારી છે. તેનાથી પનાહ માંગીએ છઇએ.

૨. ઇઝદ કે, જે બક્ષેશનો કરનાર, બક્ષાવનાર, દયાળુ અને ઇનસાફી છે. તેના નામથી.

૩. યંઝદાનના નામથી સરૂ કરૂં છું કે:—

૪. ઓ ચોથા સાસાનના છોકરા પાચમાં સાસાન !*

૫. હાલે મેં તુને પેગમ્બરીમાં કબુલ કીધો.

૬. તુંએ માહરો ચાહ મેળવેલો છે, માટે ખરો માર્ગ છુપાવના.

૭. ખરો માર્ગ (ધર્મ) તે બુઝોર્ગ આબાદનો ધર્મ છે.

૮. તેહનો ધર્મ રોશાન ઇયાને મખ્યાત કર.

૯. કોઇ તેહવો નથી કે મહને સોધે અને મેળવે નહીં.

૧૦. એહવો કોઇ નથી કે મને હયાત જાણે નહી. [અને નાશ થએલો ગણે.]

૧૧. દરેક જણ મહને પોતાની અકકલની પુંજી મુજબ પીછાણે છે.

૧૨. તેનાઓ કંઇ ચીજ કહે છે, અને કંઈ ચીજ સમજે છે.

૧૩. અને જે કંઇ પોતે ધરાવે છે, તેનેજ ખરૂં અને દરૂસ્ત ગણે છે.

---

* મરહુમ "કેકોબાદ"વાળી ગુજરાતી ચોપડીમાં એ ફકરો અધુરો છે.

૧૪. તે તેઓની નારાસ્તી બે ચીજને માટે છે.

૧૫. એક તો નાદાની, અને બીજુ લોભ લાલચ.

૧૬. હવે તું ખરો રસ્તો માણસોને દેખાડ.

શરેહઃ—(ખોદા) ફરમાવેછે કે—ઓ પાંચમાં સાસાન! એવો કોઇ નથી કે મને ચાહે નહી, સોધે નહી, તથા પોતાની ઇચ્છા મુજબ મળવે નહી, સઘલાઓ સોધે છે અને પોતાની બુદ્ધિની પુંજી મુજબ મેલવે છે. કોઇ એહવું નથી કે માહરે વાસ્તે એમ કહે જે હું નથી યાને ખોદાની અસ્તિ નથી. જે કંઇ તેઓ કહેછે તે ખરૂ માનેછે, પણ પુરતી રીતે સમજતા નથી, અને તે બે કારણને લીધે છે પેહલું એ કે તેઓ પોતાની બેઅકલીથી જે ઘટતું નહી હોય તેને દરૂસ્ત ગણે છે. બીજું—લોભથી તેઓ ચાહે છે કે, માણસોને પોતાને તાબે કરે તથા બુઝોર્ગી અને ધર્મી ઊપાધ્યા પણું ભોગવે, તે મોહોટાઇની લાયકી અગરજે તેઓની જાતીમાં નહી હોય, તોએ પણ કંઇબી રીતે દગલબાજીથી, પશુઓપર ઘાતકીપણું ચલાવવાથી તથા પોતાની બેઅકલીનાં ભરસાથી ટોળીઓની ખરાબી કરીને પોતે સરદાર થાએછે.

વરશીમ ૨ જી.

(ઈરાંનીઓના બુરા કર્તુકો, ઈસલામી ધર્મ અને ઈરાનીઓની ખુવારી તથા અંતે ઝરથોશતીઓની ઊમેદવારી.)

યઝદાનનાં નામથી સરૂ કરૂંછું કેઃ—

૧. (ઓ પાંચમાં સાસાન!) તુંએ ઇરાનીઓના બુરાં કર્તુક જોયા કે તેઓએ માહરા (ખસરૂ) "પરવીઝ"ને મારી નાખ્યો.

૨. જેહને કે મેં સરઅપરાજ કીધો તેને તેઓએ પાએમાલ કીધો.

૩. જે (મતલબ)ને માટે તેઓએ એવું બુરૂં કામ કીધું તે મતલબ તેઓ પામનાર નથી.

૪. અને હું તેનાઓને બુઝોર્ગી તથા મોહોટાઇને ઠેકાણે કંગાલીયતમાં પુગાડીશ.

૫. "કેયાની"ઓને ચાહવાને માટે હું તેઓને બુઝોર્ગી તથા નામીચી હાલતમાં રાખતો હતો.

૬. જેમ આગળા ઇરાનીઓના (બુરા કર્તુક)નો બદલો દેહ-આકે (ઓહાકે) વાલ્યો તેમ,*

૭. હવે પછે તે (ઇરાની)ઓ આરબોને હાથથી બદલો મેળવશે.

૮. તેઓ લીલાં તથા કાલાં કપડાં પેહરનારાઓથી પોતાની કરણીનો બદલો મેળવશે.

૯. તે બદલો આપનારી (આરબોની) ટોળી લાલચું થશે.

૧૦. તેઓ એક બીજા સાથે લડશે, બુરા કર્તુકના નિવડશે તથા તેઓ પોતાના વડાઓનું કહેલું પણ કરશે નહીં.

૧૧. અને માલમતાને માટે તેઓ પોતાના વડાઓને મારી નાખશે.

૧૨. તેઓ પશુંઓને કાપવામાં ખેરાત કરવાનું સમજશે, અને ઓરતો સાથે સંગત કરવામાં ધર્મી ફરજ બજાવવાનું ગણશે.

૧૩. અને તુરાનીઓ પણ ફાવશે.

૧૪. જ્યારે આરબી ઇયાને મુસલમાની ધર્મ ઊત્પજ થયાને હજાર વરસ વીતશે, ત્યારે જુદાં જુદાં ભાગમાં વેહચઇ જવાથી તે ધર્મ એવો થશે કે અગરજો તે અસલ ઊત્પજ કરનાર (પેગમ્બર મહમધ)ને દેખાડે તો પીછાણી શકે નહીં.

૧૫. તેમજ ઇરાનીઓને તું જોશે કે, તેઓ કોઇ દાનાવનું કહેલું સાંભળશે નહી.

૧૬. અગરજો તેઓને સાચું કહેશે તો દુઃખ લાગશે.

૧૭. અને તેઓ તેને દાનાઇથી જવાબ આપવાને બદલે તેની સામે હથયાર સાથે લડવા નીકળશે.

૧૮. એ (ઇરાની) લોકોની બદકારીમાનું એક એ છે કે, તેઓમાંથી ફરેશતાઇ ગુણનો વડો પાદશાહ (ખસરૂ પરવીજ) જુદો થયો, ઇયાને મારયો ગયો.

૧૯. ઓ (પાંચમાં) સાસાન ! તાહરીપર સંકષ્ટ આવી પડશે.

૨૦. તું માહરો પેગમ્બર છે.

---

* મરહુમ મુલ્લાં ફીરૂજજીએ મેળવેલી ચોપડીમાં એ ફકરાનો ફારસી તરજુમો નથી.

૨૧. અગરજો લોકો તાહરા હુકમપર નહી ચાલશે તો તેઓના હકમાં બુરૂં થશે, નહી કે તાહરા હકમાં.

શરેહ:—પેગમ્બરીનો મરતબો માત્ર એ નથી કે સર્વ લોકો તેને ચાહે અને મોહોટાઇ આપે. પણ ઘટતું એજ છે કે ખરી મોહોટાઇને લાયકનો હોય અને શાચું બોલે.

૨૨. નેક લોકો તાહરા ધર્મપર આવશે.

૨૩. તાહરી ઓલાદમાં હમેશાં પેગમ્બરી રેહશે.

૨૪. તું દલગીર ના થા કે અંતે યઝદાન બક્ષશે.

૨૫. અંતે તમારા લોકોમાંના કોઇ એક ધાસ્તી આપનારથી દુરવંદો ઇયાને બુરા કર્તુકના લોકો જેમ ઊંદર એક દરમાથી બીજા દરમાં નાહસે છે તેમ નાહસશે.

શરેહ:—યઝદાને પોતાના શુકર ગુજારબંદા (પાંચમા સાસાન) ને "પરવીજ"નાં વખ્તમાં "મરવ"મધે લોકોને ધર્મ માર્ગ દેખાડવા મોકલ્યો, ઇયાને પેગમબરીમાં ઠેરવ્યો અને તે મજની પેગમ્બરીની અગમચેતી મજના બુઝોર્ગવાર બાપને પેલી જહાનથી મળી હતી, તેમજ બીજા વડાઓ અને શેહનશાહઓએ પણ ખોઆબમાં જોયું હતું. તે પરથી માહરીપર એતેકાદ લાવ્યા હતા. ખોદાએ મહને એટલી ઊંચાઇએ ચઢાવ્યો કે જેની હધ કહી શકતો નથી, અને હજુર તે ઊંચાઇએ જવાનું ચાલુછે. હુએ તની દુન્યા ઇયાને આ પૃથ્વીને રવાનેસ્તાનના દરિયા આગલ એક ટીપાં બરોબર જોઇ, અને "રવાનસાર"ને ખેરદેસ્તાન ઇયાને અકલોના મથક આગલ એક ટીપા બરોબર જોયું, તેમજ અકલોના મુલકને યઝદાની ગોહરનાં દરિયાની આગલ એક ટીપા બરોબર જોયું.

આ પનોતું ભેદ ભરેલું યઝદાની નામું સમાપ્ત થયું

આ કીતાબને આશ્રય આપનાર સાહેબોનાં નામ.

મુંબઈખાતે.

નકલ.

૧૦ સર દીનશાહજી માણેકજી પીટીટ.
૭ શેઠ ફરામજી નસરવાનજી પટેલ.
૫ ,, લખમીદાશ ખીમજી. જે. પી.
૫ ,, ખુરશેદજી ફરદુનજી પારખ.
૫ ,, રૂસ્તમજી ડોસાભાઇ શેઠના.
૫ ,, હોરમસજી મેહરવાનજી નાળીયરવાળા.
૪ ,, જમશેદજી ફરદુનજી ઉનવાલા.
૩ ,, જમશેદજી નસરવાનજી પીટીટ.
૩ ,, દોરાબજી ફરામજી પાંડે.
૩ ,, કાવસજી દીનશાહ તથા ભાઇઓ.
૩ ,, ખરશેદજી પાલનજી પાઉવાલા.
૩ મરહુમ શેઠ ધનજીભાઈ નસરવાનજી કામાને ધર્મખાતે.
૨ શેઠ દોરાબજી ડોસાભાઇ દુતીવાલા.
૨ ,, જીવનજી હીરજીભાઈ રૂડીમની.
૨ ,, જીવનજી જામાસ્પજી મીસ્તરી.
૨ ,, હોરમસજી નવરોસજી કોપર.
૨ ,, અરદેસર ડોસાભાઈ મુનશી.
૨ ,, મનચેરજી હોરમસજી દારૂખાનાવાળા.
૧ ,, હોરમસજી રૂસ્તમજી માસ્તર.
૧ ,, રૂસ્તમજી હોરમસજી જાલ.
૧ ,, એદલજી રૂસ્તમજી મોદી.
૧ ,, ખરશેદજી અરદેસર દાદીશેઠ.
૧ ,, મેહરવાનજી મનચેરજી ભરૂચા-દુપેટાવાલા.
૧ ,, ખરશેદજી નવરોસજી પાવડી.
૧ ,, સોહરાબજી ડોસાભાઇ કેમેસરીવાલા.
૧ ,, નસરવાનજી કોયારજી.

નકલ

૧ શેઠ કુવરજી મેહરવાનજી ગજધર.
૧ ,, મનચેરજી કાવસજી મુલ્લાંફીરૂજજીના.
૧ ,, દીનશાહજી ડોસાભાઈ શરાફ.
૧ ,, એદલજી બમનજી મારીસ.
૧ ,, રતનજી મંચેરજી કોહલા.
૧ ,, હીરજીભાઈ હોરમસજી મોટાભાઇ.
૧ ,, દોરાબજી ખરશેદજી પટેલ.
૧ ,, માણેકજી મંચેરજી હીરામાણેકના.
૧ ,, દીનશાહજી હોરમસજી બાટલીવાલા.
૧ ,, ટેમુલજી પેસ્તનજી શેઠના.
૧ એ. મંચેરજી શાપુરજી કાતરક.
૧ શેઠ મેહરવાનજી મંચેરજી મોદી.
૧ ,, ફરામજી નવરોસજી દાદીબરજોરના.
૧ ,, એદલજી હોરમસજી બાટલીવાલા.
૧ ,, પાલનજી નવરોસજી પાવડી.
૧ ,, નવરોસજી જમશેદજી મોદી.
૧ ,, કાવસજી ખરશેદજી મહેતા.
૧ એ. ફરામજી માણેકજી મોબેદજી.
૧ શેઠ કાવસજી નવરોસજી કોટવાલ.
૧ ,, રૂસ્તમજી ખરશેદજી પટેલ.
૧ ,, હોરમસજી મેહરવાનજી નવલાઇશેઠજી.
૧ ,, દોરાબજી નાનાભાઈ વાડીઆ.
૧ ,, સોહરાબજી કાવસજી ટાટા.
૧ ,, હોરમસજી બમનજી શરાફ.
૧ ,, રતનજી ફરામજી વાચ્છા.
૧ ,, જમશેદજી પેસ્તનજી તારાચંદ.
૧ ,, મંચેરજી નસરવાનજી પટેલ.
૧ ,, મંચેરજી માણેકજી હોમયાર.
૧ ,, બેહરામજી દીનશાહ પાંડે.
૧ ઈરાની આબાદાને તીરઅંદાજ.
૧ શેઠ કુવરજી બેજનજી બેલીફ.
૧ ,, નાદરશાહ હોરમસજી એદલજી શુપીઆ.

નકલ.

૧ શેઠ નાદરશાહ હોરમસજી ખીલીમોરીઆ.
૧ ,, હોરમસજી માણેકજી હાટરયા.
૧ ,, ડોસાભાઈ બરજોરજી મીસ્તરી.
૧ મ્યુ. નસરવાનજી બમનજી વીમાદલાલ.
૧ શેઠ માણેકશાહ જહાંગીરશાહ તાલેયારખાન.
૧ સૈયદ મહમદશાહ કાદરી.
૧ શેઠ હોરમસજી ખરશેદજી ઝવેરી.
૧ ,, ફીરોજશાહ રૂસ્તમજી બાટલીવાલા.
૧ ,, બમનજી ભીમજીભાઈ મહેતા.
૧ ,, મહેરવાનજી મંચેરજી મોદી.
૧ ,, ફીરૂજશાહ કાવસજી ગાંધી.
૧ ,, સોહરાબજી ફરામજી માદન.
૧ ,, માણેકજી અરદેશર માસ્તર.
૧ ,, સોહરાબજી રતનજી શેઠના.
૧ ,, રતનજી જમશેદજી મોદી.
૧ ,, માણેકજી હોરમસજી કાબરા.
૧ ,, ધનજીભાઈ જીવનજી ગઝદર.
૧ ,, જીવાજી શાપુરજી ધનજીભાઈ.
૧ ,, ખાનબહાદુર રૂસ્તમજી જામાસ્પજી હાસબરનર.
૧ ,, નસરવાનજી કાવસજી કોમ્બીઅડર.
૧ ,, ડોસાભાઈ ફરામજી કામા.
૧ ,, ફરામજી ફરદુનજી કોહલા.
૧ ,, નવરોસજી મનચેરજી મોબેદજીના
૧ એ. બેજનજી રૂસ્તમજી રાનજી.
૧ શેઠ જમસેદજી ડોસાભાઈ શેઠના,
૧ ,, બમનજી એદલજી પટેલ.
૧ ,, હોરમસજી શાપુરજી બાટલીવાલા.
૧ ,, ફરામજી બમનજી મુસ.
૧ ,, જહાંગીરજી અરદેસર દોધી.
૧ ,, માણેકજી પેસ્તનજી દાદી બરજોડના.
૧ ,, પાલનજી શાપુરજી દાદાચાનજી.
૧ મરહુમ શેઠ રૂસ્તમજી સોહરાબજી ખરાશને પુને.

નકલ.

૧ શેઠ જહાંગીરજી રૂસ્તમજી ખરાશ.
૧ ,, પોહચાજી બેહરામજી બાટલીબોઇ.
૧ ,, હીરજીભાઈ નવરોસજી પારખ.
૧ મરહુમ શેઠ બમનજી ધનજીભાઇ કામાને પુને.
૧ ,, ,, અરદેસર ધનજીભાઇ કામાને પુને.
૧ ,, ,, હોમજી ધનજીભાઇ કામાને પુને.
૧ મરહુમ બાઈ કુવરબાઈ તે મરહુમ શેઠ ધ૦ કામાની છોકરીને પુને.
૧ ,, ,, બચુબાઈ તે ,, ,,
૧ ,, ,,-દીનબાઈ બમનજી કામાને પુને.
૧ બાઈ ધનબાઈજી ધનજીભાઈ કામાં.
૧ એ. દાદાભાઈ બરજોરજી કાંગા.

દેશાવરખાતેના સાહેબોનાં નામ.

૨ ખાનબહાદુર નસરવાનજી ખરશેદજી નગરવાલા (અહમદનગર).
૨ શેઠ ફરામજી અરદેશર (,,)
૨ મોબેદ બરજોરજી શાપુરજી ધાભર (,,)
૧ ,, ટેમુલજી નવરોસજી નગરવાલા (,,)
૧ ,, ખુરશેદજી સોહરાબજી મોવડાવાલા (,,)
૧ ,, સોહરાબજી ધનજીભાઈ (,,)
૧૦ ખાનબહાદુર શેઠ પદમજી પેસ્તનજી (પુના).
૫ શેઠ નવરોસજી ફરામજી કેકોબાદના મેલ કંટ્રાકટર (,,)
૩ ,, દીનશાહજી મંચેરજી સોપારીવાલા (,,)
૨ સરદાર ખાનબહાદુર દસ્તુર હોશંગજી જામાસ્પજી જામાસ્પઆસાના.
૨ ખાનબહાદુર ખરશેદજી એદલજી ઘાસવાલા (પુના).
૨ ખાનસાહેબ ફરદુનજી પેસ્તનજી વરયાવા (,,)
૨ શેઠ મોદી બરજોરજી માણેકજી ફોટોગ્રાફર (,,)
૧ શેઠ ટેમુલજી ડોસાભાઈ જગારવાલા (,,)
૧ ,, મેહરવાનજી માણેકજી કંટ્રાકટર (,,)
૧ ,, નસરવાનજી નવરોસજી બરફવાલા (,,)
૧ ,, ડોસાભાઈ કાવસજી શાંગા (,,)
૧ ,, સોરાબજી રૂસ્તમજી નાણાવટી (,,)
૧ ,, દારાબજી ફરામજી શેમર (,,)

નકલ
૧ શેઠ રૂસ્તમજી અરદેશર ઘડયાળી (પુના).
૧ ,, ધનજીભાઈ ખરશેદજી મારકર (,,)
૧ દા. ફરામજી કાવસજી હાથીદારૂ (,,)
૧ શેઠ બેહરામજી કાવસજી મરચંટ (,,)
૧ ,, મેહરવાનજી ખરશેદજી પારખ (,,)
૧ ,, સોહરાબજી કાવસજી લાકડાંવાલા (,,)
૧ ,, દાદાભાઈ ફરામજી માસ્તર (,,)
૧ ,, શાપુરજી રૂસ્તમજી રાંદેળીઆ (,,)
૧૦૧ શેઠ હોરમસજી માંકાશાહ ભમગરા (ઇંદોર).
૩ મોબેદ મીનોચેરજી સોરાબજી રાઓ (,,)
૨ શેઠ કાવસજી પેસતનજી એદુબામના (,,)
૧ ,, કાવસજી સોહરાબજી ખરાદી (,,)
૧ ,, હોરમસજી નસરવાનજી ફરાશમેન (,,)
૩ દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પઆસાના (મઉ).
૨ ખાનબહાદુર નવરોસજી માણેકજી બોરી (,,)
૧ શેઠ દોરાબજી રતનજી ગોરવાલા (,,)
૧ ,, રતનજી મેહરવાનજી દારૂખાનવાલા (,,)
૨ શેઠ હોરમસજી જીવનજી દાદરેવાલા (દમન).
૧ શેઠ પેસતનજી ફરામજી સરકારી (નાગપુર).
૧ શેઠ દારાશાહ નવરોસજી હવેલીવાલા (સોલાપુર).
૨ શેઠ કુવરજી કોયારજી (રાજકોટ).
૧ ,, દોરાબજી પેસતનજી દસ્તુર (,,)
૧ ,, દીનશાહજી માણેકજી દમરી (,,–કાઠીઆવાડ).
૧ ,, મેહરવાનજી મનચેરજી કરંજીઆ (,,)
૧ ,, ધનજીશાહ હોરમસજી કરાકા (,,)
૧ ,, બેજનજી મેહરવાનજી દમરી (,,)
૧ ,, બરજોરજી નવરોસજી આગા (,,)
૨ શેઠ કાવસજી હીરજીભાઇ માલેગામવાલા (કાનાનોર—મલબાર).
૧ ,, સોહરાબજી માણેકજી પાઊવાલા આબકારી એજંટ ,, ,,
૧ ,, સોરાબજી એદલજી એશીઆટીક સ્ટીમ નેવી૦ કું૦ના એજંટ ,,
૧ શેઠ જમશેદજી બેહરામજી મીસ્તરી (કલીકોટ).
૧ ,, જમશેદજી રતનજી મારશીયલ (,,)

નકલ.

૧	શેઠ રતનજી ખરશેદજી ઓખરા	(કલીકોટ).
૨	દાવર રૂસ્તમજી ખુરશેદજી મોદી	(સુરત).
૧	,, કુવરજી કાવસજી સબાવાલા	(,,)
૧	,, જમશેદજી કાવસજી એઠી	(,,)
૧	,, બેહરામજી પેસ્તનજી	(,,)
૧	,, બાપુજી સોહરાબજી લાએવાલા	(,,)
૧	,, માણેકજી શાપુરજી હોડીવાલા	(,,)
૧	,, મોટાભાઈ પેસ્તનજી વકીલ	(,,)
૧	,, ભીખુભાઈ માણેકજી પ્રીનસીપાલ	(,,)
૧	,, કુવરજી ધનજીભાઈ કંટ્રાકટર	(,,)
૧	,, શાપુરજી કુવરજી દાકટર	(,, માડવી).
૨	મોબેદ બેહરામજી જમશેદજી અંધ્યારૂજીના	(ઊદવાડા).
૧	,, સોહરાબજી હોરમસજી સીંધવા	(,,)
૧	,, સોહરાબજી જમશેદજી સીંધવા	(,,)
૧	,, રૂસ્તમજી શાપુરજી સીંધવા	(,,)
૧	,, કેરશાસ્પજી શાપુરજી પટેલ	(,,)
૧	,, પેસતનજી જમશેદજી આમરયા	(,,)
૧	શેઠ હોરમશજી દોરાબજી મરચંટ	(અબુરોડ).
૧	,, રૂશતમજી નસરવાનજી આંટીઆ	(,,)
૧	,, મેહરવાનજી માણેકજી મીસતરી	(,,)
૧	,, મનચેરજી ધનજીભાઇ ગાંધી	(,,)
૧	,, માણેકજી સોહરાબજી મરાવાલા	(,,)
૧	,, ફરામજી જમશેદજી મીસ્તરી	(,,)
૧	,, દોરાબજી નસરવનજી સંતોક	(,,)
૧	,, ધનજીભાઇ સોહરાબજી મરચંટ	(,,)
૧	શેઠ ખરશેદજી નસરવાનજી સતોક	(માંઊંટ અબુ).
૧	,, અરદેસર દોરાબજી દાદી માસ્તર	(,,)
૧	શેઠ રૂશતમજી આદરજી ઉમરીગર	(ભાવનગર).
૧	શેઠ માણેકજી નસરવાનજી દલસા	(દીઓલાલી).
૧	,, માણેકજી ડોસાભાઈ ફરામરોજ	(,,)
૧	મોબેદ ખરશેદજી માણેકજી વલશાદા	(,,)
૨	શેઠ શાપુરજી એદલજી ચીનાઇ	(હેદરાબાદ).

નકલ.

૧ દસ્તુર ખુરશેદજી દસ્તુર બેહરામજી (હેદરાબાદ).
૧ શેઠ કેખ્પસરૂ જહાંગીરજી ફોટોગ્રાફર (,,)
૧ ,, ઊકરજી ફકીરજી પ્લીડર (,,)
૧૦,, બરજોરજી પેસતનજી જાલનેવાલા (,, ગુલબરગ્ગ).
૧ શેઠ ખરશેદજી સોરાબજી નાનજી (બાંદોકોઇ).
૧ શેઠ હોરમસજી અરદેસર ઈજનેર (જેલગામ).
૨ શેઠ કાવસજી જીવનજી મેવાવાલા (નીમચ).
૧ ,, પેસતનજી હીરજીભાઇ માલેગાંમવાલા (,,)
૧ ,, પીરોજશાહની કું૦ જનરલ મરચંટ (,,)
૧ ,, દોરાબજી નસરવાનજી પટેલ (,,)
૧ ,, કુવરજી કાવસજી કંટ્રાકટર (,,)
૧ શેઠ પીરોજશાહ કાવસજી લાલકાકા (બદનેરા).
૨ શેઠ ફીરૂજી પેસતનજી દસ્તુર (વલશાડ).
૧ ,, ધનજીભાઈ ભુરાભાઈ (,,)
૧ ,, બમનજી કુવરજી (,,)
૧ ,, મેહરવાનજી કુવરજી દુતીઆ (,,)
૧ ,, કેકોબાદ લીમજીભાઈ બરગીવાલા (,,)
૧ શેઠ બમનજી પેસતનજી (ઇટોલા).
૧ શેઠ ડોસાભાઇ જીવાજી ચીજગર (જાવરા).
૧ ,, હોરમસજી કાવસજી દોતીવાલા (,,)
૧ શેઠ નવરોસજી નસરવાનજી પટેલ (ભાથા).
૧ શેઠ રૂસ્તમજી ખુરશેદજી દસ્તુર (ખંડવા).
૧ ,, અરદેસર કાવસજી પટેલ (,,)
૨ શેઠ મુબેદ મંચેરજી ટેમુલજી (અમદાવાદ).
૨ શેઠ હોરમસજી દીનશાહજી લાખેવાલા (,, નડીયાદ).
૧ શેઠ પેસ્તનજી નસરવાનજી સ્ટેશન માસ્તર (,, વાસેદ).
૧ શેઠ જહાંગીરજી પેસ્તનજી વકીલ (અમદાવાદ).
૧ ,, ખરશેદજી બેહરામજી નાણાવટી (,,)
૧ ,, પેસ્તનજી નસરવાનજી જીનવાલા (,,)
૧ ,, બમનજી પાલનજી શેઠના (,,)
૧ ,, કાવસજી અરદેસર ભરૂચા મસકાવાલા (,,)
૧ મોબેદ રૂસ્તમજી પેસ્તનજી પેશુના (,,)

નકલ.

૨ શેઠ હોરમસજી રતનજી રૂસ્તમજી રાગીજીના	(નવસારી).
૧ ,, બરજોરજી ધનજીભાઈ ભોટ	(,,)
૧ ,, જમશેદજી સોહરાબજી પાતરાવાલા	(,,)
૧ ,, ફરામજી ફકીરજી તંબોલી	(,,)
૧ ,, કેરશાસ્પજી ધનજીભાઈ વાંદરીવાલા	(,,)
૧ શેઠ રૂસ્તમજી બમનજી બુચ્યા	(ભોપાલ).
૧ ,, જામાસ્પજી નવરોજી	(,,)
૧ ,, હોરમસજી નવરોસજી કુપર	(,,)
૧ ,, દોરાબજી ડોસાભાઈ આબકારી કંટ્રાકટર	(,,)
૧ શેઠ કાવસજી ફરદુનજી બારીઆ	(ચાલીસગામ).
૧ શેઠ હીરજીભાઈ એદલજી રાંદેરીઆ હાડવૈદ	(રાંદેર).
૧ ,, રૂસ્તમજી પેસ્તનજી	(,,)
૧ ,, ખરશેદજી મેહરવાનજી રૂવાલા	(,,)
૨ શેઠ માણેકજી રૂસ્તમજી બનાજી	(કલકત્તા).
૧ ,, ધનજીભાઈ બહેરામજી મેહતાની કું૦	(,,)
૧ ,, ફરામજી હોરમસજી અરજાની	(,,)
૨ મોબેદ દીનશાહજી પાલનજી	(ઇલાવ).
૧ ,, પેસ્તનજી નસરવાનજી	(,,)
૧ શેઠ આદરજી જમશેદજી	(,,)
૧ શેઠ હોરમસજી ફરામજી નાણાવટી	(પાલનપુર).
૧ મોબેદ ભીખાજી ફરામજી શઇયાર	(,,)
૧ શેઠ એદલજી નાનાભાઈ ગોળવાલા	(કરાંચી-મનોરા).
૧ ,, ફરામજી રતનજી કેનટીનવાલા	(કરાંચી).
૧ ,, ધનજીભાઈ હોરમસજી ઘડયાળી	(,,)
૧ ,, બેહરામજી જહાંગીરજી રાજકોટવાલા આનરેરી માજીસ્ટરેટ.	
૧ ,, હોરમસજી ખરશેદજી નાંગલા	(,,-કેમારી).
૧ ,, પેસ્તનજી બેહરામજી મેહરવાનજી કોટવાલ	(,,)
૧ ,, ફરામજી કુવરજી મોદી	(,,)
૧ ,, કાવસજી ડોસાભાઈ વીરજી	(,,)
૧ ,, રૂસ્તમજી ફરામરોજ	(,,)
૧ ,, દોરાબજી નાનાભાઇ	(,,)
૧ ,, બરજોરજી નાનાભાઇ શેઠના	(,,)

નકલ.

૧ શેઠ કાવસજી દાદાભાઈ ખરાશ	(કરાંચી).
૧ ,, બેહરામજી એદલજી	(,,)
૧ ,, પીરોજશાહ પેસ્તનજી દુબાસ	(,,)
૧ ,, પાલનજી આદરજી મીસ્તરી	(,,)
૧ ,, રૂસ્તમજી માણેકજી મેહતા	(,,)
૧ મોબેદ દીનશાહજી માણેકજી	(,,)
૧ ,, બેજનજી ખરશેદજી	(,,)
૧ ,, મનચેરજી ખરશેદજી ગોરાના	(,,)
૧ ,, કોયારજી દીનયારજી દેવીયરના	(,,)
૧ ,, રૂસ્તમજી નાનાભાઈ કરંજીઆ	(,,)
૧ ,, રૂસ્તમજી પેસ્તમજી રબાડી	(,,)
૧ શેઠ સોહરાબજી નવરોસજી શેઠના	(,,)
૧ ,, રતનજી પેસતનજી ગોલવાલા	(,,)
૧ મોબેદ જમશેદજી મનચેરજી સીંધવા	(,,)
૧ ,, દીનશાહ માણેકજી પંથકી	(,,)
૧ શેઠ સોહરાબજી પીરોજશાહ દુબાસ	(,,–કેમાડી).
૧ ,, અરદેસર ડોસાભાઈ ધનજીભાઈ ખુરશીગરા	(,, ,,)
૧ શેઠ કાવસજી રસ્તમજી વરયાવા	(,, ,,)
૧ ,, ફ્રરામજી પીરાજશાહ પેસ્તનજી દુબાસ	(,, ,,)
૧ શેઠ અરદેસર નવરોસજી ઇન્જીન ડ્રાઇવર	(ઇગતપોર).
૨ શેઠ હોરમસજી ડોસાભાઈ કંટ્રાકટર	(વરોદરા–ચાંદોદ).
૧ શેઠ બેજનજી ફ્રરામજી રૂવાલા	(વરોદરા).
૧ ,, કાવસજી હીરજીભાઈ એંઠી	(,,)
૧ ,, સોહરાબશાહ નસરવાનજી દલાલ	(,,)
૧ ,, ખુરશેદજી જમશેદજી પોસ્ટમાસ્તર	(,,)
૧ શેઠ મેહરજીભાઈ બેહરામજી દોતીવાલા	(અજમેર),
૧ ,, ફીરોજશાહ રૂશતમજી દેવાન	(,,)
૧ ,, જીજીભાઈ ખરશેદજી વાચ્છા	(,,)
૧ શેઠ હોરમસજી જમશેદજી કોટવાળ	(નીમબાજ).
૧ શેઠ દાદાભાઈ સોહરાબજી ઝાલ	(કાંમતી).
૧ શેઠ નસરવાનજી પેસ્તનજી દીસાવાલા	(દીસા–કેમ્પ).
૧ ,, નવરોસજી ખરશેદજી કાતાપીતયા	(,,)

નકલ.

૧ ખોજા ઈસમાઈલ ધનજીભાઈ (વસાઈ).
૧ શેઠ રૂસ્તમજી જમશેદજી ભમગરા (જોધપુર).
૧ ,, અરદેસર પેસ્તનજી જાલ (,,)
૧ શેઠ ભીખાજી મેહરવાનજી પોસ્ટમાસ્તર (ઊમરાવતી).
૧ શેઠ એદલજી દીનશાહ પાંડે (મધરાજ–એગમોર).
૧ શેઠ બેજનજી પેસ્તનજી ભાગરયા (ભુજ).
૧ ,, રૂસ્તમજી બમનજી (,,)
૧ ,, નાનાભાઈ મનચેરજી તે લીમડીના સરકારના કારકુન (રાઈ).
૨ મોબેદ કાવસજી સોહરાબજી આઈ બાડાનાં (ભરૂચ).
૨ ,, એદલજી નસરવાનજી ગાજી (,,)
૧ શેઠ પીરોજશાહ મેહરવાનજી ગોળવાલા (સીંધ–હેદરાબાદ).
૧ શેઠ આદરજી વીરજીભાઈ ખંબાતા (સીંધ).
૧ ખાનસાહેબ અરદેસર જહાંગીરજી પારખ (ધુળીઆ).
૧ શેઠ ફરામજી હોરમસજી ગોવાડીઆ (નારગોલ).
૧ શેઠ બેહરામજી નવરોસજી મારફતીઆ (માલેગામ).
૧ શેઠ હોરમસજી માણેકજી મહેતા (અલહાબાદ).
૧ બાઈ જીલુબાઈ ખુરશેદજી મેહરનુશજી દુતીવાલા (ગોસાઈગંજ–ફૈઝાબાદ).
૧ શેઠ જહાંગીરશાહ અરદેસર તાલેયારખાન (રાજપીપલા–નાંદોદ).
૧ શેઠ રૂસ્તમજી કાવસજી (અંકલેશ્વર).
૧ શેઠ જહાંગીરજી નસરવાનજી, બેંકવાલા (છાવણી અંબાલે).
૧ ,, અરદેસર હોરમસજી મેનેજર (,,)
૧ ખા. દીનશાહજીની કું૦ (મુલતાન).
૧ શેઠ મંચેરજી માણેકજી શેકારી (,,)
૧ શેઠ દીનનાહજી સોહરાબજી નરીમાનના (નાસક).
૧ શેઠ ખરશેદજી દાદાભાઇ થાનેવાલા (ભુસાવલ).
૧ શેઠ ફીનશાહજી બેહરામજી હાંસોત્યા (હાંસોત).
,, ધનજીભાઈ બેહરામજી હાંસોત્યા (,,)

આ દસાતીરની કીતાબ નીચલે ઠેકાણેથી મલશે.

ઠેકાણું—મરીનલાઇ ૪ થી ગલી ઘર નંબર ૩૦.

પાલનજી જીવનજી લીમજીભાઈ હાટરયા,
કોટ—બજારગેટ, શેઠ શાપુરજી ફરામજી માદનની દુકાને.